૭૯૨૨ શ્રી.

નિમક હલાલ રણમલનું.

ત્રિઅંકી

નાટક.

શ્રી અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રી પાલીતાંણા સસ્થાનાધિપતિ શ્રી. ઠાકોર સાહેબ શ્રી માનસિંહજી સાહેબશ્રી એ-ઉના આશ્રયથી,

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર

કવિ હર્ષદરાય સુંદરલાલ મુનસી.

અમદાવાદ:

પાનકોરને નાકે પીરમસાન; ગૈઝાના મકાનપર

રાજનગર ટાઇપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસમાં

જેસંગભાઇ મુળજી પટેલે છાપ્યું.

૭૦૨૨

શ્રી.

નિમક હલાલ રણમલનું
ત્રિઅંકી
નાટક.

શ્રી અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રી પાલીતાંણા
સંસ્થાનાધિપતિ શ્રી. ઠાકોર સાહેબ
શ્રી માનસિંહજી સાહેબશ્રી એ-
ઉના આશ્રયથી,

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર
કવિ હર્ષદરાય સુંદરલાલ મુનસી.

અમદાવાદમાં
પાનકોરને નાકે પીરમસાના રોઝાના મકાનપર
રાજનગર ટાઈપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસમાં
જેસંગભાઇ મુળજી પટેલે છાપ્યું.

शार्दुलविक्रिडितवृतम्.

सिद्धिंयान्तिपथिवाञ्छीतानिविलयंप्रत्यूहशैलाक्षणात
यत्पादस्मरणादवागपिवेद्वाचस्पतिर्मानव
तंश्रीभैहत्तमिष्टदेवमनिशंध्यायन्मुहुर्याचते
सिद्धिंनोत्रिनोदजननींनाटयेकविर्हर्षद

અર્થ.

જે દેવના ચરણારવિંદનું સ્મરણ કરવાથી ધારેલાં કાર્ય સિદ્ધ થાય છે. મોટા ડુંગર જેવા વિઘ્ન ક્ષણ માત્રમાં નાશ પામે છે. એટલુંજ નહિ પણ તદન વાણી વગરનો મુક માણસ પણ સાક્ષાત બ્રહસ્પતિ જેવો વક્તા થાય છે તેવા શ્રી ભૈરવ ઈષ્ટ દેવનું સ્મરણ કરતાં તે હર્ષદરાય કવી (તે ઇષ્ટ દેવ પાસેથી) આ નાટકની અંદર નેત્ર અને મનને આનંદ આપનારી સિદ્ધિને માટે માગણી કરે છે.

પ્રસ્તાવના.

નાટક લખવાની શૈલી આધુનિક વખતમાં પૂર્વેની પદ્ધતિ કરતાં કંઇક જુદીજ જણાઇ આવે છે તોપણ તેનું મૂળ રહસ્ય ફરતું નથી. ચિત્રકાર પુરૂષ જેમ કુદરતિ પદાર્થ વગેરે સ્રષ્ટી સૌંદર્યતાનો દેખાવ પત્રમાં ચીતરીને બતાવે છે તેમ નાટયકાર કવિ પંડિત પણ નેત્ર અને મનને આનંદ આપે તેવું રૂઢી વ્યવહાર અને પ્રકૃતિના દેખાવનું ચિત્ર આબેહૂબ બતાવી આપે છે એ પ્રમાણે કરવામાં જ્યારે ખામી રહેતી નથી ત્યારે તેમને અનુભવી ચિત્રકાર કિંવા નાટયકાર કહેવામાં આવેછે.

ભારત જેવા વિસ્તિર્ણ ગ્રંથમાં સર્વે પ્રકારનાં રત્ન ભરેલાં છે જેમાં વિચિત્ર પ્રકારનાં વ્યવહાર રાજનિતી જ્ઞાન, સમય સુચકતા, વેદાંત વિષય, વાક્ય ચાતુરી. ધર્મ માર્ગ, સ્ત્રી બોધ, અને આસ્તિક મત વિગેરે અનેક પ્રકારના વિષયો છે. તે સર્વે વિષયોમાં જગતના રંગ ઢંગ, સુખ દુઃખ અને પ્રકૃતિ પ્રશંસાનુંજ ચિત્ર જણાવેલું છે જેમાં વિદ્વાન પુરૂશો તે રસનું પાન કરતાં પણ નિરતર અતૃપ્ત રહે છે. જેમ ઘઉંના આટાની અનેક ચીજો બને છે અને અનેક નામ પડે છે છતાં તેમાં મુખ્ય પદાર્થ ઘઉં છે તેમ અનેક પ્રકારના ઇતિહાસ દ્વારાએ પુરાતન ગ્રંથો પ્રસિદ્ધ છે તેમાં મુખ્ય રહસ્ય નિતી છે તે નિતિનું દર્શન નેત્ર અને મનને આનંદ આપે એવું કરાવવાને માટે તથા તેનું—ખરૂં સ્વરૂપ જણાવી આપવાને ગદ્ય પદ્યાત્મક સંગિત યુક્ત નાટય ભેદ માર્ગે પંડિત જનો પગ મૂકતા ચાલ્યા આવ્યા છે.

આ સંસારમાં અનેક ઉપાધી રૂપ બોજથી થાકેલા પુરૂશોને આનંદની-સાત્વતાની જરૂર છે તેના માટે સંગિત માર્ગ શ્રેષ્ટ છે. સંગિત

વિષય મોહક છે જ્યારે તે વિષયમાં નિતિનું ચિત્ર નાખવામાં આવે ત્યારે દુધ સાકર જેવો સ્વાદ પ્રગટ થાય છે એજ હેતુ પૂર્વેથી પ્રતિપાદન થયેલો છે.

આધુનિક વખતમાં નાટક દ્વારાએ ખેલ જોવાનો પરિચય હદ ઉપરાંત થઇ ગએલો છે તે પરિચયને અનુશરીને મનને રમૂજ આપે તેવું આ એક નાટક કપોલ કલ્પિત ઉર્દૂ જબાનથી લખાએલી વારતાઃ ઉપરથી બનાવવામાં આવ્યું છે. આ પુસ્તકમાં મુખ્ય નાયક રણમલ છે, આમાં મુખ્ય સૃંગાર–અદભૂત રસ અને વીર રસ છે.

નિમકહલાલી તથા વિપતિ સમે ધૈર્યતા કેમ રાખવી છૂપી, વાત કેવી ગોઠવણથી જાણી લેવી, તેની ખટપટ કેવી રીતે થએલી છે તથા તે સાથે સ્ત્રી ચરિત્ર તેમજ તેનો દંભ એ વગેરેના દેખાવનું મુખ્ય દર્શાન છે.

જેમ ખીલેલા કમળમાંથી ભમરો રસ ખેંચી લેછે તથા જેમ પાણીથી મિશ્રિત થએલા દુધમાંથી ફકત દુધને હંસ ખેંચી લેછે તેમ આ નાટક રૂપી મિશ્રિત સારમાંથી સજ્જન પુરૂષો સદ્બોધ રૂપી રત્ન ખોળી લેશે એવી મારી વિજ્ઞાપ્તિ છે

અર્પણ પત્રિકા.

નેક નામદાર મહારાજા ધીરાજ ઠાકોર સાહેબ.

શ્રી માનસિંહજી બહાદુર કે. સી. એસ. આઈ.

પાલીતાણા.

આ આર્ય ભૂમંડલમાં ક્ષાત્રવટ ધર્મના આપ અભિમાની છો તેથી માનનામને ભૂશણથી દિપાવ્યું છે આપના બન્યો નેત્ર પરોપકાર કૃત્ય ઉપર દયાયુક્ત છે. આપના બન્યો આજાન બાહૂ દરિદ્રિયોને સધન કરવામાં પાછા હઠતા નથી. આપના અંતઃકરણમાં સત્ય વૃતરૂપી કલ્પવૃક્ષનો વિસ્તાર અચળ છે તે કલ્પવૃક્ષ નીચે શ્રી ઇષ્ટદેવ ભૈરવનાથની મૂર્તિનું ચિન્હ પ્રેમ ભક્તિથી ભાસે છે આપની ઉદાર વૃતીથી દેશ પરદેશના સજજન પુરૂશો સંતોષ થઇને ગુણગાન કરે છે તે ગુણગાન રૂપી સુગંધીનો વાસ લેવા કવિ રૂપી ભમર સમુદાય આવીને મોહલુબ્ધ થએલા ખસતા નથી તેવા હઠીલા કવીઓને પણ આપ સંતુષ્ટ કરો છો. આપની આનંદમય કાન્તીના દરસનથી ખસવાનુ પણ મન થતું નથી તેવા નિરંતર માંગલ્યરૂપ શ્રી નામદાર સાહેબની પવિત્ર સેવામાં આ પુસ્તક અર્પણ કરૂ છું.

કવિ હર્ષદરાય સુંદરલાલ મુનશી.

નિમકહલાલ રણમલનું નાટક.

અંક પહેલો.

પાત્ર જન.

સુત્રધાર...............નાટક ભજવી બતાવનાર.

વારાંગના. (૨)......નૃત્ય કરવા વાળી.

વિદુષક...............સુત્રધારનો સહાયકારી મશ્કરો.

કામસેન...............કિર્તિદ્વજ રાજાનો પુત્ર.

હરિયો ધોબી.........ધોબી.

રણમલ...............વર્ધમાન નગરનો રજપુત.

સુકલાક્ષ...............એક ચમત્કારીક યોગી.

કિર્તિદ્વજ...............કનકાવતી નગરીનો રાજા.

પ્રધાન.................મંત્રી.

કવિ...................કવિત બોલનાર.

રામસિંગ..............દુત.

જોશી ગંગાધર........જોતીશ્ય જાણનાર.

ચોપદાર..............કિર્તિદ્વજ રાજાનો છડીદાર.

જીવલો...............(હરીયા ધોબીનો છોકરો.)

ઉજલી...............(,, ની સ્ત્રી.

પુનમચંદ..............કુસુમ વિચિત્રાનો પિતા.

દેવકોર..................કુસુમ વિચિત્રાની માતુશ્રી.

કુસુમવિચિત્રા.......પુનમચંદની પુત્રી કામસેનની સ્ત્રી.

માલતી.
મોતી.
ચંપા. } કુસુમ વિચિત્રાની બહેનપણીઓ.
ગંગા.
કાશી.

વારાંગના (૮)......નૃત્ય કરનારી.

લવીંગીકા............કામસેનના અવાસની દાસી.

શ્વેતકેતુ..............કુસુમ વિચિત્રા ઉપર પ્યાર રાખનાર સ્વર્ગનો યક્ષ.

બિહારી.............કામસેન રાજકુમારનો ખાનગી નોકર.

મદલેખા............કુસુમ વિચિત્રાની દાસી.

———o———

૭૦૨૨

श्री.

નિમકહલાલ રણમલનું નાટક.

श्री भैरवाय नमः

અંક ૧ લે

(૨)

શાર્દૂલ વિક્રિડિત.

જેનાં અંગ વિશે અનેક ગ્રહનો વિસ્તાર દિસે ખરો,
જેના નેત્ર વિશે રવિ શશિ રહે સંપૂર્ણ રૂપે ભર્યો;
જેણે સર્વ પ્રકાશ તત્વ રચીને દ્રષ્ટા થઇને હર્યો,
ત્હેવા શ્રી સુખકંદ ભૈરવ સદા કલ્યાણ સહુનૂં કરો.

(સૂત્રધાર તથા વારાંગનાઓ
શરૂમાં નૃત્ય કરતી વખતે)

શામ કલ્યાણનો કેરબો.

(૩)

પ્યારસેં બદલી કર્યો નજર તોરી.

એ રાહ.

નાથ યોગ વિહારી મંગળકારી,
ભકત જન હિતકારી મંગળકારી. ॥ નાથ ॥
નાટયારંભ મૈં પ્રથમ હિ સુમિરૂ,

પૂર્ને મનોરથ કાજ;
નિર્વિઘ્ને મમ કાર્ય સુધારહુ;
દેહો મોય સુમતિ જહાજ. ॥ મંગળકારી ॥ નાથ ॥
તુમ્હરે નામ પ્રતાપહિ તેં મુઢ,
હોવત હે વાચાલ;
પંગૂ ચઢત હેં ગિરિ શિખ્ખરપેં,
મતિહિન ભયે બુધ શાલી. ॥ મંગળકારી ॥ નાથ ॥
સુર મંડલમેં સૂરવીર હોં;
ભૈરવ રૂદ્ર સ્વરૂપ.
સંગિત મસ્ત નાદકો રસિયો,
મેરે ચિત બસહૂ અનુપ; ॥ મંગળકારી ॥ નાથ. ॥
તુમ્હરે ભરોસે આગે બઢત હૂં.
સુધ બુધ મનસા પાય,
હર્ષદ કે ચિત માન રખ્ખહૂ પ્રિય;
જય જય ભૈરવ રાય. ॥ મંગળકારી ॥ નાથ ॥

(નાન્દી થઇ રહ્યા પછી)

સુત્રધાર.—(સભા જનો પ્રત્યે) અહો ! આર્ય જનો ! અમો આજે આપની સમક્ષ એક અપૂર્વ પરાક્રમી નિમકહલાલ રણમલ્લ કે જેણે પોતાના પરાક્રમથી અદભૂત કામ કરેલાં છે તેમજ જેણે સંકટ સમયે ધૈર્યતા રાખી સમય સૂચક્તા વાપરી છે તેના ચરિત્રનું નાટક સૃંગાર અને અદભૂત રસને અગ્રભાગે લઇને ભજવવા ધારીએ છીએ તો કૃપા કરી સર્વ સદ્‌ગૃહસ્થો એકાગ્ર વૃતિથી અવલોકન કરશો એવી વિજ્ઞપ્તી છે.

(પ્રવેશ કરીને)

વિદુષક—કેમ પ્રિય સુત્રધાર ! આજે વળિ શાનું ટીખળ ઉભૂં કર્યું છે

સુત્રધાર—અરે વિદુષક ! આ કાંઇ ટીખળ નથી પણ ધૈર્યવાન તથા ચાતુર્યતામાં કુશળ પુરૂશના ચરિત્રનું ચિત્ર આ સભામાં ભજવવાનું છે.

વિદુષક—ત્યારે તો મ્હારી હેડીનો ચતુર અને વીર પુરશ ગોતી કાઢયો હશે ? કેમ ખરૂં કે !

સુત્રધાર—ત્હારી હેડીનો નથી એતો મહાન પરાક્રમી અને બુદ્ધિવાન પુરૂશ છે.

વિદુષક—ત્યારે હું કંઈ પરાક્રમી ઓછો નથી. અમો તો દર પેઢીયે સરખા પરાક્રમી ચાલ્યા આવીયે છીએ.

સૂત્રધાર—તારૂં પરાક્રમ કાંઇ ક્ષત્રી વીર પુરૂષોની બરાબરીમાં ગણી શકાય નહિ.

વિદુષક—અલ્યા સાંભળ્યા વગર તું શું કહે છે; તું અમારૂં પરાક્રમ સાંભળ પછી જે કયાસ કરવો હોય તે કર.

સૂત્રધાર—ઘણી સારી વાત છે. વારૂ ત્યારે તમારા બાપ દાદાએ શું પરાક્રમ કર્યું છે.

વિદુષક.—અમારા બાપદાદા વિશ્વનાથ પંડિત કરીને હતા તે પાવાગઢના ડુંગરા ઉપર દરશન કરવા ટેકરા ઉપર ચઢયા હતા ત્યાંથી એકાએક જાળામાંથી બિહામણૂં ખબૂતર ઉડયું તેની પાંખનો ભયંકર ફડફડાટ સાંભળીને એકદમ તે ત્યાંજ પડયા અને રામ શરણ પહોંચ્યા.

સૂત્રધાર—બરાબર પરાક્રમી અને શૂરવીર પૂરે પૂરા એમાં કંઈ વાંધો નહિ ભલા ! ત્યારે તમે તે વખતે ક્યાં હતા ?.

વિદુષક—તે વખતે હું દાદાની સાથેજ હતો જ્યારે મારા દાદા બોલતા બંધ થયા ત્યારે તે વખતે તેમની મોક્ષ ગતિ થવાને માટે મ્હેં તેમના કાનમાં એવું કહ્યું કે, દાદા તમે કંઇ ફીકર રાખતા માં હું પણ તમારા જેવો શૂરવીર થઇને તમારી પાછળ નામ રાખીશ.

સૂત્રધાર—વાહ વાહ ! સાબાશ ત્યારે તમારા પીતાજીનું પરાક્રમ તેમના કરતાં પણ ચઢીયાતું હશે.

વિદુષક—કેમ ન હોય ! એતો સિંહનાં બચ્ચાં સિંહજ થાય. અમારા પીતાજીના પરાક્રમની ઢબ કોઇ ઓરજ તરેહની છે તે એવી કે કોઈ સુંદિર જગો ઉપર મિષ્ટાનની લડાઇમાં સજ્જડ થઇ ગયા છે.

સુત્રધાર—શું સામા સામી મિષ્ટાનના ગોળા ફેંકયા હતા કે ?

વિદુષક—નહિ નહિ એતો એકદમ જમણવારમાં પાંચ સાતલાડુ ઝાપટી ગયા હતા પછી તુરત કોઇ પરમેશ્વરનો બંદો બે રૂપીયા દક્ષણા આપનાર મળ્યો એટલે બીજા ચાર મિષ્ટાન ઉડાવતાં વાતજ ગળું અને પેટ એક થવાથી સજ્જડ થઇ ગયા પછી કહેવું શું ઘરે લાવવાને બદલે કાષ્ટ ચિતામાં તેમને બેસાડયા.

સુત્રધાર—સાબાશ વિદુષક ! સાબાશ ! ત્યારે તમે તેવા પરાક્રમી વીર પુરૂષની કોમમાંથી કુળદિપક પ્રગટ થએલા જણાઓ છો તેથી તમને જોઇને મને વિચિત્ર આનંદ થાય છે.

વિદુષક—જો મહારા જેવા આ જગતમાં ન હોત તો આનંદ ક્યાંથી થાત ! કેમકે મર્દનું કામ તેવુંજ છે.

સુત્રધાર—એમ જાણીનેજ તમને બોલાવ્યા છે. કેમકે તમે સમય-,

સૂચક છો તેથી જે કામ મ્હેં આરંભવા ધાર્યુ છે તેમાં તમારી મદદ આ સ્થળે આનંદ આપનાર થઇ પડશે.

વિદુષક—હજુ સુધી મારા સમજવામાં આવ્યું નથી કે હું કયા કામમાં મદદગાર થઇશ.

સુત્રધાર—શૂરવીર રણમલ કે જેણે પોતાના પરાક્રમથી સ્ત્રી ચરિત્રનું પરીબળ ચાલવા દીધૂં નથી. જેણે અનેક પ્રકારનાં દુ:ખ સહન કરીને ધારેલી વસ્તુ પ્રાપ્ત કરી છે એ વાત તું પણ જાણે છે સબબ તેનું નાટક સજ્જન પુરૂષોના મનને આનંદ આપવા ભજવવાનું છે તેમાં તમારી સાહ્યતાની જરૂર જણાય છે તો તમે સાવધાન થઇને આ રંગ ભૂમિમાં પ્રવેશ કરો એટલી વિનંતી છે.

વિદુષક—બહુ સારૂ હું એજ કામને મારે તૈયાર થઇને આવું છું.

સુત્રધાર—જાઓ અને જલદીથી આવો હું પાત્ર તૈયાર કરૂં છું.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—કનકાવતી નગરનું એક વેરાન જગલ.

પાત્ર—હરીયોધોબી—કામસેન.

કામસેન—(સ્વગત) શિવ, શિવ, શિવ શિવ, આજ તો હું થાકીને લોટપોટ થઇ ગયો હરણની પાછળ ફરવામાં કંઇ બાકી રહી નથી, સૂર્યનો પ્રખર તાપ એટલો પડે છે કે જેથી આ

વખતે પ્રાણી માત્ર પણ જણાતાં નથી મધ્યાનકાળ વીતી ગયો છે પાણી કોઇ પણ જગોએ નજરે પડતું નથી અને તરસ તો એવી લાગી છે કે કંઠમાં કાંટા બાઝી ગયા છે હે નાથ? કયે માર્ગે ચઢું કે જેથી મને જળ મળે ? હું આટલો બધો વ્યાકૂળ થયો છું. તો બીચારા આ ઘોડાની શી દશા ! અરે ! આ ઉંચો પહાડ નજરે પડે છે તે ઉપર ચઢીને હું દ્રષ્ટી કરૂં તો જળનો વિશ્રામ નજરે પડે ખરો માટે ચાલ જીવ ત્યાં ગયા સિવાય છૂટકો નથી (એમ વિચાર કરીને પાહાડના શિખર ઉપર ચઢીને ચારે બાજુ જુવે છે) અરે આ સ્હામે માર્ગેથી પક્ષી ઉડતાં આવે છે માટે તે તરફ કોઇ સરોવર કિંવા નદી અગર કોઇપણ રીતનું જળનું સ્થાન હોવું જોઇએ. માટે હવે તે રસતે ચઢવું ઉત્તમ પ્રકારનું છે (એમ વિચાર કરીને ચાલવા માંડે છે જતાં આગળ ગહન ડુંગરોની શાખાઓમાં વિસ્તાર વાળી નદી નજરે પડે છે ત્યાં જે બાજુએ ધોબી કપડાં ધોતો હતો તેનાથી નીચાણની બાજુએ વેહેતા પાણી તરફ ગયો પાણીમાં ઘોડાએ મુખ ઘાલ્યા છતાં પીતો નથી તેનું શું કારણ હશે ? તે નિશ્ચય કરવા પોતે પાણી હાથમાં લઇને મ્હોં આગળ લાવતાંજ અતર જેવી સુગંધીનો ભભકાર જણાયો તેથી તેને ઘણું આશ્ચર્ય લાગ્યું.

હમિર કલ્યાણ.

(૪)

આહાહા સુગંધ મય શુ નીર ॥ આહાહા. ॥
જાઇ જુઇ અતર તરંગ શું.

દીસે જળ ગંભીર. ॥ અહાહા ॥
નિર્જન વન નહિ તપી તાપસિ અહિ,
રે વિધિના રચિ રચના સુંદિર;
ખગ, મૃગ, જળચર જીવ જંતના,
ધન્ય ધન્ય તગદીર. ॥ અહાહા ॥
વિકટ માર્ગ પાશાણ તરૂવર,
નવલ ભૂમિ રચી શું આ ભૂપર;
સિધ જનનો વિશ્રામ હશે શું,
પાવન થાય શરીર. ॥ અહાહા ॥

ધોબી હરીયો—(સવાર સામું જોઇને) એ જુવાન ! તમે કોણસો ! જરા આનીકોર આવીને પાણી પીયો જ્યાં તમે ઉભાસો તે નીસાણુની બાજુસે જે હું કપડાં ધોઉંસું તેના મેલ વાળું મેલું પાણી વહેશે માટે તે પાણી તમે કેમ પીયેસો સારૂં પાણી પીવું હોય તો આ ઉપરવાડે આવો.

કામસેન—(ધોબીનું વચન સાંભળીને મનમાં) આ માણસ ખરૂં કહે છે તેમજ તેની પાસે જવાથી તથા તેને પૂછવાથી પાણીની સુગંધીનું કારણ ખરૂં જણાશે. (એમ વિચાર કરીને તુરત ધોબી પાસે જઇને જોયું ત્યારે કેવળ કપડાની અંદર સુગંધીનો ભભકાર ખીલી રહેલો જણાયો તેથી મોહ લુબ્ધ થઇને) એ ધોબી ? તું સાચે સાચું કહે અને મને જણાવ કે આ કપડાં તું કોહોનાં ધૂવે છે? તું આવા ગહન વનમાં એકાંત સ્થળે કેમ ધૂવે છે ? શૂં ! તને વાઘ વરૂનો ડર નથી ? તું ક્યાંનો રહેનાર છે ? આ કપડાની પહેરનારી કોણ અને ક્યાં રહે છે ?

ધોબી હરિયો—અલ્યા ભાઇ તારે તેની હી. પંસાત પાણી પીવું હોયતો પીને સાલ્યો જા. (એમ કહીને નીચું માથું કરી લુગડાં ધોવા માંડે છે.)

વિદુષક—અલ્યા ધોબલા ? અમારા કામાંધ ભાઇને જવાબ દઇદે નહિતો ક્યાંક મરી જઇશ. (એતો રાજકુમાર છે રાજકુમાર ?)

કામસેન—(ધોબીનું એ પરવાહનું વચન સાંભળી ક્રોધથી લાલ નેત્ર કરીને) અલ્યા તું શું બોલ્યો ? તું નથી જાણતો કે હું કોણ છું. (એમ કહીને ઘોડાની ચાબક ચાર પાંચ તે ધોબીના પીઠ ઉપર ઝાપટે છે તેથી ધોબી અંબળાટ ખાઇને થરથર ધ્રુજે છે) બોલ ? નહિતો આ તરવારથી તારૂં માથું દુર કરીશ.

વિદુષક—હવે બરાબર રંગ આવ્યો માર ખાધા વિના અમારા ધોબલા ભાઇ માને તેવા નથી કહેવતમાં કહ્યું છે કે—

ભુખે જાર બાજરી, ભુખે નાર પાધરી;
ભુખે ડોબું દોહવા દે, ભુખે છૈયું છાનુ રહે.

માટે એ તાલ ઠીક જમાવ્યો અમારા કામાંધભાઇ મતલબમાં ભુલે તેવા નથી.

હરિયો ધોબી—(કોરડાનો માર પડવાથી નરમ થઇને અરે માબાપ ? એમ કરો માં તમે કોઇ રાજા જેવા જણાઓસા અમે ગરીબ માણસને કંઇ બોલતાં આવડે નહિ માટે મારી ભુલ થઇ હોય તો માફ કરજો.

કામસેન—કંઇ હરકત નહિ તું ખરેખરી હકીકત કહીશ એટલે જરૂર તને જીવતો મૂકીશ.

(૫)

હરિયો—હાંસુ કહું હાંભળો રાજકુમાર,
વાણિયાની સોકરી કુસુમ વિસિતરા;
કનકાવતી ગામ હાર. ॥ હાસું ॥
આ બાસ વાળાં લુગડાં એનાં,
અહિ આવીને ધોઉસું હતો;
કોય ન જાણે સાંની વાત આ,
તમને કહી નીરધાર. ॥ હાસુ ॥
એ બાઇ રહેસે સાંને ઠેકાણે,
રાતદી રહેસે બહુ મઝ્ઝસમાં;
ગાવા વાવામાં રહેશે જબરી,
સે ગણુનો ભંડાર. ॥ હાસું ॥

કામસેન—(ધોબીનું વચન સાંભળી નેત્ર કંઇક આકાશ ભણી અર્ધ મિચાયલાં જેવાં કરીને તથા આશ્ચર્યવત મોહાંધ મુદ્રા કરીને) (સ્વગત) અહા હા ! હા!! જેનાં કપડાંની સુગંધીથી નદીનું પાણી સુગંધમય થઇ જાય છે ત્યારે તે કપડાં ધારણ કરનારી કેવી હોવી જોઇએ ! હે દૈવ્ય આહાવી મનોરમા તેં કોહોને માટે નિર્માણ કરી છે હું તેને જોવાને ક્યારે ભાગ્યશાળી થઇશિ ! અરે કુસુંમ વિચિત્રા ! અત્યારે તો ત્હારા તરફથી વિચિત્ર સુગંધી રૂપી મોહ બાણે મારી છાતી વેંધી નાંખીછે તે છિદ્ર ઉપર ત્હારા કોમળ કર વડે ક્યારે મલમ લગાવીશ.

વિદુષક—ઓ કામાન્ધ ભાઈ! હવે તમને મોહ બાણ વાગ્યાં તેથી ઘાયલ થયા હશો માટે ટુટમૂટ ખાટલીમાં પડીને મલમ પટા

લગાવો નહિતો માર્યા જશો.

કામસેન—અલ્યા ધોબી ? એ કુસુમ વિચિત્રાંના બાપનું તથા તેની માનું નામ તું જાણે છે ?

હુરિયો ધોબી—હા સાબ. તેના બાપનું નામ પુનમસંદ અને તેની માનું નામ દેવકોર સે.

કામસેન—હે ! ઇશ્વર ત્હારી ગહન ગતિ છે. (પછી ધોબી તરફ નજર કરીને) અલ્યા ધોબી ? અમે તો જઈશું (એમ કહીને જાયછે)

પ્રવેશ ૨ જો.

સ્થળ–ધારાપુર નગરનો બાગ.

પાત્ર–રણમલ્લ અને સુકલાક્ષ.

રણમલ્લ—(સ્વગત) હે નાથ ! આજની મુસાફરી બહુ લાંબી થઇ છે. શહેરમાં બ્રાહ્મણને ત્યાં જમવાનું ઠરાવ્યું તો છે તથાપિ તે રસોઇનું કામ કરવામાં તેને વિલંબ જેવું જાણીને હું નગર બહાર નીકળી પડયો છું; તેથી મનને જરાક આનંદ રહેશે. એ વાત ખરી છે, તેમજ મ્હારૂં નિત્યકર્મ કરવાને એકાંત જગો પણ મળી આવશે માટે મ્હારે કયાં ટકવું ? અરે આ જંગલમાં ભવ્ય દેવાલય જણાય છે ત્યાંજ જાઉં તો ઠીક. (એમ વિચાર કરીને તેમાં પ્રવેશ કરે છે. પછી અંદરની રચના જોઇને) અહાહા ! શું ભવ્ય દેવાલય છે ! જેમાં શંકરનું બાણુ સાક્ષાત દ્વાદસ જ્યોતિર્લિંગ પૈકીનું હોય એમ લાગે છે. આકાશ સાથે આ દેવાલયનું શીખ્ખર ગર્જના કરી ર-

હેલું છે છતાં કોઇ માણસ અહીં જણાતું નથી તેનું શું કારણ હશે? આવા મ્હોટા સ્થાનકમાં પુજાપો વીગેરે સામગ્રીની ધામ ધુમ રહેતી જોઇએ પણ તે કર્મ કાંન્ડનું બિલકૂલ દર્શન થતું જણાતુ નથી. આ બાગ મોહોટો વિસ્તિર્ણ છે, છતાં તેમાં ભાગવાન નજરે પડતો નથી ત્યારે શું? આ નગરના લોકો શિવ ઉપાસક નહિ હોય? હે નાથ! તાહારી માયા પ્રબળ છે. ચાલ હવડા આ દેવાલયના અગ્ર ભાગના ઘુમટમાં બેસીને નાથની સ્તુતી કરી લઉં એમ વિચાર કરીને સ્તુતીનો આરંભ કરે છે.

(૬)

યમન કલ્યાણ.

ત્રીતાલ.

જય બિઘન હરન, મહા કાલ કાલ,
નિજ જન કૃપાલ, ત્રય નયન લાલ. ॥ જય ॥
રવિ શશિ મંડલ, દોનું નયનમેં!
તિસરે નયન મેં, અગ્નિ ઝાલ. ॥ જય ॥
ત્રિપુરાસુર મર્દન, પિનાક ધર,
ભૃકુટિ કૂટિલ, અરૂ ભૂજ બિશાલ. ॥ જય ॥
મદન દહન, અહિ શયન, દિગંબર
ગરલ અસન ગલ, મુંડ માલ ॥ જય ॥
જાની દાસ નીજ માનસિંહકો,
પાપ પ્રલય કરી હોં દયાલ. ॥ જય ॥

[આ પ્રમાણે સ્તુતી કરે છે એટલામાં દેવાલયની બાજુમાંથી

એક ભયંકર અને વિચિત્ર દેખાવનો સુકલાક્ષ નાગનો યોગી મોટી ગર્જના કરીને બહાર નીકળ્યો, પછી રણમલ પ્રત્યે)

સુકલાક્ષ—અરે જુવાન તું કોણ છે ?

રણમલ—(આમ તેમ જોતો અને ભયથી ચકિત થતો તુરત ઉભો થઇને જુવે છે તો પ્રચંડ અને વિકરાળ વેશ વાળો વિચિત્ર યોગી જણાયો તેને જોઇને) હાંજી એતો હું છું.

સુકલાક્ષ—અય મુસાફર ? તૂ યાદ રાખ કે આ ભવ્ય મકાનમાં ઘણાં માણસો આવે છે તેમાં માહારા હાથથી કોઇ બચી શક્યા નથી છતાં અત્યાર સુધી તાહારો બચાવ કેમ થયો છે તે તું જાણે છે ?

રણમલ—(આશ્ચર્ય પામીને તથા મનમાં ભય ઉત્પન્ન થયો છતાં શુરત્વ પણું રાખીને) ના મહારાજ ? મને તો એટલી ખબર છેકે પવિત્ર સ્થાનમાં ઇશ્વર સ્તુતિ કરવાથી કોઇ પ્રકારનું વિઘ્ન થતુ નથી. હું નાથની સ્તુતિ કરૂંછું તેમાં મારૂં ચિત્ત લોભ વિનાનું નિખાલસ છે છતાં મને વિપત્તિ શીરીતે પડે તેની મને કંઇ સુજ પડતી નથી, આપ કોણ છો તે હું જાણી શક્યો નથી. કદાપ આપ દેવ હશો તો માહારા આપને પ્રણામ છે. કદાપિ તેમ ન હોય અને ગમે તેમ હો તોપણ અમો ક્ષત્રી બચ્ચાને ગમે તેવી વિપત્તિમાં પડવાનો બીલકુલ ભય હોતો નથી; કેમકે ધર્મના રક્ષણ માટે યુદ્ધ કરવું, વિજયી થવું અગર મરવું એ વિગેરે પ્રથમથીજ લેખ લખાવીને આવેલા છીયે.

સુકલાક્ષ—સાબાશ ક્ષત્રિ બચ્ચા ? તહારા શુરત્વપણાના એક એક બોલ ઉપર હું ઘણો ખુશી થયોછું તે કરતાં પણ વિશેષે ક-

રીતે તું ભૈરવનો ઉપાસક છે તેથી મને ઘણો આનંદ થાય છે. જે હેતુથી આ બાગમાં પ્રવેશ કરનારા શખ્સોનો મેં નાશ કર્યો છે તે હેતુ હવે હું તને લાગુ કરતો નથી. કારણ કે તાહારી હિંમત, તાહારૂં ઉદારપણું અને ડાહાપણ, તથા તું ભૈરવ ભક્ત છે તે ઉપરથી તાહારા પ્રત્યે અત્યારે સંપુર્ણ પ્રેમ ઉત્પન્ન થયો છે, સબબ તું માહારો બાળક છે એમ હું નક્કી કરૂં છું. વળી કહું છું કે તું એક શ્રી ભૈરવનાથનું રસીક ગાયન સંભળાવ્ય ?

રણમલ—(હાથ જોડી માથું નમાવીને) હું મોટો ઉપકાર માનું છું કે આપે માંહારા ઉપર કૃપા કરી છે તેમજ મને ખાત્રી થાય છે કે આપ કોઇ મહાન યોગી છો. હું આપનો બાળક છું. આપની આજ્ઞા માથે ચઢાવી નાથની એક સ્તુતી કહું છું.

(૭)

દેશ—જીલ્લો.

છાંડદે લંગરવા મુરક મોરી બૈયાંરે.

એ રાહ.

પ્રાર્થના.

દિનનો દયાળ જાણી શરણે હું આવ્યોરે,
ત્રિશૂળ ધરણ કેરો ભક્ત હું કહાવ્યોરે; ॥ દિનનો દયાળ ॥

ધીર વીર ગંભીર કહાવો મન ભાવન માહારાજારે,
છબી શામ ત્રિલોચન જન મન રંજન;
કવિ હર્ષદ મન મંદિર સોહાવોરે. ॥ દિનનો દયાળ ॥

મુકલાક્ષ—સાબાશ, બચ્ચા ! હું ત્હારા ઉપર આફ્રીન છું. મને ખ-બર છે કે તું ગરિબ સ્થિતિનો છતાં પ્રદેશમાં કંઇ ઉદ્યોગ મા-ટે નિકળ્યો છે. કેમ ખરૂં કે ?

રણુમલ—(હાથ જોડીને) હા ગુરૂદેવ, હું પણ આપના દર્શનથી મોહોટા ભાગ્યશાળી થયો એમ માનું છું.

મુકલાક્ષ—ઠીક, ઠીક, ત્હારા હિતને માટે અત્યારે એક જોહવણુ મ્હે ઘડી કહાડી છે માટે તું ચાલ્ય માહારી સાથે હું તને એક અ-જીક પૃથ્વી પતિના ભેટ કરાવીને તેનીજ સેવામાં હું મુકું. માટે તું માહારી પાછળ ચાલ્ય.

રણુમલ—જેમ હુકમ, ગુરૂજી.

(એમ કહીને બન્યો ઉઠીને એક બાજુ તરફ જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—કીર્તિધ્વજ રાજાનો મહેલ.

પાત્ર—કીર્તિધ્વજ, રાજા, પ્રધાન, કવી, રામસિંગ, દૂત, જોશી અને ચોપદાર.

કીર્તિધ્વજ—કેમ પ્રધાનજી ? આધુનીક નવિન સમાચાર કેવા છે?

પ્રધાન—જીહાં, અન્નદાતા, આપની કૃપા કટાક્ષથી રૈયત સઘળી આ-નંદમાં દિવસ ગુજારે છે. અનાચાર કદી થતો નથી. ચોરીના કે કપટ દંભના ગુન્હા બનતા નથી. આપની કૃપાથી સર્વે પ્ર-જા સંતોષ અને વિવેક જ્ઞાન ભૂષણથી સુખી વર્ગમાં ગણાએ-લી છે. બ્રાહ્મણો તપયજ્ઞ કરીને આપના આયુષ્ય, બળ તેજની ચહડતી થવાને સતત્ આશિર્વાદ આપ્યાં કરે છે. જેમ ગ્રિષ્મ

રૂતુનો માર્તંડ (સૂર્ય) પ્રખર તેજથી તપે છે તેમ આપના રાજ્યનું તથા આપના પરાક્રમનું તેજ ચળકયાં કરે છે.

કીર્તિધ્વજ—અહો પ્રધાનજી? (વક્રોક્તી). મહારા પરાક્રમનું તેજ ગ્રીષ્મ રૂતુના સૂર્ય જેવું પ્રખર જ્યારે જણાવોછો ત્યારે શું હું પ્રજાને તેવો પ્રખર તેજ વાળો તાપ આપનારો છું?

પ્રધાન—(હાથ જોડી) નહિ નહિ અન્નદાતા, રાજાનું પરાક્રમ તો પ્રખર તેજ વાળું હોવુંજ જોઇએ કે જેથી ચોર, લબાડ, વ્યભિચારી, દુષ્ટ, કૃતઘ્ની તથા રાજદ્રોહી વિગેરે દુર્જન સમુદાય જેમ અંધારી રાત્રી, સૂર્યના તેજથી દુર થાય છે તેમ રાજ તેજ રૂપી પરાક્રમથી ખળ પુરૂશો નાસતા ફરે છે. જેમ સૂર્ય ઉદયથી ઘુડ પક્ષી અંધારામાં બેશી રહે છે તેમ રાજ્ય તેજથી રાજદ્રોહી પુરૂશો નાસતા ફરે છે.

(જુવો કે ખળ પુરૂષોને તે પ્રખર તેજ અગ્નિ તુલ્ય લાગે છે અને સજ્જન પુરૂષોને તે તેજ ચંદ્ર તુલ્ય શિતળતા આપે છે માટે હે ભૂમંડળમાં શ્રેષ્ટ રાજન? એ પ્રકારે નિતીનું વાકય છે.

કિર્તીધ્વજ—સાબાશ પ્રધાનજી! તમારી વિવેક ચાતુરી હમેશાં મારા અંતઃકરણને આનંદ આપે છે. (બીજી તરફ કવિ સન્મુખ દ્રષ્ટી કરીને) કેમ કવિરાજ? તમને કંઇ ગ્રીષ્મ રૂતુનાં કવિત યાદ છે કે?

કવિ—(હાથ જોડી) હાજી અન્નદાતા યથાશક્તિથી હું કહું છું.

(૮)

કવિત.

તપત પ્રચંડ મારતંડ મહિ મંડલમેં,
ગ્રીષ્મકી તીખન તપન આરપાર હેં;

બાર બાર જહાં કાચ કીયસો બ્રહન લગ્યો,
ભયો નદ નદી નીર અદહનં ધાર હેં,
ઝપટ ચલૂ હનતેં લપટ લપેટી લૂહ,
સેસ કેસી ફુંક પૌન ઝુકનકી ઝારહેં;
તાવાસી અટારી તપી આવાસી અવની મહા.
દાવાસે મહલ ઔ પજ્નવાસેં વહાર હેં.

કીર્તિધ્વજ—સાબાશ કવિ! મનને આનંદ આપે તેવા અર્થ વાળું કવિત તમે સારૂં કર્યું વારૂં ? તમે તો આ કવિત ગ્રિષ્મ રૂતુના સ્વરૂપનું કહ્યું પણ તે રૂતુમાં કેવા કેવા ઉપચાર કરીએ તો તેના પ્રખર તાપમાં શાંતીનો લાભ લેવાય? માટે યાદ હોય તો ઉપચારનું કવિત કહો.

કવિ—હુકમ અંનદાતા.

(૯)

કવિત.

જેઠકોન ત્રાસ જાકે, પાસ યહ બિલાસ હોત,
ખસકે મુવાસપે ગુલાબ ઉછર્યો કરે;
બિહેક મુરબ્બે ટબ્બે ચાંદીકે બરફ ભરે,
પેઠા પાક કેવરે મેં, બરફ પર્યો કરે.
ગ્વાલ કવિ ચંદન, ચહોલ મેં કપૂર પૂર
ચંદન અત્તર તર બસન ઝર્યો કરે
કંજમુખી કંજનૈન, કંજકે બિછોનનપેં;
કંજનકી પંખી કર, કજ સો કર્યો કરે.

કિર્તિધ્વજ—સાબાશ કવિ (એટલામાં રામસિંગ દૂત આવીને ઉભો

રફી તસલીમ, કરે છે તેથી તેના બણી દ્રષ્ટી કરીને) કેમ રામસિંગ ?

રામસિંગ—(હાથ જોડી)ગરીબ પરવર? કુંવર સાહેબ મૃગયા રમવા જઇને આવ્યા પછી બિલકુલ બોલતા નથી તેમ તેમને પૂછીયે છીએ તો તેનો ઉત્તર પણ આપતા નથી, ભોજનનો વખત થયો છે છતાં જમવા પણ ઉઠતા નથી.

કીર્તિધ્વજ—(ચિંતાતુર થઇને) અલ્યા! શરીરે કોઇ ઠેકાણે વાગ્યું તો નથી ?

રામસિંગ—ના! ગરિબ પરવર, બીજી કોઈ રીતની હરકત નથી.

વિદુષક—અમારા મિત્ર કામાંધ બાઇની છાતીમાં તેં હું જોયું છે ? એતો મોહનો ભાલો વાગ્યો છે.

કીર્તિધ્વજ—એતો કંઇ બીજીનો હશે પણ તદન મુંઢ થઇ જાય એમ બને નહિ. (પ્રધાન તરફ દ્રષ્ટી કરીને) પ્રધાનજી ?

પ્રધાન—જીહાં ગરીબ પરવર.

કીર્તિધ્વજ—તમે નજરે જુવો કે શી રીતે છે ?

પ્રધાન—જેમ હુકમ. (એમ કહીને જાય છે)

કીર્તિધ્વજ—કેમ જોશી માહારાજ ?

જોશી—હુકમ ગરીબ પરવર ?

કીર્તિધ્વજ—જુઓ તો ખરા, આજ કુંવરની તબીયત બાબતમાં મારા મનમાં કેમ ઉચાટ થાય છે? કુંવરના હાલ અહવાલ કેવા છે ?

જોશી—(ટીપણું હાથમાં લઇને તથા કેટલીક વાર વિચાર કરીને) ગરીબ પરવર ! કુંવરજીને કોઇ પ્રકારની હરકત જણાતી નથી,

લગ્ને શુક્ર અને સૂર્ય છે અને બુદ્ધિ ભુવનનો અધિપતિ આઠમે ખાનામાં પડ્યો છે. સબબ બુદ્ધિમંદ રાખે તે શિવાય શારિરીક સંપત્તિ કૌવતદાર રાખે એમાં કંઈ પણ શક નહિ.

વિદુષક—ધન્ય છે. જોશી બાવા તમે ખરૂં કહો છો બુદ્ધિને અને અમારા મિત્ર કામાંધ બાઈને અસ્માન જમીનનું છેટું છે.

કી તેંધ્વજ—ત્યારે અવાચક થયો તેનું કારણ શું? જ્યારે શરીરને અને મનને દુઃખ થાય ત્યારેજ અવાચક પણું થાય છે એમ વિદ્વાન પંડિતોનો મત છે.

જોશી—સત્ય છે. હજૂર પણ ગ્રહબળ ઉપરથી તો એમ જણાય છેકે તેમને શરીરમાં કંઇ વ્યાધી નથી પણ બુદ્ધિથી થતા કુતર્કની વ્યાધી હોવી જોઇયે.

કી તેંધ્વજ—જો તમારા કહેવા પ્રમાણે હોય તો તેવી વ્યાધી તેના જન્મારામાં આજેજ કેમ થઇ? બુદ્ધિનો અધિપતિ ખાનામાં હોય ત્યારે તો નિરંતર આવા પ્રકારનીજ સ્થીતિ રેહેવી જોઇએ તો આજેજ આવા પ્રકારનું વિઘ્ન કેમ જણાયું?

જોશી—(ગભરાઇને)માહારાજ? એ બાબત એકલી જન્મ કુંડલીથી નક્કી ન થાય. જ્યારે મહાદશા અને અંતરદશાનું બળાબળ જોઇયે એટલે નક્કી થાય.

વિદુષક—જોશી! જ્યારે ભવિષ્ય નક્કી કરતા હોય તો કકલભટ જોશીની કન્યા શું કરવા રાંડે? એતો તમામ પોથીમાંનાં રીંગણાં સમજવાનાં.

પ્રધાન—(એટલામાં પ્રધાન હાજર થઇને તસલીમ કરે છે.)

કિ તેંધ્વજ—કેમ પ્રધાનજી? શી હકીકત છે?

પ્રધાન—જે વાત પ્રથમ સાંભળી હતી તેજ પ્રમાણે સ્થીતિ છે પોતે બોલતા નથી અને બન્ને નેત્રથી ટગર ટગર જોયા કરે છે. સવાલનો જવાબ આપતા નથી. માહારા માતુશ્રી મૈનાવતી બાઇ સાહેબ પણ તેમની પાસેજ બેઠેલાં છે તેઓ સાહેબ આપના પધારવાની રાહ જુવે છે.

ચોપદાર—ગરીબ પરવર! રાજ્ય ગુરૂ સુકલાક્ષજી પધારે છે.

કિર્તિધ્વજ—(સાંભળીને તુરત આસન ઉપરથી ઉભો થઇને). અહો,! તે પુજ્ય પવિત્ર શ્રી ગુરૂમહારાજને આવવાદ્યો. (સુકલાક્ષ અને રણુમલ બન્યો પ્રવેશ કરે છે. રાજ્ય ગુરૂ સુકલાક્ષના ચર્ણારવિંદમાં રાજા મસ્તક નમાવીને સિંહાસન ઉપર બેસારે છે, અને બાજુએ રણુમલ પણ રીતસર બેસેછે. (પછી હાથ જોડીને) ગુરૂજી! આપ સેવક ઉપર સંપૂર્ણ કૃપા કરી પધાર્યા તેથા મને અત્યંત આનંદ થાયછે.

સુકલાક્ષ—હે રાજન! હું સમાધિસ્થ હતો તેથી ઘણી લાંબી મુદતે આવ્યો છું.

કીર્તિધ્વજ—માહારાજ! આપ સમર્થ છો. આપની આશીષથીજ સર્વ કાર્યમાં યશ પ્રાપ્ત થાય છે.

સુકલાક્ષ—નાથ! ઇચ્છા બળવાન છે. ભાવી પદારથ કુદરતી રીતે થાય છે થયાં કરે છે. વખતે અનાયાસ ફળની પ્રાપ્તિ થાય છે અને થએલી પ્રાપ્તી જતી પણ રહે છે. જગતનાં રંગ ઢંગ ઘણા જુદા છે.

કીર્તિધ્વજ—માહારાજ, આપ યોગી પુરૂષ છો, માહાત્મા છો–અને યોગ માર્ગમાં કુશળછો. આપ જગતમાં શ્રેષ્ટ છો. આપને સિદ્ધિઓ પ્રાપ્ત થયેલી છે તેમાંથી આપની વચનસિદ્ધિ કેવળ પરોપકાર કરવા વાળી છે.

સુકલાક્ષ—એ સર્વ નાથની કૃપા સિવાય પ્રાપ્ત થઈ શકતું નથી વારૂ! હે રાજન! તમારી મુખમુદ્રા ઉદાસી કેમ દીસે છે?

(૧૦)

કીર્તિધ્વજ—ગઝલ એક બે એક દો હવા પલટ. એ રાહ.

ગઝલ દેશની.

કહું શું વ્યથા મનની અહો ગુરૂ,
વાત સહુ જાણો તમે;
વળિ સર્વ કાર્ય પ્રપંચની. ॥ ગુરૂ વાત ॥
સુત કામસેન ગયો હતો,
મૃગયાને કારણુ વન મહીં;
આવ્યા પછી નથી બોલતો,
ઉપચાર શું કરીયે અમે. ॥ કહું શું વ્યથા. ॥
કહિ યંત્ર મંત્ર પયોગિયો,
કરિને પ્રયોગ હઠીગયા;
નથી ચાલતું કઇ વૈદ્યનું,
જેથી કરી ચિત બહુ ભમે. ॥ કહું શું વ્યથા ॥
કરૂણા કરી આવ્યા તમે,
આ ભુવન પુનિત થયુ અહો!
તવ પુન્યથી રૂડું થશે,
ત્રય તાપ વ્યાધી હવે શમે. ॥ કહું શું વ્યથા ॥

સુકલાક્ષ—હે રાજન! દુનિયામાં અનેક પ્રકારની ઉપાધીયો હોય છે. વખતે દુઃખ પણ આવી પડે છે અને કાળે કરીને સુખ પણ થાય છે; તે સઘળું સહન કરવું જોઇયે. તમારો કુંવર બોલતો

નથી તેનું કારણ માહારા સમજવામાં આવ્યું છે પણ તે હું તમને હાલ કહેવાની ઇચ્છા રાખતો નથી પણ આ મારો શિષ્યં કે જેને હું મારા પુત્ર તુલ્ય ગણું છું તેને તમારી પાસે મુકતો જાઉંછું તે તમારા સર્વે કામમાં વિજય કાર્ય કરી ફતેહ મેળવશે.

કિર્તિધ્વજ—(હાથ જોડી) મારા ઉપર આપે મોટી કૃપા કરી છે. હું તેમને મારા પ્રાણથી પણ અધિક માનીશ અને આપની આજ્ઞા હું માથે ચઢાવું છું.

સુકલાક્ષ—હે રાજન ! વળિ વિશેષ જણાવું છું કે આ શૂરવીર ક્ષત્રી બચ્ચો છે તેના હાથથી તમારા રાજ ભુવનમાં એક વર્ષની અંદર તમે તમારી જીંદગીમાં નહિ દીઠેલી વસ્તુ જોઇ શકશો અને આ ભૂ મંડળમાં બીજા રાજ્યમાં જે વૈભવ અને રાજ્ય શોભા નથી તે આ શૂર પુરૂષથી તમને પ્રાપ્ત થશે એવું મને ભવિષ્ય જણાયાથી હું તમને આ મારો બાળક સોંપું છું.

કિર્તિધ્વજ—(હર્ષ યુકત) કૃપા સિંધુ. હું આપનો મોટો ઉપકાર માનું છું. મને સઘળો આધાર આપ ગુરૂની કૃપા કટાક્ષનોજ છે.

સુકલાક્ષ—હે રાજન ! મને મારા ખટકર્મ ધ્યાનમાં પ્રવર્ત થવાની ઇચ્છા થઇ છે માટે હું જાઉં છું.

કીર્તિધ્વજ—(ગુરૂના ચર્ણાર્વિંદમાં મસ્તક રાખી) કૃપા સિંધુ ! સેવક ઉપર કરૂણા કરી વેહેલા પધારજો.

સુકલાક્ષ—નાથ, સારૂં કરશે. (એમ કહીને જાયછે)

કીર્તિધ્વજ—કેમ રણમલજી ? તમે અહિંયાં આનંદથી રહો. તમે મારા ગુરૂજીના શિષ્ય છો તેથી તમને હું મારૂં હૃદય સમજું

છું. કોઇ પ્રકારનો મનમાં ક્ષોભ લાવશો નહિ. તમારાથી વિશે-
ષ બીજી વસ્તુ હું સમજતો નથી.

રાજુમલ—(હાથ જોડી) ગરીબ પરવર! આપ ઉદાશીમાં છો
તેનું કારણ ગુરૂજી પ્રત્યે જે વાત થઇ તેથી જાણવામાં આવ્યું
છે. માટે હું વિનતી કરૂં છું કે રાજપુત્ર કામસેનની સાથે મા-
રે મુલાકાત થવી જોઇયે.

કીર્તિધ્વજ—બરાબર કહો છો, ત્યારે ચાલો. આપણે તેની પાસે જઇયે
(એમ કહીને બન્ને ઉઠીને જાય છે).

પ્રવેશ ૪ થો.

સ્થળ—હરિઆ ધોબીનું ઘર.

(**પાત્ર**—હરિઓ ધોબી, તેની સ્ત્રી ઉજલી અને તેનો છોકરો જીવલો.)

જીવલો—(પોતાની મા પ્રત્યે) ઓમા! ઓમા! જોનો ખરી આ-
પડા બાપા આવેસે.

ઉજલી—(સાંભળતાં વેંતજ તુરત છોકરાના વાંસામાં બે ત્રણ ગ-
ડદા મારીને) મુવા આવેસે તો જા સોટી પડ.

જીવલો—(રોતો રોતો) ઓવ મારા બાપરે, ઓ બાપા, ઓ બા-
પા, જુઓને આપડી માએ મને મારી નાંછ્યો.

(એટલામાં હરિયો ધોબી ખભા ઉપર લુગડાનું પોટલું બરાવી તથા
માથે પોટલું મૂકેલું, આવીને ઉભો રહીને)

હરિયો—(બાયડી સામી દ્રષ્ટી કરીને) અરે તારૂં કાયદુ ખાઉ આ
રાંડની બકુ મંછરાઇ ગઇસે.

ઉજલી—હરિઆ સુન્મુખ નેત્રલાલ કરીને) આ જોને લ્હારો હગલો હું કેસે તે હાંભલ્યું ? મારી હાથે નકામો વઢેસે.

હરિઓ—ઇમાં લ્હારૂં હું નેંકળી પડયું. એતો બાળકસે તે બોલે.

ઉજલી—(હરિઆના કપાળમાં હાથનો અંગુંઠો દાબીને) આ લ્હારો ભમરો નેકળી પડયો હવે હમજ્યો કે ? (એમ કરીને હરિઆના વાંસામાં બે ગડદા મારીને) લે, તું પણ લાબસી લેતો જા.

હરિઓ—(કંટાળીને) હવે સાની રહે, સાની, જો આ માહારો વાંસો (એમ કરીને પોતાની ઓરતને પીઠનો ભાગ બતાવે છે તે જોઇને)

ઉજલી—(પોતાના છોકરાને હાક મારીને) અલ્યા જીવલા ! જોતો ખરો મ્હારા બાપના વાંસામાં સોળ સેનાં ઉઠયાં સે ? (એમ કહીને હાથ ફેરવે છે) પછી એ માહારી ખોડઆઇ મા જેણે માર માર્યો સે ઇની તું ખબર લેજે.

હરિઓ—રાંડ સાની રહે સાની. જો કામહેન રાજકુંવર જાણહે તો માહારૂ અને તાહારૂ માથુ કાપી નાખહે.

ઉજલી—જા, જા, હેડ, હેડ. સાનું માનું બેસી રહે. આપડે કામહેનનું કાંઇ ખાધું લીધુ સે તે મારે !

હરિઓ—જો હાંભળ, તું વાત જાણતી નથી માટે તને હું કહું સું; એમ થયું કે કામહેન ઘોડાપર બેસીને નદી ઉપર આવ્યો પસે આ લૂઘડાની ગંધ એના નાકમાં પેસી ગઇ એટલે આમ થઇ ગયો (એમ કહીને પોતે-મોહાન્ધ મુદ્રા પોતાની બાઇડીને બતાવે છે) પછી માહારો હાથ પકડીને ઇમ કહેવા લાગ્યો કે આ

લુઘડાં ક્રાના ધ્રુવેસે એટલે મેં કહ્યું કે તું સાનો માનો પાણી પીને હેંડ્યો જા.

ઉજલી—એ જવાબ ઠીક દીધો. પસે હું થયું ?

હરિઓ—એમ કહ્યું એટલે તલવાર તાણીને એક હાથમાં સોટી પકડીને મારા બરડામાં ચાર પાંચ મારીને કહેવા લાગ્યો કે તહારૂ માથું કાપી નાંખસું નહિ તો ખરે ખરૂં કહી દે. એટલે હું તો ધ્રુજવા લાગ્યો અને બધી વાત કહી દીધી.

ઉજલી—ભોગ ત્હારા તું એનજ દાવનો સે.

(૧૧)

હરિઓ—

હાલને કંકુ માળીએ જઈએ.

એ રાહ.

લાવને ઉજલી ઢેબરા ખાઇએ— (બેવાર)
પેટમાં લાગી ભૂખરે, મારો જીવડો
આ જોને હેંડો જાયસે

ઉજલી—સાની વાત કહી તે હારૂ (૨)
ઢેબરાં હાટે ધ્રુજરે, ત્હારો ભમરો
ભૂસી ગયોસે ક્યારનો.

હરિઓ—વાત કરી ત્યારે જીવતો આવ્યો—(૨)
નહિતો જાત મહાણુરે મારો જીવડો
આ જોને હેંડયો જાયસે,

ઉજલી—લુઘડાં મૂચીને નાઠો હોતતો—(૨)
સાની રહેતી વાતરે, તારો ભમરો

ભૂસી ગયોસે ચ્યારનો

જીવલો—ઓમા, ઓમા, તું ખાવાનું હૈ તો પણ હુ ખાવાનો નથી.

હરિઓ—આપડે પણ ખાવાના નથી.

ઉજલી—એમ તું કહેસે કે ? લે જોઇએ ચેવો તું ખાતો નથી ? (એમ કહીને તે ખાવાની વસ્તુ તેના મુખમાં પરાણે મુકે છે)

હરિઓ-(મનમાં) ઠીકસે અવળુ બોલવાથી આપણુને ફાયદો થાયસે એમ સમજીને) હું ખાઉસું હું ખાઉસું.
(એમ કહીને ખાય છે).

ઉજલી-(પોતાના ધણી પ્રત્યે) હવે ખાઇ રહ્યો હોય તો તુ ધોવા જા. અને હું કુસસિતરાને ઘેર લૂગડાં આલવા જાઉસુ.

હરિઓ---ઠીક, હવે હું પણ જાઉંસું અને તુ પણ કુસસીતરાને ઘેર જા.
(એમ કહીને જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—કામસેનનો શયન ગ્રહ.

પાત્ર—કામસેન, કિતિધ્વજ, રણમલ અને વિદુષક.

[કામસેન એક પ્રલંગ ઉપર સૂતો છે. તેની પાસે કિર્તિધ્વજ રાજા અને રણમલ ઉભા રહેલા છે].

કિતિધ્વજ—(કામસેનના મસ્તક આગળ બેશીને તથા તેના ઉપર હાથ ફેરવીને) દિકરા કામસેન ? કેમ તુ બોલતો નથી તને શું થયું છે ? અરે પુત્ર ! તુ થોડું તો મારી સાથે બોલ (તો પણ તે બોલતો નથી તેથી નેત્રમાં આંસુ લાવીને)

(૧૨)

કાફી હોરી.

સાવરા મત મારો પીચકારી

એ રાહ.

સૂત કેમ હૃદય તરસાવે,
રેન દિન ચેન ન આવે. ॥ સુત ॥
કયમ બેભાન થયો કહે મૂજને
શા દુઃખમાં ભરમાવે
અન જળપાન તજી કયમ સુતો
નાહક કેમ સતાવે
સુધ બુધ કેમ વિસરાવે. ॥ સુત ॥
કટુક વચન કહ્યું હોય જેણે તુજને
જો કદિ તું દરસાવે,
સખ્ત સજા કરૂં છોડું નહિ કદી
જો તૂં નામ બતાવે
સરવ સંતાપ સમાવે ॥ સુત ॥
તુજ માતા ભગનિ મળિ સરવે
નેત્રથી નીર ચલાવે
તુજ વિણુ ખાંનપાન તજી બેઠાં
જો કંઇ દયા ઉર આવે
સત્ય કારણ તૂં જણાવે ॥ સુત ॥

(રણમલ તરફ દ્રષ્ટી કરીને) હે રણમલજી !

રણમલ—(હાથ જોડી) હુકમ અન્નદાતા !

કિર્તિધ્વજ—જુઓ આ પ્રમાણે સ્થીતિ છે તેમ કોઇએ પણ હજુ સુધી અન્ન જળ લીધુ નથી કોઈ પ્રકારનો ઇલાજ પણ ચાલતો નથી તો પછી શું કરવું ?

(એમ કહીને નેત્રમાં નીર લાવે છે).

વિદુષક—હવે અમારા કામાંધ ભાઇ બેઠા થશે કેમકે અંધેકી લકડી કાકા રણમલજી આવ્યા છે ફિકર કરશો નહિ.

રણમલ—હે દયા નિધી ! એમ અફસોસી કરવાથી કાર્યની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, માટે આપ અહિંથી રાજમંદિરમાં પધારો. હું રાજ કુમારને એકાંતમાં રહીને જે તેમના દર્દ વિષે જોવાનું છે તે જોઇશ. આપે કશી ફીકર કરવી નહિ તેના દરદની કુંચી ગમેતે પ્રકારથી પણ શોધી કાઢીશ.

કીર્તિધ્વજ—હવે તમને જેમ ફાવે તેમ કરો એ પુત્ર તમને સોંપ્યો છે. હું જાઉંછું (એમ કહિને જાય છે.)

રણમલ—(સ્વગત) શી બેત ઉઠાવું કે જેથી કરીને પોતાના મનની વાત મને કહે મને લાગે છે કે હું તેની સાથે એવી ગંભીરથી વાત કરૂં કે તેના મનનો જાણીતો હોઉં પણ શી વાત ઉઠાવવી ? કુમાર ઉમર લાયક છે છતાં તેનું લગ્ન થયું નથી શરીર મદમસ્ત અને કદાવર છે તેથી તેના મનના તરંગ વિષય વાસનામાં ભટકતા હોવા જોઇયે જો કે તેનામાં વિવેક જ્ઞાનથી કેળવાયલી બુદ્ધિ હોતતો તે આ પ્રમાણે મુઢ સ્થીતિ ભોગવે નહિ; પણ માત્ર શરીરની સૌંદર્યતા જણાય છે. તથાપિ બુદ્ધિ સ્થાન ઉજડ લાગે છે. વળિ તેના નેત્રમાં લાલી હોવાથી કોઇ વસ્તુ ઉપર મોહાંધ થવો જોઇયે. શરીરમાં કોઇ પ્રકારનો

રોગ નથી એ વાત નિશ્ચય છે, માટે પાયા વગરની વાત ઉઠાવવી જોઇયે. (એમ વિચાર કરીને કામસેનના મસ્તક આગળ બેશીને બોલવાનું શરૂ કરે છે.)

હે પ્રિય રાજકુમાર! તમારા મનની વાત સમજી ગયોછું તમારા નેત્રની કીકીમાં કોઇ મોહની મૂર્તિ રમી રહી હોય એમ જણાય છે, એ વાત ખરી છે કે નહિ તે તમે કહો. જો તમે તમારા મનમાં છાની વાત રાખોતો તમને મારા સમ છે; જો તમારા મનમાં હરકત હોય તો તેનો મને ખુલાસો આપો હુંતો મારા મનથી એમ જાણું છું કે તમને એક વસ્તુ ઉપર મોહ તથા પ્યાર ઉત્પન્ન થયો છે.

કામસેન—(નેત્ર ઉઘાડીને) તમે મારા પીતાજીની સાથે આવ્યા છો તે વાત હું જાણું છું, છતાં બોલ્યો નહોતો હું શું બોલું? બોલવા જેવું નથી. મારે પિતાજીની મર્યાદા રાખવી જોઇએ માટે તેમને કહેતાં શરમ આવે એવી વાત છે. તમારી સાથે જ્યારે એકાંત મળો ત્યારે હું આટલું બોલ્યો છું.

રણમલ—સાબાશ કુંવરજી ! તમે વિવેક સારો રાખ્યો પણ તેથી કરીને તમારા માત પિતાને કેટલું દુઃખ ભોગવવું પડે છે તેનો કંઇ વિચાર કર્યો ? ખેર કદિ તેમને કહેવા જેવી વાત નહિ હોયતો તમે મને કહીદો કેમકે માગ્યા વિના મા પણ પીરસતી નથી. માટે કહ્યા વિનાતો કોઇ પણ જાણે નહિ તેમ તેનો ઉપાય પણ બને નહિ તમે કહેતા નથી તો પણ પ્રથમ મેં તમને કહ્યું છેકે કોઇ મોહની મૂર્તિ તમારા નેત્રની કીકીમાં રમી રહેલી છે એ વાત ખરી કે નહિ ?

કામસેન—(એવું સાંભળતાંજ પોતાના પલંગમાંથી તુરત બેઠો થઇને રણમલ પ્રત્યે) સાબાશ મિત્ર ? એમ કહીને (નાચતો કૂદતો ગાવા માંડે છે)

(૧૩)

માઢનો જીલ્લો.

દેખા રંગા ઇકા કાયદા જગતમેં દિલકુ સંતાયગા.

એ રાહ.

અહા મિત્ર વિચારીયે
મનની ઇમારત સુધારીયે.
દીઠી રચના એવી એક,
જેથી મુકી દીધો ટેક,
ક્યાં જઇને નારી નિહાળીયે.
॥ પ્યારા મારા ક્યાં જઇ. ॥
હુંતો ભૂલ્યો સઘળું ભાન
ભુલ્યો ડાપણને શુદ્ધ સાન.
રંભાને કહો કેમ વિસારીયે
॥ પ્યારા મારા રંભાને ॥
જો પુરો મ્હારી આશ
તો હું થાઉં તમારો દાસ,
દિલથી આ વ્યાધી નિવારીયે
॥ પ્યારા મારા દિલથી ॥

વિદુષક—રંગ છે, કાકા રણમલ ! તમે ભારે મંત્ર માર્યો, આ સતેલું મડદું બેઠું કર્યું એ કંઇ જેવી તેવી વાત નથી. (મને

પણ એક ચઓલો યાદ આવ્યો છે,)

(એમ કહીને વિદુષક ગાયં છે.)

અંધેકી લકડી ચલો મેરા રામ,

અબ અકલકા નહિ કામ. ॥ અંધેકી ॥

હવે કામાંધ ભાઇને લાકડી મળી માટે શીધે રસ્તે જવાને હરકત નહિં પડે.

કામસેન—હે રણમલ ભાઇ તમે જે કહો છો તેમજ છે માટે તમે કરી શકો તો હું કહું છું.

રણમલ—લ્યો, હું તમને વચન આપું છું કે તમારૂં ગમે તેવું કામ સબળ હશે તો પણ કરીશ પછી કંઇ છે ?

કામસેન—બરાબર છે મને તમારો ભરોંસો પુરે પુરો થતો જાય છે કેમકે, મારા પિતાજીના બોલવા ઉપરથી તમારી દેખરેખમાં મને સોંપ્યો છે એમ જણાય છે સબબ તમે હવે મારા પરમ મિત્ર જેવા છો તેથી હું તમને ખુલાસો આપું છું કે અહિયાં દ્રુમ, ગિરિ, પર્વત પાસે વૃક્ષ ઘટા યુક્ત એક અપૂર્વ નદી છે. ત્યાં સૂંધી હું મૃગીયા રમવા નિકળી પડયો હતો તે નદી ઉપર એક ધોબી ધોતો હતો. નદીનું પાણી કેવળ અતર સુગંધથી તર બતર થઇ રહ્યું હતું તે ઉપરથીમ્હેં ધોબીને પૂછ્યું ત્યારે છેવટે જણાય આવ્યું કે આ નગરમાં રહેનારી કુસુમવિચિત્રાનાં કપડાં તે ધોતો હતો પ્રિય શૂં કહૂં ? એ કેટલૂં આશ્ચર્યકે જેનાં કપડાંની સુગંધી અવર્ણનીય છે ત્યારે તે કુસુમવિચિત્રા કેવી હોવી જોઇએ ? આપણા નગરના સેકડો ધોબી નજીકના સરોવર તથા નદી ઉપર જઇને કપડાં ધુવે છે અને આ કુસુમ

વિચિત્રાનાં કપડાં ધોનાર ધોબી કેવળવિકટ અને ભયંકર વેરાન જંગલમાં પંદરે કોસની મજલ ઉપર વસ્ત્ર એકાંત વાસથી ધુવે છે તેનું શું કારણ? મને લાગે છે કે તે કેવળ ઉર્વશી કે મેનકા હશે તેને જાહેરાતમાં પડવાનો ભય હશે માટે તે ધોબી એકાંત ધુવે છે. સબબ હું લગ્ન કરૂં તો તેજ કુસુમવિચિત્રાથીજ કરૂં તે મારા ઘરમાં આવે અને તેની ભેટ થાય તોજ હું અન્ન જમુ.

(એટલું કહીને પાછો પલંગ ઉપર સુઇ જાય છે.)

રણમલ—બસ એજ વાત કે? એમાં તમે શી જબરી વાત કહી? તમને ખબર નથી કે પીતાજીની સત્તા કેટલી છે? કુસુમ વિચિત્રા જેવી સેંકડો દાસીઓ તમારી સેવામાં રજુ કરવાને સમર્થ છે તો તે કુસુમ વિચિત્રાના શા ભાર છે?

કામસેન—મારે કુસુમ વિચિત્રાના જેવી સેંકડો બીજી સ્ત્રીઓ જોઇતી નથી. મને તો તે કુસુમ વિચિત્રાનીજ ભેટ થવી જોઇએ.

રણમલ—ભલે, કદી તેમ મરજી હશેતો તેમાં હરકત શી થવાની છે? એતો સહજ બનવા જેવું છે, તેટલા માટે તમે અન્ન જળ ત્યાગ કરીને શરીરને શા માટે દુઃખ આપો છો? તમે જાતે દુઃખ ભોગવો છો અને માત પીતાને પણ દુઃખ આપો-છો એ કંઇ ઠીક કહેવાય નહિ માટે ચાલો પ્રથમ ભોજન કરી લ્યો, પછી બીજી વાત.

કામસેન—એમ ન બને તો કુસુમવિચિત્રા સાથે લગ્ન કરવા બાબત નકી કરવા તમે ખાત્રી આપો છો?

રણમલ—હા હું ખાત્રી એટલે દરજો આપું છું કે આવતી કાલે

આપનાં તેની સાથે લગ્ન કરવાં. પછી કંઇ વાંધો રહ્યો?

વિદુષક—હવે વાંધો શાનો ? અક્કલનો વાંધો હતો તે કાકા રણુમલ જાદૂગર મળ્યા એટલે નીકળી ગયો.

કામસેન—ત્યારે હું જમવાને કબૂલ થાઉંછું.

રણુમલ—ત્યારે ઠીક તમે અહીંઆજ બેસી રહો અને થાળ આવે એટલે ભોજન કરી લેજો હું એજ ગોઠવણુ માટે જાઉંછું

(એમ કહી જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રાજકચેરી.

પાત્ર—કીર્તિધ્વજ, પ્રધાન, ચોપદાર, વિદુષક. પછીથી રણુમલ.

કીર્તિધ્વજ—કેમ પ્રધાનજી ? રણુમલ ચાલાક જણાય છે કેમ ?

પ્રધાન—હા અન્નદાતા તે આપણા પુજ્ય ગુરૂ પાસે રહેલ છે એટલે તેમાં શી ખામી હોય ?

કીર્તિધ્વજ—તેની સાથે વાત્તચીત કરતાં મને એટલોતો અનુભવ થયો છે કે તે બધી વાતે વિવેકી છે.

પ્રધાન—ગુરૂની મરજી ઉઠાવી હશે ત્યારે તેનામાં વિવેકનો ઉદય હોય; તે વિષે આશ્ચર્ય માનવાનું નથી. કેમ કે યોગી પુરૂષોનું મનરંજન કરવાનું ઘણું દુર્લભ છે.

કીર્તિધ્વજ—સત્ય છે પ્રધાનજી. તે કામસેન પાસે રોકાયો છે તેમ વાર પણુ ઘણી લાગી.

વિદુષક—અમારા કામાંધ બાઇને ચણ્યા પહેરાવશે ત્યારે આવશે.

પ્રધાન—હાજી, એ વાત ખરી છે. મને લાગે છે કે તે હવે આવવો જોઇયે.

ચોપદાર—(રાજા પ્રત્યે) ગરીબ પરવર, રણુમલ અંદર આવવાને આજ્ઞા માગે છે.

કીર્તિધ્વજ—ઠીક, આવવા ઘો. (રણુમલ પ્રવેશ કરે છે તેને જોઇને) કેમ રણુમલજી ?

રણુમલ—આપના પ્રતાપથી આનંદની ખબર લાવ્યો છું. પ્રથમતો એટલી વિનંતી કરૂં છું કે તેમને જમવાને સારૂં થાળ તૈયાર કરીને મોકલીદો કે તે ભોજન કરે.

કીર્તિધ્વજ—સાબાશ ! પ્રથમતો એજ કામ તમે ઉત્તમ કર્યું. [ચોપદાર તરફ નજર કરીને) અરે ચોપદાર ?

ચોપદાર—(હાથ જોડીને) જીહાં ગરીબ પરવર.

કીર્તિધ્વજ—રાણીવાસમાં જઇને ખબર આપો કે કુંવરજીને માટે ભોજન સારૂ થાળ તૈયાર કરો.

ચોપદાર—હુકમ, ગરીબ પરવર. (એમ કહીને જાય છે)

કીર્તિધ્વજ—કેમ. રણુમલજી ? હવે તમારા તરફથી વિશેષ માહિતી લેવા ઇચ્છુછું.

(૧૪)

રણમલ— **કાલીંગડો.**

કર જોડી કહું સુણો પૃથ્વી પતિ,
યુવરાજને કંઇ પણ વ્યાધી નથી. ॥ કરજોડી ॥
આપ સુરથી શિર છત્ર કહાઓ
કહિ નથી શકતો વિશેષ કથી. ॥ કરજોડી ॥

તો પણ કહ્યા વિના નહીચાલે
નિશ્ચય કર્યું છે તેની સાથે મથી. ॥ કરજોડી ॥
મોહનિ મૂરત તેના મનમાં વશી છે
તે શું લાગી છે તેની પરમ રતી. ॥ કરજોડી ॥

કિ.તેધ્વજ—અહો રણમલ ! તમે ગર્ભિત વાત કહો છો તેથી હું સમજી શકયો નથી માટે તમે મારા પ્રત્યે ખુલાસેથી કહેવામાં કઇ પણ શરમ રાખશો નહિ.

રણમલ—(હાથ જોડી] ગરીબ પરવર ! વિનંતિ કરૂંછું કે આ નગરમાં શેઠ પૂનમચંદ કરીને છે તેની કન્યા કુસુમ વિચિત્રા નામની અત્યંત રૂપાળી હોવાથી તેના ઉપર કુંવર શ્રી મોહ પામેલા છે. એ મોહ વિકારથી અન્ન જળ લેવાની આખડી લઇને બેઠેલા હતા, પોતે એ વાત શરમને લીધે કહી શકયા નથી, મારી માર્ફતે એ વાતનો ખુલાસો ચોકસ થયો છે, આજે તેમને ઘણા સમજાવ્યા છે અને આવતી કાલે તે કુસુમ વિચિત્રાનું લગ્ન તમારી સાથે કરવું એવું ચોકસ કહ્યુ, ત્યારે તે અન્ન લેવાને કબૂલ થયા છે. આવતી કાલે તે કુસુમ વિચિત્રા સાથે લગ્નની પેરવી નહિ થાયતો ફરી તેવીને તેવીજ સ્થિતીતેયે હઠ લઇને પડશે એ વાત નિઃસંશય છે.

કિ.તેધ્વજ –(પ્રધાન તરફ દ્રષ્ટી કરીને] કેમ પ્રધાનજી ? આ કુંવરની હઠ મારા અંતઃકરણને કેવળ દગ્ધ કરે છે.

પ્રધાન—ગરીબ પરવર ! હજુ તેમની યુવાવસ્થા છે પરમેશ્વરે આપની વૃદ્ધાવસ્થામાં આ પૂત્ર રત્નનું એકજ સૂખ આપ્યું છે બધું ધોરણ તેમના ઉપર છે આપનું નેત્ર કહોતો તેજ અને તેમના

ઉપેર સંસારનો લ્હાવો રહેલો છે. બચપણમાંથીજ આપે તે કું-વરજીને લાડ લડાવીને સંપૂર્ણ સ્વતંત્રતા આપીછે જેથી આખનું સૂખ કુંવરજીને અનહદ છે સબબ આપના પ્રત્યે હઠ પકડીને વસ્તુ પ્રાપ્ત કરી લેવાનો પ્રાયત્ન ચાલે છે તે પણ હજુ મર્યાદા સાથે રહેલ છે. ત્રણ દિવસ સુધી અન્ન પાણી લીધુ નહિ અને પોતે દુઃખી થયા છતાં અમુક સ્ત્રી સાથે મારે પરણવું છે એવા અમર્યાદાનો શબ્દ વાપર્યો નથી એટલે દરજજે હકીકત છે તો હવે તે હઠ પૂરી પાડવી આપની મરજી ઉપર છે.

કીર્તિધ્વજ—સત્ય છે, પણ વણિકની કન્યા લીધા કરતાં અમારી બરોબ-રી રાજ્યની કન્યા લેવી ઉત્તમ કહેવાય. તેના લગ્નની ગોઠવણી માટે દેશ દેશના રાજાઓની રાજ્ય કન્યાની તસવીરો મ્હેં મં-ગાવી મૂકી છે તે કુંવરને બતાવવા ઉપર વિચાર રાખ્યો હતો. દરમિયાન આ વણિક કન્યા ઉપર તેનું ચિત્ત ગયું છે તે બરા-બર નથી. જુવો આ તસબીરો.

(એમ કહીને એક નાની પેટીમાંથી કાઢીને પ્રધાનને બતાવે છે).

વિદુષક—એતો ઉંટના મોઢાને ઝાંખરાંજ શોભે.

પ્રધાન—(તસબીરો જોઇને હાથ જોડીને રાજા પ્રત્યે) અહો ! ત સબીરો ઘણી ઉત્તમ છે. મને લાગે છેકે આ તસબીરો કુંવર-જીને બતાવો તો ઠીક, કદાપિ તેમાંની કોઇ પસંદ પડે તો આ લીધેલી હઠનો ફેંસલો થઇ જાય.

વિદુષક—કામાંધ બાઇની આંખ્યો હાલ ખેચરી મુદ્રામાં ચઢી ગઇ છે તેથી આ તસબીરો શા કામની ?

કીર્તિધ્વજ—(રણમલ પ્રત્યે) કેમ રણમલજી ? તમારા ધ્યાનમાં

શું આવે છે? એકવાર આ સઘળી તસબીરો તમે તેને બતાવો તો ખરા? લ્યો, લઇ જાઓ (એમ કહીને રણમલના હાથમાં આપે છે.)

રણમલ—(હાથ જોડી) ભલે આપનો જેમ હુકમ! પણ મને લાગતું નથી કે તેમાં આપણે ફતેહ પામીશું. તો પણ તેમને એક એક તસબીરો હું જઈને બતાવું છું.

(એમ કહીને જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—કામસેનનો એકાંત અવાસ.

પાત્ર—કામસેન, રણમલ અને વિદુષક.

કામસેન—(રણમલને આવતો જોઇને) આવો મારા દુઃખના ભાગી.

વિદુષક—આવો! મેરે અંધેકી લકડી!!

રણમલ—જી, સાહેબ! આપની સેવામાં આવ્યો છું.

કામસેન—કહો, શું કરીને આવ્યા?

રણમલ—કુસુમવિચિત્રા બાબત તમામ હકીકત પિતાશ્રીને યુક્તિથી કહી દીધી છે તે બાબતમાં તેમનું કહેવું એવું છે કે યુવરાજનું લગન સાંધવા બાબત ઘણા દેશથી રાજ્ય કન્યાઓની તસબીરો ખેંચાઇને આવેલી છે તે આ વખતે બતાવો. તેમાંથી જે પસંદ કરે તેની સાથે નકી ઠરાવ કરીએ એમ કહીને આ તસબીરોનો થોકડો મને બતાવવા આપ્યો છે તે હું આપની પાસે લાવ્યો છું તે તમે એકવાર ધારી ધારીને જુવો તો ખરા!

કામસેન—એટલે શું ? કુસુમવિચિત્રાની સાથે મારૂં લગન કરાવવાને પિતા શ્રીનો વિચાર નથી ?

રણમલ—તમે ગભરાઓછો શું કરવા ? કુસુમવિચિત્રા શા હિસાબમાં છે ? જુવો, આ મોટા મોટા દેશના રાજાઓની કન્યાના સ્વરૂપ આગળ કુસુમ વિચિત્રા કેવળ દાસી જેવી દેખાશે માટે તમે એકવાર નજર કરીને જુઓ.

કામસેન—ઠીક.(તસબીરો હાથમાં લઇને) આ કયા નગરની કન્યા છે ?

રણમલ—જુવો, આ ઉદયપૂર માહારાજાની કન્યા.

કામસેન—(માથું હલાવીને) ઉહું આ કાંઇ બરાબર ગમી નહી.

વિદુષક—અરે ગમાર ! આતો સૂર્યવંશી ક્ષાત્રવટ ભુષણ અને આર્ય ધર્મનું રક્ષણ કરનાર શૂરવીર રાજાની રાજ્ય કન્યાનું ચિત્ર છે.

રણમલ—કેમ ? છબીપસંદ નહિ પડી કે ? ત્યારે જુવો આ બીજી બુંદી કોટાના હાડા રજપૂતની કન્યા.

કામસેન—(માથું હલાવીને) ચીતારા લોકો રંગ પૂરીને ભભકો બતાવે છે પણ જયારે નજરે જોઇએ એટલે બધું પોગળ.

વિદુષક—વાહ, વાહ ત્યારે તમારી અકલના પોગળમાં શું બાકી છે જેના મોટા ભોગ લાગ્યા હશે તે તમારા સ્વાધીન પડશે.

રણમલ—નાના, એમતો હોયજ નહિં ખોટી છબી મોકલવાનું શું કારણ ? ખેર, જવાદો ત્યારે આ છબી જૂવો જેપુરની રાજ કન્યા.

કામસેન—(માથું હલાવીને) રણમલજી ? તમે બધું ગમે તે કહો પણ કુસુમ વિચિત્રાને તોલે કોઇ ન આવે.

વિદુષક—હા, બાઇ હા, અમને પણ અનુભવ થયો છે કે ઊંટ મરે

ત્યારે મારવાડ ભણી મોઢું કરીને પડે.

રણમલ—ખેર, જ્યારે ત્યારે આ છબી જુવો કાસ્મીરની રાજ્ય કન્યા.

કામસેન—અરે જહાનમમાં ગઇ છબીઓ !! (એમ કહીને એક એક છબીયો ફાડવા માંડે છે.) હું તમને કહું છું તો ખરો કે કુસુમવિચિત્રાના નેત્રની એક અદાને પણ કોઇ છબી સરખાઇ આવે તેવી નથી.

રણમલ—મિત્ર શાંત થાઓ. ગભરાઓછો શું કરવા ? તસબીરો શા માટે ફાડો છો? જો પસંદ ન હોય તો હું પાછી લઇ જાઉં છું. અને તમે કુસુમ વિચિત્રાને નજરે તો જોઇ નથી તે પેહેલાં તેની ભમર અને આંખ્યો શી રીતે ઉત્તમ પ્રકારની ઠરાવી? તેમજ કેમજાણ્યું કે તે રૂપાળી હશે ? માટે પાણી પીધા પછી ઘર પૂછશો તો તમને લોકો ગાંડામાં કહાડશે.

વિદુષક—સાત આંધળાઓએ હાથીની પરિક્ષા કરી એવી પરિક્ષા અમારા કામાંધ ભાઇયે કરી છે.

કામસેન—સત્ય છે. જૂવો કે? તેને મ્હેં જોઇ નથી પણ મારૂં અનુમાન તેના માટે બંધાયું છે તે ખોટું પડે ત્યારે તમે મને કૂટ કહેજો ! ! !

વિદુષક—આતો હોકો પીનાર મીયાં ભાઇની વાત જેવું થયું કે ગાડા જલે તો મુજે કૂટ કહેના.

રણમલ—ત્યારે જેમ તમારી મરજી. કુસુમ વિચિત્રા ઉપર જ્યારે આપનો પ્યાર છે તો તેની હવે ગેઠવણ કરીશું.

કામસેન—અરે મિત્ર ! તમને તેની ખબર નથી કુસુમ વિચિત્રા તેતો કેવળ રૂપ વિચિત્રાજ છે.

(૧૫)

ખમાચ ઠુમ્રી.

ફંગના મૈ બાંધું કસ્બીચ તોરે સૈયાં.

એ રાહ.

મુજ હૃદયે વસી નવલ લાડિલી,
ચંદ્ર વદનિ એક કુસમવિચિત્રા. ॥ મુજ ॥
લોભી ભમરો કામસેન કહાં,
કહાં કમળ સમ કુસુમ વિચિત્રા. ॥ મુજ ॥
મોહ બાણુથી ઘાયલનો તું,
હાથ પકડરે કુસુમ વિચિત્રા. ॥ મુજ ॥
જગ વીણુ મીન જાણી મુજ ઉપર,
નજર તું કરરે કુસુમ વિચિત્રા. ॥ મુજ ॥

પ્રિય મિત્ર ! હાંકું જવાદે. મારે આમાંની હાલ એકે છબી ઉપયોગની નથી. જે છબી મારા હૃદયે ધારી છે તે કદી ઉખડવાની નથી. મિત્ર, તમારી સાથે મારૂં મન મળ્યું છે તેથી હું કહું છું, માટે હું હવે વિશેષ કાંઇ કહેતો નથી.

રણુમલ—બહુ સારૂં, ત્યારે હું જાઉં છું.

(એમ કહીને છબીઓનું પોટકું બગલમાં મારીને જાય છે).

પ્રવેશ ૮ મો.

સ્થળ—રાજ્ય મહેલ કચેરી.

પાત્ર—કિર્તિધ્વજ, પ્રધાન, રણુમલ, ચોપદાર, જોશી (ગંગાધર) પુનમચંદ, વિદુષક વગેરે.

કીર્તિધ્વજ—પ્રધાનજી ? જુવો રણુમલ આવે છે તો ખરો !

પ્રધાન—હાજી પણ પગ ઢીલા જણાય છે.

(એટલામાં રણુમલ આવીને તસલીમ કરે છે.)

કીર્તિધ્વજ—કેમ રણુમલ ? શૂં થયું ?

રણુમલ—(હાથ જોડી) ગરીબ પરવર ! કુસુમ વિચિત્રાનુંજ તેને ધ્યાન છે. કોઇ પણ તસબીર તેને પસંદ પડી નહી પણ ઉલટી કાઢીને ચીરે ચીરા કરવા મંડયા હતા પણ થોડી કાઢી નાંખી એટલે મેં અટકાવ્યા તે જુવો. (એમ કહીને બતાવે છે).

કીર્તિધ્વજ—પ્રધાનજી ! ચોપદારને ખબર આપો કે અત્યારે પુનમચંદને અહિંયાં બોલાવી લાવે.

પ્રધાન—હુકમ અન્નદાતા (એમ કહીને પુનમચંદને બોલાવવા સારૂ ચોપદારને મોકલે છે અને પોતે પોતાના સ્થાનક ઉપર બેશીને તથા તસલીમ કરીને કહે છે) ગરીબ પરવર ! હુકમ પ્રમાણે ચોપદારને મોકલ્યો છે.

ચોપદાર—માહારાજ જોશી બાવા આવે છે.

જોશી—(રાજા પ્રત્યે) માહારાજ આપનો જય થાઓ.

કીર્તિધ્વજ—આવો જોશી માહારાજ ? તમે આવ્યા તેથી બહુ સારૂં થયું. કેમકે અત્યારે તમારૂંજ કામ પડયું છે.

ગંગાધર—હુકમ માહારાજ.

કિર્તિધ્વજ—આજનો દિવસ લગ્નકાર્યમાં કહેવો છે તે જુવો ?

(૧૬)

જોશીની ગઝલ.

સમાલ તેરે અદાકો જરા સુનો તો સહી.

એ રાહ.

જોશી માહારાજ હૃદય ધારીને જુવો તો ખરા,
દિવસ આજનો વિચારીને જુવો તો ખરા;
બન્નેનો પ્રેમ ભાવ પ્રથમ તે સંભાળી જોજો,
નાડી ગણ રાશી સહુ સુધારીને જુવો તો ખરા. ॥ જોશી ॥
આયુર્બળ ચંદ્ર તણી દ્રષ્ટીને સંભાળી જોજો,
દશ કર્મ ભાવ સૌ ઉતારીને જુવો તો ખરા. ॥ જોશી ॥

જોશી—(જરા વિચારમાં પડીને) મહારાજ! મને કંઇ સમજ પડી નહી. કોહોનું લગન અને કોહોનો વિવાહ!

વિદુષક—અરે માહારાજ એમાં પુછવું શું? લંકાની લાડી અને ઘોઘાનો વર.

કિર્તિધ્વજ—આપણા કુંવર સાથે આપણા ગામનો વાણિયો પુનમચંદ શેઠ છે તેની દીકરી કુસુમવિચિત્રા સાથે સમજ્યા કે!

ગંગાધર—(ટીપણું ખુલ્લું કરીને) ઠીક ઠીક (કેટલીક વાર તપાસ કરીને)

(૧૭)

કામોદ.

બાળા ત્રિપુરા ભજો તો તરો.

એ રાહ.

સત્ય કહું છું વિચાર કરી,

દિવસ આજ શ્રેષ્ટ છે. ॥ સત્ય કહું છું ॥
અમૃત સિદ્ધિ યોગ સરસ છે,
પરસ્પર પ્રિતી દિસે છે ખરી. ॥ દિવસ. ॥
સરવ પ્રકારે હું જોઈ વળ્યો છું,
હવે નથી જોવાનું બીજું ફરી. ॥ દિવસ ॥

ગરીબ પરવર આજનો દિવસ અતિ ઉત્તમ છે. વરકન્યાની રાશી એક છે. ચંદ્ર પહોચતો છે. બન્યોની જોડી આનંદમાં રહે તેવો યોગ છે.

વિદુષક—વાહ ! વાહ ! કયા કહેના.

અંધેરી જોરૂ ખુદાબા રખવાલા,
ચલો મેરે લાલા બોલો બોલબાલા.

કિર્તિધ્વજ—કેમ જોશી ? ત્યારે તમારા કહેવા ઉપરજ ધોરણ રાખીયે ખરૂં કે નહીં.

વિદુષક—જોશીના કહેવા ઉપર તો આ ગામની ઘણી બાઇડીઓ રંડાયલી જોવામાં આવે છે.

(એટલામાં નગરનો શેઠ પુનમચંદ શેઠ આવે છે.)

છડીદાર—પુનમચંદ શેઠ આવે છે ગરીબપરવર.

કિર્તિધ્વજ—(પુનમચંદને જોઇને) આવો પુનમચંદ બેસો શી ખબર છે?

પુનમચંદ—(હાથ જોડી) આપના પ્રતાપથી ખુશી આનંદમાં છીયે.

કિર્તિધ્વજ—કેમ તમે શું ધંધો કરો છો ?

પુનમચંદ—ગરીબ પરવર ! દેશાવર ખાતે લાખો રૂપીયાનો માલ ચઢાવું છું. તેમંજ દેશ વિદેશમાં મ્હારી દુકાનો સરાસરી સો છે.

કિર્તિધ્વજ—એમકે ! વાહ ત્યારે તમારો રોજગાર ઘણો બાહોળો દેખાય છે.

પુનમચંદ—મહારાજ આપના પ્રતાપથી અમે ઘણા આનંદમાં છીયે. (એમ કહીને રાજાના ચર્ણાર્વિંદમાં સોનાની મોહોરોની થેલી મૂકે છે. (નજરાણો કરે છે.)

કિર્તિધ્વજ—કેમ શેઠ? આ શું કરોછો?

પુનમચંદ—અમારો રૈયતનો ધર્મ છે કે રાજાજીની ભેટ લેતી વખતે નજરાણું કરવું જોઇએ.

કિર્તિધ્વજ—(હાસ્ય વદનથી) ઠીક ઠીક ત્યારે તમારે કેટલા દીકરા છે?

પુનમચંદ—નહીજી. મને પૂત્ર એકે નથી પણ એક પૂત્રી છે.

કિર્તિધ્વજ—અહો! ત્યારે તો તમને પુત્રની મોહોટી ખોટ છે વારૂ. ત્યારે પૂત્રી કેટલા વર્ષની ઉમરે છે? અને તેને કયાં પરણાવી છે?

પુનમચંદ—(માથું હલાવીને) ગરીબ પરવર હું શું કહુ? તેની અઢાર વર્ષની ઉમર છે તેથી તે ખાસ ઉમર લાયક થઇ છે. મોટા મોટા નગરશેઠ તરફથી મારી પુત્રીનું માગું કર્યા કરે છે પણ પૂત્રીની હઠ પોતાની પસંદગીમાં આવે તેની સાથે વરવાની છે. સબબ અમારૂં કંઇ ચાલતું નથી તેથી અત્યાર સુધી કુંવારી રહી છે.

કિર્તિધ્વજ—અરે તમે ઘણાં પાપમાં ભરાઓછો. કન્યા રજસ્વળા થાય તે પહેલાં પરણાવવીજ જોઇયે. શાસ્ત્રમાં કહ્યું છેકે કન્યા રજસ્વાળા વાળી થાય ત્યાં સુધી તેના માત પીતા તેને પરણાવે નહીતો તે કન્યાના ડગલે ડગલે ગૌહત્યાનું પાપ તેના માત પીતાને લાગે છે. જુવો કે રજસ્વળા ઉમરનું પ્રમાણ શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે કે.—

॥ अष्टवर्षेभवेतकन्यानववर्षेचरोहिणी ॥
॥ दशवर्षेभवेत्गौरीइतिउर्द्धरजस्वला ॥

તેમજ પ્રજાના પાપનો છાંટો રાજાને પણ ભોગવવો પડે છે, તેથી તમે બહુ ખોટું કરોછો અને નિતિ શાસ્ત્રથી વિરૂદ્ધ ચાલોછો માટે તમે પાકા અપરાધી છો. સબબ તમને શિક્ષા કેમ ન કરવી?

પુનમચંદ—(હાથ જોડી) ગરીબ પરવર! હવે હું તેના લગ્ન માટે જલદીથી નિસ્તાર લાવીશ.

કિર્તિધ્વજ—એ વાત હું બિલકુલ સાંભળીશ નહિ. અમારો કુમાર તારી પૂત્રી ઉપર પ્યાર રાખે છે અને તેને લીધે ખાતો નથી અને હઠ લઇ બેઠો છે માટે આજને આજ તેનાં લગ્ન કરી નાંખો કે પાપમાંથી મૂક્ત થઇયે.

વિદુષક—વાહ વાહ! ઠીક ઘાટ ઉતર્યો છે. કેમકે બન્યો પાપ મટી જશે. એક તો કામાંધ બાઇની હઠનું પાપ અને બીજું વાણીયાને ડગલે ડગલે વળગવાનું પાપ સમઝયા કે?

પુનમચંદ—(હાથ જોડીને) આપ સમર્થ છો. જે સત્તા ચલાવશો તે ચાલી શકશે પણ એમાં માહારો કોઇ પ્રકારનો દોશ નથી. કેમકે તે એવી હઠ પકડીને બેઠી છે કે જ્યાં હું પરણું ત્યાં દિવસે રહું ને રાતે મારે ઘેર પાછી આવું તો તે વાત કોણ કબૂલ કરે ને તેથીજ હું લાચાર થયો છું. અને આટલી મોટી વધ્યા છતાં તે તેજ કારણથી વગર પરણે રહી છે. હવે જો આપનો કુમાર તે પ્રમાણે દસ્તાવેજ લખી આપે તો એ બાબત તેને સમજાવવા હું કોશીશ કરૂં.

કીર્તિધ્વજ—અત્યારેને અત્યારે તમે તેને સમજાવો અને હું આ રણમલને કુમાર પાસે મોકલુંછું અને જો કુમારને તે ઠરાવ કબૂલ હોયતો તે તમને લખાવીને મોકલાવશે એટલે તમે બધી તૈયારી કરી કન્યાને લઇ જલદીથી અહીં આવો, નહીંતો તમને સખ્ત સજા કરવામાં આવશે.

પુનમચંદ—(સખ્ત હુકમ થવાથી પગે ધ્રુજતો) સારૂ ગરીબપરવર હું માહારે ઘેર જઇને તેને સમજાવું છું અને કુમારનો દસ્તાવેજ આવશે એટલે પછી અહીં તેને તેડીને હું આવું છું [પુનમચંદ જાય છે.]

કિર્તિધ્વજ—(રણમલ પ્રત્યે) તમે કુમાર પાસે જઇ બધી હકીકત કહો ને જો તેને પુનમચંદના કહ્યા પ્રમાણે કબુલ હોય તો તે પ્રમાણે દસ્તાવેજ લખાવી તેની સહી કરાવી પુનમચંદને ઘેર મોકલી દેજો અને કુમારને તેડી અહીં આવો એટલે લગ્ન કરવામાં આવે.

રણમલ—(હાથ જોડીને) બહુ સારૂ ગરીબ પરવર આપના હુકમ મુજબ જાઉં છું.

(એમ કહી સરવે જાય છે).

પ્રવેશ ૯ મો.

સ્થળ—કુસુમવિચિત્રાનું ઘર.

પાત્ર—કુસુમવિચિત્રા, માલતી, દેવકોર, ચંપા, ગંગા, કાશી, મોતી, વિગેરે સખીયો અને પાછળથી પુનમચંદ તથા દરબારી સિપાઇ.

કુસુમ—(સ્વગત) હે ઇશ્વર! આ શું શેહેરમાં ધાંધલ મચી રહી છે. રાજકુમાર મારી સાથે લગ્ન કરવાની હઠ લઇ બેઠા છે અને મારે તો શ્વેતકેતુ સાથે સંબંધ છે અને તેણે મારૂં તન મન હરી લીધું છે. હવે મારે લગન કરવાનું કેમ ફાવશે. (આ પ્રમાણે વિચાર કરે છે, તેટલામાં માલતી તેની સખી છાની માની એક આડમાં ઉભી રહી તે સાંભળે છે તે અંદર આવે છે તેને કુસુમવિચિત્રા ભાળે છે એટલે મોંમાં આંગળી દઇ ચમકીને ઉભા રહે છે).

માલતી—કહો બેન! શું વિચાર કરતાં હતાં. જરા મને કહો બા. હવે તો તમે રાજાનાં પટરાણી થવાનાં.

કુસુમ—કાંઇ નહિ અમથી મારી મશ્કરી શું કરો છો એતો હું અમથી ઉભી હતી.

માલતી—નાના એમ તે હોય તમે શ્વેતકેતુને યાદ કરી નિશ્વાસ નાંખતાં હતાં અને લગન થએથી કેમ થશે એ બધું શું બોલતાં હતાં. મે સાંભળ્યું છે તો. એ હવે મારાથી છાનું રાખે શું ફાયદો છે માટે કહો નહિતો હું આ વાત બહાર પાડીશ.

કુસુમ—નાના જો તેમ કરતી ના. હું તને કહું છું પણ તું આ વાત કોઇને કહેતી નહિ. હું એક દિવસ રંગ સરોવર ઉપર ન્હાવા ગઇ હતી ને જળક્રિડા કરતી હતી તેવામાં એક ઇંદ્રપુરીથી કોઇ દેવે આવી મને ઉપાડી લીધી એટલે હું બેહોશ થઇ ગઇ, પછી એકાંત જગામાં લઇ જઇ મને હુશિયાર કરી અને પછી કોણ જાણે શું કર્યું કે તેના ઉપર મને મોહ થયો. હવે તે હમેશ રાતે મારી પાસે આવે છે. આવું છે ત્યારે લગ્ન કરી રાતે મારાથી પતિ સાથે કેમ રહેવાય.

માલતી—તેજ કે. એમાં શું મુંઝાણી છું હું તમને એક રસ્તો બતાવું છું કે તે જેએ દિવસે સાસરે રહેવું એવો જે ઠરાવ કરે તેની સાથે લગન કરવા ઠરાવ કર્યો છે તેજ તને બધી અડચણથી દુર કરશે માટે કાંઇ ફીકર ન કરવી ને કુમારશ્રીની સાથે લગ્ન થવાથી તો તું ભાગ્યશાળી થઇશ માટે તેની ના કહેતી નહિ. નહિ તો તારા માતપિતાને નુકશાન થશે. (આ પ્રમાણે બન્યો વાતો કરે છે. એટલામાં દેવકોર આવે છે).

દેવકોર—શું વાતોમાં પડી છો, અહીં ચાલ ને જો તારે માટે આ બધી ધાંધલ થઇ રહી છે. જો આ તારા બાપા પણ દરબારમાંથી આવે છે.

કુસુમ—ના મા, અમે તો અમથીજ ઉભી હતી. ચાલો હું પણ તમારી સાથે આવું છું.

(એટલામાં પુનમચંદ આવે છે).

પુનમચંદ—અલી ક્યાં ગઇ ?

દેવકોર—આ રહી શું કરી આવ્યા ?

પુનમચંદ—શુ કરે. રાજા તો બહુ સખ્તાઇ કરે છે અને દસ્તાવેજ માટે કુમારને કહેવરાવ્યું છે જો તે કબુલ કરશે તો આપણને ખબર આપશે એટલે આપણે બધી તૈયારીમાં રહેવું પડશે.

દેવકોર—અહો ! ઠીક ત્યારે (કુસુમ પ્રત્યે) જો આ ત્હારી બ્હેનપણીયો આવે છે શું તેને પણ ખબર પડી છે કે ?

કુસુમ—હા મા. આખા ગામમાં એજ વાતો થાય છે તો તેમને કેમ ખબર ન પડે.

(એટલામાં બધી સખીઓ આવે છે તેને કુસુમ આવકાર દે છે).

ચંપા—કેમ બેહેન કુસુમવિચિત્રા ! ખુશીમાં છોને ?

કુસુમ—હા સખી તું ક્યાંથી ભૂલી પડી ?

ચંપા—તારા લગ્નની વાતની અમને ખબર પડી એટલે બધાનો એમજ વિચાર થયો કે ચાલો કુસુમવિચિત્રાને ત્યાં જઇએ.

કુસુમ—બહુ સારૂ થયું મને આજે ઘણો આનંદ થયો.

ચંપા—હા બેન. આનંદ કેમ ન થાય ? પ્રેમનો માર્ગ જૂદો છે. તું બહુ દિવસથી મળી નહોતી તેથી અમારૂં મન તને મળવા ખેંચાયું. (એટલામાં સિપાઈ આવે છે.)

સિપાઈ—શેઠ પુનમચંદજી લ્યો યહ કાગજ. જો તુમને દરકાર કીયાથા સો રણમલજીને ઉસકે ઉપર કુમાર સાહેબકી સહી કરવાકે ભેજવાયા હે ઓર મુંસે કહાહે કે કુમાર સાહેબ આપકે સબઇકરાર કોં મંજુર કરતે હે ઓર ઉસકે સાથ રાજા સાહેબને ભી ફરમાયા હે કે અબ શાદીકી તઇયારી કરકે જલદી આપકી બેટીકો લેકર દરબારમેં હાજર રહો.

પુનમચંદ—ઠીક છે ભાઇ જાવો જઇને રાજાજીને મારા સલામ સાથે કહો કે અમે હમણાંજ હાજર થઇયે છીએ (પછી તેની સ્ત્રીને) લ્યો આ કરારનામું તો આવી પહોંચ્યું ત્યારે હવે આપણે જેમ બને તેમ ઉતાવળ રાખવી જોઇએ.

દેવકોર—(મનમાં ખુશી થઇને) ચાલો બહુ સારૂ થયું. જુવો આ વખતે કુસુમ વિચિત્રાની બેનપણીયો પણ બેઠેલી છે અલી ચંપા ? અલી ગંગા ? અલી કાશી ?

ચંપા વિગેરે—હાં બા શું કહોછો ?

દેવકોર—આજે કુસુમ વિચિત્રાનું આપણા રાજાજીના કુમારશ્રી કામસેન સાથે લગ્ન થાય છે માટે તમે બધાં મળીને ગીત ગાઓ

પછી આપણે દરબારમાં લગ્ન મંડપમાં આ કુસુમ વિચિત્રાને લઇ જઇએ.

ચંપા વિગેરે—અહો ! અમારી કુસુમ વિચિત્રા બેહેનતો રાણીજી થશે. ધન્ય ભાગ્ય બેહેન ! અમે ગરીબ રૈયત ઉપર મેહેરબાની રાખજો અમે તમારાં છીયે ભૂલશો નહિ આજ અમે સખીયોને સંપૂર્ણ આનંદ થયો છે માટે રાસડો ગાઇશું.

(એમ કહીને સખીયો ગીત ગાય છે.)

(૧૯)

ગરબો.

પુનમ ચંદની ખીલી પૂરી.

એ રાહ.

ચાલો સૈયર આપણુ હળિમળિ રંગ રસ ગાઇયે,
આજે રાજકુંવરનો કુસુમ વિચિત્રા સાથ
લગ્ન મનોહર કેરી સહીયર આજ વધામણીરે.
સૈયર કોટી કંદ્રપ રૂપ સમોવડ નાવલોરે
સૈયર ચંદ્ર વદનિશું કુસુમ વિચિત્રા જોડે
લગ્ન મનોહર કેરી સૈયર આજ વધામણીરે.

સાખી.

સખી ચાલો રાજકુમારીયે નવલ લાડીલી નાર,
કપોલ કુમ કુમ ચાંદલો કંઠે મુક્તાહાર.
મંદ ભરી હંસ ગામીની વરશે રાજકુમારનેરે,
પૂરણ કરશે પુનમચંદ હૃદયના કોડ
લગ્ન મનોહર કેરી સૈયર આજ વધામણીરે.

સાખી.

ઢોલ નગારાં ગડગડે થાશે નાટા રંગ,
ગાયક ગુણ ગાશે ઘણાં સખી પૂરણ થશે ઉમંગ.
રંગભર રમશે સજની રજની આનંદે કરીરે
મન હરિ લેશે રાજકુંવરનું મદભરિ રંગ
લગ્ન મનોહર કેરી સૈયર આજ વધામણિરે.

સાખી.

અતર તેલ સુગંધથી પીઠી ચોળો અંગ
સૈયર જોડું ખીલશે જાણે રતિ અનંગ.
રસ ભિની ગુણવેલી છેલછબીલી સુંદરીરે
આજે થાશે રાજકુંવર પટરાણી ઉમંગ
લગ્ન મનોહર કેરી સહીયર આજ વધામણીરે.

પુનમચંદ—(ગાઇ રહ્યાપછી પોતાની પત્ની પ્રત્યે) કેમ હવે દરબારમાં જઇશું ?

દેવકોર—હા ચાલો (એમ કરી કુસુમવિચિત્રા વિગેરે મળીને જાયછે)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—રાજભુવન કચેરી.

પાત્ર—કીર્તિધ્વજ, પ્રધાન, રણમલ, કામસેન, પુનમચંદ, દેવકોર, કુસુમવિચિત્રા, ચોપદાર, ગંગાધરભટ, વારાંગના, વિદુષક તથા સ્રીઓ વગેરે.

કીર્તિધ્વજ—કેમ પ્રધાનજી? લગ્ન સામગ્રીની શી વ્યવસ્થા થઇ છે ?

પ્રધાન—ગંગાધરભટ્ટ વગેરે હાજર થઇ ગયા છે.

કીર્તિધ્વજ—આપણે કંઇ અથથી તે ઇતિસુધી લગ્નકર્મકાન્ડ કરવું નથી. ગાંધર્વ વિવાહ જેટલી સામગ્રી કરીને જલદી પાર લાવવો જોઇએ.

પ્રધાન—જી સાહેબ! તેમજ ગોઠવણ કરી છે. જુવો આ ચાર ઘટ સ્થાપનની મધ્યમાં વર કન્યાનો પાટલો ગોઠવ્યો છે તે ઉપર બન્યો બેશી જશે પછી મંગળ ફેરા ફેરવીને તિલક કરશે એટલે પાર આવશે.

કીર્તિધ્વજ—ઠીક છે પણ પુનમચંદને કેમ વાર લાગી ?

પ્રધાન—તેણે પણ કંઇ પરવારી લેવું પડશેજ માટે તે પણ તેવાજ કામમાં રોકાયેલ હશે.

ચોપદાર—(રાજા પ્રત્યે) ગરીબ પરવર! પુનમચંદ વગેરે કન્યા સાથે અહિંઆં આવે છે.

કીર્તિધ્વજ—ચાલો બહુ સારૂ થયું.

(પુનમચંદ વગેરે પ્રવેશ કરે છે) આવો પુનમચંદ બેસો. (બેસે છે).

વિદુષક—હવે તો પુનમચંદભાઇ રાજાના વેહેવાઇ થયા એટલે હવે કંઇ બાકી ન રહી.

પ્રધાન—અન્નદાતા! હવે શો હુકમ છે. પુનમચંદ વિગેરે આવી ગયા છે.

કીર્તિધ્વજ—હવે તમારે મને પૂછવું નહિ, લગ્નકાર્યમાં જોશી બાવાને પૂછો કેમ જોશી ? કન્યા તથા તેનો બાપ અને દેવકોર બાઇ વિગેરે આવી ગયાં છે માટે હવે તમે શી વ્યવસ્થા કરી છે?

જોશી—આ પાટલા ઉપર વર કન્યા બેસવાં જોઇએ.

કીર્તિધ્વજ—રણમલજી ! તમે જોશી કહે તેમ કરો.

રણમલ—આજ્ઞા પ્રમાણે રાજકુમારને અને કુસુમવિચિત્રાને બંન્નેજને પાટલા આગળ લઇ જઇને બેસારે છે. બ્રાહ્મણ રીતસર તિલક કરે છે, હાર પેહેરાવે છે અને હસ્તમેળાવો કરીને મંગળ શ્લોક બોલે છે.

(૧૯)

ગંગાધર— **શાર્દુલ વિક્રીડિત.**

ભાલે કુંમ કુંમ ચાંદલો ભૃકુટિમાં કાશ્મિર બિંદી કરી,
વેણી મંડન પુષ્પ ગુંથન કરી સાડી કસુંબી ધરી;
કંઠે હાર સુરત્ન હેમ સહિતે સૌંદર્યતાએ ઠરી,
દિર્ધાયુ રહો દંપતિ સુખી સદા ભંડાર પૂરણ ભરી.

વર કન્યા સાવધાન.

(૨૦) સમે વરતે સાવધાન.

ચારૂ ચંદન ચર્ચિતાંગ વિલસે કંઠસ્થ માલા ધરી,
બાહુ દંડ પ્રચંડ મંડિત સદા માણીક્ય રત્ને કરી;
શોભે શ્રેષ્ટ કીરીટ કુંડલ અને હિરણ્ય મુક્તે જડી,
તેવા શ્રી યુવરાજ આનંદ રહો સંપૂર્ણ દ્રવ્યે ભરી;

વર કન્યા સાવધાન.
સમે વરતે સાવધાન.

વિદુષક—મોટા મોદક ખુબ ઝાપટી કરી પડીયે પથારી કરી,
ડરિયે ને કદિ કોઇથી જગતમાં કરિયે નહિ ચાકરી;
ફરિયે જ્યાં વસ્તુ મળે મફતની હાથે ગ્રહી લાકડી,
બન્નેની વચમાં કશાવિ કજીયો વાટે જવું પાધરી;

વર કન્યા સાવધાન.
સાસુ સસરો સાવધાન.
ભરના પાડોશી સાવધાન.
છાપરાનાં નળીયાં સાવધાન.

(વર કન્યાનું લગ્ન થઇ રહ્યાપછી).

ગંગાધર—(કામસેન પ્રત્યે) કુંવરજી સાહેબ ! તમો બન્યો મળી પીતાશ્રીના ચરણાર્વિંદમાં નમસ્કાર કરો.

કામસેન—બહુસાર (એમ કહીને બન્યો દંપતિ શ્રી કિર્તિધ્વજ રાજાના ચરણાર્વિંદમાં માથું નમાવે છે. તેમના મસ્તક ઉપર કિર્તિધ્વજ પોતાનો હાથ મૂકે છે અને તેમને પોતાની બાજુએ બેસારે છે.

(૨૨)

વારાંગના—(ચંદે મહેતાબ ડુબી ગદે તાલાબમેં) એ રાહ.

પ્યારી દિલ્દાર જોડી રહેજો આનંદમાં,
આયુષ્યમાન, આયુષ્યમાન, આયુષ્યમાન, આયુષ્યમાન
થાઓ, થાઓ, થાઓ, થાઓ,
ગિરિવર, મહિધર, નિશિકર, દિનકર;
ત્યાં લગિ સુંદિર દંપતિ સુખકર,
મદભર, ચિત્તહર, દિલભર, પ્રિયકર.
લ્હો સુખ સંપત તન ધન ભૂમિપુર,
પામો મ્હોટી પદવી ભારી;
ન્યારી ન્યારી રચના પ્યારી,

રહેજો આપસમાં દિલદારી;
જગમાં ફેલો કિર્તિ સારી,
થાઓ. થાઓ. થાઓ: થાઓ. બન્યો દિલદાર૦

(ગાયન થઇ રહ્યા પછી.)

પુનમચંદ—અન્નદાતા ! આજ આપની સાથે હું ગરીબનો સબંધ થયો તેથી હું ભાગ્યશાળી થયો એમ હું સમજું છું.

વિદુષક—પૂરા ભાગ્યશાળી ખરા. બધાનું પાંચ આંગળ કપાળ પહોળું હોય છે અને તમારૂં તો અઢાર આંગળનું કપાળ થયું.

કિર્તિધ્વજ—સત્ય છે અને તમે અમારા વહેવાઈ થયા માટે આપણે બન્યો જાણે મળીએ (એમ કહી પોતે ઉભા થઇને સામા સામી ભેટે છે પછી તેમના તરફ દ્રષ્ટી કરીને) પુનમચંદ શેઠ તમારે કોઇ પ્રકારની જુદાઇ સમજવી નહિ વખતે વખતે આ તરફ આવ્યા કરવું અને કામ કાજ હોય તે શંકા દૂર કરીને કહેવું.

પુનમચંદ—બહુ સારૂ, સર્વ પ્રકારે આપનો મોટા આધાર સમજીયે છીએ હવે આજ્ઞા હોયતો હું માહારે ઘેર જાઉં.

કિર્તિધ્વજ—ઠાક. આ પાલખીમાં બેસીને જાઓ.

પુનમચંદ—બહુ સારૂ (એમ કહીને જાય છે.)

ચોપદાર—(હાથ જોડી) અન્નદાતા રાણી વાસમાંથી કહાવ્યું છે કે વહુજીને જોવા સારૂ બન્યોને અમારા તરફ મોકલો તેમજ આપને પણ ત્યાં પધારવાને માટે કહ્યું છે.

કિર્તિધ્વજ—સત્ય છે. (ચાલો આપણે જઇએ એમ કહીને વર કન્યા તથા રાજાજી જાય છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—રાજકુંવરનો અલગ મેહેલ.

પાત્ર—કામસેન, કુસુમવિચિત્રા, દાશી લવીંગીકા.

કામસેન—કેમ પ્રિયા ? તમે જાણુતાં હશો કે આજ શરદ પુર્ણિમાનો દિવસ છે.

લવિંગિકા—એમાં વાંધો શાનો. રાત્રે ખરેખરો ખીલશે.

કુસુમ—હા પ્રાણુનાથ ! રાત્રી સમયે તેની અપૂર્વ શોભા ખીલી નીકળે છે. વળિ સાંભળવામાં એવું આવ્યું છે કે સમુદ્રમાં સ્વાતી નક્ષત્રના યોગે વર્ષાબુંદથી મોતીના દાણા માટે આજે પ્રાદુર્ભાવ થવાનો.

લવિંગિકા—વાહરે તમારી વાકયચાતુર્યતા! જ્યારે ચંદ્રમા ખીલશે ત્યારે ખીલશે પણુ અત્યારે તો બુદ્ધિ રૂપી ચંદ્રમા દિવસે ખીલેલો જણાય છે.

કામસેન—સત્ય છે પ્રિયા ! આજની રાત્ર દેવતા લોકોને પણુ પ્રિય છે. કારણુ કે શરદ પૂર્ણિમાને દિવસે રસિક પુરૂષ (દંપતિ) ચંદ્ર પ્રકાશમાં બેશીને ખાનપાન વિગેરેથી આનંદ લે છે.

કુસુમ—હા પ્રાણુનાથ ! એ વાત ખરી છે. કેમ કે આકાશ નિર્મળ હોય છે, ઠંડની શરૂઆત અને તાપનું ખસવું એ બેની સંધીનો સમય લાગુ થાય છે તેથી વિશેશ આલ્હાદ મળે છે.

કામસેન—વાહ વાહ!! તમે તો રસિક છો તેથી તેના ભેદ ઘણા સારા જાણો છો.

કુસુમ—આપ ચતુર છો તેથી કદર કરી શકો તેમાં આશ્ચર્ય શાનું

હોય? અને મારી બુદ્ધિ આપની સન્મુખ વિશેશ ગણાય નહિ.

લવિંગીકા—ઘુડના મ્હોં આગળ સૂર્યનો પ્રકાશ જેમ હિસાબમાં નથી તેમ અમારા કામાંધભાઈની આગળ કુસુમ વિચિત્રાની બુદ્ધિ શા હિસાબમાં હોય ? બરાબર છે.

કામસેન—નહિ નહિ પ્રિયા ! તમારી લાવણ્યતા મોહક છે. આજે રાત્રીયે શરદનો ચંદ્ર સંપૂર્ણ ઉદય થશે તો પણ શું થયું. કેમકે તે કલંક વાળો છે અને હે પ્રિયા ! તમારૂં મુખ ચંદ્ર કલંક વિનાનું સંપૂર્ણ છે તેથી મને વિશેશ સુખ પ્રાપ્ત થાય છે.

લવિંગીકા—અરે વાહરે વાહ ! કામાંધભાઈ આવા શબ્દો કઇ ચોપડીમાંથી ગોખી રાખ્યા છે એના કલંકની વાત પછીથી માલૂમ પડશે.

કુસુમ—નાથ ! તમે સૃંગારમાં કુશળ છો માટે ઉપમા આપો તેવા છો હવે સાયંકાળ થવા આવ્યો છે અને રાત્રી પડશે, સબબ હું માહારે ઘેર જઇશ.

લવિંગીકા—થઇ ચુકયું કે ! અત્યાર સુધી પ્યારા અને પ્યારીની વાત ચાલી તે બધી પ્રિતી હવામાં ઉડી ગઇ કે !

કામસેન—પ્રિયા ! આજ સરદ પૂર્ણિમા છે માટે તમે આજની રાત્ર અહિં રહોતો સારૂ.

લવિંગિકા—રંગ છે ફાંકડા ! મશાણના લાડુમાં ઇલાયચીનો સ્વાદ જોઇતો હશે ખરૂં કે !

કુસુમ—(નેત્ર ફેરવીને) નહિ નહિ એમ કદિ બનાવાનું નથી, એવું તોફાન તમે કરશો નહિ. તમે જાણો છો કે રાત્રીયે હું રહેતી નથી છતાં તેવી ગડબડ નાહક કરશો નહિ. દરવાજે

લખ્યા આપ્યા પછી પાછું વાંકું બોલવું એ તમારો ધર્મ નથી. કેમ કે મારૂં વ્રત હું કદી ત્યાગ કરી શકું તેમ નથી.

લવિંગિકા—બરાબર છે! એ વ્રત મૂકાયજ નહિ. કેમ કે જે દેવનું વ્રત ચાલતું હોય તેમાં ખામી પડેતો દેવ છાતી ઉપર ચઢી બેસે.

કામસેન—પતિ સાથે એવું વ્રત કદી હોયજ નહિ. માટે આજતો તમને હું નહિ જવા દઉં (એમ કહીને કુસુમ વિચિત્રાનું કાંડુ પકડે છે.)

લવિંગિકા—અરે જાય શું! તેના શા ભાર છે? જરા હાથ જોડીને વિનતી કરો એટલે શરદપૂનમની રાત્રી ઊઘડી જશે.

(૨૩)

કામસેન— કાફી.

માન માન,
માન માન રસિલી મ્હારૂં કહ્યું માન,
પ્રાણ પ્યારી છોડીદે ગુમાન;
જોડી પ્રિતમથી પ્રાણ કહું નિદાન,
તું સુજાણ, રે ઉર આણ, માન માન માન.
॥ રસીલી મ્હારૂં કહ્યું માન ॥
પૂર્ણ શશી મૂખ જોઇ રહ્યો આ,
ચકોર તુલ્ય સમાન;
અજાણથી કરે તું તોફાન,
થા તું સ્યાન, માન માન માન, ॥ રસીલી ॥

હે પ્રિયા પ્રિતથી જોડાવું એ દંપતીનો ધર્મ છે.

લવિંગિકા—અરે રામ રામ બળો! આમારો ભોળીઓને ભિખાએ

એવા એ બળદ ગાડાએ જોડયાથી કાંધાં પડીને મરવા જેવા થઇ ગયા છે ત્યારે અમારા કામાંધભાઇ પ્રીતીએ જોડાએછે તો એવીજ દશા થવાની,

(૨૪)

કુસુમ— **કાફી**

માહારો કર છાંડો રે પ્રિતમ પ્રાણ,
પ્રાણ રસિલા રે થયા કયમ નિપટ અજાણ.
॥ કર છાંડોરે ॥
લેખ પત્ર કદી નથી ફરવાના નાહક નકરો ઉદાશીરે,
નથી રજની નાથ કદિ રંગ રમવાની;
અખંડ વ્રત માહારૂં એકજ જાણ,
॥ કર છાંડો રે ॥

પ્રિય તમે કરાર તોડીને નાહક મને રોકો છો, ત્રાસ આપો છો અને માહારા મનને દુઃખ આપવા તત્પર થાઓ છો. માટે હું હવે કદી આવવાની નથી. (એમ કહી કામસેનનો હાથ તરછોડી લાલ નેત્ર કરી રોશભેર ચાલી જાય છે).

લવિંગિકા--કેમ ભાઇ હવે તમને શરદ પૂર્ણિમા પૂરે પૂરી થઇ ગઇ કે?

(રણમલ પ્રવેશ કરે છે.)

રણમલ—કેમ મિત્ર આજ અફસોસમાં બેઠા છો ?

કામસેન—તમને શું કહું ! આજ રાત્રિયે રહેવાને કુસુમ વિચિત્રાને ખેંચતાણ કરી તેથી તે રિસાઇને તેને ઘેર ચાલી ગઇ અને ફરીથી હવે નહિ આવું એવું વાક્ય બોલીને ચાલી ગઇ.

રણુમલ--ખેર જવાદ્યો હવે આપણે તેમનું કામ નથી, પુજ્ય પીતા-
જી પાસે હું બેઠો હતો તે પ્રસંગે કુસુમ વિચિત્રા રાત્રીયે રહે-
તીનથી એ સંબંધી વાત નીકળી હતી અને એ બાબત કેમ
કરવું તેની ગોઠવણ સંબંધે હું વાત ચિતમાં રોકાયો હતો, હવે
હું તમારી પાસેથી વચન એટલું માગું છું કે તમારા માટે જે
હું કામ કરૂં તેમાં કોઇ પ્રકારનું કારણ મને પૂછવું નહિ; તેમ
માહારા-કાર્યમાં મારી સંમતી સિવાય તમારે વચમાં ડહાપણ
કરવું નહિ, આ બે પ્રકારની શરતનું તમે વચન આપો તેમજ
વચન આપ્યા પછી જો તમે તમારો કરાર તોડો અને ઉલટા
ચાલો તો તુરત તમારૂં માથું આ તલવારથી જૂદું કરી નાંખી-
શ. આ પ્રમાણે કરાર તમારે પાળવો હોય તો હું દરેક કામ કરવા
મારૂં માથું ઉંચું કરૂં, નહિ તો હું માહારે રસ્તે ચાલ્યો જાઉં.

વિદુષક—બરાબર વાત છે, જ્યારે પારકી અકલે ચાલવું ત્યારે તો
વચન આપવુંજ પડે; નહિ તો બગાના ભાઇ જેવું થાય.

કામસેન—એકથી ચાર વખત હું વચન આપુ છું. જો હું ગફલત
કરૂં તો તમારી મરજીમાં આવે તેમ કરો. બધો અખત્યાર ત-
મને સોંપુ છું. પણ કુસુમ વિચિત્રાનું અભિમાન દુર થાય અ-
ને માહારે શરણે રહે એમ કરો ત્યાં સુધી મને ચેન નહિ પડે.

વિદુષક—ગરજ સાકર કરતાં પણ ગળીછે. ગરજે ગધેડાને બાપ કહેવો
પડે છે. કાકા રણુમલની આંગળી પકડશો તો ખાડામાં નહિ પડો
નહિતો જીવરામ ભટ જેવું થશે.

રણુમલ—હવે તમે બેફીકર રહો. હું માહારા કામે ચોકસ વળગું છું.

(એમ કહીને જાયછે).

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—કુસુમ વિચિત્રાનું મકાન.

પાત્ર—રણમલ, કુસુમવિચિત્રા, શ્વેતકેતુ.

રણમલ—(સ્વગત) કુસુમ વિચિત્રા રાત્રીએ રહેવાની ના કહે છે તેનું શું કારણ હશે ? એ હકીકત જરૂર જાણવીજ જોઇએ. દુનિઆમાં સઘળી સ્ત્રીઓ પોતાને સાસરે રહે છે. પોતાના પતિનો પ્રેમ મેળવે છે, અને સંસારનો લ્હાવો લે છે છતાં આ જુવાન છે, સ્વરૂપમાં રંભા જેવી છે, અને તેનામાં જોઇએ તેટલી સ્ત્રી ચારિત્રની રચના જોવામાં આવે છે, તો પણ જ્યારે પોતાના પતિ સાથે પ્રેમથી જોડાઇને રહેતી નથી છતાં સ્વતંત્ર **સ્વેચ્છાચારે** વર્તે છે તેનું કારણ કાંઈ જુદુજ હોવું જોઇએ. રાજકુંવર કેવળ મોહાંધ બલો માણસ અને ખટપટ વિનાનો છે, તેથી તેનાથી કાંઇ થઇ શકતું નથી. પણ મહારે તો તે સઘળી રચના જોવીજ જોઇએ. મને મારૂં કામ કરવાને કોઇ પ્રકારનું વચમાં વિઘ્ન નડે તેમ નથી. કેમકે પુજય શ્રી રાજાજી અને રાજપુત્ર તરફથી ચોકસ પરવાનગી મળી છે, માટે આ કામમાં હું ફતેહમંદ થાઉં તો તેમાંથી કાંઇ સારાં ફળ મળશે તે ફળ પ્રાપ્ત કરવાને ભવિષ્ય ઉપર રહેલું છે; જેમ નાથની ઇચ્છા. અત્યારે તેના મકાનમાં ચુપકીથી પ્રવેશ કરવાનું સાધન તો મેં તેયાર કર્યું છે. ચાલ જીવ હવે વિલંબ કરવો ઠીક નહિ કેમ કે હવે રાત્રીના નવ વાગવાનો શુમાર થયો છે.

(એમ કહીને કુસુમ વિચિત્રાની બારી ખુલ્લી હતી ત્યાં ચંદનં ઘો વળગાડીને ઉપર પોતે ચઢી જાય છે) ને જુવે છે તો કુસુમ વિચિત્રા એક મોટા છત્ર પલંગની બાજુએ ગાદી-તકીયા ઉપર સોળે સણુગાર પહેરીને બેઠેલી છે, રોશની ઇંદ્ર પૂરી જેવી બનાવી દીધી છે, અને જાણે કોઇની રાહ જોતી હોય તેવા ઇરાદા વાળી જણાતી હતી. તે જોઇ રણમલ કમાડની પાછળ લપીને ઉભો રહે છે. કુસુમ વિચિત્રા ખાળ ઉપર જવાને ઉઠી કે તુરત રણમલને તક મળવાથી તે છત્ર પલંગ નીચે ભરાઇને બેઠો. કુસુમ વિચિત્રા ખાળ ઉપર આવીને પછી શ્વેતકેતુની આવવાની રાહ જોતી પલંગ ઉપર બેઠી.

(સરાસરી બાર વાગ્યા પછી)

શ્વેતકેતુ—(એકદમ મેડી ઉપર ધુમાડાના ગોટ જેવી આંધી થઇ ગઇ અને તે આંધીમાં અજવાળાનો ભભકો થયા પછી તેમાંથી દિવ્ય દેહવાળો એક યક્ષ શ્વેતકેતુ નામનો પ્રગટ થયો કે તુરત કુસુમ વિચિત્રાના પલંગ ઉપર બેઠો.) કેમ તબીયત તો સારી છેની ?

કુસુમ—હાજી. આપની કૃપાથી ઠીક રહે છે. આપનો વિયોગ જ્યારે થાય ત્યારે તબિયત બગડ્યા વિના રહે નહિ, એમાં શું કહેવું.

શ્વેતકેતુ—અલબત ! પ્યારનો ધર્મ તેવો છે. હું જ્યારે તમને જોતો નથી ત્યારે મારૂં અંતઃકરણ ઉથલ પાથલ થાય છે.

(૨૫)

કુસુમ— કાફીની ગરબી.

હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું

એ રાહ.

પ્રીતમ તમારા વિના અવર ન કોઇ,
અવર ન કોઇ હાં અવર ન કોઇ. ॥ પ્રીતમ ॥
દિન દિન અધિક પ્રેમ તુજપર પ્યારા,
માધુરી મુરતપર હું રહીછું મોહી. ॥ પ્રીતમ ॥
આ ચકોર ચિત તુજ સામું ભાળે,
ક્ષણભર ચુંકુ નહિં રહું જોઇ જોઇ. ॥ પ્રીતમ ॥
પરિશ્રમ કરી મુજ મંદિર આવો છો પ્યારા,
પ્યારી પર રહ્યું નિશદિન ચિત્ત પ્રોઇ. ॥ પ્રીતમ ॥

શ્વેતકેતુ—હું જાણું છું કે તમારો પ્રેમ મારા ઉપર અપૂર્વ છે. તેમજ હું તમારા પ્રેમથી કાચા તાતણાની પેઠે બંધાયો રહું છું. જુઓ આ ઉત્તમ પ્રકારનો મેવો તમારા માટે લાવ્યો છું, તે લ્યો, એમ કરીને એક મોટા ચાંદીના થાળમાં ભરે છે અને કુસુમ વિચિત્રાને આપે છે).

કુસુમ.—(આદર સાથે મંદહાસ્યથી હાથમાં થાળ લઇને મેવાને પોતાના પલંગ નીચે ખસેડી મૂકે છે પછી) અહો ! આવો મેવો આ ભૂમિ ઉપર થતોજ નથી.

શ્વેતકેતુ—આ ભૂમિ ઉપર તેવો મેવો થતોજ નથી તેમ હું તમને આ સુગંધી અતરની શીશીયો આપું છું તેવું મળવું પણ મુશ્કેલ છે. જુવો આ મોગરો, ચંબેલી, ગુલાબ અને માલતીનાં જુદાં જુદાં અતર છે તે શીશીઓ તમારી પાસે રાખો.

કુસુમ— વાહ ! વાહ ! આ અતર તો પૃથ્વી ઉપરના મનુષ્યોને મન હરણ કરે તેવુંજ છે વારૂ. ત્યારે આ પુષ્પ કેવાં છે ?

શ્વેતકેતુ—સ્વર્ગમાં ઇંદ્રનું નંદન વન છે તેમાં જે વૈભવ છે તે ત્રિલોકમાં પણ નથી છતાં ત્યાંની વસ્તુનો લાભ તમે હરવખત મેળવો છો.

કુસુમ—આ બધો મારા ઉપર આપના પ્યારનો લાભછે તે વિશે હું વર્ણન કરી શકતી નથી.

(૨૬)

શ્વેતકેતુ— કાલીંગડો.

મૃગ નયનિ ત્હારાં નેત્રનાં તિક્ષણ બાણ,
વાગ્યા પછી નવ ઉઠી શકે હોય બાણ બલી ગુણવાન.
॥ અહો મૃગ ॥
સ્વર્ગનું સુખ તજી તુજ માટે પ્રેમ તંતુથી દોરાયો છું પ્યારી.
જાણે છે તું લેશ નથી અજાણ. ॥ નયનિ ત્હારાં ॥
તુજ મુખ ચંદ્ર સમીપ ચકોર હું રે ગજગામની ઘેલો થયો હું,
લોભી બન્યો ભમરાની સમાન. ॥ નયનિ ॥ વાગ્યાં ॥ અહો મૃગ ॥

તમારા નેત્રનાં મોહક બાણ મોટા મહારથી શૂરવીરના બાણ કરતાં તિક્ષણ છે. શુરવીર પુરૂશો એ તો શત્રુનું વિદારણ કરે છે, અને ત્હારાં નેત્ર રૂપી બાણતો પોતાના આશકનેજ મારે છે. જો હવે રાત્રી ચાલી ગઇ અને પ્રાતઃકાળ થશે માટે હું જાઉં છું.

કુસુમ—ભલે આપ વેહેલા પધારજો.

(શ્વેતકેતુ જાય છે અને કુસુમ વિચિત્રા રાત્રીના ઉજાગરાથી ઉંઘી જાય છે)

રણમલ—(સ્વગત) અહાહા ! શું સ્ત્રીનું ચરિત્ર ! શું તેના પાખંડ !

શું તેની ધુર્તતા ! હવે તો ખરેખરી કુંચી હાથમાં આવી ગઇ છે. રાત્રીએ કુંવરજી પાસે નહિ રહેવાનું કારણ ખરેખરૂં જણાયું. કોણજાણે કેટલી મુદતથી આ શ્વેતકેતુ આવતો હશે ? ઠીક છે ચાલ જીવ, આ મેવામાંથી થોડોક ભાગ લઇ જાઉં તો ઠીક. (એમ કરીને તેમાંથી કેટલોક લઇને પોટકી બાંધે છે પછી છુપી રીતે તજ્વીજથી હેઠળ ઉતરી પડે છે. (સ્વગત). આહાહાહા !! રાજકુમારની પાસે રાત્રી એ નહિ રહેવાનું કારણ ખરેખરૂં જણાયું. હવે કેવી ગોઠવણ કરવી કે જેથી શ્વેતને ખાસડાં પડે. મને લાગે છે કે આ મેવો મારી પાસે છે તેનો ઉપીયોગ તાંત્રીક કપટભેદમારગે દર્શિત કરવો જોઇએ. તેના માટે શો બેત ઉઠાવવો ? (જરા ઉભો રહીને) હાં હાં એમજ કરૂં કે કુસુમ વિચિત્રા સાથે રાત્રીયે શ્વેતકેતુ જે વાત કરતો હતો તે ઉપરથી જણાય છે કે સુમનપરી ઇંદ્ર રાજાની ઘણી માનીતી અને શ્વેતકેતુની બહેન થાય છે તો તેજ સુમનપરી ઉપર ઘાટ ઘડીએ તો ઠીક મજા આવે. તેના માટે એવી તદબીર કરીએકે કુસુમ વિચિત્રાનાં ઘર સન્મુખ રાજ્ય ચોતરા ઉપર અગાઉથી યુવરાજને સમજ આપીને બેસારી મુકવો પછી થોડીવાર થાય એટલે હું આ મેવો ચાંદીના થાળમાં ગોઠવીને રાજકુંવર પાસે લાવું અને તે વખતે કુસુમ વિચિત્રા સપષ્ટ રીતે સાંભળે તે પ્રમાણે હું એવું બોલું કે હે યુવરાજ જે હમેશાં આપના ઉપર પ્યાર રાખનાર સુમનપરી સ્વર્ગથી મેવો લઇને આપની પાસે આવે છે તે નિયમ પ્રમાણે ગઇ રાત્રીયે આવી હતી તે વખતે આપ ભર નિંદ્રામાં હ-

તા તેથી મ્હેં ઉઠાડયા નહીં. આપની ભેટ નહીં થવાથી સુમનપરીએ ઘણી દિલગીર થઇને કહ્યું કે હવે હું જાઉંછું, આ મેવો યુવરાજને આપજો, ને તેમાંથી થોડો તેમને ખવરાવજો. હવે ફરીથી હું મળીશ એમ કહીને ચાલી ગઇ. આ પ્રમાણે યુવરાજને કહીને મેવાનો થાળ આપવો તે વખતે કુસુમ વિચિત્રા આ સ્વર્ગના મેવાને જરૂર ઓળખશે. એક વાતની મેવાની સાબિતી ખરી છે તેથી બીજી બનાવટી વાતની સાબીતી થશે. સબબ કે જ્યારે સ્વર્ગનો મેવો ખરો છે ત્યારે સુમનપરી આવતી હશે તેની સાબીતી કુસુમ વિચિત્રાને જરૂર થશે, અને તેથી આ કામસેન ઉપર તેને માઠું લાગશે. એ સુમનપરી કામસેન પાસે ન આવી શકે તેના તે ઉપાય સોધી કાઢશે તથા પછી તે શું કરે છે તેની રચના જોવાને ઠીક પડશે. આવતી કાલે ચોતરા ઉપર તથા તે વિશે તેને શીખવી રાખવાનું કામ હું અત્યારેજ કામસેનને કહીને પોપટ જેવો કરૂં છું.

(એમ કહીને ચાલવા માંડે છે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—કુસુમ વિચિત્રાના ઘર સામે રાજ ચોતરો.

પાત્ર—કામસેન, બિહારી, પાછળથી રસુમલ.

કામસેન—અલ્યા બિહારી?

બિહારી—જી. સાહેબ.

કામસેન—આ ચોતરા ઉપર સંગેમરમરના પથરના ચાર થાંભલા

કરીને કમાનો ખેંચી હોય તો ઠીક થાય કેમ વારૂ?

બિહારી—હા ગરીબ પરવર! પીતાજીશ્રી પણ એમ કહેતા હતા કે આ ચોતરાની બેઠકને માટે કંઇક સુધારો કરવાનો છે.

કામસેન—આપણા દ્રુમગિરિ પર્વત ઉપર સંગેમરમરના પથર ઘણા છે તો ઉત્તમ કારીગરોને બોલાવવા જોઇએ.

બિહારી—આ સ્થાનના કારીગરો દેવાલય વિગેરેનાં કામ કરવામાં તથા ચિત્ર કોરણી કરવામાં ઘણા પ્રવિણ છે.

કામસેન—હા. એ વાત હું જાણું છું. તે કામમાં ચિત્રવર્મા સલાટ ઘણો સારો છે.

બિહારી—હાજી તેને બોલાવીને એક વખતે પીતાશ્રીએ તેને આ ચોતરા બાબત કાંઇ કહ્યું હતું ખરૂં.

કામસેન—જો તો ખરો મિત્ર રણમલ અહીંઆં આવે છે.

બિહારી—હા ગરીબ પરવર! હાથમાં કાંઇક થાળ પકડ્યો છે અને તે ઉપર રૂમાલ ઢાંકેલો જણાય છે.

કામસેન—(નેત્ર ઇસારો કરીને) હા એતો હું જાણું છું.

(એટલામાં રણમલ આવી પહોંચ્યો પછી તસલીમ કરીને)

(૨૭)

રણમલ— **કેદારો.**

આજ મોરી અખીયાં પલના લગી. એ રાહ.

કાલ નિશિ સમયે સુમનપરી,
તમે નિદ્રામાં લોટ પોટ અતિ;
હરિ સુગાંર બનિ આવી હતિ ખરી

વરણી ન જાય કહું શું અતિ મદભરી. ॥ કાલ ॥

૪ળ ફુલ મેવા સ્વર્ગ ભુવનનો,
આપી ગઇ કરી પ્યાર હૃદયથી;
ઉભી હતી ઘડી ચાર હરી, ॥ કાલ ॥
આવિશ કાલે નિશિ સમયે હું,
એમ કેહેજો મુજ પ્રિય વલ્લભને;
એવું કહી ગઇ ખેદ કરી; ॥ કાલ ॥

હે યુવરાજ ! શ્રેષ્ટ સુમનપરી નિત્યના નિયમ પ્રમાણે સ્વર્ગથી મેવા લઇને ગઇ કાલે પણ આવી હતી ત્યારે આપ ભરનિદ્રાવશ હતા તેથી મેં આપને ઉઠાડયા નહિ અને તે સુમનપરિ મને મેવા આપીને નિરાશ થઇ ચાલી ગઇ છે. કાલ રાત્રીએ આવીશ એમ તે બોલી છે.

કામસેન—અહો રણમલજી જોઉ તો ખરો કેટલો મેવો મોકલ્યો છે.

રણમલ—(થાળ ઉપરથી રૂમાલ ઉઠાવીને) જુવો જે દરરોજ મોકલે છે તેના કરતાં આજનો મેવો જુદો છે.

કામસેન—મેવા જોઇને.

(૨૮)

ભેરવી કેરબો.

સુજાંત અમે ધાંયજા દુનિયામાં સૌથી સુજાત.

એ રાહ.

વિલોલ નેત્ર વાળી વાહ વાહ તું સુમનપરી,
નિત નિત મેવા મનહર લાવે;

આપે છે પ્રેમે કરી, ॥ વિલોલ નેત્રવાળી ॥
બકુલ મદાર ગુલદાવદી ગુલાબની,
માળા લાવી છે ખરી; ॥ વિલોલ નેત્રવાળી ॥
આનંદી ત્હારા હૃદયની પ્રીતીએ,
મન લીધું માહરૂં હરી. ॥ વિલોલ નેત્રવાળી. ॥

અહો રણમલજી તેની પ્રીતી માહારા ઉપર કંઇ ઔરજ ઢબની લાગે છે.

રણમલ—હાજી સ્વર્ગમાંથી અહીંયાં સુધી આવવું એ પ્રિતી વીના બનતું નથી.

કામસેન—શિવ! શિવ! શિવ! નાહક તેને ગઇ કાલે નિરાશ થવું પડયું. ખરૂં કે?

વિદુષક—નિરાશ કેમ ન થાય? દરીયામાં વાહાણ ડુબી ગયા જેટલું થયું હશે.

રણમલ—કેમ હવે અહિંયા કયાં સુધી બેસવું છે?

કામસેન—તમે અત્યારમાં નહોતા આવ્યા તેથી મનને જરા અણગમો થવાથી સેહેજ આ ચોતરા ઢગર બેઠો હતો, હવે તમે આવ્યા માટે ચાલો જઇશું.

રણમલ—(કામસેનના કાન આગળ મુખ રાખીને) જુવો આવતી કાલે પણ આ વખતે આગળથી તમે અહિંયાં આવીને બેસજો. આજની માફક વાતચીતનો ઘાટ ઘડવાનો છે

કામસેન—ઠીક ઠીક હું સમજ્યો. (બિહારી તરફ દ્રષ્ટી કરીને) બિહારી આ મેવાનો થાળ લઇ લ્યો અને ચાલો જઇએ

બિહારી—(થાળ હાથમાં પકડે છે) સર્વે ચાલવા માંડે છે

પ્રવેશ ૧૪ મો

સ્થળ. કુસુમવિચિત્રાનો મહેલ.

પાત્ર—રણુમલ, કુસુમવિચિત્રા, શ્વેતકેતુ.

રણુમલ—(પ્રવેશ ૧૨ પ્રમાણે કુસુમ વિચિત્રાના પલંગ નીચે યુક્તિથી છુપી રીતે રણુમલ બેસી જાય છે)

કુસુમ—(સ્વગત) હે દૈવ! વળી મારે માથે બીજી ફાંસ ક્યાંથી પેઠી. સુમનપરી જે ઇંદ્રની અપ્સરા ને શ્વેતકેતુની બેહેન તે યુવરાજ ઉપર મોહિત થઇને આવે છે એ વાતતો મેં આજેજ જાણી ખરખર આવે છે એ વાતમાં કાંઇ ખામી નથી, કેમકે તે વિશે ખાત્રી થાળમાં જે મેવો રણુમલે ખુલ્લો કરીને બતાવ્યો તે ઉપરથીજ થાય છે. અરે ! તે કેટલા દિવસથી આવતી હશે ? મને લાગે છે કે હું જ્યારથી રીસાઇને આવી ત્યાર પછીથી તે આવતી હોય કીંવા પહેલાંની આવતી હોય તે તો પરમેશ્વર જાણે પણ આ યોગ શી રીતે બન્યો હશે ! એ સુમનપરીને શિક્ષા થાય તોજ હું ખરી. પણ તેનો ઘાટ શી રીતે ઘડવો ? મને લાગે છે કે શ્વેતકેતુનું અપમાન કર્યાથીજ આપણને ફાયદો થશે અને છેવટ ખરૂં શું છે તેની ખાત્રી થશે. બસબસ એજ રીતે કરૂં આવવા દે હવે શ્વેતકેતુને. આજ તેની ખબર ખરેખરી લઉં. (એમ નિશ્ચય કરીને મુખમુદ્રા રીસથી રક્ત થયેલી પલંગ ઉપર બેઠી છે).

શ્વેતકેતુ—(એકદમ ધૂમાડા જેવો ગોટ થઇને તેમાંથી તેજનો બબાકાર થયા પછી તેમાંથી દિવ્ય દેહવાળો પુરૂષ પ્રગટ થાય

છે પછી) કેમ પ્યારી ?

કુસુમ—(નેત્ર ક્રોધાતુર કરીને) ખબરદાર ! જો પલંગ ઉપર પગ મૂકયો તો. હવેજ તમારા ઘરની રીતભાતની ખબર પડે છે. (એમ કહીને ઉભી થઇ પોતાના પગના ચંપલ લઈ તેની પીઠ ઉપર મારે છે).

શ્વેતકેતુ—આહાહાહા ! નાજુક હાથથી પ્યારીના ખાસડાનો પણ માર કયાંથી ? આફ્રિન હું તારા ઉપર કે આજ ઘણા દિવસે પ્રેમ રાખ્યાનું ઇનામ મળ્યું.

કુસુમ—એજ ઇનામને લાયક છો.

શ્વેતકેતુ—અરે એકદમ આમ શું કરોછો. કેમ કંઈ શરીરમાં ભુત ભરાયું છે કે શું ?

કુસુમ—તમારા ઘરમાંથીજ ભુત ભરાયું છે.

શ્વેતકેતુ— શું ઘેલી થઇને બોલે છે. કોઇ દિવસ આવીરીતે મારા ઉપર અવિવેક કર્યોજ નથી છતાં આજે એમ કરવાનો તહેવાર છે કે?

કુસુમ—હા. તેહેવારની આજેજ ખબર પડી કે આજે ખાસડાં-માર પર્વનો દિવસ છે.

શ્વેતકેતુ—અરે તું છેલ છબીલી થઇને આમ શું બોલે છે.

કુસુમ—છેલ તો તમે છો. કહેવતમાં કહ્યું છે કે, જીસ્કા બાપ છેલ ઉસ્કી બેન છીનાળ.

શ્વેતકેતુ—જો તે ઘેર હશે ત્યાં હશે. મ્હારે શું ?

કુસુમ—એતો તમારેજ ઘેર.

શ્વેતકેતુ—નહિ નહિ મ્હારા સમ તમે સાચું ન કહોતો ? કેમકે તમા-

રી મુખમુદ્રા સૂર્ય અસ્ત થયા પછી બીડાઇ ગએલા કમળ જેવી લાગે છે.

કુસુમ (શ્વેતકેતુને ધક્કો મારતી કહે છે).

(૨૯)

પીલુ ધનાશ્રી. ॥ સુર મિશ્રિત ॥

ક્યારે ખડા હિંદુસ્તાની તોરી નજર દીવાની.

એ રાહ.

જા જા તું અહીંથી નીકળરે,
નથી કપટ સહન થતું સુમનપરીનું. જા જા તું.
મુજ પતિ સાથે નિશિ પ્રતી આવી,
વિહાર કરેછે તે કરી છલબલ રે. નથી કપટ.
ભગની તમારી સ્વર્ગ ભુવન તજી,
રાજ્ય ભુવનનું પસંદ કર્યું સ્થળરે. નથી કપટ, જા જા તું.
પુષ્પ અતર મેવો મ્હેં નિરખ્યો,
જોતાં પ્રગટ થયો દેશ અનળ રે. નથી કપટ, જા જા તું.

શ્વેતકેતુ—અરે! તમે આશું કહોછો? એ બધી વાત જુઠી છે. મારી ભગની સુમનપરી ખાસ ઇંદ્ર રાજાની માનીતી છે તેને એક ક્ષણમાત્ર ખસવાની વખત મળતી નથી. તેમ સુમનપરી વીના ઇંદ્રને બિલકુલ ચેન પડતું નથી છતાં આ ભૂમિ ઉપર એને આવવાની તક ક્યાંથી મળે. અહો! તમે પાયા વગરની વાત કહો છે તેથી મને કેટલું માઠું લાગે છે.

કુસુમ—પાયા વગરની નથી. હું તમને તેની સાબિતી આપું છું તે

અજબ છે કે જે તમે સ્વર્ગનો મેવો લાવો છો તેવો મેવો આ પૃથ્વીના કોઇ પણ ભાગમાં થતો નથી છતાં યુવરાજ પાસે શીરીતે આવ્યા ? યુવરાજના માણસે યુવરાજને કહ્યું કે ગઇ રાત્રીએ સુમનપરી આવી હતી, તમે નિદ્રાવશ હતા માટે અફસોસ થઇને ચાલી ગઈ અને આ મેવો આપી ગઇ છે તે હું આપવા સારૂ આવ્યો છું. આ પ્રમાણે તે બોલ્યો એ સઘળું મ્હેં નજરે જોયું છે.

શ્વેતકેતુ—તે ગમે તેમ હોય પણ જે વેહેમ સુમનપરીને માટે લ્યો છો તે તદન ખોટું છે.

(૩૦)

કાલીંગડો.

જૂઠા બોલા સનાદે રહેજોરે ॥ મારૂં કામ પડે તો.

એ રાહ.

રંગભીની રસીલી સુણ પ્યારી ॥ રંગભીની ॥
સરવ ગપાઇ વાત દિસે છે, સુધ બુધ ગઇ છે,
તારી ॥ રંગભીની ॥
ઇંદ્ર સભામાં ઇંદ્રની પાસે, ક્ષણભર તે નથિ ખસતી;
ઇંદ્ર અધિરો રહે નિરંતર, કયાંથી સૂઝે મસ્તીરે.
॥ રંગભીની ॥
સ્વર્ગ તણા વૈભવ છોડીને, શું કરવા અહિં આવે;
દૈવત નથી કંઇ એવું કુંવરમાં, તેપર પ્રેમ લગાવેરે.
॥ રંગભીની ॥
વહેમ સમુદ્રમાં વાયુરૂપે, તરંગ તહારા ચાલે;

પ્રીતી રૂપી વાહાણ ડગમગે, એજ મને બહુ સાલેરે.

॥ રંગભીની ॥

જો વાત ખરી પડે તો તું કહે તે પ્રમાણે હું કરવા તૈયાર છું.

કુસુમ—(મનમાં કાંઇક સંતોષ પામીને) ઠીક છે. વિશેષ ખાત્રી લાગ મળશે એટલે હું કરી આપીશ. પાપનો ઘડો ફુટયા વગર રહેશે નહિ.

શ્વેતકેતુ—બહુ સારૂં પણ આ મેવો અને પુષ્પ અતર મેહેરબાનીથી લેશો કે નહિ ?

કુસુમ—(સ્મિત હાસ્યથી) લાવો. એમ કહી લઇને પલંગ નીચે ખસેડી મૂકે છે.

શ્વેતકેતુ—હવે અમે જઇશું. કેમકે આજ વખત થઇ ગયો છે.

કુસુમ—ભલે પધારો (શ્વેતકેતુ જાય છે) તેના ગયા પછી (સ્વગત) શ્વેતકેતુના કહેવાથી તો સુમનપરી ઇંદ્ર ભુવનથી ખસતી નથી, એવી ખાત્રી થાય છે. ત્યારે મેવો વિગેરે ક્યાંથી આવેછે? તેનો પાકો વેહેમ રહેછે. ઠીક છે. આવતી કાલે પ્રાતઃકાળમાં યુવરાજ ચોતરા ઉપર હવા ખાવા આવશે તે વખતે ફરીથી જોવાનો વખત મળશે. કેમકે સુમનપરીએ રણમલ સાથે સંદેશો કહેલો છે તેથી મેવો આવ્યા વિના રહેશે નહિ. હું તે મેવો જોવા સારૂ મહારી દાસીને મોકલીને મંગાવીશ. પછી હું શ્વેતકેતુને બતાવીશ ત્યારે તેનું મોઢું કાળું થયા વિના રહેશે નહિ. ઠીક છે પ્રાતઃકાળ થવા દો.

(એમ વિચાર કરી પલંગમાં નિંદ્રાવશ થઇ ઉંઘે છે).

રણુમલ—(મેવાનો ભાગ રીતસર લઇને મેડી ઉપરથી હેઠે ઉતરીને). (સ્વગત) અહો નાથ! શું ઘાટ બન્યો છે! હવે મારે દાવ પેચ રમવાની રમત ઠીક હાથ આવીછે. ગયા રોજની માફક આજે પણ ઢોંગ કરીશું તો ઠીક મઝા પડશે. યુવરાજને ખબર તો આપી છે તેથી તે રાજ્ય ચોતરા ઉપર સવારે જરૂર આવશે. અને કાલની માફકજ આજે પણ વાતનો ઠાઠ જમાવીશું પછી જોઇએ છીએ કેમ થાય છે.

પ્રવેશ ૨૫ મો.

સ્થળ—કુસુમવિચિત્રાના ઘર સામે રાજ્ય ચોતરો.

પાત્ર—કામસેન, બિહારી, રણુમલ, મદલેખાં, વિદુષક.

કામસેન—કેમ બિહારી ? આજ મંદ મંદ પવનની લ્હેર ઠીક આવે છે.

વિદુષક—શા માટે ન આવે ! પેટમાં ખાડા ને આંખમાં કેફ !!!

બિહારી—હા. ગરીબ પરવર! હાલ શરદરૂતુ જાય છે. દિવસે તિક્ષણ તાપ પડે છે, પ્રાતઃકાળમાં ઠીક ઠંડ રહે છે.

વિદુષક—વાહ ! બિહારી તે બિહારીજ છે પણ કુંજબિહારી કે કટક બિહારી ?

કામસેન—એ વાત ખરી છે પણ રણુમલ અત્યાર સુધી કેમ ન આવ્યા.

બિહારી—જુવો સ્હામે આવે છે. ગરિબ પરવર!

કામસેન—હા. આવે છે તો ખરા.

રણુમલ—(યુવરાજ સન્મુખ આવીને તસલીમ કરે છે ને કહે છે કે)

(૩૧)

ઝીંઝોટી.

જોબન ખીલ્યું આવ્યા છો રસપાન કરો.

એ રાહ.

સુણો કહું છું યુવરાજ એક વાત ખરી,
આવીતી સુમનપરી સંપુરણ પ્યાર ભરી;
મળવા સ્નેહ કરી. ॥ સુણો ॥
નિંદ્રાવશ છે તથાપી જઇ જગાડો જરી,
કહિ એમ ઉભી ઘડીક ત્રણ ચાર ઠરી;
કરમાં થાળ ધરી ફળ ફુલ મેવો ભરી, ॥ સુણો ॥
આપી મેવો નિરાશ થૈ તે પાછી ફરી,
વિયોગ વિરહે નેત્રથી નીર જાણે સરી;
કંઇ મતલબ ન સરી કાલે આવીશ ઉચરી, ॥ સુણો ॥

કામસેન—અહો આજે પણ મારી ભેટ ન થઇ તેનું કારણ મારી બેફીકરાઇથી ઉંઘવાનુંજ જણાય છે.

રણમલ—જીહાં. સુમનપરીએ ઘણા પ્રેમ સાથે આપને બિંદગી કરી છે ને જતી વખતે એટલું બોલી કે એ દિવસથી આપની ભેટ થતી નથી તેથી હું નિરાશ થઇને જાઉં છું, તે ઠીક નથી. ત્યારે મ્હેં કહ્યું કે નિદ્રાવશ પુરૂશને હું જગાડતો નથી પણ હવે હું કહીશ કે તમે આરામ કરી જશો નહિ.

કામસેન—પછી. પરી શું બોલી ?

રણમલ—પછી શું બોલે ? તેની મુખમુદ્રા તમામ વિયોગ વિર-

હે કરી આકુળ વ્યાકુળ હતી અને જતી વખતે કહ્યું કે મારા વલ્લભને આ મેવો તથા પુષ્પ અને અતર વિગેરે આપજો.

કામસેન—ઠીક ઠીક લાવો જોઇએ મેવો કેવો આપી ગઇ છે.

વિદુષક—જોતાં વાજત આંખ્યો ફાટી જાય એવો દેખાય છે.

રણમલ—(થાળ ઉપરથી રૂમાલ ખસેડીને આગળ ધરે છે) જુવો.

કામસેન—(હાથમાં લઇને) વાહ વાહ ! આજની વળી વિશેશ ખુબી જણાય છે.

(૩૨)

બરવાની ગત.

જબસે કલંદર

એ રાહ.

વાહ વાહ તુજ પ્રેમ સુમનપરી, અગણીત ગુણ કહું શું વરણી;
મૃગ નયની વિધૂ વદની મનોહર, સુખકર તનમન વશ કરણી.
જુવો તમાલથી વીંટેલું આ ફળ છે સરસ,
નથી દીઠો જનમમાં એવો રસ કસ;
અરે પ્યારી તું આપે છે થઇ પ્રેમ તણે વશ,
તારા પ્રેમતણી હદ આવી રહી બસબસ.
વાહ વાહ તુજ પ્રેમ સુમનપરી, અગણીત ગુણ કહું શું વરણી.
મૃગ નયની વિધૂ વદની મનોહર, સુખકર તનમન વશ કરણી.

વિદુષક—વાહ વાહ ! અત્યારે તો સુમનપરીનો પ્યાર ખુમાડાના આચરા જેવો સ્વાદીષ્ટ લાગે છે. ખરો કે?

બિહારી—(કામસેન પ્રત્યે) ગરીબ પરવર ! કુસુમવિચિત્રા બાઈ તરફથી તેમની દાસી આવે છે.

કામશેન—ભલે આવવા દ્યો.

(૩૩)

મદલેખા— ઝીંઝોટી.

સો તન ધર રહે રહેરે.

એ રાહ.

આપો આપો રાજ કરૂણા કરિને,
કાંઇ રાણીજી મેવો જોવા માગે છે. ॥ આપો ॥
જોઇ તુરત પછિ આપીશું તમને,
જરિએ વાર નહિ લાગે અમને;
સ્વર્ગ ભૂવનની વસ્તુ નીરખવા,
ફરિ ફરિ ચિત્ત અનુરાગે છે. ॥ આપો ॥
નજર કરી આ જુવો અટારી,
સોળ શ્રુંગાર ધરી બેઠાં પ્યારી;
જુઠી વાત નથિ કહેતી રાજ સુણો,
કહેતાં લાજ મને લાગે છે. ॥ આપો ॥

કામસેન—(રણમલ તરફ દ્રષ્ટી કરીને) કેમ મેવો જોવા સારૂ કુસુમ વિચિત્રા તરફ મોકલી દ્યો.

રણમલ—(આંખ ફેરવીને તથા પોતાની કમરમાં બાંધેલી તરવાર હતી તેની મુઠ ઉપર હાથ મુકીને) તમે શું બોલો છો ? તમને યાદ નથી કે આ તલવાર નીચે તમારૂં માથું નીકળી જશે ?

શા વાસ્તે તમે મારા કામમાં દરમિયાનગિરિ કરો છો ? આ સ્વર્ગનો મેવો ત્યાં બતાવવા આપવાનો નથી. આપવો અગર ન આપવો એ મારી મરજી ઉપર વાત છે.

કામસેન—નહિ નહિ રણુમલજી તમે ગુસ્સે થશો નહિ. કદી મારાથી ભૂલ થઇ હોયતો માફ કરો.

રણુમલ—(દાસી સામી નજર કરીને) જાઓ રાણીજીને કહો કે આ મેવો તમને જોવા નહિ મળે. અમારા કુંવર સાહેબના જમવાની ચીજ ઉપર કોઇની નજર પડી જાય માટે નહિ મળે.

દાસી બહુ સારૂ. (એમ કહીને જાય છે.)

કામસેન—કેમ રણુમલજી ? આપણે હવે ઉઠવું જોઇએ; કેમકે જમવાનો વખત થયો છે.

રણુમલ—હાજી ચાલો. (એમ કહીને ચાલવા માંડે છે).

પ્રવેશ ૧૬ મો.

સ્થળ—કુસુમવિચિત્રાનો આવાસ.

પાત્ર—કુસુમવિચિત્રા, શ્વેતકેતુ, રણુમલ.

રણુમલ— પ્રવેશ ૧૪ પ્રમાણે કુસુમવિચિત્રાના પલંગ નીચે લપાઇને છુપી રહે છે.

કુસુમ—(સ્વગત) અહો કેટલું કપટ! સ્વર્ગમાં રહેનાર યક્ષ સરખા પણ જૂઠું બોલેછે. આજ શ્વેતકેતુની બરાબર ખબર લેવી જોઇએ. તેણે પોતાની બેનનું લાંચ્છન છુપાવીને મને ખોટો દિલા-

સો, આપ્યો તે પણ મારી સાથે અન્યાયથી વર્ત્યો. એમ કેમ ન કહેવાય? આજની દિવાની રોશની બધી બુઝાવી નાંખું. (એમ કહીને મેડીમાં અંધારૂં કરી નાંખેછે પછી ક્રોધના આવેશમાં પોતે બેસેછે).

શ્વેતકેતુ—(ધુમાડા જેવો ગોટ થયા પછી તેજનો અંબાર થયા બાદ દિવ્ય દેહવાળો શ્વેતકેતુ નીકળે છે)

અહો! મૃગાક્ષી! આજ છેક અંધારૂં કેમ કરી નાંખ્યું છે?

કુસુમ—તમે અંધારાનાજ અધિકારી છો (એમ કહીને) લ્યો આ ઉત્તમ પ્રકારની માળા તમને પહેરાવું છું. એમ કહીને ગળામાં ખાસડાનો હાર પહેરાવે છે) પછી તેના વાંસામાં જોડાનો માર મારેછે.

શ્વેતકેતુ—વાહ વાહ! ઘડિયે ઘડિયે તમને પણ ચમકવાયુ થતો દિસેછે. તમારે માટે નંદન વનમાંથી ઉત્તમ પ્રકારનાં પુષ્પ અતર અને મેવા ભેગા કરીને લાવું છું, તેના બદલામાં મને આ માળા મળતી હશે કેમ? હે મૃગાક્ષી! ગમે તેમ હોય તો પણ તાહારા ઉપર પ્રેમને લીધે મને બિલકુલ માઠું લાગતું નથી. (એમ કહીને આલિંગન દેવા જાયછે એટલે તેને ધક્કો મારીને).

(૩૪)

માઢની લાવણી.

થયા છોરે પતિતેજ પ્યારી તનના.

એ રાહ.

થઈ છેરે તુજ ભગનિ સુમનપરિ, મુંજપતિ તણી પ્યારી,

મુજપતિ તણી પ્યારી, હાં મુજપતિ. ॥ થઇ છેરે ॥
આજ સવારે મેવો મ્હેં જોયો, ઇંદ્ર ભુવનનો સાર,
કેવી કપટી, દીસે નકટી, મદ છકતી, જુઠું બકતી,
એ નટ ખટણી મુજ હૃદયે કેવો ઘાવ કર્યો કારી. ॥ થઈ છેરે ॥

શ્વેતકેતુ—અલબેલી તજ રોશ સકલ કહું, તુજને પ્રીય માહારી,
કહું તુજને પ્રીય માહારી, હાં કહું તુજને. ॥ અલબેલી ॥
હૃદય તમારૂં વ્યગ્ર કરી કયમ ખાલી કરો ઉતપાત,
જો તું નજરે, તું સમજરે, રોશ તજરે, ગુણ સજરે.
ઇંદ્ર નિકટ તુજને દેખાડું મૌજ કરે ભારી. ॥ અલબેલી. ॥

કુસુમ—થઇ છેરે તુજ ભગનિ.
જોયા વિના હું કદિ નહિ માનું, તુજ ભગનીનાં કામ,
ચાલો આવું, મન ભાવું, નકી જાવું, ઉર લાવું.
હવે તૈયાર છું મુજ ખાત્રી કરવા આવું સંગ તહારી.
॥ થઇ છે રે તુજ ભગનિ સુમન ॥

(એમ કહીને બન્યો જણુ તખ્ત ઉપર બેસીને ઇંદ્ર સભા તરફ જાય છે અને રણુમલ ચાલાકીથી તે તખ્ત નીચે ભરાઈ જઈ તખ્તનો પાયો પકડીને તે પણ લટકતો ચાલ્યો જાય છે.)

અંક બીજો.

પાત્ર જન.

શ્વેતકેતુ..................કુસુમવિચિત્રા ઉપર પ્યાર રાખનાર.
કુસુમવિચિત્રા..........કામસેનની સ્ત્રી.
રણમલ..................કામસેનનો મિત્ર.
ઇંદ્ર.........................સ્વર્ગનો રાજા.
નારદજી..................મહા મુનિ.
ઉર્વશી....................ઇંદ્ર સભાની અપ્સરા.
રુદ્રદત્ત...................મુનિ.
ચંદ્રદત્ત...................મુનિ.
સુમનપરી..............ઇંદ્રની અપ્સરા. શ્વેતકેતુની બેહેન.
સુ. તબલચી ત્રણ.........સુમનપરીના સાજીંદા.
વિદુષક..................મશ્કરો.
મદલેખા................કુસુમ વિચિત્રાની દાસી.
ચંદ્રપ્રભા................ઇંદ્રની અપ્સરા.
ચોપદાર..................છડીદાર.
દંડધર.....................ઇંદ્રનો દુત.
તિલોત્તમા.................ઇંદ્રની અપ્સરા.

સર્વમંગળા................ ,,

રત્નભદ્રા................ ,,

નસરતખાં................ચંદ્રાપુર નગરના રાજાનો નોકર.

ફેજખાં................ ,,

વિશ્વનાથ................ચંદ્રાપુર રાજાનો દિવાન.

પીંગલાક્ષ................ચંદ્રાપુરમાં બ્રહ્મ રાક્ષસ.

હંસધ્વજ................ચંદ્રાપુર નગરનો રાજા.

હું. ચોપદાર................છડીદાર.

ગોરખનાથ................યોગી.

જગંનાથના બે ચેલા...ચેલા.

અંક બીજો.

પ્રવેશ પેહેલો.

સ્થળ—સ્વર્ગસ્થાન ઇંદ્ર સભા.

પાત્ર—ઇંદ્ર, શ્વેતકેતુ, કુસુમવિચિત્રા, ઉર્વશી, રણુમલ્લ, સુમનપરી, દેવગણ સમુદાય, રૂદ્રદત્ત, ચક્રદત્ત, નારદ વિગેરે.

શ્વેતકેતુ—કુસુમવિચીત્રા! જો સ્વર્ગના રાજા ઇંદ્ર પોતે સભામાં સન્મુખ બેઠેલા છે તે તેં જોયા? વળી જો તેની જોડેજ બેઠીછે તેજ સુમનપરી છે. આમ જમણી બાજુએ દેવગણ વિગેરેની બેઠક છે અને ડાબી બાજુએ મુની તપસ્વી વગેરે મહાત્માઓની બેઠક છે. વચમાં જે વિસ્તારવાળી જગો છે તેમાં બધી પરીઓ ઉભી છે.

કુસુમવિચીત્રા.—હાજી. આપણુને તે સઘળો દેખાવ સ્પષ્ટ રીતે દેખાય છે.

શ્વેતકેતુ—હવે તું ખાત્રીથી જો. આપણે સવારના ચાર વાગ્યા સુધી અહીંયા રોકાશું. આપણે બન્યો અહિંયાં બેશી રહેશું. કેમકે જાહેર પડી જઈએ તો તેથી મારી ફજેતી થાય અને આપણે માર્યાં જઇએ.

કુસુમ—બરાબર છે. ફજેતી થાય એવું કામ કરવું આપણે યોગ્ય નથી.

રણુમલ્લ—(મનમાં) કુસુમ વિચિત્રા અને શ્વેતકેતુ જ્યારે સવારના પાંચ વાગ્યા સુધી બેસી રહેવાનાં છે ત્યારે હું આ તખ્ત નીચે શા માટે અકળાઇને પડ્યો રહું.

(એમ વિચારીને પોતે યુક્તિથી નીચેથી ખસીને બાગના ઘટ ઝાડમાં લપાઇ આમથી તેમ અને તેમથી આમ એમ આડે રસ્તો પકડીને ઇંદ્ર સભામાં પરિયોની પાછળ ગાંધર્વ, તબલચી વિગેરે જે બેઠા હતા અને હુકો વિગેરે પીતા હતા તે મંડળીમાં એક વૃદ્ધ ડોસા પાસે યુક્તિથી બેસી ગયો.

ઇંદ્ર—અહો મૂની શ્રેષ્ઠ નારદજી ! આજ મહારૂં પૂર્ણ ભાગ્ય કે આ મિજલસમાં આપનું પધારવું થયું.

નારદજી—હાજી. હું ક્ષિરસાગરમાં વિષ્ણુ પાસે ગયો હતો ત્યાંથી કૈલાસમાં શ્રી શંકરનાં દર્શન કરીને બ્રહ્મલોકમાં ગયો. ત્યાં શામદેવની ઋચાઓનું કેટલુંક પ્રકરણ સાંભળીને સહજ વિચારે આવવાથી આ તરફ આવી પોંહોંચ્યો છું.

ઇંદ્ર—(હાથ જોડી) માહારાજ આપ સમર્થ છો. આપે આ તરફ આવીને મને પવિત્ર કર્યો. માહારા જેવું કામ હોય તે કૃપા કરી ફરમાવશો.

નારદજી—નિરંતર આનંદમાં રહો. એવો માહારો આશિર્વાદ છે. આ વખતે જે કામનો આરંભ થયો છે તે થવા દો એટલે વિશેશ આનંદ થશે.

ઇંદ્ર—(હાથ જોડીને) જેમ આપની આજ્ઞા (એમ કહી ઉર્વશી તરફ દ્રષ્ટી કરીને) અહો ઉર્વશી !

ઉર્વશી---જી મહારાજ !

ઇંદ્ર---આ શ્રેષ્ટ મૂની નારદજી પ્રસન્ન થાય તેવું કંઇક ગાયન કરો.

ઉર્વશી—હુકમ પ્રમાણે તૈયાર છું. (એમ કહી ગાયનની શરૂઆત

કરે છે. કાન ઉપર હાથ મુકી સ્મિત હાસ્યથી અને હાવ ભાવ સાથે નૃત્ય કરે છે).

(૩૫)

કાન્હડાની બહાર.

હીંઝમીઝ રૂમ ઝુમ કરોજી સૈયર. એ રાગ.

મેરો મન બસ કરલીનો બાંકે નૈન,
કાનમેં મકરાકૃત કુંડલ ચમક દમક ગળ,
ભાલ બિરાજીત. (બે વાર)
મસ્તકપેં કનક મુકુટ પર રત્ન જડીત પેં,
જાઉંવારી. ॥ નેન ॥ મેરો મન ॥
ઉર્વશી આકર તાન સુનાવત,
અંગ મૃદંગ ઉપંગ બજાવત;
નેનકે સૈનમે ભાવ દિખાવત,
પાઉંમેં ઘુઘર નાદ સુહાવત,
છનનક છું કર મુખ મુસિ કાવે,
હાવ ભાવ હર્ષદ દરસાવે.
॥ નેન ॥ મેરોમન બસ કરલીનો ॥

નારદજી—વાહ ! વાહ ! ઉર્વશી તમે તો ગાયનમાં કુશળ છો. કાન્હડાની બાહાર ઘણી સારી કહી.

ઇંદ્ર—મુનિ શ્રેષ્ઠ ! ઉર્વશીનો સુર ઘણો સારો છે.

રૂદ્રદત્ત } (બન્યો ઉભા થઇને) માહારાજ ઇંદ્ર રાજાનો જય થાઓ.
ચંદ્રદત્ત } અમે પણ બ્રહ્મ લોકમાંથી મુનીશ્રેષ્ઠ નારદજી સાથે આ-

બ્યા છીએ. અમારી ઇચ્છા એવી છે કે આપની જોડે સુમનપરી બેઠેલી છે તેના ગાયનની ઘણી તારીફ સાંભળી છે; પરંતુ તેમના મુખારવિંદથી અમે ગાયન કદીપણ સાંભળ્યું નથી માટે આપ કૃપા કરીને તેમનો નાચ સંભળાવશો.

નારદજી—(વચમાં બોલે છે) બરાબર ઇંદ્ર માહારાજ ! એ રૂદ્રદત્ત અને ચક્રદત્ત મુનિપુત્રોની મુરાદ હાંસલ કરવી જોઇયે.

ઇંદ્ર—(સુમનપરી તરફ દ્રષ્ટી કરીને) કેમ ! હવે તમારે ગાયન કરવુંજ જોઇએ. કેમકે સભામાં મિજમાન આવ્યા છે તેમની ઇચ્છા પૂર્ણ કરવીજ જોઇએ.

સુમનપરી—(ઉભી થઇ તસલીમ કરેછે) જેમ આપનો હુકમ.

(એમ કહીને તૈયાર થાયછે).

એટલામાં સુમનપરીના સફરદાઇઓ તૈયાર થવા લાગ્યા. તેમાં તબલા બજાવનાર એક બુઢ્ઢો હતો, જેની આંખ્યો દુખવા આવી હતી તેથી બીમાર હતો. તે પોતાનું કામ બજાવી શકે તેવો નહોતો. આંખની પીડાથી ઉંધું ઘાલી બેસી રહ્યો હતો. તેજ બુઢ્ઢાની પાસે રણુમલ બેઠેલો હતો. રણુમલે સમય સૂચકતા વાપરીને પેલા બુઢ્ઢાને કહ્યુંકે ઉસ્તાદજી ? આપકી તબીયત બિમાર હે સો આપકે સાજ મુજકો દો મેં તુમ્હારા કામ ઇસ મિજલસમે બજલાઉંગા. એવું સાંભળીને તે બુઢ્ઢો ખુશી થઇને પોતાનાં સાજ આપ્યાં તે તુરત લઇ રણુમલ સુમનપરીની પીઠે વાજીંત્ર બજાવનારની જોડે તબલા લઇને રજુ થઇ ગયો. (ગાયનની શરૂઆત થાય છે).

(૩૬)

સુમનપરી—રૂપગર્વિતા.

જંગલાની ગજલ.

એક ખુબ સુરત ગબરૂ ગુલજાર સાવરા. **એ રાહ.**

નહિ-આન રસિક જગમેં મુજ સમાન સખીરી,
કોઉ દેખત જબ વદન ભુલંત ભાન સખીરી,
મુજ વદન ચંદ્ર જાનકે ચકોર જ્યાં બસે,
કહા કહું તુજકું અધિક સો ઉપમાન સખીરી.
જબ નૃત્ય યુક્ત લેત હું મે તાન મસ્ત હો,
તબ કોકિલ સબ ભુલજાત ગાન સખીરી,
એસી સુમનપરીમેં સુમન માલ ધારી હું,
એક તાલમેં મુનિ તજત અડગ ધ્યાન સખીરી.

ઈંદ્ર—વાહ! સુમનપરી તમારા ગાયનમાં લાલીત્ય અને માધુર્યતા સારી છે અને તેથી હું ઘણો સંતોશ થાઉં છું. માટે તમે તમારા મનમાં આવે તે માગો હું આપું છું.

સુમનપરી—ગરીબ પરવર! આપની કૃપા મારા ઉપર છે તેથી મને સંપૂર્ણ સુખ છે. આપે ઘણું આપ્યું છે. આપની મેહેરબાની છે. સર્વ પ્રકારનો વૈભવ મને મળયો છે, છતાં આપની કૃપા છે તો આપના હાથની વીંટી તથા રૂમાલ અને છડી એટલુંજ માગું છું.

ઇંદ્ર—(સુમનપરીનું માગણું સાંભળીને તેના ઉપર ત્રણે ચીજો ફેંકે છે) લ્યો.

સુમનપરી—(જમીન સાથે હાથ લગાવી તસલીમ કરીને તે ચીજો ઉપાડી લઇને પોતાની પાછળ તબલાં બજાવનાર તબલચી તરફ આપે છે) અને ફરીથી નાચ કરે છે.

(૩૭)

જંગલો.

ગત પ્રબંધ.

કજરારી કારી અખિયનમેં નિકી પલક.
ઝલક દરસત રંગ ઢંગ. ॥ કજરારી ॥
સો દ્રગમેં તાદસ્ય રસ ઝલકત,
પલક ન લગત અધર મુખ અમૃત,
ચંચલ ચપલ વિકલ ચિત વતરશ,
બસ ચિત રભસ રસિક પ્રિય સોમન.
હાજી હાજી રાજી રંગ રસકી રસીલી,
ચલી ડગર નિડર હોકે કંજકે ભવન. ॥ કજરારી ॥

નારદજી—વાહ! વાહ! સુમનપરી તમે સંગિતમાં સર્વોત્તમ છો. વાક્ય ચાતુર્યતાનાં અને ઉક્તીનાં ગાયનો સારાં કર્યાં છે.

ઇંદ્ર—મુનિશ્રેષ્ટ સત્ય કહો છો. સુમનપરી મારા અંતઃકરણને સંગીતથીજ મસ્ત કરે છે (સુમનપરી તરફ દ્રષ્ટી કરીને) આજ રોજ ત્હેં ઘણોજ આનંદ આપ્યો છે માટે બીજું કંઇ વિશેષ માગ.

સુમન.—આપે ઘણું આપ્યું છે તો પણ અત્યાર સુધીમાં જે વસ્તુ મને બક્ષીસ કરી નથી તેજ હું આજે માગું છું તે એજ

કે આપનો પેહેરેલો પોશાક બક્ષો.

ઇંદ્ર—(પોતાનો પોશાક ઉતારીને તેના ઉપર ફેંકે છે) પછી હે સુમનપરી. હવે તમે ગાયન બંધ કરીને આ તરફ બેસો.

સુમનપરી—(તસલીમ કરીને) પોશાક પોતાના તબલચીને આપીને પોતે ઇંદ્રની નજીક બેસે છે.

રણુમલ—(બાજુ ઉપર ખશી વેગળો જઇને) (સ્વગત) કેમ જીવડા હવે આપણે અહીંયાં વધારે રોકાવું ઠીક નથી. છેવટનો નાચ સુમનપરીનો થઇ ગયો હવે તે શ્વેતકેતુ જતો રહેશે. તો સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર જવાનો યોગ કદી બનશે નહિ ને લટકતા રહીશું માટે ચાલ જીવ જલદીથી આ ઇંદ્રનાં કપડાં વગેરે ચીજો આપણને ઠીક કબજે થયાં છે.

(એમ વિચાર કરીને રણુમલ બાગની વૃક્ષ ઘટામાં લપાઇ જઇને યુક્તિથી તખ્ત નીચે પેસી ગયો).

શ્વેતકેતુ—કેમ ? કુસુમવિચિત્રા જોયું કે ? આ પ્રમાણે ઇંદ્ર રાજાની હજુરમાં દરરોજ નાચ થાય છે જુઓ તે સુમનપરીનું કેટલું માન છે. હવે આપણે અહિંયાં ટકવું નહિ કેમકે ચાર વાગી ગયા છે ચાલો ઉપડીએ.

(એમ કહીને શ્વેતકેતુનું તખ્ત ઉપડે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—કુસુમવિચિત્રાના ઘર સામે રાજ્ય મોલરોડ

પાત્ર—કામસેન, ભિખારી, રણુમલ, મોહમેખા, વિદુષક.

કામસેન—કેમ બિહારી ? ગઈ રાત્રીએ દુર્ગગિરિપર્વત ઉપર સિંહ ધુરકતો હતો ખરૂં કે ?

બિહારી—હા. અન્નદાતા એ સિંહે રબારીના વાડામાંથી એકદમ પાંચ ઘેટાં મારી નાંખ્યાં છે.

કામસેન—બરાબર ખરી વાત ! બુમ પડી હતી ખરી. પણ તે વખતે આપણો સેન્યાપતિ ધિરસિંહ કેટલાક પ્યાદલ સાથે દોડયો હતો તે હજુ સુધી આવ્યો નથી.

બિહારી—ગરીબ પરવર ! ધિરસિંહે ઘણા સિંહ માર્યા છે. જેનો તંબુ આપણા પુજ્ય પીતાજીએ બનાવ્યો છે ત્યારે કહો જોઇએ તે કેટલો બહાદુર છે. જ્યારે તે સિંહ ઉપર શીકારે ચઢે છે ત્યારે તે માર્યા શિવાય પાછો આવતો નથી.

કામસેન—એ શૂર માણસની મને ખાત્રી છે.

બિહારી—ગરીબ પરવર ! જુવો રણમલજી આવે છે.

કામસેન—હા. ખરી વાત.

(એટલામાં રણમલ દુરથી આવતો જણાય છે. પાસે પોશાક વગેરેથી ભરેલા થાળ ત્રણ માણસને માથે ઉઠાવી લાવે છે).

(૩૮)

વિદુષક—

આર્યા.

ખટપટ ગટપટ કરીને શું લાવ્યા તમે કહો રણમલ કાકા.
રખે કદી કોઇ જનને ફકાવતા નહિ રેત તણા ફાકા.

રણમલ—(ચોતરા પાસે આવે છે તે વખતે થોડે દૂર અટકી સ્વગત) ઓહો ! શું ઇંદ્રનો વૈભવ ? સ્વર્ગ તે સ્વર્ગજ છે, ત્યા

कपट भेद प्रयत्नमां मने स्वर्गना वैभवनो आडंबर जोया मळ्यो ए पण हुं मारा जीवतरनुं साफल्य समजुछुं. हवे आपणने बाजीगरनी माफक खेल करवानां साधनो सारां मळ्यां छे. हवेज रंग जामशे. कुसुमविचित्राने खात्री थवाने नाथ कृपाए ते साधनो काम आवशे. हवे कदापि मेवो किंवा कपडा जोवा माटे लेवा दासीने मोकले तो आपवामां कांइ हरकत नथी. केमके तेम करवाथी कोइपण रस्तो खुल्लो थशे. कदाच एम बने के श्वेतकेतुने ते बधुं बतावे ने श्वेतकेतुने पण तेथी आश्चर्य थाय अने कुसुम विचित्राना क्रोधाग्नीने समन करवा अने पोता वच्चेनी खटपट मटाडवा पोतानी बेहेन सुमनपरीनुं हीत बाजुपर मूकी ते बधी चीजो इंद्रने बताववा लइ, जाय ने ज्यारे तेम बने त्यारे बाकी शुं रहे. जरूर इंद्रराजा सुमनपरीनुं अपमान करे ने तेम थाय त्यारे ते सुमनपरी आ तरफ आव्या वगर रहे नहिं. नाथ इच्छाथी ज्यारे तेम बने त्यारे मारे शो बेत ते वखते उठाववो तेने माटे वखते जोइ लेवाशे.

(आ प्रमाणे विचार करे छे एटलामां तेनी नजर जे चोतरा उपर युवराज बेठा छे तेना उपर पडेछे एटले युवराज प्रत्ये तसलीम करीने)

(३९)

सोरठनी गजल.

वोजो हम्मे तुम्मे करार था तुमे याद हो के न याद हो. ए राह.

आवीती प्यारी निशा समे, बेसी तख्त ए सुमन परी;

ઘડી ચાર રાત્રી રહી હતી, દોડી મોહનીએ સુમનપરી.
॥ આવીતી ॥
પૂછી ખબર સહુ આપની, હતા નિંદમાં ભારે તમે;
આજે નૃત્યમાં રોકાઇતી, એમ બોલી તે વિનતી કરી.
॥ આવીતી ॥
હવે પ્રાતઃકાળ થશે તુરત, નહિ ભેટ થઇ યુવરાજની;
લ્યો વસ્ત્ર આદિક આપજો, હું જાઉછું એમ ઉચરી.
॥ આવીતી ॥
જો જો સંભાળી રાખજો, એ ચીજ છે મહા મુલ્યની;
સુર રાજના પટકુલ મુકુટ, રૂમાલ વીંટી હીરે જડી.
॥ આવીતી ॥
તે લઇને અહિં આવીયો, આ સર્વ નિરખો સ્નેહથી;
જે બની વાત કહી તુરત, યુવરાજ ચરણે ખરે ખરી.
॥ આવીતી ॥

કામસેન—અહો રણમલજી ! તમે શું કહોછો? શું આભૂશણ ઇંદ્ર રાજાનાં છે? વાહ ! એમાં શું કહેવું. (હાથમાં લઇને) જુવો આ મુકુટ કેવો છે? (કુસુમવિચિત્રા જોઇ શકે તેમ) અહો ! કોણ કારીગર દુનિયામાં હોય કે આવું કામ બનાવી શકે? વળી આ રૂમાલ, છડી, વીંટી એ સાધારણ ચીજ છે તો પણ તેમાં કેવી ગોઠવણ કરી છે. જુવો રણમલજી કેવી સફાઇ દેખાયછે. આ બધું સંભાળીને બાંધી રાખો.

રણમલ—(કપડાં બાંધીને) હાજી. સુમનપરી કહેતી હતી કે નિત્યના નિયમ કરતાં મને વાર લાગવાનું કારણ એ હતું કે હું ઇંદ્ર

સભામાં નૃત્ય કરવા રોકાઇ હતી, તેથી પાછલી ચાર ઘડી રાત્રી રહી હશે તે વખતે મિજલસ બંધ થઇ. પછી કાંઇક કામની મિસ કાઢીને આ તરફ ઉતરી પડી. આ કપડાં ઇંદ્ર રાજાએ મારા નૃત્ય ઉપર ખુશી થઇને બક્ષેલાં છે તે પ્યાર ખાતર હું આપવા આવી છું એમ તે કહેતી હતી. રાત્ર થોડી રહી હતી તેથી તેટલું કહીને આકાશ માર્ગે ચાલી ગઇ.

કામસેન—વાહ ! વાહ ! એમાં શું કહેવું. એની અપૂર્વ પ્રીતી મારા ઉપર છે એમ આ ઉપરથી પ્રતિત થાય છે.

(૪૦)

ખમાચ.

મોયકું નિંદીયા નજગાઓ સજગારી.

એ રાહ.

મનહરી લીધું માહારૂંરે, આજ રંગભીની,
કરૂં શું હું અધિક વખાણુ તારાં,
જાઉં બલિહારી, પડે ન ચેન પ્રિયકર;
હિતકારી ॥ મનહરી લીધું. ॥
પ્યારથી બનાવે ભાવે નિત નિત રંગ ઢંગ,
ભેટ કરે શું સ્વર્ગ ભુવનની,
અધિક કહું શું ચિતમાં વિચારી,
॥ મનહરી લીધું મ્હારૂં ॥

રણમલ—એમાં શું કહેવું. તેની પ્રિતી આપના ઉપર નિર્મળ જણાયછે.
(જુઓ આ બાઇ સાહેબની દાસી આવે છે.)

(૪૧)

મદલેખા— **સોરઠ.**

મારી બાઇજી વિનતી કરે છે રાજ
મારી ॥ ॥ ॥ ॥
પ્રથમ મંગાવ્યો મેવો નહિ આપ્યો,
નેત્રમાં નીર ભરેછે રે. ॥ મારી ॥
સ્વર્ગ તણી વસ્તુ નથી દીઠી,
મન તેમાં વિચરેછે રે. ॥ મારી ॥
અણ વિશ્વાસ કરો કયમ અમપર,
ફરિ ફરિ એમ ઉચરે છે રે. ॥ મારી ॥
પ્રાતઃકાળે જરૂર આપીશું,
કોલ વચન એવો દેછે રે. ॥ મારી ॥

કામસેન—દાસી મદલેખા ! એતો અમારા મિત્ર રણમલજીના હાથમાં છે, માટે તેમાં હું કંઇ સમજું નહિ. (આ પ્રમાણે દાશીને ઉત્તર આપીને સામી દ્રષ્ટી કરે છે).

રણમલ—(યુવરાજ પ્રત્યે) ઠીક છે. મને લાગે છે કે પોશાક વિગેરે જોવા આપવાને આજ કાંઇ હરકત નથી.

કામસેન—ભલે ત્યારે ઇચ્છા હોયતો આપો.

રણમલ—ઠીક ઠીક હું પોતે આ વસ્ત્ર વગેરે લઇને શ્રી બાઇજી સાહેબના આવાસ તરફ હું જાઉછું ને તમે હવે રાજ મહેલ તરફ સિધાવો (એમ કહીને રણમલ જાય છે).

કામસેન—કેમ બિહારી ? આપણે પણ વખત થયો છે માટે ચાલો જઇએ. (એમ કહીને ઉઠે છે).

પ્રવેશ ૩ જો.

સ્થળ—કુસુમ વિચિત્રાનો મહેલ.

પાત્ર—રણમલ્લ, કુસુમવિચિત્રા, દાસી મદલેખા.

કુસુમ—(દાસી અને રણમલને આવતા જોઇને) આવો રણમલજી?

રણમલ—બાઇ સાહેબ હું તસલીમ કરૂં છું.

કુસુમ—તમારી તસલીમ ઘણા ભાવથી હું સ્વીકારૂં છું. (હાથની આંગળીથી) બેસો આ ખુરશી ઉપર.

રણમલ્લ—(બેસે છે.) કેમ બાઇ સાહેબ શો હુકમ છે?

કુસુમ—હુકમ શ્રી યુવરાજનો, મારો હુકમ શા કામનો.

રણમલ્લ—નહિ નહિ એમ શા માટે બોલો છો? તમે અમારા માતુશ્રી તુલ્ય છો છતાં એમ કેમ બોલ્યાં. હું તો આપનો સેવક છું.

કુસુમ—મને તમારા ઉપર ખોટું કેમ ન લાગે? વિચાર કરો. જ્યારે દાસીને મ્હેં મોકલી તે વખતે તમે રાજકુમારને દેશત આપીને સજડ કરી નાંખ્યા હતા અને દાસીને તૂછકારીને કાઢી મૂકી એ શું ઠીક કહેવાય?

રણમલ—(ખુશી થઇ હશી પડીને) જરા વિચાર કરો. તે મેવો બતાવવામાં મને કંઇ પણ નુકસાન નહોતું પણ સુમનપરીએ કહ્યું હતું કે તમે બીજા કોઇને બતાવશો નહિ અને તેટલા માટે મને સોગન ખવરાવ્યા હતા. જ્યારે તે ફરીથી આ વસ્ત્ર વગેરે લઇને આવી ત્યારે મ્હેં તેની પાસેથી ખુલાસો માગી લીધો. તે પણ ઘણી મુસીબતથી તેણે હા કહી, અને તમારા મા-

ટે ઘણાં પ્રયત્ને હા કહેવરાવી. બાદ હું આપને બતાવવા સારૂ લાવ્યો છું.

કુસુમ—ઠીક લાવો ત્યારે.

રણમલ—(મેવા કપડાં વગેરે થાળ માંહેનો સામાન ગણીને આપે-છે. કુસુમવિચિત્રા સંભાળી લેછે પછી) હું જાઉંછું. બાઈ સા-હેબ.

કુસુમ—સારૂ ભાઈ વેહેલા પધારજો. બને તો તમે લેવા આવજો ન-હિતો હું દાસી સાથે મોકલી દઇશ.

રણમલ—બહુ સારૂ બાઈ સાહેબ.

(એમ કહીને જાય છે).

કુસુમ—(સ્વગત) આહાહા! હવેતો ખરેખરી સાબીતી મળીછે. શ્વે-તકેતુ કહેતો હતો કે વાત ખોટી છે પણ હવેતો તે ઝખ મારે છે. હું તેના કપાળમાંજ ખાસડું મારીને સઘળી ચીજો બતાવું. પછી તે શું કરવાનો છે. ખરેખર મુંગોજ થઇ જશે, પછી તેને બોલવાનો આધાર મલશેજ શાનો. જોઉં હવે શું થાય છે. તે આવે એટલીજ વાર છે.

(એમ વિચારી રોશમાં બેઠેલી છે).

શ્વેતકેતુ—(સૂમારે બાર વાગ્યાની વખતે નિત્યના નિયમ પ્રમાણે અ-દભૂત રચનાથી શ્વેતકેતુ પ્રવેશ કરે છે).

કુસુમ—(તેને જોતાંજ) અરે ઓ હૈયાના ફુટેલ ? તું સ્વર્ગમાં મને લઇ ગયો હતો તો પણ શું થયું. તું તારી ગમે તેટલી હુશિ-આરી જણાવે તો પણ તારી હુશિઆરીને તેને શુક્રવારની બ-

બજારમાં વેચીને ચણા ફાકી જાય તેવી ત્હારી બેન છે.

શ્વેતકેતુ—અરે ત્હારૂં ભલું થાય ! વળી શાનું ભૂત ભરાયું. આટલી ખાત્રી કરીને આવી તો પણ શાનો વહેમ ભરાયો ?

(એમ કહીને સ્તબ્ધ જેવો થઇ ઉભો રહેછે).

(૪૨)

કુસુમ— **ભૈરવી.**

સનનન સોહે સાવરીયા શામ. **એ રાહ.**

હવે નહિ માનું કપટની વાત,
નજરે નિહાળી જો આ વસ્ત્ર ઇન્દ્ર ભૂપતિનાં
॥ હવે નહિ માનું ॥
ઠગારી ન્હારી જાદુવાળી ત્હારી ભગની,
ચરિત્ર ભરેલી કેવિ દિસે વિખ્યાત;
પલકમાં ખલક ફરીને બેસે ઠામ ઠામ,
ઇન્દ્ર ભુવન થકી આવી પ્રભાત.
॥ નજરે નિહાળી જોઆ વસ્ત્ર ॥
॥ હવે નહિ માનું કપટની વાત ॥
ત્હારી ચતુરાઇ તેતો ધુળમાં મેળાઇ ગઇ,
સુમનપરીએ કેવી મારી છે લાત;
ત્હારા જેવા ક્રોડને કપટમાં ફસાવે તેવી,
જો તું વિચારી હૃદય સંગાથ.
॥ નજરે નિહાળી જોઆ ॥
॥ હવે નહિ માનું કપટની વાત ॥

શ્વેતકેતુ—(ઇંદ્રનાં વસ્ત્ર, વીંટી, છડી, રૂમાલ, મેવો વગેરે જોઇને તુરત

ક્રોધ ઉત્પન્ન થાય છે) હવે હું ક્ષણમાત્ર અહીં ટકવાનો નથી. મારા શરીરમાં ક્રોધરૂપી અગ્ની પ્રગટ થયો છે માટે લાવ્ય આ બધી ચીજો હું ત્યાં જઇને શ્રી ઇંદ્રરાજાને બતાવું. જો હવે શું કરૂં છું.

(૪૩)

ભૈરવી

સનનન સોહે સાવરીયા શામ. એ રાહ.

જો તું હવે હું જે કરૂં છું તદબીર,
મારીને કઢાવું હું કરાવું અપમાન તેનું;
॥ જો તું હવે જે કરૂં છું ॥
ઇંદ્રના ભુવનમાં પ્રવેશ કરૂં વસ્ત્ર લઇ,
દેખાડું સાબેત કરી આપું ધરી ધીર;
માનુનીનો મદ હું ઉતારૂં ક્ષણું એક મહી,
રખે તું ધરતી મનમાં અધીર.
॥ મારીને કઢાવું કરૂં અપમાન તેનું ॥
॥ જો તું હવે હું જે કરૂંછું ॥
લાવ્ય લાવ વસ્ત્ર લઈ પોંહોંચું હું પલકમાં,
નીકળતાં નેત્ર કેરાં બંધ કરૂં નીર;
ઉદ્વેગ અનળ મારા હૃદય વધ્યો છે કહું,
ચાલે તો જુદું કરૂં ધડ થકી શિર.
॥ મારીને કાઢવું હું કરાવું અપમાન તેનું ॥
॥ જો તું હવે હું કરૂં છું તદબીર ॥

(શ્વેતકેતુ વસ્ત્ર વગેરે લઇ એકદમ ચાલ્યો જાયછે).

પ્રવેશ ૪ થો.

સ્થળ—ઇંદ્રસભા.

પાત્ર—ઇંદ્ર, સુમનપરી, દંડધર દુત, ચંદ્રપ્રભા, અપ્સરા પછીથી શ્વેતકેતુ, ચોપદાર, તબલચી.

ઇંદ્ર—અહો, ચંદ્રપ્રભા ! ઘણી અપ્સરાઓનાં ગાયન અત્યાર સુધી સાંભળ્યાં પણ તમે કેવળ મુગ્ધની માફક બેશી કેમ રહ્યાં છો.

ચંદ્રપ્રભા—નહિ માહારાજ. આપની દ્રષ્ટી (આગ્ના) મારા ઉપર થઇ નહોતી ત્યાં સુધી હું મુગ્ધ હતી.

ઇંદ્ર—બરાબર છે. ત્યારે તમે કંઇ ગાયન તો સંભળાવશોને ?

ચંદ્ર—શા વાસ્તે નહિ. જેમ હુકમ થાય તેમ કરવાને તૈયાર છું.

ઇંદ્ર—કોઇ એવું ગાયન કરો કે જેનો પતિ પરદેશ નીકળવાની તેયારીમાં છે તેને તેની સ્ત્રી જતાં રોકે છે તેવા અર્થવાળું પ્રવત્સભૂતિકા ગાન સંભળાવો.

ચંદ્રપ્રભા—જેમ હુકમ.

(૪૪)

પરજ સોહીણી.

ભૈરવ ભય હારીસેં, જા કહીયોરી,

એ રાહ.

પ્રીતમ પરદેશ વાપેં નજાઓરી,
સૈયા તેરે દરસબિનુ કલ ન પરત રતિ;
બિનતી કરત કરગર કરહારી,

॥ પરદેશ વા. પે. ॥

તવ બિનું ધામ દામ ભૂશન સબ,
બિરહ અગન સમ લાગે;
કહું સીતલ સુગંધ સોઇ અનલ સમાન લાગે,
હરસદ રસિક પિયા પેં વારી વારી.

॥ પરદેશ વા. પેંન જાઓરી પ્રીતમ ॥
॥ સૈયાતેરે દરસબિનું કલ ન પરત ॥

ચોપદાર—સુર સમસ્ત મુકુટ શેખર શ્રી ઇંદ્રરાજ મહારાજનો જય થાઓ. સુમનપરીકા બાઈ શ્વેતકેતુ સભામેં આનેકી પરવાનગી મંગતે હે. નિઘા રખ્ખો.

ઇંદ્ર—તેમને આવવા ધો.

શ્વેતકેતુ—(નીચો નમી જમીન ઉપર હાથ લગાવી તસલીમ કરીને થાળમાં ભરેલો મેવો, વસ્ત્ર, વીંટી, રૂમાલ, છડી વગેરે સન્મુખ મુકે છે. પછી હાથ જોડીને ઉભો રહે છે. અને ઈંદ્રિ મહારાજના હુકમની રાહ જુવે છે.

ઇંદ્ર—કેમ શ્વેતકેતુ હમણાં તું ક્યાં ફરે છે અને તું શું લાવ્યો ?

શ્વેતકેતુ—જુઓ ગરીબ પરવર.

(૪૫)

અખિલ વિશ્વમાં છો એક ત્રિયારાજ સુંદરી.

એ રાહ.

દિન દયાળ ગુણ નિધાન સાંભળો કૃપા કરી,
॥ હાં સાંભળો કૃપા કરી ॥
કપટ ફંદ કુટિલતાથી ભરી આ સુમનપરી,
॥ દિન દયાળ ॥

રાજપુત્ર કામસેન ક્ષત્રિવંશ જાણ,
તે ઉપર સુમનપરીશું ઇશ્ક છંદમાં કરી. ॥ દિન ॥
વસ્ત્રને અંગુઠી, છડી, આપની હતી,
તે સહુ કુમારને આ આપી આવી છે ખરી. ॥ દિન ॥
જુઓ આ તમામ ફુલ, ફલ દિસે સહી,
થાળમાં નિહાળો આપ વાત છે ખરેખરી. ॥ દિન ॥

ઇંદ્ર—(સુમનપરી તરફ દ્રષ્ટી કરીને) અરે ! કેમરે સુમનપરી ? આ પોશાક મૃત્યુ લોકમાં રાજકુમાર પાસે શી રીતે ગયો ?

સુમનપરી—(એકદમ ગાભરી થએલી વિચારમાં પડીને હોઠ ઉપર આંગળી રાખી કેટલીક વાર સ્થિર ઉભી રહી પછી હાથ જોડીને ગરીબ પરવર આ બાબત મને કંઈ પણ ખબર નથી. જ્યારે, ઇનામમાં મને આ વસ્ત્ર મળ્યાં તે વખતે મેં તુરત મારા તબલચીને આપ્યાં હતાં પછી તેની શી બ્યવસ્થા થઈ તેની તજવીજ મેં કરીજ નથી. કેમકે તબલચીનું કામ મારાં કપડાં વગેરે સંભાળી રાખવાનું છે.

ઇંદ્ર—તમારા તબલચીને બોલાવો. (તબલચી બુઢો ડોસો આંખ્યો ચોળતો હાજર થઇને ઉભો રહે છે તેને જોઇને) કેમરે આ કપડાં શી રીતે ત્યાં ગયાં.

તબલચી—(હાથ જોડીને) ગરીબ પરવર ! ઉસરોજ મેરી આંખ દુખતીથી ઇસ સબબમેં બજાનેકા કામ મેને કીયા નહિથાં. લેકિન મેરી ખાતર દુસરા કોઇ જુવાન મેરેપર પરવસ્તિ કરકે બજાનેકું તૈયાર હુવાથા. મગર વો કોનથા સો મેં જાનતા નહિ.

ઇંદ્ર—જુવો જેનો આગેવાન આંધળો તેનું લશ્કર ખાડામાં પડે. જેનો તખ્તનશીન આંધળો છે તો પછી સુમનપરી મનમાં આવે ત્યાં ભટકે એમાં આશ્ચર્ય શું? (સુમનપરી તરફ દ્રષ્ટી કરીને) મને આ મુદ્દા, માલ ઉપરથી ખાત્રી થાય છે કે તું તે રાજકુમાર ઉપર આશક થઇને આપી આવેલ છે એમાં કાંઈ પણ શક નહિ. (પગ પછાડીને) હવે હું તાહારો એક શબ્દ પણ સાંભળવાનો નથી),

(૪૬)

કાફીની ગત.

જાજારે તૂં નટખટ નાર,
તું ખસખસ અહિંથી નિપટ ત્હારૂં ઓળખ્યું કપટ;
ફટફટ દુરાચાર જે તું નજરે ગમાર, ॥ જાજારે ॥
ડંસીલી, હઠીલી, વ્યભિચારિણી, પ્રમાણી તું તો,
પુરણ ગુમાની અવિચાર;
નહિ નહિ દિલદાર પર ચોખો દરકાર તને,
ધિક્કાર ધિક્કાર. ॥ જાજારે ॥

(એમ તિરસ્કાર આપીને) અરે ક્યાં ગયો દંડધરદૂત.

દંડધર—હાજર ગરીબ પરવર!

ઇંદ્ર—આ નીચ કૃત્ય કરનાર સુમનપરીનું કાંડુ પકડીને સભામાંથી બહાર કાઢય.

દંડધર—હુકમ મહારાજ. (એમ કહીને સુમનપરીનું કાંડુ પકડીને બહાર કાઢેછે) તે વખતે.

(૪૭)

સુમનપરી— બાટની લાવણી.

કોઇ સુનો મેરી ફરિયાદ.

એ રાહ.

હાય કેસે કરૂં કિરતાર, બિજલિસમેં મુજપર કીનોહે પિટકાર,
હાય બિના કારન મુજ શિરપર તુટપર્યો પહાડ;
કહાં જાઉંમેં કિસે સુનાઉં કહાં મિલે આનંદ,
દુનિયામેં અબતો હો ગઇ મ્હેં લાચાર.

॥ હાય. હાય. હાય ॥ હાય કેસે ॥

કોને જનમકા વેરી ભયો મુજ દુઃખદાયક તું ભ્રાત,
રાજ ચરનમેં સોગન ખાકર રખતીહું મેં હાથ;
દુઃખ દરિયામાં ડુબ ગઇ આ વાર,

હાય. હાય. હાય. કેસે કરૂં ॥

(ઉપર પ્રમાણે કલ્પાંત કરીને પછી ઇંદ્રના તખ્તને સાષ્ટાંગ નમસ્કાર કરીને જાયછે).

શ્વેતકેતુ—ઇંદ્ર મહારાજ પ્રત્યે) ગરીબ પરવર આ પોશાક પાછા આપવાની શરતે બતાવવા આવ્યો છું. માટે આજ્ઞા હોયતો પાછો આપી આવું.

ઇંદ્ર—બહુસારૂ લઇ જાઓ. (શ્વેતકેતુ જાયછે.) મનમાં કેટલોક ક્રોધ અને સુમનપરીના વિલાપની દયા આ બન્ને બાબત ઉપર વૃતિ ખેંચવાથી ઇંદ્રનું ચિત્ત વ્યગ્ર થયું તેથી સભા વિસર્જન કરવાને ઇરાદે (સભા પ્રત્યે) ચાલો બાર ઉપર ઘંટ વાગવાનો સમય થયો બંધ કરો. (એમ કહીને ઉઠી જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—નગર બહાર ઈલાયદા બાગ.

પાત્ર—કામસેન, રણમલ, સુમનપરી, વિદુષક.

રણમલ—મિત્ર યુવરાજ! આપણે ઇલાયદા બાગમાં જે રહેવાનું ઠરાવ્યું છે તેનો ભેદ જુદો છે તે હું તમને અત્યારથી કહેવા ધારતો નથી. પણ એટલી સુચના આપુછું કે મ્હારા તરફથી બીજો ખુલાસો મળતા સુધી આ બાગ છોડીને તમે બીજે કંઇ રહેશો નહિ. રાત્રિયે હું તમારી ચોકી કરીશ. આજે રાત્રી પડવા આવી છે માટે આ બંગલામાં તમે શયન કરો. કુસુમવિચિત્રા તરફથી તેની દાસી આવીને પટકુળ વિગેરે ચીજો આપી ગઇ છે તે સાંભળીને મેં મૂકયાં છે.

વિદુષક—એ કાકા રણમલજી! હવેજ તમારે તલવાર લઇને ઘુમવાનું છે માટે જોઉછું તમારી બહાદુરી કેવી છે.

કામસેન—બહુ સારૂ! હું એમજ કરવાનો છું. (એમ કહીને પોતે પલંગ ઉપર સુતો છે.) રણમલ બહારની બાજુએ પોતાનું બિસ્તર બિછાવીને મુકામ કર્યો છે અને હાથમાં તલવાર લઇ પેરો ભરે છે.

વિદુષક—એતો અમારા કામાંધ ભાઇને જેમ કહેશો તેમ કરે તેવા છે. કેમકે એમના પોતામાં બે દાણા પણ નથી.

સુમનપરી—(બાગની અંદર એક તરફ) (સ્વગત) હે ઇશ! ઇંદ્ર સભામાં મારૂં અપમાન થયું તે કંઇ થોડી વાત નથી. કોણ રાજકુમાર તે કંઈ હું જાણુતી નથી. હે નાથ! મારો [illegible]

કયા જન્મનો વેરી હશે કે તેણે વિચાર કર્યા વિના એકદમ સાહસ કૃત્ય કરીને ઇંદ્ર રાજાને કપડાં બતાવ્યાં અરે! તેણે પોતાની બેહેનનું પણ કંઇજ હિત ઇચ્છયું નહિ અને તેનો કેટલો બધો અવિવેક. તે કયાંથી કપડાં લાવ્યો હશે? હા હા!! મને ખબર છે કે તેણે અહીંના કુમારનું નામ લીધું હતું. પણ મેં તેને નજરે પણ જોયો નથી. ખેર જ્યારે જૂઠું કલંક આવ્યું ત્યારે તે રાજકુમારને જોવોજ જોઇએ. હવે હું શા માટે તેવો તક ચુકું. અરે! હું ભટકીને થાકી પણ સારૂં થયું કે આ કનકાવતી નગરીની બાળ મળી આવી, અને આ બાગ અલૌકીક જણાય છે તેમાં હું આવી પહોંચીશું તો તેમને મળવું. એમ વિચાર કરીને આગળ ચાલી. (એટલે.)

રણમલ્લ—અરે કોણ છે? અત્યારે આ બાગમાં કોણ ફરે છે? જલદી ઉત્તર આપો? નહિતો આ તલવારથી બે કટકા કરવામાં આવશે.

સુમનપરી—(એટલામાં બંગલા નજીક એક ચોતરા પાસે રણમલ્લ ચોકી કરતો હતો ત્યાં આવી પહોંચી ને રણમલ્લ પ્રત્યે કહે છે.

(૪૮)

જંગલો. જીલ્હેટી ત્રિતાલ.

વૈશાક માસ વાસંતિક સમય શોભલા.

ટેરાહ.

એમ જઇ કહે યુવરાજને આવી સુમનપરી,
સુવિત્તિ આવી આ સ્થલે વિહેલ બહુ ફરી. ॥ એમ૦

જ્યમ ચાતક જળ બુંદ વિણુ ભટકતો ફરે,
જ્યમ ચંદ્ર દેખવા ચકોર નેત્રથી ઠરે;
ત્યમ રાજપુત્ર નીરખવા આવી ફરી ફરી. ॥ એમ ॥
હું ઇશ્ક દરદ ગિરદમાં લપટાઇને રહી,
દુખ શર્દથી બેભાન થઇ શું કહૂં અહીં;
સહુ તાન તાલ રંગ ઢંગ રાગ વિસરી. ॥ એમ ॥

રણુમલ—(સુમનપરી તરફ દ્રષ્ટી કરીને) તમે પરીયો તો અમારા રાજપુત્રની સોબત છોડતીજ નથી ને હેરાન કરોછો, બાવન સભાનો નાચ જોઈ જોઇને થાકી ગયા જેથી અભાવો થયો છે, અને ઘડીકમાં એક આવે છે, વળી ઘડીકમાં બીજી આવેછે. એમ કરી કરીને આરામ પણ લેવા દેતી નથી તેથી હું પણ કંટાળી ગયો છું. હમણાંજ બાવન સભા આવીને ગઈ એટલામાં પછી તું આવી તો શું અમારા રાજપુત્રને કંઇ આરામ લેવા દેવો છેકે નહિ? એતો ભર નિંદ્રામાં છે માટે હું કંઇ જગાડતો નથી.

સુમનપરી—(આશ્ચર્ય પામીને) શું બાવન સભા હમેશ અહીં આવે છે?

રણુમલ—ઘણી મુદતથી બાવન સભા અહીં આવે છે ને તેનો નાચ પણ થયા કરે છે તેથી દરરોજના ઉજાગરાને લીધે ઉંઘી ગયા છે આ યુવરાજ ઉપર તે સઘળી પરિયો પૂર્ણ આશક છે.

(૪૯)

ભાભેથી કહ્યાન્ડો.

બિનપિયા ઘટા નહીં ભાવે. એ ચાલ.

સુણો સુમનપરી ચિત ધારી;
સ્નેહ કરી તમે આવ્યાં આજ જુવો નિદ્રાવશ,
યુવરાજ ભારી. ॥ સુણો સુમનપરી ॥
નિત નિત નાટારંગ પરીનો, આવન સભા બલિહારી;
સ્વર્ગ ભુવનથી અધિક મઝાશું, શું કહું અધિક ઉચારી વારી.
॥ સુણો સુમનપરી ॥
તાન તાલ રસ મોજ ઢંગમાં, અનહદ ગમત ધારી;
થયો અભાવ એ રંગ મઝાનો, કહું છું સત્ય વિચારી સારી.
॥ સુણો સુમનપરી ॥
કાલ રાત્રિયે વેહેલા આવજો, મળશે રાજ હિતકારી;
તમ આવ્યાની ખબર કહીશ હું, યાદ કરી ઉરધારી ધારી.
॥ સુણો સુમનપરી ॥

કામસેન—(સુમનપરીને દુરથી જોઇને) (સ્વગત) અહાહા !! શું સ્વર્ગની પરી ! શાં તેનાં વિલોલ નેત્ર. અહા ! તેનું મુખારવિંદ કેવલ શરદનો ચંદ્ર હોયની. અરે રણુમલ ! ભુંડા મને જરા વાત તો કરવા દે. શું કરવા પાછી જાહે છે ? અરે હાય ! જ્યારે ત્યારે આવી આશીપર આમજ કરી બેસે છે. કોણ જાણે શું ઘાટ ઘડતો હશે ? (એમ વિચાર કરીને ઉંચો નીચો થાય છે.)

સુમનપરી—(રણુમલ પ્રત્યે) ભલા ! મેહેરબાની કરીને યુવરાજની મને ભેટ કરાવજો.

રણુમલ—બહુ સારૂ આપ બને તો જરા પેહેલા પધારજો.

સુમનપરી—ઠીક ત્યારે હું જાઉં છું (એમ કહીને જાય છે).

વિદુષક—વાહ વાહ ! રણુમલ કાકા ! તમે તેઢ ધુળમાં બાચકા ભરા- વો તેમાનાં દેખાઓ છો. કાંઇકતો સાચુ બોલો. તમારો કયાં છુટકો થશે.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ઇંદ્ર સભા સ્વર્ગ સ્થાન.

પાત્ર—ઈંદ્ર, તિલોત્તમા ચોપદાર, દેવગણુ સમુદાય, રૂદ્રદત્ત, ચક્રદત્ત, મિજબાન, વિગેરે સર્વમંગલા, રત્નભદ્રા, સુમનપરી.

ઈંદ્ર—અહો તિલોત્તમા ! આજે આપણે ત્યાં રૂદ્રદત્ત અને ચક્રદત્ત વિગેરે મુનિશ્રેષ્ઠ બ્રહ્મપુરીમાંથી આવ્યા છે માટે તેમને આનં- દ પ્રાપ્ત થાય તેવું સંગીત સંભળાવો.

તિલોત્તમા—(હાથ જોડીને) ગરીબ પરવર ! જેમ હુકમ ! (એમ કહીને ગાયનની શરૂઆત કરે છે).

(૫૦)

ખમાચ.

ન આવે મોયકુ એકપલ નિંદીયાં ન આવે

એ રાહ.

રાજમુખ નિરખત્ મોદ બઢાવે,
બઢાવે મુખ નિરખત મોદ બઢાવે;
મોદ બઢાવે શુધ બુધ બિસરાવે, ॥ રાજ ॥
કનક મુકુટ સિરપર મન ભાવન,
કુંડલ ચમકન લાગેરે;

સુંદિરતા કહ્યું કહિ નહિ જાવે, ॥ બઢાવે ॥
કોટી મદન મદ હરતાન સુંદિર,
રસભર લોચન પ્યારારે;
હર્ષદ માન હૃદય મન ભાવે, ॥ બઢાવે મુખ ॥

રૂદ્રદત્ત—(ઇંદ્ર પ્રત્યે) મહારાજ ? ઘણું સંતોષકારક ગાયન થયું છે જેમાં રાજ ભૂશણુની તારીફ સારી કરી છે.

ઇંદ્ર—બરાબર છે મુની શ્રેષ્ટ ? તમે વિદ્વાન છો તેથી કદર કેમ ન કરી શકો.

રૂદ્રદત્ત—આપનું એમ બોલવાનું ભૂશણુ છે. મહારાજ ? આપનો જય થાઓ પણુ વિશેષ વિનતી એ છે કે સુમનપરીના મુખથી ગાયન સંભળાવો તો ઘણું સારૂં.

ઇંદ્ર—(મનમાં) અરે ! એને તો અપમાન કરીને કાઢી મુકી છે. પણુ આજરોજ બોલાવવીજ જોઇએ. (એમ કહી એક પરી તરફ દ્રષ્ટી કરીને) અહો સર્વ મંગલા ? હે રત્ન ભદ્રા ? તમે જલદીથી તપાસ કરો અને સુંમનપરીને અહીંયાં તુરત તેડી લાવો.

સર્વમંગલા— } (બન્યો હાથ જોડીને) જેમ હુકમ (એમ કહીને જાય છે.)
રત્નભદ્રા— }

ઇંદ્ર—વાહ તિલોત્તમા ? સુંમનપરી આવતાં સુધી કંઇક ઉત્તમ ગાયન શરૂ કરો.

તિલોત્તમા—હુકમ ગરીબ પરવર.

(૫૧)

ખમાચ.

સમજત નાહી પનઘટ પીયામેં હારી.

એ રાહ.

કમલ નયનિ તન કહુ મેરેસે બોલ,
તોહી શપથ કલ ન પરત ઘુંઘટ પટ ખોલ;
॥ કમલ નયનિ ॥
તવ દ્રગ નચત અસહિમેં નાચત,
તવ સન્મુખ હર્ષદમે યાચત;
ચિતકું હદત પ્રેમસે લરત તેરે જીયાસે તોલ,
॥ કમલ નયનિ ॥

રૂદ્રદત્ત—વાહ વાહ! સ્વાધિન પતિકા નાયકાનો ભાવ ઠીક દીસે છે.
(એટલામાં સુમનપરી બન્ને સાથેની પરિયો સહ પ્રવેશ કરેછે. રાજા ઇંદ્રના ચર્ણારવિંદમાં મસ્તક નમાવી ઉભી રહેછે).

ઇંદ્ર—સુમનપરી! આજે મુનિશ્રેષ્ટનું પધારવું આ મિજ્લસમાં થયું છે. માટે કંઈ સારૂં ગાયન સંભળાવો.

સુમન—જેમ હુકમ.

(૫૨)

શામ કલ્યાણનો ફેરબો.

સાવરી છબી ન્યારી પે જાઉં વારી.

એ રાહ.

જીયરા તરસાવે દરસ બિના,

નેક ચિત ન રૂચાવે દરસ બિના;
મનકી બતીયાં મનમેં રહે ગઇ છતિયાં ધરકત રેંન,
દરદમેં ગિરદ ભેઇ મેં નાહક છિનભર પરત ન ચેન.

॥ દરસ બિના ॥

રોજ તુમ્હારે નેહ નજર બિન જેસી જલ બિન મિન,
તદપિ નીરકું દયા નહિ ઉપજત સો મોય લગત નવીન,

॥ દરસ ॥

આજ રાજ મહારાજ દરસતે આનંદ મેરે અંગ,
નાચત હું મેરે દિલો જહાંસેં તન મન એક ઉમંગ.

॥ દરસ બિના ॥

ઇંદ્ર—અહો સુમનપરી ? હું ઘણો ખુશી થયો છું તમારી ઇચ્છામાં આવે તે માગો.

સુમન—ગરીબપરવર આપના પ્રતાપથી ધન્ય ધાન્ય વસ્ત્ર વૈભવ તમામ છે માત્ર આપની કૃપા જોઇએ.

ઇંદ્ર—કંઇપણ જાદે શી વસ્તુની ઇચ્છા છે ?

સુમનપરી—વચન આપો તો હું માગું.

ઇંદ્ર—હું વચનથી બંધાઉ છું જે તું માગીશ તે હું આપી શકીશ.

(૫૩)

સુમનપરી— બરવો.

એજી સાહેબ નવીન મિલ જાયગા.

એ ચાલ.

છબ ધારી વચન જો આપો મુને,

ચિતધારી હકીકત કહું તમને;
નથિ ધન્ય ધાન્ય વસ્ત્ર ભૂશણુની આશા,
હું માગું છું એક વચન જો આપો મને.
॥ છત્ર ધારી વચન જો આપો ॥

શેર.

મહારાજ વદન દરસવિના વિરહ સતાવે,
તજી રંગ રાગ નિંદ અન્ન જળ ન રૂચાવે;
તન ફિકરથી સુકાઇ ગયું મનડું લુભાવે,
અપમાન અગ્નિ લાગી સરવ અંગ જલાવે;
ટેક, નેક, છેક, તજી હાજર થઇ છું હું,
તે માગુ છું એક વચન જો આપો મુને.
॥ છત્ર ધારી ॥

ચંદ્ર—તમારો ગુન્હો માફ છે. તમે મારી જોડે બેસો.

સુમન—(હાથ જોડી તસલીમ કરી) તખ્ત ઉપર બેસે છે.

ચંદ્ર—કેમ ? શ્વેતકેતુના કહેવા પ્રમાણે રાજકુમાર સાથે તમારી ભેટ થઇ હતી ?

સુમન—ગરીબ પરવર ! જ્યારે આપે ગુન્હો માફ કર્યો છે ત્યારે તો હું સાચે સાચું કહીશ. જ્યારે મારે માથે ખોટો આરોપ આવ્યો ત્યારે મ્હેં વિચાર કર્યો કે જેને માટે મને કલંક ચોટયું છે ત્યારે તે કુમારને નજરે જોવો જોઇએ, એમ ધારીને હું ભૂમંડળમાં બધે ફરી તપાસ કરતાં કનકાવતી નગરનો રાજા કિર્તિધ્વજનો રાજકુમાર કામસેન જણાયો. તેના બાગમાં હું ગ•

હું રાત્રીએ ફક્ત એકજવાર ગઇ હતી. તે કુમાર તેના બાગના બંગલામાં નિદ્રાવશ હતો તેથી તેની ભેટ થઇ નહિ. તેનું નિદ્રાવશ થવાનું કારણ એક ક્ષત્રી વીર પુરૂશ તેનું રક્ષણ કરતો હતો. તેણે જણાવ્યું કે ઘણી મુદતથી અહિયાં રાજપુત્ર આગળ બાવન સભા આવે છે ને તેનો નાચ થયા કરે છે તેથી ઉજાગરાને લીધે નિદ્રાવશ થયા છે. તમારે મળવું હોયતો કાલે જરા વેહેલા આવજો. એટલું સાંભળી હું પાછી આવી.

ઇંદ્ર—તમે શું કહો છો? (આશ્ચર્ય બનીને) શું બાવન સભાનો નાચ તેના આગળ થાય છે?

સુમન—હાજી. એ ખરી વાત જણાય છે કેમકે તેનો બાગ જોતાં તેવી શોભા આ તરફ પણ નથી તેમ એટલો મોટો વિસ્તિર્ણ છેકે તેમાં સેંકડો સંગે મરમરના ફુવારા બનેલા છે. આ તરફના વૈભવ આગળ તેનો વૈભવ ટકર મારે તેવો જણાય છે.

ઇંદ્ર—એમ છે કે, ત્યારે એ તમામ શોભા તથા બાવન સભાનો નાચ આપણે પણ જોવો જોઇએ. મ્હેં કોઇ દિવસ જોયો નથી, માટે તું તે રાજકુમારને મળીને મારા તરફથી ખબર આપ કે ઇંદ્ર પણ જોવા આવવાની ઇચ્છા રાખે છે.

સુમન—(ઇંદ્રની પરવાનગી મળવાથી મનમાં ખુસી થઇને) બહુ સારૂ ગરીબ પરવર! આપની જ્યારે આજ્ઞા થાય છે તો એ કામ માટે હું જઇશ.

ઇંદ્ર—(રૂદ્રદત્ત તથા મંગળદત્ત તરફ દ્રષ્ટી કરીને) કેમ મુનિ શ્રેષ્ટ ? હવે શી આજ્ઞા છે!

રૂદ્રદત્ત—મહારાજ! આપનો જય થાઓ! હવે રાત્રી વીતી ગઇ છે

અને અમારે પણ સ્નાન સંધ્યા કરવાનો વખત થયો છે માટે ઉઠીશું.

ઈંદ્ર—બાહુ સારૂ મહારાજ. કૃપા કરી વખતો વખત આવીને આ સ્થાન પાવન કરશો. અમે પણ મિજલસ બંધ કરીયે છીયે.

રૂદ્રદત્ત—(વગેરે મુનિ મંડળ જાય છે અને ઈંદ્રસભા બંધ થાય છે.

પ્રવેશ ૭ મો.

સ્થળ—કામસેનનો બાગ.

પાત્ર—રણુમલ, કામસેન, સુમનપરી, વિદુષક.

કામસેન—મિત્ર રણુમલ ? ગઇ કાલે જે સુમનપરી આવી હતી તે ફરી મને કયારે જોવા મળશે ? અરે મારા મનમાં એ મોહિનીની છબી ઓર ઢબની ચોંટી ગઇ છે. હું જાગતો હતો પણ તમારા નિયમને લીધે જરા પણ બોલી શકયો નથી. તમે તેને જવા દીધી અને મારી ભેટ થવા દીધી નહિ તેથી આખી રાત્ર જેમ પાણી વિના માછલું તરફડે તેમ મ્હેં ગુજારી છે.

વિદુષક—વાહ ! એમાં શું કહેવું. આખી રાત શેખ ચલ્લીની પેઠે ઇંદ્રપુરીનો વૈભવ પ્રથમથીજ માની લીધો હશે.

રણુમલ—તમે ફીકર કરશો નહિ. હું જે કહું છું તેમાં એના જેવી ઘણી પરીયો આવીને તમારી ખુશામત કરે એવા ઠાઠ ઉપર ઘાટ લાવવાનો છું. તમે ધિરજ રાખો. જે તે તમે જોઇ છે તે આકાશ મારગેથી સુમનપરી જુવો આવે છે.

કામસેન—ઉંચું જોઇને. વાહ ! સાબાશ રણુમલજી તમને બુદ્ધિની

બક્ષીસ જન્મ થયા પછીની નથી પણ બ્રહ્માએ ત્યાંથીજ આપેલી જણાય છે.

વિદુષક—હા બરાબર છે. રણમલ કાકાને બુધિની બક્ષિસ પ્રથમનીજ છે અને યુવરાજ સાહેબને તો અમારા પાડોશીને ઘેર વૈશ્યાકનંદનની પાસેથી ખુંચાવી લેને આપી છે.

કામસેન—(.આકાશમાંથી સુમનપરીને દુરથી બાગમાં ઉતરતી જેઇને અધીરા તથા મળવાને ઉતાવળો થએલા જાણે હું મળવાને આગલ જઇ પહોચ્યું એમ ઇરાદાથી ઉભો થઇને) મિત્ર રણમલ ? જુવો તે આવે છે પણ દુર છે.

વિદુષક—ઓ કામાંધબાઇ ? આમ કાકીડાની પેઠે ઉંચા થાઓ મા સબૂર રાખો.

રણમલ—(તુરત તેનું કાંડુ પકડીને) અરે ઓ બામુચક ? આમ ઉતાવળ કરીને તાહારૂં નુર કયાં ગુમાવવા તૈયાર થાય છે. ઠેકાણે બેસ નહિતો સજા કરીશ. (તેના કાનમાં મુખ રાખીને) જો કે તેની સાથે ભેટ કરવી હોય તો ક્યારે કરવા દઉં કે હું કહું એ પ્રમાણે તેની સાથે વાતચીત કરવી. તે એવી કે એ સુમનપરી તમને બાવન સભાની હકીકત પૂછે તેનો ઉત્તર એવો આપજો કે પ્રથમ બીજે ત્રીજે દિવસે અહિયાં નાચ થતો હતો તે નાચથી મનને ઘણો અભાવ થયો તેથી છ મહિને એક નાચ અહિંયાં આવીને કરવાની તેમને પરવાનગી આપી છે. આ પ્રમાણે વાત કરવી, જો એમાં ભૂલ પડી તો જરૂર તારૂં માથું કાપી નાંખીશ. વળી કદી તે સુમનપરી તમારી પાસે આવે તે વખતે તમારે ઉભા થવું નહિ તેમ તેના ઉપર તમે

આશક બહુ છો તે જણાવવું નહિ, પણ તેની કાંઇ દરકાર ન-થી એવી રીતે વર્તવું. હવે હું મારા ચોકીના ચોતરા ઉપર જાઉં છું.

(એમ કહીને રણમલ પોતાના પહેરાના કામ ઉપર તલવાર પકડી સાવચેત થઇ ઉભો રહે છે).

સુમનપરી—(બાગમાં પ્રવેશ કરતાં રણમલને જોઇને) કેમ રણમ-લજી ? ખુશીમાંતો ખરા ?

રણમલ—નિરંતર આનંદમાંજ રહીયે છીયે.

સુમનપરી—કેમ યુવરાજની આજ તો ભેટ કરવા દેશો કે નહિ ?

રણમલ—શા માટે નહિ. બડી ધામધુમથી આજ ભેટ કરાવું પછી કાંઇ છે.

સુમનપરી—વાહ મોટી મેહેરબાની. બધી ધામધુમ અને વહીવટ તથા રચના બધી આપનીજ છે એમ મારા કળ્યામાં આવે છે.

રણમલ—તમે અહિયાં જરાવાર ઠેરો. હું યુવરાજ શ્રીને ખબર આપું અને તેમની પરવાનગી લઇ આવું. (એમ કહીને રણમલ શ્રી યુવરાજ પાસે જાય છે અને કામસેનની પાસે જઇને કાનમાં કાંઇક કહીને શીખવીને પછી મોટે અવાજે) યુવરાજજી સાહેબને તસલીમ કરૂં છું કે સુમનપરી આપની ભેટ કરવા આવીછે.

કામસેન—(સુમનપરી સાંભળી શકે તેવા જોરથી) બહુ દિવસથી બાવન સભાનો નાચ જોઇને હજુ નિંદર પણ લીધી નથી તેમ તેઓને ગએ હજુ વાર લાગી નથી, છતાં હવે સુમનપરી શા વાસ્તે આવેછે ? ખેર તેમને આવવા ઘો.

વિદુષક—હાંજી. શીખવી મૂકેલો પોપટ બોલ્યો ખરો. બોલો ? બટ-

ઘર પંખી, ચતુર સુજાણ, પઢો પોપટજી, શ્રી ભગવાન.

રણમલ—બહુ સારૂ ગરીબ પરવર ? (એમ કહીને સુમનપરીની પાસે આવીને તેને યુવરાજ પાસે જવાને પરવાનગી આપે છે. અને પરી તે યુવરાજનો બંગલામાં પ્રવેશ કરે છે).

સુમનપરી—(એકદમ આગળ જઇ માથું નમાવીને, તસલીમ કરીને સન્મુંખ ઉભી રહીને, મંદ હાસ્યથી મીઠી નજરે જોવા લાગી અને કામસેનને જોતાં મોહાવેશ થએલી ઉભી રહી. પછી) યુવરાજજી સાહેબ ? આપને તસલીમ કરૂંછું.

કામસેન—(સુમનપરીને જોઇને કેવલ મોહલુબ્ધ થએલો છતાં રણમલની બીકથી એટલુંજ બોલ્યો કે) આવો સુમનપરી આ મારી પાસેની બેઠક ઉપર બેસો.

સુમનપરી—બહુ સારૂ ગરીબ પરવર ! (એમ કહીને નજીક બેસેછે.)

કામસેન—કહો શા કામે તમારૂં આવવું આ તરફ થયું છે ?

(૫૪)

સુમનપરી— **ભૈરવીની ઠુમરી.**

મેંતો શાહ જાદેકુ ઢુંઢન ચલીયાં, **એ રાહ.**

મેંતો હુકમ ઇંદ્ર કેસે ચલીઆઇ,
મેંતો હુકમ ઇંદ્ર કેસે ચલીઆઇ;
મનહર લોચન માધુરી મુરત,
રાજ દરસ અબ પાઇ. ॥ મેંતો ॥
રાજ રસિક તુમે બિનતી કરત હું,
દે હાં હુકમ ઉર લ્યાઇ. ॥ મેંતો ॥

(૫૫)

કામસેન— **સિંધ ભૈરવીની ગત.**

જોગ લેને વાલેકી પ્યારી પ્યારી શાન.

એ રાહ.

વાત નથી જુઠી સુમનપરી માન,
રંગ રસ બારે સદારે અમારે ભુવન પાવન.
॥ સુમનપરી માન ॥ વાત નથી જુઠી ॥
નાચ જોઇ જોઇ મ્હારૂં મનડું ભરાયું,
રંગ સરસ ટપકાંદે ભાવશું બતાવે.
॥ સુમનપરી માન ॥ વાત નથી જુઠી

॥ દોહરો. ॥

ભલે ઇંદ્ર રાજા અહિં, આવે અતિ આનંદ;
બાવન સભા પ્રસંગનો, નાચ જુવે ખુબિમંદ.
॥ સુમનપરી માન ॥ વાત નથી જુઠી ॥
સંગિત નાદ સમુદ્રનો, તરંગ અહિ ઝલકાય;
થયો અભાવો મનથકી, રસથી હૃદય ભરાય.
મુદત કરી ખટ માસની, નાચ કરે એકવાર;
પુછો રણમલ્લ શુરને, કહેશે સર્વ વિચાર.
॥ સુમનપરી માન ॥ વાત નથી જુઠી. ॥

સુમનપરી—હે યુવરાજ શ્રેષ્ટ ! બાવન સભાના નાચની શોભા ઇંદ્રપુરીમાં પણ નથી, તે જોવાની ઇંદ્ર મહારાજાની સંપુર્ણ ઇચ્છા છે, માટે નક્કી દિવસ આપ જણાવો ? કે જેથી હું તેમને કહું.

કામસેન—તે વાત હું જાણું નહિ. અમારા મિત્ર રણમલજી ખુલાસો આપે તે પ્રમાણે થવાનું છે. (એમ કહીને રણમલને જોરથી બોલાવે છે). મિત્ર રણમલજી ?

રણમલ—(બગલમાં તલવાર રાખેલી) હાંજી.

કામસેન—જરા આ તરફ આવો તો સારૂં.

રણમલ—ફરમાવો કેમ છે ?

વિદુષક—અમારા કામાંધભાઈ સુમનપરીના સવાલના ધક્કાથી ગભડી પડ્યા છે, માટે તેમને હવે ઉઠાડો.

કામસેન—આ સુમનપરી કહે છે કે બાવન સભાનો નાચ ક્યારે થવાનો તેનો ખુલાસો તમે આપો ?

રણમલ—હે, સુમનપરી ? તમે ઇંદ્ર મહારાજાને એવું કહેજો કે યુવરાજની આગળ બાવન સભાનો નાચ ઘણી મુદતથી હમેશાં થતો હતો તેથી રાત્રે ઉજાગરાને લીધે તબીયત દુરસ્ત રહી નહિ માટે તે ઠરાવ હમણાંજ બે ત્રણ દિવસથી ફેરવીને છ મહિને એક નાચ કરવો એવું ઠરાવવામાં આવ્યું છે. જ્યારે બાવન સભા ઠરાવ પ્રમાણે નૃત્ય કરવા આવશે તે દિવસે ખબર આપશું, તો પણ તમારે બીજે ત્રીજે દિવસે હમેશાં આ તરફ આવીને ખબર કહાડતા રહેવું.

સુમનપરી—આપ સર્વ કામના અગ્રેશ્વર છો, માટે આપને હું તસલીમ કરૂં છું. (પછી યુવરાજ સામું જોઇને) યુવરાજજી ? આપને પણ તસલીમ કરૂં છું અને જવાની રજા માગું છું.

રણમલ—બેસો, બેસો, એમ ઉતાવળ કરીને જાઓછો શું ? તમા-

રી ખાતર હજુ કંઇ બરાબર થઇ નથી,(એમ કહીને હાથ- માં શરાબનો શીસો અને જામ યુવરાજના હાથમાં આપે છે) ને યુવરાજને કહે છે, હે યુવરાજજી ! આપણે રાજ્ય રૂઢી પ્ર- માણે તેમની ખાતર કરવી જોઇએ.

કામસેન—બરાબર છે. હે સુમનપરી ! તમે કોઇ દિવસ આવ્યાં ન- થી અને તમ્હારી પહેલી મુલાકાત થઇ છે માટે તેની ખુશા- લીનો આ જામ લ્યો.

સુમનપરી—આપ પહેલા પીઓ પછી પીશ.

કામસેન—નહિ નહિ. તમે અમારાં મેમાન છો, માટે તમે પહેલાં લ્યો પછી હું ખુશીથી લઇશ.

(એમ કહી સામા સામી સરાબનાં જામ પીએ છે.)

સુમન—અહો ! યુવરાજ શ્રેષ્ટ અને રણમલજી ? હવે હું ઇંદ્રપુરીમાં જવાની રજા લઉં છું.

રણમલ—બહુ સારૂ. જે તમને કહ્યું તે યાદ રાખીને ઇંદ્ર મહારાજ- ને હકીકત કહેજો.

સુમનપરી—બહુ સારૂં (યુવરાજને તથા રણમલને રીતસર મળીને રસ્તો પકડે છે.)

રણમલ—કેમ યુવરાજજી ? ઇંદ્ર રાજા તરફ બાવન સભાના નાચની છ મહિનાની મુદત બતાવીતો ખરી, પણ તે બાવન પરીની સ- ભા તમે લાવશો કયાંથી ?

વિદુષક—અરે રણમલ કાકા ? તમે વળી એ ગોળના ગણપતિને શું પૂછોછો.

કામસેન—હું એજ વિચાર કરૂંછું કે, આ સુમનપરી સ્વર્ગમાંથી અહિંયાં શી રીતે આવી, અને મ્હારી ભેટ લેવા શા આધારે આવી, તે જોતાં હે મિત્ર! આ બધી ખટપટ અને ચતુરાઈ તમારી છે, મારા બાપ જન્મારે જોઈ નથી, તેનાં દર્શન આગે કરાવ્યાં, એ બધું આપનું પરાક્રમ છે. જરૂર કુસુમવિચિત્રા સુમનપરીની આગળ લુંડી જેવી દેખાય તેમાં આશ્ચર્ય નહિ એવી આ પરી છે, છતાં તે પણ બાવન પરીઓને વખાણે છે કે જેને ઇંદ્ર સરખા સ્વર્ગના રાજાએ પણ જોઈ નથી તે ક્યાંથી મળે? માટે હે મિત્ર! એમાં મારાથી શું બનવાનું હતું?

વિદુષક—બરાબર છે. હાલ તુરતને માટે કોથળી પકડીને પાડાની હજામત બનાવવાનું કામ શીખો; પછી ધીરે ધીરે રણમલ સકાની ઉસ્તાદી શીખવી.

રણમલ—ત્યારે અમારે તેની તજવીજ માટે નીકળવું પડશે, માટે તમે અહિંયાં રહી ખાઓ પીઓ ને મોજ કરો.

કામસેન—મિત્ર! ત્હારા વિના મને નિરંતર ઉદાસી રહેશે. એટલુંજ નહિ પણ વખતે હરકત આવી પડે તો મને કોણ રસ્તો બતાવશે? તેમજ કુસુમ વિચિત્રાની હઠ મારા અંતઃકરણમાં બહુ સાલે છે, આ વિગેરે પરીતાપને કોણ દુર કરશે (એમ કહી આંખમાં આંસુ લાવે છે) અને કહે છે કે રસ્તામાં બહુ દુઃખ પડશે માટે જવું રહેવા દો.

(૫૫)

રણમલ— **માઢની લાવણી.**

અંદર આવો નાથ પ્રાણ મમ અંદર આવો નાથ.

એ રાહ.

નહિ છોડું મનની હામ મિત્ર નહિ છોડું મનની હામ,
મર્દ તણું એકામ, મિત્ર નહિ છોડું મનની હામ.
હોય કદી દુખ દારૂણ ભારે,
લેશ નથી ઉર ચિંતા હમારે;
ગયા વિના કહો કોણ સુધારે,
વાત વૃથા સહુ લોક ઉચારે,
હાંસી કરે ફિટકાર પુકારે.

(એનો જુહો (કોઇ એમ નહી કરે) (જરા વિચારો).

માટે કરવું નહિ આ હામ,
મિત્ર નહિ છોડું મનની હામ,
મર્દ તણું એ કામ,
મિત્ર નહિ છોડું મનની હામ.

કામસેન—મિત્ર? તમારે મારે માટે અસંખ્ય દુઃખ સહન કરવાં પડશે, એ વાત ખરી છે, જે કામ તમે માથે લીધું છે, તે બહુ જોખમ ભરેલું છે, પરમેશ્વર તમને આરામીયતથી મારી ભેટ કરાવે, અને તમારા દર્શનનો મને પણ લાભ થાય, એવી મારી અંતઃકરણથી આશીશ છે.

રણમલ—(માથે ચઢાવું છું) તમે ગભરાશો નહિ. જ્યારે તમારી પાસે સુમનપરી આવે તે વખતે વિવેકથી રીતસર વાત કરવી, બીજું આઘું પાછું બોલવામાં ઘેલાઇ વાપરશો નહિ; નહિતો તમારો ભેદ જાણી જશે, અને માનભંગ થશો. માટે આ શી-

ખામણું ખુબ ધ્યાનમાં રાખજો તે સાથે તમારી કુસમવિચિત્રાનું પણ સમાધાન થશે નહિ, અને દુનિયામાં તમારી હાંસી થશે. (એમ કહીને રણમલ રસ્તે પડેછે).

પ્રવેશ ૮ મો.

સ્થળ—ચંદ્રપુર નગરની વિચિત્ર કોટડી.

પાત્ર—રણમલ, નસરતખાં, ફેજખાંન, વિશ્વનાથ વઝીર, પીંગલાક્ષ (બ્રહ્મરાક્ષસ).

રણમલ—એક ચંદ્રપુરનગરના દરવાજામાં પ્રવેશ કરતો.

(સ્વગત) અરે હું કેટલી મુદતથી જંગલમાં બટકતો, વનફળ અને પાંદડાનો અહાર કરતો, જ્યારે કંટાળ્યો ત્યારે આ શહેર નજરે પડ્યું છે. હે નાથ ! તમારી ઇચ્છા પ્રબળ છે. જે કામને માટે નીકળ્યો છું, તે ઘણું ગહન છે. બાવન સભાની પરીનો પતો ક્યાં હશે ? તેનું તો કંઇજ ઠેકાણું નથી. મારે ક્યાં જવું ? માત્ર રસ્તો કાપવો, પ્રવાસ કરવો, તેથી શું કાર્ય થવાનું. જે અગમ્ય હકીકત છે. તે આ જગતમાં મારા જેવા શું જાણી શકે ? જોકે જેને કહીએ તે માણસો ઉલટા હાંસી કરે, તેથી શું કાર્ય સરે ? તો કેમ કરવું. ખેર જે થાય તે ખરૂં. અરે આ એક શહેર નજરે જણાય છે ખરૂં. ચાલ જીવ એ ગામમાં પ્રવેશ કરીએ. (એમ કહીને દરવાજા નજીક જઇને તેમાં પ્રવેશ કરે છે. એટલામાં)

નસરતખાં / ફેજખાંન (શહેરમાં પ્રવેશ કરી જનાર રણમલને જોઇ).

અય જુવાન કિધર જાતહે! તું કહાંસે આતાહે ખડા રહે. (નજીકમાં નસરતખાંન છે તેને) અયે નસરતખાંન ઉસકું પકડો ઔર હાથ કડી લગાઓ.

રણમલ—અલ્યા ભાઇ શા વાસ્તે મને રોકો છો? મ્હેં કંઇ ગુન્હો કર્યો નથી. લીધું નથી, દીધું નથી, ચોરી પણ કરી નથી, તો મને રોકવાનું કારણ શું?

સિપાઈ—સચ હે, હમ જાનતે હે, કી તુમને કુચ્છ ગુન્હા કીયા નહિ, મગર ઇસ ગામકે હાકીમ તરફસેં ઠરાવ હુવા હેં કી જે કોઇ મુસાફીરે ગાવમેં પહિલા દાખલ હોવે ઉસકુ પકડ કર વજીર પાસ લેજાના, ઔર ઉનકી પરવાનગી લેકર એક મકાનકી કોઠીમેં એક રાત રખકર સુબોમેં રજા દેના, ઐસા હુકમ હુવાહે, ઇસલીયે તુમકું કબજે કરકે વઝીર સાહેબકી પાસ લેજાના પડતા હે.

રણમલ—ભલા! એ પણ એક નશીબ, ચાલો ત્યારે વજીર સાહેબ તરફ (એમ કહી જાયછે) અને વજીરના સન્મુખ હાજર કરેછે.

વજીર વિશ્વનાથ—(રણમલને જોઇને) અરે! આ નસીબદાર ક્યાંથી આવ્યો? (મનમાં) ભલા માણસની શી કમબખ્તી. હરીઇચ્છા આપણે શું કરીએ) જાઓ. તે મકાનમાં કોટડીની અંદર તેમને પુરીદો.

સિપાઇ—(તસલીમ કરીને) બહુતઅચ્છા. (એમ કહીને રણમલને લઇને ત્યાંથી મકાન તરફ ચાલ્યા જાય છે).

રણમલ—(રસ્તામાં ચાલતાં સિપાઇઓની સાથે) અરે ભાઇ! આ સહેરમાં એવો શો અન્યાય છે કે વગર કારણે પરદેશી માણસને

પકડીને કોટડીમાં પૂરેછે. વળી તમે એમ નહિ સમજશો કે હું નિર્બળ છું. હું એક નાનો સરખો ક્ષત્રિ બચ્ચો સિંહ છું. છતાં તેને એક બકરાની માફક તમે પુરવા ધારોછો તે બને કેમ ? આ તલવાર અને ઢાલ શા કામમાં આવવાની હતી ? પણ લાચાર છું કે એક મહત્વના કામ માટે આ તુચ્છ જીંદગાનીને સાચવવાની છે, માટે હે ભાઇ! લાચારીથી તમારી સાથે દોરાઇને આવવું પડેછે.

નસરતખાંન—(રણમલનું બોલવું તથા તેની ચાલાકી અને તેના વિચાર સાંભળીને) સચહે ક્યા કરે. હમતો નોકર ઠરે, પેટકે લીએ જો કુછ હુકમ હોતાહે સો કરના પડતા હે. મગર જો તુમને કુછ બિચાર કીયા ઇસ બાતમેં હમકું એસા માલૂમ હોતાહેં કી તુમ એક બડે સમશેરબહાદુર હો (એમ વાત કરતાં ધારેલા મુકામ આગળ આવી પહોંચ્યા). અયે મિયાં ફેજખાંન જરા સમાલકે મકાનકા કુફ્લ ખોલીયે.

ફેજખાંન—(આમ તેમ જોતો જાણે કોઇ વાઘની ગુફાપર આવવામાં જેમ ધારતી હોય) અને સચેત રહેવું પડે તેવા ડોળથી જલદીથી તાળું ઊઘાડી રણમલને અંદર લઇ ગયા. તેમાં છેક દુર જગોએ બીજી એક કોટડીનું કમાડ ઊઘાડી રણમલને દાખલ કીધો, અને તુરત કુફ્લ લગાવી દીધું, પછી અયે નસરતખાંન ! ખુદાને ખેર ગુજાર્યા, ક્યોં કી, કોટડી તરફ આનાં પડતા હે તબ સારે બદનકા હોશ ઉડજાત હે, ઓર આંગમેં કગકમી આજાતી હે. (એમ કહી મોટા મકાનનું બારણું બંધ કરીને આવ્યા).

નસરતખાં—અજી ફેજખાન? ખુદા માલુમ કહાં બલા હોયગી. કુચ્છ ખબર પડતી નહીં. બડે બડે જુવાન ઔર પહેલવાન જે કોઇ અંદર ગયા ફિર બહાર જીતા નહિ નીકલા.

ફેજખાંન—ચલો જલદીસેં. નહિતો બલા પીછે ચોંટ જાયગી.

(એમ કરીને નાસે છે).

રાજમલ—(ભવ્ય મકાનમાં પુરાયા પછી) (સ્વગત) અહો નાથ ! તારી કૃતી ન્યારી છે. મ્હારો ઇરાદો શો હતો અને શું થાય છે. ધારૂં છું શું અને બને છે શું ? આ બ્રહ્મ સંકટમાં કેવા પ્રકારનું મારે માથે દુખ વેઠવાનું હશે. જોકે કેદખાનું હોય તો બીજા કેદીઓની સાથે વાતો કરીને પણ દિવસ કાઢત, પણ મુકામતો કેવળ ભયંકર અને વિચિત્ર જણાય છે, છતાં એમાં પણ છેક અંદર ઉંડાણની કોટડીમાં મને પૂરેલો છે, તેનું કંઇ જૂદુંજ કારણ હશે. કાંતો મૃત્યુનો અવાસ હોવો જોઇએ, અગર કાંતો અહિંયાં કાંઈ ઘોર કૃત્ય થતું હોવું જોઇએ, નાથઇચ્છા બળવાન છે, જે હશે તે જણાશે. મનની કલ્પના અને આયુબળ એ બન્યોની મધ્યમાં બેઠેલા છીયે, અત્યારથી કાંઇ સમજણ પડતી નથી. અરે આટલા દિવસ તો જંગલમાં ભટકી ભટકીને અન્ન પણ પામી શકયો નથી. કેવળ વનફળ અહાર ઉપર આ દેહ રહેલો છે. અરે જીવ ! તું પણ આવા વિકટ અવાસમાં ખાવાની શી આશા રાખે છે. મશાણના ઝાડુમાં ઇલાયચીનો સ્વાદ વ્યર્થ છે (એમ વિચાર કરતાં એક ખુણા ભણી નજર કરતાં પાણીનો ભરેલો ઘડો માલુમ પડયો), તેમાંથી જળ લઇને હાથ પગ ધોઇ તલવાર, ઢાલ ઉસીકા તરફ

મુકી એક વસ્ત્ર પાથરી બેસે છે) હે દેશ ! હે નાથ ! રાત્રીના દશ વાગી ગયા છે તો આ વિકટ અંધારામાં કેમ કરવું ? ચાલ હવે ઇષ્ટદેવની કંઇક પ્રાર્થના કરૂં કે જેથી રાત્રીનો વખત સહેજ ચાલ્યો જાય.

(એમ વિચાર કરીને ઇષ્ટદેવની પ્રાર્થના હાથ જોડીને કરે છે).

(૫૦૭)

રણુમલ — ગજલ.

ઇશ્કમેં તેરા કોહિંગમ સારપે લીયા જો હો સો હો.

એ રાહ.

ભય સિંધુમેં એક નાવકા, સાહરા લિયા જો હો સો હો,
ભયહારી ભેરૂ નાથકું, તન મન દિયા જો હો સો હો;
નહિ બ્રહ્મજ્ઞાનકી બાત જાનું, યોગમાર્ગ ક્રિયા સબી.
મહારાજ ચરણ સરોજકા, પ્યાલા પીયા જો હો સો હો;
ચાહે કોઉ જૈસા કહે, વૈસા કહે પરવા નહિં.
હમતો આનંદમેં સદા, રખતે જીયા જો હો સો હો;
હરગીજ હમ સબ દેખતે હૈં, શાસ્ત્રકે બહુતે પુકારે.,
પ્યારસેં માલા લીયા, જાની કીયા જો હો સો હો;
માન વોહી મહ બુખકા, દર્શન સદા કરતે રહા,
હિતકારીકે ચરનોપે, મેરા દિલ દિયા જો હો સો હો.

(પ્રાર્થના કરી રહ્યા પછી રણુમલ જરા શાંત થાય છે. તે વખતે સુમારે બાર વાગ્યાનો સમય થવાના વખતમાં તે કોટડીમાંની એક બાજુની ભીંત એકદમ હાલવા લાગી જેમાં

ખડખડાટ થવા લાગ્યો ને પછી એકદમ તે ભીંત ફાટી અને તેમાંથી એક ભયાનક પિંગલાક્ષ નામનો વિચિત્ર વેશ વાળો બ્રહ્મરાક્ષસ આવીને ઉભો રહ્યો બ્રહ્મ રાક્ષસનો વિચિત્ર દેખાવ જોઇને રણમલ ચમક્યો તો પણ શૂર મર્દ હતો તેથી ધીરજ રાખી ઉભો રહ્યો.)

પિંગલાક્ષ—કેમરે ? તમે પણ મરણ ચક્રમાં આવી ફસાયા છોકે ? આ કોટડીમાં ઘણા માણસોનો નાશ થયો છે તેમાં કોઇ જીવતો પાછો ગયો નથી તેમ કોઇપણ મારા સવાલનો જવાબ આપી શક્યો નથી જો તારે જીવવું હોય તો મારા સવાલનો જવાબ આપ. તમે જાણોછો કે મારૂં નામ પિંગલાક્ષ છે.

રણમલ—અહો ! હું ઘણો ખુશી થયો છું કે આપના દર્શનનો મને લાભ થયો. કેમકે હું એકલો આ કોટડીમાં મુંઝાતો હતો પણ અચાનક આપે દર્શન આપ્યાં તેથી હું મોટો ભાગ્યશાળી છું. આપ કોઇ મોટા દેવ જણાઓછો. માટે હું નમસ્કાર કરૂં છું. અને વિનતી સાથે કહું છું કે આપનો શો સવાલ છે. તે કૃપા કરીને કહેશો ?

(૫૮)

પિંગલાક્ષ— **મંદહની ચાલ.**

કરૂં છું પ્રશ્ન એક તુજને, તું ઉત્તર દે તુરત મુજને;
થશે કદિ ભ્રાંતિ તુજ મનને, કરૂં હું ખ્વાર તુજ તનને.

॥ દોહા ॥

જીન પરીક્ષા છલકમાં, કે રનક્ષાન હેવાન;

કહો એ સૌની મધ્યમાં, ઉત્તમ માશુક કોણ.
મઝાશામાં અને ન બને, કરૂં છું પ્રશ્ન એક તુજને,
॥ તું ઉત્તર દે તુરત મુજને. ॥

(૫૮)

રણમલ— ગજલ કાફીની.

એતો છે સેહેલ કહુ તમને, સમજ દિલમાં પડી અમને;
નથિ કંઇ ભ્રાંતિ મુજ મનને, નથિ ભય લેશ આ તનને.
પ્રેમ પદારથ અગમ છે, ભૂલે સુધ બુધ સાન;
જને દિલ ચાહે ગધિપર, તે પણ પરી સમાન.
ઘણાં જણ મોજ એમાં ગણે, એતો છે સેહેલ કહું તમને,
॥ સમજ દિલમાં પડી અમને ॥

પિંગલાક્ષ—વાહ વાહ ! મને તમારા જવાબથી ઘણો સંતોશ થયો છે. (એમ કહીને આનંદથી કૂદતો કૂદતો અને મનમાં મલકાતો નજીક આવીને રણમલને છાતી સરસો ચાંપ્યો, અને પ્યારથી હાથ પકડી ચુંબન કરવા લાગ્યો, અને કહેવા લાગ્યો કે મિત્ર મ્હારા મનના વિચાર ત્હેં જણાવ્યા તેથી તું વિશેશ ચાલાક અને બુદ્ધિવાન જણાય છે. મારા સ્વાલનો જે કોઇ ઉત્તર આપે તેનો દાસ થઇને રહું તેવો મારો ટેક હતો તે આધારે અત્યારે જરૂર હું તમારો દાસ છું. એમ સંમજી લેજે, અને મારા જેવું જે કામ હોય તે કહેવામાં વિલંબ કરશો નહિ. હું દરેક કામ કરવામાં સમર્થ છું. આ ગામનો રાજા છે તે પણ મારા ભયથી નાસતો ફરે છે. જો તમને રાજ્યની ઇચ્છા હોય તો

ને રાજ્ય ગાદી ઉપર બેસાડવા જેટલું. મારામાં પરિબળ છે, માટે બોલો તમે શું કહોછો ?

રણમલ—આપ સમર્થ છો. મારે તો હજી કોઇપણ ચીજની જરૂર નથી, પણ હું તો એક બાબતની ચોકસી માટે નીકળ્યો છું, તે હકીકત તમે જાણતા હોતો તમને કહું.

પિંગલાક્ષ—ફરકત નહિ. તમે ખાત્રી રાખજો કે જે હું જાણતો હઇશ તે બતાવ્યા સિવાય રહેવાનો નથી.

રણમલ—વિનતી કરૂંછું કે મારે બાવન સભા જોવી છે, તેનું ઠામ ઠેકાણું અને ત્યાં જવાનો રસ્તો તથા ત્યાં જઈ પહોંચવાને મને હરકત પડે નહિ તેવી ગોઠવણ માટે તમારી મદદની મારે મોટી જરૂર છે.

પિંગલાક્ષ—(સાંભળતાં તુરત એકદમ આખા શરીરમાં કંપવાના માફક ધ્રુજીને તથા નેત્ર ચઢાવી ક્રોધ કરીને પોતાનો પગ પછાડે છે પછી.)

(૬૦)

દોંડી.

અરે હાય કર્યું આત્ર બંગ મારૂં.
બીજો હોત તો હું તુર્ત ખડગ મારૂં. ॥ અરે ॥
હું ઉપકાર કર્યો જાણી પ્રેમ આણું,
મ્હારૂં ચિતડું ત્હારા વચનથી બંધાણું:
તથાપી ત્હેં કામ અતિ કઠીણ ધાર્યું, ॥ અરે ॥
જ્હાં જીવ જંત પવન નહિ પ્રવેસે,
જહાં દેવ તનુજ દાનવ નવ પેસે;

તેવું ક્રમ અસ્યા મુર્ખ હતું વિચાર્યું, ॥ અર્થ ॥
અરે આ તું શું બોલેછે? જો બીજે કોઇ હોતતો આ માહારી તલવાર નીચે એક ક્ષણમાં કાઢી નાંખત. પણ લાચાર છું કે હેં મારા સ્વાલનો જવાબ આપ્યો છે તેથી હું તારો ઉપકાર માનીને તને બચાવું છું, અને છેવટે મારૂં ન ચાલે તેનો ભેદ બતાવું છું. હેં એવી જગોનું નામ લીધું છે કે ત્યાં કોઇપણ જઇ શકતું નથી. તેમજ તે બાવન સભાનો આજ કાલ ચોવીશ વરસ થઇ ગયાં ત્યારથી પતો લાગતો નથી. તેનું કારણ પાકી રીતે મારા સાંભળવામાં એવું આવ્યું છેકે બાવન સભાનો સાજીંદા જે નિલમ બદાઇ (સુતાર) છે તેણે એક મહા બળવાન ચક્રવર્તિ રાજા આગળ જાદુઇ ક્રિયામાં ગુન્હેગાર થવાથી તે રાજાએ એક રત્નલોચની નામની મહા જાદુઇ દેવીના કબજામાં સોંપી દીધેલ છે. તે દેવીએ તેને જાનવર બનાવીને કેદ રાખ્યો છે તેને ચોવીશ વર્ષ થઇ ગયા છે. તે નિલમ બદાઇ બાવન સભાનો શેખર રૂપ સાજીંદો છે. તે કેદ હોવાથી તથા તેની આ પ્રકારે નીચી હાલત થવાથી બાવન સભા તમામ દિલગીર હાલતમાં છે. સબબ રંગ રાગ બધું બંધ છે, માટે તે કામ થવું ઘણું મુસ્કેલ છે, છતાં તમે મને ફરમાયશ કરોછો તો હું તમને માત્ર જ્યાં સુધી માહારી હદ છે ત્યાં સુધી પહોંચાડીશ, ત્યાંથી આગળ મારાથી અવાશે નહિ, માટે ત્યાં સુધી પોંહોંચાડવામાં મારી જરૂર પડેતો હું તમને આ વાળ આપું છું તે લ્યો.
(એમ કહીને આપે છે અને રણમલ તે વાળ લે છે).
આને અગ્નિ ઉપર અથવા સુર્યના તેજ સન્મુખ ધરશો એટલે

હું જ્યાં હઇશ ત્યાં આવીને તમને મળીશ. હવે હું આ રાજ્યમાં ઉપદ્રવ કરવાનો નથી, દરરોજ એક માણુસનો ભોગ લેતો હતો તેવું કામ હું કરવાનો નથી, આ સઘળા સમાચાર અત્ર સ્થાનના રાજાને તમે કહેજો, હવે હું જાઉં છું. (એમ કહીને પિંગલાક્ષ ચાલ્યો જાયછે). પછી પ્રાતઃકાળ થવાનો સમય થયો એટલે પિંગલાક્ષ ચાલતો થયો તેના ગયા પછી પાતઃકાળ થયો હતો તેથી રત્નમલ હાથ પગ ધોઇ પોતાના ઇષ્ટ દેવની સ્તુતી કરવા લાગ્યોઃ

(૬૧)

ભૈરવ.

જય ત્રિપુરાસુર મર્દન પિનાક ધર,
ગંગાધર ગિરજાધર શંકર;
મદન દહન મહારાજ દિગંબર,
॥ જય ॥.

તુજ કરૂણાથી ભવ્ય ભુવનમાં,
વિજય થયો છું આપ શરણમાં;
સંકટ મટિ થયું સુખ હિતકર ॥ જય ॥.

સિપાઇઓ વગેરે. (મકાનના પેહેલા બારણાનું કમાડ જેવો ઉઘાડવા જાય છે તેવો ગાયનનો સુર સાંભળી) અરે રાજુર રખો જરા કાન દેકે. સુનો કુચ્છ આવાજ હોતા હે.

ફેજખાંન—સચ હે. જીસકુ કોટડીમેં રખાહે વોઇ શખ્સ કુછ ગાયન કરતા હે. (એમ કહીને કમાડ ઊઘાડે છે). પછી અંદર પ્રવેશ

કરીને બીજી કોટડી ખુલ્લી કરે છે. તે વખતે રણુમલજીને જીવતો જુવે છે, અનહદ આશ્ચર્ય પામીને પૂછે છે) અય જુવાન ! તુમ ઇસ કોટડીમેં કિસ તરેહસેં બચને પાયા ? કીં કી ઇસ મકાનમેં હજારો મુસાફિર મર ગયે હેં જીસકી હડીયાંકો ઔર લાશકા પુતા નહિ લગતા, મગર તુંમકું જીતે દેખકર હમ બહુત ખુશ હુવે હેં.

રણુમલ—જેના ઉપર આ જગતનો પેદા કરનાર નાથ મેહેરબાન છે તેને કોઇ પ્રકારની હરકત આવી શકતી નથી. મહારો બચાવ શી રીતે થયો તેમજ હજારો શખ્સ કેમ મરણ પામ્યા છે તેની હકીકત આ નગરના રાજાને જણાવવાનો મારો વિચાર છે માટે ચાલો હું પણ દરબારમાં આવુછું.

સિપાઇઓ—બહુત અચ્છા આપકું બહુત ઇનામ મિલેગા, ઔર તુમ્હેરી હકીકત સુનકર ઇસ ગામમેં આપકી તારીફ ભી બહુત હોયગી.

(એમ વાત કરતાં દરબારમાં જાય છે).

પ્રવેશ ૯ મો

(સ્થળ—ચંદ્રપુરનો રાજ દરબાર.)

પાત્ર—હંસદ્ધજ રાજા, વજીર વિશ્વનાથ, ચોપદાર,
પછીથી રણુમલ, સિપાઇઓ, વિદુષક વગેરે.

હંસદ્ધજ—કેમ પ્રધાનજી ? અત્યારમાં સો ગોદાન આપવાનાં હતાં તે કોને કોને આપ્યાં ?

પ્રધાનજી—આપણા નગરમાં બ્રાહ્મણો ઘણા થોડા રહ્યા છે. સરાસરી પચાસ બ્રાહ્મણો નીકળ્યા, તેથી દરેકને બબ્બે ગૌદાન આપવામાં આવ્યાં છે.

હંસધ્વજ—બ્રાહ્મણોની વસ્તી પ્રથમ ઘણી હતી, છતાં હવે બહુજ કમી જોવામાં આવે છે.

વિશ્વનાથ—(માથું હલાવી) શું કરીએ તે ભયાનક મકાનમાં રાક્ષસના ઉપદ્રવથી લોકો બહુ ભાગવા માંડયા છે, તેમ છતાં જેટલી વસ્તી શેશ રહેલી છે તેમાંથી એક એક બ્રહ્મરાક્ષસના ભોગ થઇ પડે છે. તેમના બચાવમાં કોઇ મુસાફર દરવાજામાં પ્રથમ પ્રવેશ કરતો જણાય તેને પકડીને મોકલવામાં આવે છે. ગઇ કાલ રાત્રીએ એક મુસાફરને તેમાં મોકલ્યો છે. આ પ્રમાણે મહા બ્રહ્મ સંકટના રડાકુટા ચાલે છે.

વિદુષક—વાત ખરી છે. એકતો બ્રહ્મ રાક્ષસના રડાકુટા અને ગામમાં તેને લીધે અગીઆરમા અને બારમાના પીંડ વેહેરવાના પણ રડાકુટા ચાલતા હશે. વારૂ ! ત્યારે પ્રધાનજી તમે આ ગામમાં શી રીતે બચી ગયા.

હંસધ્વજ—પ્રધાનજી સત્ય છે. કેમકે બ્રહ્મ રાક્ષસનો વધારે ત્રાસ છે. કોઇ વાતે તેનો નાશ થાય તેવો માર્ગ દિસતો નથી, તેથી તેના આધીન થઇ ખોરાક આપવો પડે છે. શિવ! શિવ! શિવ! આ ત્રાસ કયાં સુધી રહેશે, શું આમ થાયતો આખા રાજ્યની પાયમાલી હાલત થાય એમાં કંઇ નવાઇ નથી.

વિદુ—અરે મહારાજ ! હિંદુસ્તાનમાં તો ઘેર ઘેર ઢોલક અને ઘેર ઘેર તાન અને આ નગરમાં તો ઘેર ઘેર રડાકુટા અને ઘેર ઘેર બ્રા-

રમાં દેખાય છે.

વિશ્વનાથ—ખરૂં છે. પણ જ્યાં સુધી તેનો ઇલાજ મળયો નથી ત્યાં સુધી મનવૃત અને દુઃખ આ બન્યો સહન કરવાં પડે છે.

વિદુ—ઓ વિશ્વનાથ કાકા? તમારી પ્રધાનગીરીમાંજ આ સત્યાનાશ વળયું છે.

ચોપદાર—(રાજા આગળ વરદી આપે છે. ગરીબ પરવર ! સિપાઇઓ કોઇ માણસને લઇને અહિંયાં આવ્યા છે તે અંદર આવવાને પરવાનગી માગે છે.

હંસદ્વજ—હા. આવવા ઘો.

સિપાઇ—(તસ્લીમ કરી હાથ જોડી તથા રણમલ તરફ આંગળી કરીને). યહ શખ્સકું કલરોજ કોટડીમેં બંધ કીયાથા લેકીન વોતો જીતા નીકલા હે.

હંસ—(આશ્ચર્ય પામીને) શું આ માણસને તે મકાનમાં પૂર્યો હતો તે શું ? જીવતો નીકળયો ? આહાહાહા ! ઘણી નવાઇની વાત છે. (એમ બોલી રણમલ તરફ દ્રષ્ટી કરીને) કેમ તમે કોણ છો? તમારૂં નામ શું છે?

રણમલ—હું રજપુત છું. અને મારૂં નામ રણમલ છે.

હંસ—વાહ ! વાહ ! હું ઘણો ખુશી છું કે અત્યારે તમને મારી સાથે વાત કરતાં દેખું છું. તમે તે મકાનમાં રાત્રે રહ્યા તેમાં શી-વ્યવ સ્થા જોવામાં આવી તે સવિસ્તર હકીકતથી કહો.

રણમલ—અહિંથી ઘણા દુર પ્રદેશમાં વર્ધમાન નગરનો રહેનાર છું અને હાલ કનકાવતી નગરીમાં રહું છું. હું ચહુઆણ રજપુત છું. આ સ્રષ્ટીની અનેક રચના જોવાને હું નીકળ્યો છું. કેટલાંક

ખાનગી કામ કરવાનાં છે તેની શોધ સારૂ ફરૂં છું. ગઇ કાલે સાંજરે મને કોટડીમાં આપના નોકરોએ પૂર્યો હતો તેમાં હું રાત્રે રહ્યો હતો, બરાબર બાર ઉપર એક વાગ્યાના સુમારે તે કોટડીની ભીંત થરથર હાલવા માંડી તેમાંથી સિંહનાદ પ્રમાણે ભયંકર સોરબકોર થવા લાગ્યો. એટલે હું સચેત થઇને મારી તરવાર, ઢાલ પકડી એક બાજુ ઉપર ઉભો રહ્યો કે તુરત ભીંત ફાટી ને તેમાંથી મોટો કદાવર બ્રહ્મરાક્ષસ પેદા થયો, જેનું નામ પીંગલાક્ષ છે. તેણે મારી સાથે દાંત કચરડીને ઘણું ભાશણ કર્યું. સેંકડો માણસોને મારી નાંખવાનું તેણે એક કારણ એવું બતાવ્યું કે તેના સવાલનો જવાબ કોઇ આપી શકયું નહોતું. જે સવાલ તેણે મને કર્યો તેનો જવાબ મારા ઇષ્ટદેવના પ્રતાપથી બરાબર તેને મન માનતો મેં આપ્યો તેથી મારા ઉપર ઘણો ખુશી થઇને મારી તારીફ કરવા લાગ્યો. મને મારી નાંખવાને બદલે તે મારો મિત્ર થયો અને મારી સાથે બંધાયો. હવે આ નગરમાં તેવા પ્રકારનાં ખુન થશે નહિ તેમજ તે આ નગરમાં રહેશે નહિ. આ નગરમાં હવે તેણે રહેવું નહિ એવી તેને મેં સમજ આપી છે તેથી તે જતો રહેશે. જે ઉપદ્રવ તેના તરફનો હતો તે હવે જતો રહ્યો છે.

હંસ—શાબાશ શૂરવીર રણમલજી! તમે જે આ નગર માટે ઉપકાર કર્યો છે તેની કીંમત કોઇ કરી શકે તેવું નથી; એટલુંજ નહિ પણ તેના બદલામાં સરખાવવાને કોઈ વસ્તુ પણ નથી. હે રણમલજી? તમે લોકોની જીંદગીના રક્ષણ કરનાર થયા છો તમને આખી પ્રજાનો આશિર્વાદ મળશે અને મારી બેહદ ખુશીનો

ઉદગાર હું બતાવી શકતો નથી, હવે તમે હમેશાં મારી પાસે રહો એવી મારી બલામણુ છે.

રણુમલ—આપના હુકમ પ્રમાણે અમલમાં લાવવાને કોઈ પ્રકારનો વાંધો ધારતો નથી પણુ જે કામે હું નીકળ્યો છું તે કામ થયા બાદ હું આપને જરૂર મળીશ.

હંસ—(પ્રધાન તરફ નજર કરીને ઇસારો કર્યો તેથી પ્રધાન ત્રીજોરીમાં જઇને ઉમદા જવાહીર, માણુક, સોનું વગેરે લાખો રૂપીયાનું ઇનામ આગળ મૂકીને) હે રણુમલજી ? તમે જે કામ કર્યું છે તેના બદલામાં આ ચીજ માનવી નહિ, પણુ સહેજ તમને આપવામાં આવે છે તે લ્યો.

રણુમલ—(હાથ જોડી) નામદાર આપનો હુકમ માથે ચઢાવું છું. પણુ આ વસ્તુ હાલ મને ઉપયોગની નથી જે કામ માટે હું જાઉં છું તે કામ કરીને હું જીવતો આવીશ તો લઇ જઇશ, નહિતો નાથની ઇચ્છા. સબબ એ રકમ મારા આવતા લગી અનામત રાખી મૂકશો એટલે બસ છે.

(હવે હું મારા કાર્ય માટે જવાને આજ્ઞા માગું છું).

હંસ—જ્યારે તમે એમ કહો છો ત્યારે હું નિરૂપાયથી તમને જવાને રજા આપું છું, તમે જે કામે નીકળો છો તે કામમાં સ્વાર, પાયદળ, હાથી, ઘોડા વિગેરે જે જોઇએ તે અહિંથી લઇ જાઓ.

રણુમલ—તે કામ કોઇથી થઇ શકે તેવું નથી. ફક્ત મારે પગે ચાલવાનું છે તેથી કોઇપણુ વસ્તુ મારા ઉપયોગની નથી. આટલી કૃપા આપની મારા ઉપર છે તેથી હું આપનો ઉપકાર માનુંછું.

(એમ કહીને તસલીમ કરી રણુમલ ઉઠીને ચાલ્યો જાય છે.)

હંસ—કેમ પ્રધાનજી ? રણમલ ક્ષત્રી બચ્ચો કેવો પરાક્રમી ? કેવો શૂરવીર તેની કેવી હિંમત ? ધન્ય છે તારી માતા પીતાને.

વિશ્વનાથ—હા. સાહેબ ! અત્યારે ગામમાં જે આનંદ થયો છે અને ઘેર ઘેર મંગળ ગીત ગવાય છે તે સઘળું કાર્ય રણમલ બહાદુરનુંજ છે.

હંસ—ચાલો ઘણું સારૂં થયું. હવે આપણે જમવાનો વખત થયો માટે ઉઠીશું. (એમ કહીને જાય છે).

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—એક ભયંકર વેરાન જંગલ.

પાત્ર—રણમલ, પિંગલાક્ષ, વિદુપક.

રણમલ—(સ્વગત) હે વિશ્વનાથ ! હુંતો ફરી ફરીને થાકી ગયો, કેટલાક દિવસથી ફર્યા કરૂં છું તો પણ મારૂં કામ કાંઇજ થતું નથી. શું થાય ? જ્યાં સુધી મુખ્ય સ્થાનની ખબર નથી, તેમ જ્યાં સુધી કોઇ માર્ગ બતાવનાર મલ્યો નથી, જ્યાં સુધી વિકટ રસ્તાનો માહીતગાર મલ્યો નથી, ત્યાં સુધી મનસ્વી વિચારથી આધાર વિના ભટકવું એ કેવળ વૃથા પરિશ્રમ સમજવો જોઇએ. આ ભયંકર જંગલમાં પ્રવાસ કરતાં કરતાં દિવસ ચાલ્યા ગયા છતાં કાંઇ ફળ પ્રાપ્ત થયું નહિ. આ ડુંગરોની શાખાઓમાં હજારો માર્ગ દ્રષ્ટીએ પડે છે, તથાપિ કોઇ માણસ પણ નજરે પડતું નથી, ત્યારે કયા માર્ગે ચઢીયે તો કાર્ય ફતેહ થાય ? એ સલાહ કોણ બતાવનાર ? કોને પૂછવું ?

ક્યાં જાવું ? હે ઇશ શું કરૂં કે મારૂં કાર્ય થાય ? અરે આ નજીકમાં કંઇ સિંહની ગર્જના થાય છે, માટે ચાલ જીવ કોઇ છૂપી જગોમાં લપાઇ બેસું. (એમ કહી આગળ એક છૂપા વૃક્ષના જંગલમાં બેસે છે, વળી વિચાર કરે છે.) અરે જીવ ! તું કેમ ભૂલે છે, તને જે પિંગલાક્ષે વાળ આપ્યો છે તેનો ઉપયોગ કરવા કેમ ચુકે છે. (એમ યાદ આવવાથી પોતાના ઘુંજામાંથી વાળ બહાર કાઢે છે તેને સૂર્ય સામે ધરે છે એટલે પિંગલાક્ષ હાજર થાય છે.

વિદુષક—નાશ બાપલિયા ! આ મોટો ખોખંદર આવ્યો.

(૬૨)

પીંગલાક્ષ— વણઝારો.

॥ પ્રિય મિત્ર વિના અહોભાઈ ॥ એ રાહ.

શૂં કામ છે મિત્ર હમારા, છે પ્રણામ તમને હમારા,
કયમ વિકટ પંથમાં ફરો છો, શો વિચાર ચિતમાં કરોછોરે,
આ માર્ગ છે બહુ નઠારા, છે પ્રણામ તમને મારા.
॥ શું કામ છે મિત્ર ॥
કયાં લગિ પ્રયાણ કરવું છે, કહો કયાં જઇને ઠરવું છે રે;
શા દિલના છે વરતારા, છે પ્રણામ તમને મહારા.
॥ શું કામ છે મિત્ર ॥
સહુ કામ તજી અહીં આવ્યો, નથી ઉપાધી સાથે લાવ્યો રે;
ઓ નેત્ર તણા પ્રિય તારા, છે પ્રણામ તમને હમારા.
॥ શું કામ છે મિત્ર ॥

પ્રિય મિત્ર શું કામ છે? કહો કેમ ખુશીછો ને ?

રણુમલ—હાજી. હું આ જંગલમાં ભટકુછું પણ કયે રસ્તે જવું તેની મને સૂજ પડતી નથી.

પિંગલાક્ષ—હા એતો હું જાણુતોજ હતો કે મારૂં કામ પડશે માટે સિંહાદ્રિ પર્વત ઉપરથી વિલંબ નહિ કરતાં એકદમ તમારી પાસે આવ્યો છું. માટે હે મિત્ર મ્હારી શી જરૂર છે?

(૬૩)

રણુમલ— **ધના શ્રી પદ.**

હમારો કોઉ નહિ, ભૈરવ બિન હમારો.

એ રાહ.

તુજ વિણુ કોણુ સહાય, વિપતિમાં તુજ વિણુ કોણુ સહાય,
ત્રણુ શહસ્ત્ર યોજન લબાઈ, કયમ કરી મુજથી જવાય.
॥ વિપતિમાં તુજ વિણુ કોણુ ॥
વિકટ જંગલ જોઇ હું ગભરાયો, ચિત મારૂં અકળાય;
॥ વિપતિમાં તુજ વિણુ કોણુ ॥
કૃપા કરી મને માર્ગ બતાવો, સેહેલથી તુરત જવાય;
॥ વિપતિમાં તુજ વિણુ કોણુ ॥

(રણુમલે બ્રહ્મ રાક્ષસનાં વખાણુ કર્યાં એટલે પોતે ઘણો ખુશી થઇને પછી).

પિંગલાક્ષ—ભાર શા છે? મિત્ર! જોકે મારી હદ ત્રણુ હજાર યોજન એટલે બાર હજાર ગાઉ સુધીની છે, ત્યાં સુધી તમને હું મારા ખભા ઉપર એસાડી ઉચકીને આકાશનો માર્ગ પકડવાનો છું. સાત દિવસ અહોરાત્રી મુસાફરી કરીશ ત્યારે તે જંગલનાં

તમને મ્હારી હદ ઉપર મૂકીશ માટે તમે મ્હારા ખભા ઉપર બેસો.

(એમ કહી રણમલને ઉચકીને ખભા ઉપર બેસારી ત્યાંથી આકાશનો માર્ગ પકડી ચાલવા માંડે છે).

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—વિચિત્ર પાહાડી જંગલ.

પાત્ર—રણમલ, ગુરૂ ગોરક્ષનાથ, તથા જંગનાથ, ચેલા વગેરે.

રણમલ—(સ્વગત) શિવ ! શિવ ! શિવ ! મ્હેં કેવળ વગર વિચાર્યુંજ કામ કર્યું છે. પીંગલાક્ષતો પોતાની હદ સુધી મૂકી ગયો ત્યાર બાદ તેના બતાવ્યા પ્રમાણે બે મહિનાથી હું ડુંગરોમાંજ ફરૂં છું, તથાપિ કશો પતો લાગતોજ નથી તથા કોઈ માણસ પણ મળતો નથી. પાંચ મહિના તો વહી ગયા તેમાં કશું કાર્ય થયુંજ નથી, અહિયાં કોણ માર્ગ બતાવે તેવું છે, કેવળ વૃથા ફાંફાં મારવાનાંજ રહ્યાં છે. પિંગલાક્ષથી અહિયાં અવાય તેવું નથી એ વાત નિશ્ચય ત્યારે હવે મારે શું કરવું. હે દૈવ શું ? મારો પ્રાણ અહિયાંજ પડવાનો ? શું રણમલ હવે કનકાવતી નગરીમાં યુવરાજને મુખ બતાવશે ? દુનિયામાં હાંસી થવા કરતાં મરવું ઉત્તમ છે. જેટલી કિર્તિ મેળવી છે તેનાકરતાં હવે હું કાર્ય સફળ કર્યા વિના જાઉંતો દસગણી હાંસી થવાનો પ્રસંગ છે. પાછો જાઉં તો પણ ચોક્કસ રસ્તો યાદ રહ્યો નથી,

જેમ મનમાં આવે એમ રસ્તો જોઇને આવ્યો છું. આ અઘોર વનમાં દિશાની પણ સુજ પડતી નથી અને આગળ કેટલું જવાનું છે તેનો પાર જડયો નથી, ભટકી ભટકીને મરી જવું તેના કરતાં આ દુઃખદાયક દેહનો વિનાશ કરવો એજ ઉત્તમ છે (એમ વિચાર કરી ચારે બાજુ નજર કરતાં એક ડુંગરની ઉંચી ટેકરી તેના જોવામાં આવે છે અને તેના નીચે એક મોટી નદી વહેતી જણાય છે). અરે નાથ આ સન્મુખ મોહોટો પહાડ છે તેના શિખર ઉપર ચઢીને નદીમાં પડતું મુકું તો મારા શરીરના મડદાંને અગ્નિદાગ દેવાની જરૂર નહિ પડે, કેમ કે જળદાગ ઉત્તમ ગણાશે (એમ કહી) ચાલ્ર જીવ એજ ઉપાય શ્રેષ્ટ છે (એમ વિચાર કરીને પાહાડના ટેકરા ઉપર ચઢીને પડતું મુકવાને તૈયાર થયો તે વખતે પોતાના મનના ઉદગાર બહાર પડે છે. તે બાબતનું એક ગાયન ગાય છે.

(૬૪)

બીહાગનો જીલ્લો.

હાય એ રોગ પરી તૂ કેસા

એ રાગ.

હાય હવે શૂં કરૂં ઓ ઇશ્વર,
રે જગદીશ્વર પરમ કૃપા કર.
શૂં મૂખ લઇ હૂં બતાવું મહારૂં,
જીવ્યાથી આ મૃત્યુ સારૂ. ॥ હાય ॥
હાય દિગંબર દાસ તણી આ વાણી ઉરમાં ધરજે,
આવું છું તુજ ચરણ કમળમાં નકી હાથ પકડજે. ॥ હાય ॥

હે નાથ ? હે સ્થરાચર વ્યાપક તું હવે ત્હારા શરણે મને ખેંચી લેજે (એમ કહીને જેવું પડતું મૂકવા જાય છે તેવો એક ગેબી આવાજ થયો) અયે જુવાન ? તું કયા કરતા હે ? તું આત્મહત્યા કરતા હે સો બડા પાપ હેં, ઇધર આ, તેરી મુરાદ બર લાયગા.

આ શબ્દ સાંભળી ત્યાંથી આમ તેમ ચમકતો અને ગાભરો થતો કોણ બોલે છે તે ચારે બાજુ જોવા લાગ્યો, પણ પતો લાગ્યો નહિ, તેથી નિરાશ થયો અને વિચારવાલાગ્યો કે અરે જીવ ? તું કેવા ફુટેલા નશીબનો કે કોઇ મહાત્મા પુરૂશનું નીકળેલું વાકય સાંભળ્યા છતાં તેના દર્શનને હું પામી શકયો નહિ. શું તે મહાત્મા હશે ? કે શું પિંગલાક્ષજેવો બીજો કોઇ હશે. ગમે તેમ હો હવે ડરવું શા માટે. ભલે યક્ષ હોય, ભલે રાક્ષસ હોય, કે ભલે કોઇ ક્રૂર પ્રાણી હોય તો પણ મને લેશ ડર નથી. આ શરીરનો કોઇ પણ પ્રકારે નાશ કરવો છે તો પછી ગમે તે રીતથી હકીકત થાઓ (એમ કહીને કેટલીક વાર ઉભો રહે છે પછી વિચાર ફરીથી કરે છે કે) અરે ! કોઇ જ નહિ ? ચાલ જીવ નાહક શું કરવાને ઉગરી જવાને ફાંફાં મારે છે. ચાલ હવે તો વિચાર કર્યા વિના પડતું મૂકવુંજ જોઇએ. (એમ વિચાર કરી ફરીથી પડવાની તૈયારી કરેછે).

(૬૫)

ભૈરવી.

હાયરે નશીબ શું દગો.

એ રાહ.

(આ) તુચ્છ જિંદગાનિને હું શું કરૂં,
ગિરિશ્રૃંગપર ચઢીપડી નકી મરૂં;
હે જગ તાત સુમતિ આપ,
કષ્ટ કાપ ત્રિવિધ તાપ.
તુજ પ્રતાપ જપુ જાપ,
પાપ કાપ જે અમાપ;
ચરણમાં ઠરૂં ફરી જન્મ નહિં ધરૂં,
જો જો નાથ તું,
કર દ્રષ્ટી તન હરૂં ॥ તુચ્છ જીંદગાનીને હું. ॥

હે જગતપિતા ! હે નાથ ! આ તારા સેવક રણમલને સંભાળી લેજે (એમ કરી જેવો પડવા જાય છે તે વખતે ફરીથી અવાજ થાય છે.)

ગેબીનાદ—એ રજપૂત ખબરદાર ગિરના નહિ ઇધર આઓ.

(આ પ્રમાણે સાંભળી ક્યાંથી નાદ આવે છે તેણે ચોકસ નક્કી કરીને તે તરફ ગયો ત્યારે એક પહાડના બન્યો શિખરનાં સાંધામાં એક ટેકરા ઉપર ઉત્તમ પ્રકારની ઝુંપડી બનાવેલી નજરે જોવામાં આવી તે વખતે આનંદમય અદ્વૈત મતનું ગાયન ગુરૂજી શિષ્ય સહવર્તમાન મળી ગાતા હતા ત્યાં એક બાજુએ જઇ રણમલ ઉભો રહે છે.

(૬૬)

કાન્હડો વાગેશ્વરી.

ઘર જાનેદે છાંડ મોરી બૈયાં.

એ રાહ.

મન સોહં સોહં ભજલે,
સોહં સો પ્રણુમ મંત્રકું;
ગુરૂ ગમસેં તું સમજલે. ॥ મનસોહં સોહ ॥
જુઠી માયા જુઠી કાયા,
જુઠ જગત એ નિરખલે;
સચ્ચા બેલી નાથ દિગંબર,
ઉનકી સેવા સજલે. ॥ મનસોહં સોહં ॥
આદિ અંત નહિ જીનકું પ્યારે,
ચૈતન રૂપકું યજલે;
ફિરિ ફિરિ મનુષ દેહ નહિ પાવે,
કામ ક્રોધ સબ તજલે. ॥ મનસોહ ॥
॥ સોહં સો પ્રણુમ ॥

(ગાયન થઇ રહ્યા પછી તુરત.)

રણુમલ—(ગોરખ મહારાજના ચરણમાં માથું નમાવી સાષ્ટાંગ દંડવૃત કરીને) મહારાજ આપના ચરણાર્વિંદમાં નમસ્કાર કરૂંછું.

ગોરખનાથ—બચ્ચા આનંદ રહો, કયા સબબસેં મરનેકી તૈયારી પર તેરા ચિત્ત પ્રવર્ત ભયા.

રણુમલ—મહારાજ તમે સ્મર્થ છો. બીજાના તનની અને મનની સઘળી વાત જાણો તેવા છો તેમ આપ મહા યોગી છો.

ગોરખ—સત્ય હે. યદપી તું છત્રિપના છોરકે અબલા નામ, સ્રીકા જો ધર્મ હે ઇસકુ ક્યોં પકડકર બેઠા?

રણુમલ—(નીચું માથું રાખીને) મહારાજ આપ સ્મર્થ છો તેથી

હું શું ઉત્તર આપું ? મારો ઉદ્યોગ ફળીભૂત ન થયો તેથી હું મરતો હતો.

ગોરખ—શો ક્યા કહું છત્રિકા ધર્મ હે ? દેખ પાંડુ કુલમેં અર્જુનકા પુત્ર અભિમન્યુ કું કપટસેં કૌરવ પક્ષવાલે સબ મિલકે મારા ઔર ત્યામેં મુખ્ય જયદ્રથ થા ઉસ્કુ મારનેકા અરજુનને નિશ્ચય કીયાથા સો નિશ્ચયકા વખત-નજીક આયા તબ વો અરજુન આત્મહત્યા કરનેકું તૈયાર હુવા ઉસી બખત શ્રી કૃષ્ણને ઉસ્કું બોધ દીયા હે કી આત્મહત્યા કરનેકા કામ છત્રિકા નહિ હૈ ઐસે તું કેવળ પાજી પનકા કામ કરતાહે સો તું બરાબર છત્રિ નહિ હૈ ઐસા તું છત્રિ ગૌબ્રાહ્મનકા ક્યા રક્ષન કરેગા ?

રણમલ—મહારાજ ! આર્ય ધર્મ રક્ષણને કાજ આ માથું અર્પણજ કરી મૂકેલું છે. આ શરીરમાં જે તત્વ છે તે ધર્મ રક્ષણને માટે શરીર સાથે સંબંધ આપે તેવું નથી. જેમ દિપકમાં તેજથી પતંગીયો મોહ લુબ્ધ થઇને પડી મરે છે તેમ ક્ષત્રી વર ધર્મ રૂપી દિપકમાં આ શરીર જે તે વખતે લય થવાને માટેજ નિર્માણ કર્યું છે, છતાં મારી આત્મહત્યા મરવાના ડરને લીધે નહોતી ફક્ત હું શું મોઢું લઇને બતાવું તેની ટેકને માટે શરીર અર્પણ કરતો હતો.

ગોરખ—હાં તું ઐસા શૂર હેં ? કોનસે રનખેતમેં તું યુદ્ધ કરકે આયા ? કદાપિ તેરા ચિત ઐસા ધૈર્યવાન હૈ તો તું કોનસે શત્રુકું મારે એસાહે સોબતા ?

રણમલ—મહારાજ, જ્યારે આ શરીરના બચાવ માટે હું દરકાર નથી રાખતો ત્યારે આપ જે કામ કરવાને માટે મોકલો અગર મ-

ત્યુ થાય તે જગોએ મોકલો તો ત્યાં જઇને કાંતો મરૂંછું કે જીવું છું, તો યુદ્ધ કાર્યમાં વિજય થઈ મારીને આવું છું આ એ વાતથી ત્રીજી વાત હું સમજું નહિ.

ગોરખ—ઇસિમેં તું કયા મારતા હે વો તો કાલ ચક્રમાં સબ મર ગયે હે. શરીરકા જીતના વિકાર હે ઔર ચંચલ મન હે ઉસકું જીતના તબ ઉસકું મહાશૂર કહેતે હેં.

રણમલ—(બન્યો ચરણમાં માથું મૂકી) મહારાજ આપ સમર્થ છો. આપ સર્વ વિકાર રૂપ શત્રુને જીતનાર મહાશૂરા છો. હું તો ફક્ત હુંપદપ્રાણામાં શરીરનો નાશ કરનાર છું, માટે મારૂં બોલવું મિથ્યા જાણી અપરાધ ક્ષમા કરશો.

ગોરખનાથ—અચ્છા બચ્ચા ! આનંદ રહો, એ જગનાથ પ્રસાદી લ્યાતા હો સો પાલ્યો (એટલામાં જગન્નાથ એક મોટા પાંદડામાં ખાવાનું લાવીને રણમલના આગળ મૂકે છે અને કહે છે કે ગુરૂની પ્રસાદી પાઓ.)

રણમલ—(પ્રસાદી હાથમાં ઝાલી ભોજન કરે છે) અહાહાહા ! મહારાજ મોટા ભૂમંડળમાં સમર્થ રાજાઓના રસોડામાં પણ આવા પ્રકારનું ભોજન જોવામાં આવ્યું નથી, આપની સન્મુખ અષ્ટ સિદ્ધિઓ હાજર છે. ઇંદ્ર સરખા દેવ પણ આપના યાચક છે. આપના તપ બળથી પૃથ્વીમાં રસ કસ રહેલો છે. હે ગુરૂ હું આપના દર્શનથી કેવળ પાપમુક્ત થયો છું. મારા અંતઃકરણના સઘળા ઉદ્વેગ દુર થઇને અહિંયા કેવળ શાન્તી પ્રાપ્ત થઇ છે.

ગોરખ—અચ્છા સચ્ચા હે એ સબ નાથ પ્રતાપસે સિદ્ધિમાં પ્રાપ્ત

હોતીહૈ (પછી ધ્યાન ધરીને કેટલીકવાર થયા પછી નેત્ર ઉ-ઘાડીને રણમલ સન્મુખ દ્રષ્ટીકરીને) ક્યૌં બચ્ચા ? તેરી મુરાદ કુચ્છ બાવન સબાકે સાજીંદેકું મિલનેકું હૈ, ક્યૌં સચ કે જૂઠ.

રણમલ—હા ગરીબ પરવર આપ ઘટઘટના વ્યાપક છો તેથી જાણીશકો તેમાં આશ્ચર્ય નથી.

ગોરખનાથ—(કેટલોક વિચાર કરીને પોતાની ઝોળીમાંથી વસ્તુ કાઢીને રણમલ તરફ) બચ્ચા તું મેરી પાસ આવ. (એ સાંભળી રણમલ નજીક જાય છે અને તેના કાનમાં એક મંત્ર આપે છે પછી) ક્યૌં સમજ લીયા ? યહ યંત્ર યાદ રખના ભૂલના નહિ ઔર યહ મંત્ર તુજકું દેતાહું સો તેરે બાહુ કે ઉપર બાંધ લેના ઔર દેખયે સિધે રસ્તેપૈં ચલા જાના ફીર આગળ જા કર દો રસ્તે મિલેગે ઉસે દાયે રસ્તેકું છોડકર બાંયે રસ્તેકો પકડના, નાથકી કૃપાસેં તેરી મુરાદ હાંસલ હોગી. ઔર દેખ દુસરા ખુલાસા તેરેકું દેતાહું કી વો રક્ત લોચની દેવીકે સામને તું જા પહુંચે તબ યહ મંત્રકું પઢકર તલવાર ઔર અપને બદનપર દમકરના ઔર યહ યંત્ર જો તુમ્હારી પાસ હૈ ઉસ્કેપર ડાલદેના બાદ અપને તઇ બચાકર ઉસ રક્ત લોચનીકેપર તરવારકા હાથ મારના, નાથકી કૃપાસે કામ સફલ હોગા.

રણમલ—(ગુરૂ ગોરખનાથના ચરણાર્વિંદમાં નીચું માથું નમાવીને) મહારાજ સર્વે આપની કૃપાથી થવાનું છે હું કંઇ કરી શકવાનો નથી બધો આશીર્વાદ આપનો મને ફળદાયક થવાનો છે. હવે હું આપની આજ્ઞા હોય તો જાઉછું.

ગોરખ—અચ્છા બચ્ચા જાઓ. ઔર કામ સફલ કરો.

(રણમલ માથું નમાવીને જાય છે).

અંક ત્રીજો.

પાત્ર જન.

રણમલ..........................કામસેનનો મિત્ર.
રક્તલોચની....................જાદુઇ કામ જાણનાર દેવી.
નિલમ બઢાઇ..................બાવન સભાનો સાજીંદો.
વસંતતિલિકા..................પરી.

રક્ત પરી
રસરંગ પરી
આનંદ પરી
મનમોજ પરી
ચિત્તચોર પરી
મદમસ્ત પરી
દીલદાર પરી } બાવન સભાની નૃત્ય કરનારી પરીયો.
સરદાર પરી
ચિતચાહુ પરી
ગુમાન પરી
ગુણઆન પરી
મહાતાન પરી
ચંદ્ર પ્રભા

કરણસિંહ......................કનકાવતી નગરીના રાજાનો પેહેરેગીર.
ધિરસિંહ... ... ... ,,
તખ્તસિંહ... ... ... ,,
કામસેન. ... ... રાજકુમાર.

બિહારી. ... ... કામસેનનો ખાનગી નોકર.
કિર્તિધ્વજ ... ... કનકાવતી નગરીનો રાજા.
પ્રધાન... ... ... કિર્તિધ્વજનો મંત્રી.
ચોપદાર ... ... કિર્તિધ્વજનો છડીદાર.
વિદુષક ... ... મશ્કરો.
સુમનપરી ... ... ઇંદ્રની અપ્સરા.
કુસુમવિચિત્રા ... ... કામસેનની સ્ત્રી.
વિજયા } કુસુમ વિચિત્રાની દાસી.
મદલેખા
ઇંદ્ર ... ... સ્વર્ગનો રાજા.
તિલોત્તમા } ઇંદ્રની અપ્સરા.
ઉર્વશી
દેવમુનીમંડળ ... ... ઇંદ્ર સભામાં બેસનાર.
શ્વેતકેતુ ... ... કુસુમવિચિત્રાપર પ્યાર રાખનાર સ્વર્ગનો યક્ષ.

વિશાકુંભ
કુંભ
કીટક
ચેટ
મહાચેટ
વક્રાક્ષ
ધુમ્ર
શૈલ
} ઇંદ્ર રાજાના નોકર.

માનમંજરી ... ... કિર્તિધ્વજની પુત્રી.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—એક વેરાણ પહાડી જંગલ. રકતલોચનીનો મહેલ.

પાત્ર—રણમલ, રકતલોચની, નિલમ બહાઇ.

રણમલ—(સ્વગત) મહાત્મા પુરૂશોનું વાકય મિથ્યા થતું નથી. જે રસ્તે તેમની આજ્ઞાથી હું ચઢયો તેથી મારો ઈરાદો નાથ તથા ગુરૂ કૃપાએ પાર પડશે એમ લાગે છે. ખરેખર નજરે જોતાં જાણે કોઇ ગંજાવર સહેર હોવું જોઇએ કેમકે છેક આગળ કોઇ ભવ્ય મકાન આકાશ સાથે વાત કરતું દેખાય છે (વળી આગળ જાય છે એટલે) અરે આ પહાડમાંથી ભયંકર નાદ શાનો થાય છે.

(એમ વિચાર કરી કાનદઇને સાંભળે છે.)

રકતલોચની—(એક મુસાફરને આવતો જોઇને) એ જુવાન તું કયાં જાય છે. આ હદનો મારો ચોકી પેરો છે તે શું તું નથી જાણતો ? મોટા યક્ષ અને બ્રહ્મ રાક્ષસો પણ મારી આજ્ઞા ઉલંઘન કરીને આવી શક્યા નથી છતાં તું અહીં સુધી આવી પહોંચ્યો માટે જરૂર તું કાળવશ થયો છું. હવે તું શા વાસ્તે ફાંફાં મારે છે તને અને મ્હોતને ક્ષણ માત્રનું છેટું છે. હું ઉઠીને તને પકડું તે કરતાં તુંજ મારા મુખમાં બેસીજા એટલે બસ છે. અહો ઘણે દિવસે મનુષ્યના આહારનો લાવો આજ

મને મળે છે. (એમ કહી કૂદકો મારી રણમલના સન્મુખ દાંત કચડાવી અને ભયંકર અવાજ કરતી નજીક આવી).

રણમલ—ખબરદાર ! હુશિઆર થઇને મારા સામી આવજે આ તલવાર હારા લોહીની તરસી છે.

રક્તલોચની—અરે ચાંચડ તું શું બોલે છે ?

રણમલ—હું બકતો નથી પણ બોલું છું. હું ચાંચડ એવો છું કે હાથીના સરખા મોટા પ્રાણીના કાનમાં પેસીને તેનું માથું જમીન સાથે પછાડી નંખાવું તે હું ચાંચડ તારા સામો હાજર થયો છું યાદ રાખ.

રક્તલોચની—(દાંત કચડાવી) તું મારા હાથથી જરૂર નાશ પામનારો છે, હારી શી ગુંજાસ છે, તને હું હમણાંજ નાશ કરૂંછું, જરૂર હારો કાળ આવી પહોંચ્યો છે, અલ્યા તું અલ્પ પ્રાણી જેવા ચાંચડવત મ્હારા સામે ગુમાન કરે છે, શું તું નથી જાણતો કે હું કોણ છું.

રણમલ— (૬૭)

સતારની ગત.

મુજે નાદાન તુએ જાન ન જાન.

એ રાહ.

અરે નાદાન શું બોલે ગમાર,
ચાલ ચાલ નથિ વાર થા તૈયાર મારૂં હાર ॥ અરે નાદાન
કેમ તું કરે વાર, બોલ શો છે વિચાર,
તાકાત વિચાર હારી, તલવાર તું જો આ મારી,

છેદૂ ભેદૂ કાયા હારી, છોડુ ને તુજને હત્યારી,
આવે ઝડપથી શસ્ત્ર, પકડ થા તૈયાર તૈયાર.

॥ અરે નાદાન ॥

રકતલોચની—અલ્યા સંભાળી સાવધ થા (એમ કહીને રણમલ્લ તરફ ધસે છે).

રણમલ્લ—(ગુરૂએ આપેલો મંત્ર ભણીને તલવાર ઉપર તથા પોતાના શરીર ઉપર દમ કરીને તૈયાર થયો પછી) ખબરદાર જો આવીતો મારી નાંખીશ.

રકતલોચની—(ભયંકર અવાજ કરીને હથીયાર પકડીને રણમલ્લ ઉપર કૂદકો મારે છે) જો સંભાળજે.

રણમલ્લ—(તેનો હાથ બચાવી ગુરૂએ આપેલો મંત્ર ભણી યંત્ર હાથમાં પકડી જોરથી રકતલોચની ઉપર ફેંકી માર્યો).

રકતલોચની—(એકદમ યંત્ર અને મંત્રબળથી જમીન ઉપર ઝુકીને) અરેરે આ વજ્ર કયાંથી મારી છાતીમાં વાગ્યું (એમ કહીને જેવી ઉઠવા જાય છે એટલે)

રણમલ્લ—(તુરત ફરી મંત્ર યાદ કરીને તેની ગરદન ઉપર તલવારનો ઘા કર્યો કે તુરત કાકડીની માફક તેના બે કકડા થઇ ગયા ને તુરત મૃત્યુ પામી).

રકતલોચનીના મૃત્યુ પછીનો દેખાવ.

રક્ત લોચનીના મુવા પછી એકદમ અંધારૂં થઇ ગયું, ચારે બાજુથી શોર બકોર વિશેષ થવા લાગ્યો, આકાશમાં ગડગડાટ થવા લાગ્યો, ઠેર ઠેર ધુમસાણુ પડવા મંડી તેમાં ડરામણો ઘોર શબ્દ તથા અંધકાર થઇ ગએલો જણાયો, થોડીવાર એમ રહ્યા

પછી તુરત અજવાળુ થયું.

રણુમલ્લ એકદમ બહાવરો થઈ ગયો, અજવાળુ થયા પછી ધીરજ આવી અને ચારે બાજુ જુવે છે ને વિચાર કરે છે.

(સ્વગત). અરે દૈવ, એકદમ અંધારૂં શું થઇ ગયું અને આ ચારે બાજુ અવાજ શાના થયા ? એ કંઇ સમજાયું નહિ. અરે તે પણ થતા બંધ થઈ ગયા ત્યારે હવે તે તોફાન કરનાર કોણ હશે (આગળ જાય છે એટલે) અહા હા હા ! જેને મેં તલવાર મારી છે તેનું કેવડું મોટું કદાવર શરીર દેખાય છે. કે જેના ધડમાંથી લોહીનો એક નાનો સરખો ઝરો વહ્યા કરે છે. હે નાથ ! હે ગુરૂ ! તમારી કૃપા વિના એક પણ પાંદડું હાલી શકતું નથી. (એમ કરી બાજુ ઉપર દ્રષ્ટી કરી ત્યારે) અરે જે મોટું મકાન દેખાતું હતું તેતો ગેબ થઇ ગયું અને ચાર વાંસડા ગળીયેલ દોરડેથી બાંધેલા ફક્ત દેખાય છે જેમાં કેવળ જનાવરો ગરીબ અવસ્થામાં પડી રહેલાં છે. (જરાક આગળ જાય છે એટલે) લાલ ચમકતો પદાર્થ તેની નજરે પડતાં અહા હા હા હા !! શું ? આકાશમાંથી મંગળનો તારો ખરી પડયો છે કે કેમ ? અરે જીવ આ વસ્તુ હાથમાં લઉં કે નહિ. રખેને કદી તેમાંથી કંઇ તોફાન તો નહિ થાય ? નહિ નહિ હવે શું હોય ? (એમ વિચાર કરીને વસ્તુ હાથમાં પકડે છે કે તુરત એક ધડાકો થયો પછી ચાર વાંસવાળાં પીંજરાં ઉપર જેમ વીજળી ચમકે તે પ્રમાણે તેજનો પ્રતીબીંબ તે વસ્તુમાંથી પડયો જેથી રણમલની આંખ્યો અંજાઇ ગઇ, પછી નેત્ર ઉઘાડીને જૂવે છે

ત્યારે વાંસમાં જે પીંજરાં જનાવરવાળાં લટકતાં હતાં તે પણ ગેબ થઇ ગયાં પણ ફક્ત એક જુવાન માણસ ઉભેલો નજરે જણાયો તે રણમલના પગમાં માથું નમાવીને હાથ જોડી ઉભો રહ્યો.

રણમલ—(મનમાં આશ્ચર્ય પામીને) તમે કોણ છો ?

નિલમબઢાઈ—જનાબ ! હું નિલમ બઢાઇ નામનો બાવન સબાનો સાઝીંદો છું.

રણમલ—(તેને પ્રેમયુક્ત છાતી સરસો ચાંપીને) અહો મિત્ર ! હું તને મુક્ત કરવાને માટેજ અહિં સુધી આવ્યો છું. આ રક્ત લોચનનો નાશ કર્યો છતાં નિલમ બઢાઇ કેમ જણાતો નથી તેના માટે હું મોટા વિચારમાં હતો.

(૬૮)

બીહાગની ઠુમરી.

॥ બનબન મનમાંરે મેંતો ભટકા પીર ॥ એ રાહ.

તન મન ધન વારો તોપેં ગુન નિધાન,
દારૂન દુખસે છુડાયો મુજકો,
મેં ગૂલામ હું જન્મ જનમકો,
રાજ તુમ્હારે શરન ભયો મેં,
કરિ નિદાન અરપું મેં પ્રાન.

॥ તન મન ધન ॥

હે વિર સુભટ ! તમારા પ્રતાપથી મારો છુટકારો થયો છે. તમામ જાદુઇ ક્રિયા કરનાર આ રક્તલોચની હતી તેણે મારે માટે આ બધો ખેલ કર્યો હતો પણ ઘણા વરસથી મને

પક્ષી બનાવી કેદ રાખ્યો હતો. મંગળના તારાના તેજને પણ માત કરે તેવી વસ્તુ કે જે કીમતી જવાહીર રક્ત લોચનીના કબજામાં હતું તેની કીમત સેંકડો બાદશાહીની દોલત ભેળી કરીએ તો પણ તેની સરખાવટમાં આવે નહિ તેવી અમુલ્ય વસ્તુ આપને મળી છે.

રણુમલ—ઠીક છે એ પણ નાથ કૃપાએ આપણુને વસ્તુ પ્રાપ્ત થઇ પણ તમે કયા દેશના રહેનાર છો ?

નિલમબકાઇ—આ બધો પ્રદેશ અમારો છે અને હું બાવન સભાનો સાહેજાદો છું. સઘળી પરિયો મારા કબજામાં છે તે બાવન સભા હાલ કયાં હશે, તે સઘળી પરિયો કયાં કયાં વિખેરાઇને મારા વિયોગથી આંખ્યોમાં નીર લાવતી હશે તે હું કંઇ કહી શકતો નથી; કેમકે ચોવીશ વર્ષથી આ રક્તલોચનીના સપાટામાં સપડાયો હતો તે આજરોજ આપના પ્રતાપથી મારો છુટકારો થયો છે.

રણુમલ—(મનમાં ખુશી થઇને) મુખ્ય પ્રતાપ નાથનો હોવો જોઇએ, ત્યારે હવે તમે શો વિચાર કરો છો ?

નિલમ—ગરીબપરવર હું શો વિચાર કરૂં. આજના દિવસનો આનંદ હું કહી શકતો નથી. આપના હુકમ શિવાય એક ડગલું પણ આગળ મૂકવાને શકિત ધરાવતો નથી. આપનો ઉપકાર મારા ઉપર અત્યંત છે તેનો બદલો મારા શરીરના ચામડાના જોડા શીવડાવી આપું તે પણ હિસાબમાં નથી તથાપિ અત્યારે હું નિરંતરને માટે આપનો દાસ છું સબબ જે કામ કાજ હોય તે મારા જેવું ફરમાવવું જોઇએ. આ ભયાનક વિચિત્ર પહાડી

જંગલમાં આવવાને કોઇ પણ શકિતવાન નથી છતાં તમે અહિં આવ્યા તેથી મારૂં સાર્થક થયું છે.

રણમલ—(તેની પાસે જઇ તેના ગળા ઉપર હાથ મૂકી) મિત્ર તમે એમ નહિ ધારશો કે હું કોઇ ગૂમાની છું. હવે તમારી સાથે મને મિત્રતા થઇ છે. પરાયું કામ કરવું એ દરેક માણસનું કામ છે તમારા છૂટકારા સંબંધે જેટલો તમને આનંદ થયો છે તેટલો મને પણ થયો છે. મારા તરફથી એક તસ્દી તમને આપવાની છે.

નિલમ—આપ શંકારહિત થઇને કહો, જે હુકમ ફરમાવશો તે કરવાને હાજર છું.

રણમલ—કનકાવતી નગરીમાં રાજકુમાર કામસેનની પાસે બાવન સભાનો નાચ કરી બતાવવો છે તેથી તમારે જેમ બને તેમ જલદીથી ત્યાં જવું જોઇએ કેમકે તે કામ કરવાને મુદતના દિવસ બહુ થોડા રહ્યા છે.

નિલમ—હુકમ માથે ચઢાવું છું. તે સઘળું કામ અટપી લેવાને તથા તમામ પરિયો કયાં છે તેની શોધ કરવાને અને હું મારા બાળ બચ્ચાને તથા કુટુંબને મળવા માત્ર એક અઠવાડીયાની મુદત માગું છું તો કૃપા કરી મને તેટલી છુટ આપો તો હું ત્યાં જઇને આ જંગલમાં આપને મળીશ. મારા આવતા સુધી આ જંગલમાં આપ રહેજો.

રણમલ—બહુ સારૂ. તમે આઠમે દિવસે આવજો હું આ જંગલમાં ગમે ત્યાં હોઇશ. હવે તમે જલદીથી જાઓ અને વેહેલા આવો.

નિલમ—બહુ સારૂ.

(એમ કહીને જાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળ—એક ભયંકર જંગલની વાવ્યમાં વિચિત્ર બારણું.

પાત્ર—રણમલ.

રણમલ—(સ્વગત) નિલમ બહાઇ; એતો આઠ દિવસની મુદત બતાવીને ગયો તો ખરો પણ તે દિવસ હવે વિતવા આવ્યા. આ જંગલમાં હવે બિલકુલ ગમતુ નથી આજે તો ભમી ભમીને થાકી ગયો છું પણ શીકાર હાથ આવ્યો નહિ. આજની રખડ કેવળ દસબાર ગાઉની થયેલી છે બપોર વીતી ગયા. મૃગ સપડાયો છતાં હાથ આવતો નથી અરે કેવી મારી મુર્ખાઇ. નિલમબહાઇએ મને જે અરણ્યમાં રહેવાનું કહેલું છે તે અરણ્ય મારા મૃગીયાના પ્રયાસને લીધે બાર કોસ દુર રહેલુ છે. હે નાથ? તેમ છતાં મારી લાલચે મને હેરાન કર્યો. ઉંટનો હોઠ પડતો નથી તેમ શિયાળને મળતો નથી તેવી મારી દશા થઇ છે, તરશ પણ લાગી છે, નાથ કૃપાએ સામી વાવ દેખાય છે, ચાલ જીવ તેમાં જળપાન કરી લઇએ, પછી જે થાય તે ખરૂં (એમ કહીને અંદર ઉતરે છે) અને પાણી પીને તૃષા શાંત કરે છે પછી વાવમાંથી નીકળતી વખતે વાંવની બાજુની ભીંત તરફ નજર કરતાં ચુનો ઉખડેલો માલુમ પડયો તેમાં બારણાની બારસાખ લાકડાની જણાઇ તે જોઇને અહાહા ! આ ચુનો ઉખડી ગયો છે છતાં તેમાં લાકડું શી બાબત જણાય છે ? જોઇએ તો ખરા (એમ કહીને તલવારની અણી વતી ચુનો ઉખેડયો કે તુરત મોટું ડબળું પડી ગયું તે જોઇ) આ-

પ્રવેશ ૩ જો.

સ્થળ—એકાંત વિચિત્ર સ્થળ.

પાત્ર—રણમલ, વસંતતલિકા, નિલમબદાઇ, પછીથી પરિયો.

રણમલ—શું નાથની માયા અકળીત છે. હું નીકળ્યો હતો ક્યાં. મારો પ્રયત્ન શો હતો અને આવ્યો ક્યાં. વાવમાં પ્રવેશ થવો અને ક્યાં આ ગુપ્ત અવાસનું દ્વાર જડતું. બહુ સારૂં થયું કે પ્રવેશ કરીને અહીં સુધી આવ્યો જેથી મને લાભ થયો. આ નવીન રચના ખાસ બ્રહ્માએ કૈલાસ ઠરાવવાને નિર્માણ કરી હોય તેવી લાગે છે. અહા ! શું સુંદિર બાગ. હું તો એ ઉપર આશ્ચર્ય થાઉંછું કે સંગેમરમરના પથ્થરના બાંધેલા ફુવારાનું પાણી તિવ્ર વેગથી આકાશમાં ઉછળે છે કે જેથી બાગના તમામ તરૂ લતાઓ સલીલ છે કેળ સ્થંભ ઉપર કેળની લૂમો લચી રહી છે, જામફળ પકવ થએલાં મનને હરણ કરે તેવાં લચી રહેલાં છે, આ પ્રમાણે અત્યંત શોભા છે તથાપી કોઇ માણસ નજરે પડતું નથી એનું કારણ શું હશે? ચાલ જીવ આ ફુવારાના ઓટલા ઉપર બેશીને જરા શાંત થઇએ.

(એમ કહીને ત્યાં બેસે છે અને બાગ જોઇને ઘણો આનંદ થાય છે.)

હો ! આ બારણું વિચિત્ર જણાય છે. દ્રષ્ટી કરતાં વિસ્તિર્ણ રસ્તો તદન સ્વચ્છ અને મનને આનંદ કરે તેવો લાગે છે. અંદર શું હશે ! અરે જીવ ? તું આટલે સુધી આવ્યો ત્યારે આટલી હકીકત જોવાને શું કરવા આળસ કરે છે ચાલ જોવું તો જોઇએ જે થાય તે ખરૂં.

(એમ કહીને તેમાં પ્રવેશ કરે છે).

(૬૯)

ગરબી જંગલાની.

લાવી લાવી મહારાણી ખબર એક લાવી.

એ રાહ.

લાગે લાગે લાગેરે રચના શું મનોહર લાગે,
રૂતુ વસંત અહિં આવી વસ્યો શું,
સિધ્ધ સમાધિ જાગેરે, ॥ રચના ॥
અગણિત વૃક્ષ ઘટા ફૂલ ફુલથી,
શોભા સરસ અનુંરાગેરે; ॥ રચના ॥
શીતળ મંદ સુગંધિત વાયુ,
તાપ સકળ અહિં ત્યાગેરે; ॥ રચના ॥
નિર્મળ સ્વચ્છ એકાંત અવાસમાં,
ત્રાસ તણો ભય ભાગેરે; ॥ રચના ॥

(જરાક ઉભો થઇને આગળ દ્રષ્ટી કરે છે એટલે એક મકાન નજરે પડે છે તેમાં પ્રવેશ કરે છે.)

અરે આ કૈલાસપૂરી જેવું મકાન છે છતાં કોઇ જણાતું નથી એનું શું કારણ હશે ? કાંઇ જાદુઇ બનાવતો નહિ હોય ? કદાપી રક્ત લોચનીના કોઇ સગાએ વૈર લેવાને માટે ફસાવ્યો તો નહિ હોય ? ખેર હવે આવી ફસ્યો તે પછી બીજો વિચાર કરવો વૃથા છે ચાલ અંદર પ્રવેશતો કરીએ.

(એમ કહીને તે મકાનમાં પ્રવેશ કરીને જુવે છે તો એક ખુણામાં ઉત્તમ પ્રકારના પલંગ ઉપર કોઇ માણુસ ભરનિંદ્રામાં સુતેલું

હોય તેવું જણાયું) . અરે આ પલંગમાં કોઇ માણસ સુતેલું હોય એમ લાગે છે (ચાલ તેને જાગૃત કરૂં) એમ ધારી તેની પાસે જઇ તેના શરીર ઉપરનો ઓઢેલો દુસાલો યુક્તિથી ધીરે રહીને ખસેડીને બાજુ ઉપર ઉભો રહ્યો ત્યારે શરદપૂર્ણિમાનો ચંદ્ર ચમકી રહ્યો હોય તેવા મુખવાળી નવ યૌવના જણાઇ આવી જેનાં નેત્ર મૃગના જેવાં નિદ્રાથી અર્ધ મિચાયલાં હતાં. નાશિકા ચિતને વેધી નાંખે તેવી હતી. તે જોતાંજ રણમલ તેના ઉપર આશક થયો અને સ્થિર થઇને ઉભો રહ્યો.

(૭૦)

પરજ.

દેખી એસી ચતર નાર.

એ રાહ.

દીસે મુખ શરદ ચંદ્ર અરૂણ અધર આનંદ કંદ,
ચારૂ ચિંબુક મંદ હાસ્ય નિરખી મટે ત્રિવિધિ ફંદ.
॥ દીસે મુખ. ॥

ગુલદાવદિ ગુલહજાર વારી જાઉંરે રતનાર,
કમલનયનિ અતિ બહાર કેવલ આનંદ કંદ.
॥ દીસે મુખ. ॥

રેરેવિધી તું કરતાર રચના રચી તેં અપાર,
જોતાં ચિત થયું ગમાર લૈખું મહા મોહ ફંદ.
॥ દીસે મુખ. ॥

ઉત્તમ પ્રકારના ગાયનનો સ્વર સાંભળી તુરત વસંતતલિકાનાં

નેત્ર ખુલ્લાં થયાં અને ઝડપથી પલંગ ઉપર બેસીને ઉભો રહેનાર માણુસ સામે દ્રષ્ટી કરી.

વસંતતલિકા—અરે તમે કોણ છો ? તમે શી રીતે આ ગુપ્ત સ્થાનમાં આવી શક્યા ? તમને આ રસ્તો કોણે બતાવ્યો મને તમારા માટે એટલું આશ્ચર્ય થાય છે કે તમે જીવતા શી રીતે રહ્યા. કે શું તમને કોઇ પરી અહીંયાં મૂકી ગઇ ? તમે સાચે સાચું કહો ?

રણમલ—અહો મૃગલોચની ? હે ચંદ્રવદની ? હું મ્હારા પરાક્રમથીજ આટલા સુધી આવી શક્યો છું. આ તરફ નજીકના પહાડ ઉપર રકતલોચની દેવીનો નાશ કર્યો છે અને તેના દુઃખદાયક પાશમાંથી નિલમ બહાદ્દરને છોડાવ્યો છે તે પક્ષી સ્થિતિમાં હતો હવે તે પોતાની અસલ સ્થિતિમાં આવી ગયો છે પણ મારી પાસેથી આઠ દિવસની રજા માગીને પોતાના સગા સહોદરને મળવા સારૂ ગયો છે તે પાછો મને આજ કાલમાં મળવા આવનાર છે માટે હે હંસગામીને તમે કોઇ પ્રકારે શંકા લાવશો નહિ.

વસંત--(આશ્ચર્ય પામીને) શું તમે ખરી વાત કહો છો ? મને તો સ્વપ્ના જેવી વાત લાગે છે. જે વાત બની શકવા જેવી નથી તે તમે કહો છો તેથી મારા માનવામાં આવતી નથી (એમ કહીને માથું હલાવવા લાગી) મને લાગતું નથી કે તમારૂં કહેવું સાચું હોય ?

રણમલ—(પોતાની પાસેથી મંગળના તારા જેવું જવાહીર હતું તે હાથમાં લઇ) જુઓ આ જવાહીર તે રકતલોચનીને માર્યા,

પછી મને પ્રાપ્ત થયું છે તે. (એમ કહી તેના હાથમાં આપે છે.)

વસંત—(પોતાના હાથમાં લઇને) (એકદમ આશ્ચર્ય પામીને અને રણમલ સન્મુખ જોઇને) તમે અમારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તમને ધન્ય છે કે તમારા હાથથી આ મોટું પરોપકારનું કામ થયું છે. ચોવીશ વર્ષની ગમગીનીનો આજેજ પાર આવ્યો 'એમ કહીએતો ચાલે. તમે ફક્ત નિલમબહાઇને છોડાવ્યો એમ નથી પણ એની સાથે બાવન સભાને બંધનમાંથી મુક્ત કરી છે. એ બધો પ્રતાપ આપનો છે. જેમ સમુદ્રને તળીએ ડુબેલું વહાણ ઉપર તરીને આવે છે તેવી રીતે અમારૂં જન્મારા રૂપી વહાણ ડુબી ગએલું તમે ઉપર ખેંચી કાઢ્યું છે એ ઉપકાર અમે કદી ભૂલવાનાં નથી.

(એમ કહીને ઉભી થઇને રણમલને ઘણું માન આપીને ભેટી અને હાથ પકડી પલંગ ઉપર બેસાડે છે.)

રણમલ—એમાં મેં શો ઉપકાર કર્યો છે એ સઘળું નાથ કૃપાએ બને છે.

વસંત—(હાથ જોડી) હું વિનતી કરૂં છું કે આપનું નામ શું અને કયા પ્રદેશમાં આપનું સ્થાન છે.

રણમલ—મારૂં નામ રણમલ છે. હું રજપૂત છું અને કનકાવતી નગરીના રાજાના પુત્ર કામસેનનો હું મિત્ર છું અને ત્યાંજ રહું છું. આ તરફ કારણસર આવ્યો છું તેમાં મારા હાથથી જે કામ બને છે તે અનાયાસથી થતાં જાય છે તમારી ભેટ પણ અણચિંતવી થઇ છે.

વસંત—હવે તો હું નહિ જવા દઉં આ તન મન અને ધન આ-

પનેજ સોંપું છું. અહિંયાં ખાનપાન કરેદ અને રંગ મઝામાં દિવસ ગુજારશે.

રસુમલ—નીમલભાઇને મારી તરફ આવવાનો વખત થયો છે. તેણે મને બીજા જંગલમાં મળવાનું કહ્યું છે તે ત્યાં મને જોશે. હું અહિંયાં છું એમ તેને માલૂમ નથી તેથી મને તે જ્યારે નહિ જુવે ત્યારે ઉદ્વેગમાં ભરાઇ પડશે માટે તેની સાથે કરાર પ્રમાણે મારે ત્યાં જવું જોઇએ તેને મળયા પછી હું અને તે બન્યો અહિંયાં આવીશું.

વસંત—ના એમ બને નહિ હું તેના તાબામાં છું માટે તે અહિંયાં આવીને મને મળયા શિવાય રહેશે નહિ માટે હવે તો હું આપને બિલકુલ જવા દેવાની નથી.

(૭૧)

પરજ.

ન બોલો તારા તારા.

એ રાહ.

મેં જાઉં વારી વારી તુમ્હારી પેં વારી,
હો નેંનુંપેં વારી સર્દારીપેં વારી;
બલૈયા ઉતારી ॥ મેં ॥ જાઉં. ॥
સાગરસે માન વારી લાયક સુજાનવારી,
સુંદર કમાન કે ધારી, રસીલા વિહારી;
નીહારી નીહારી મેં જાઉં વારી વારી,

શેર.

જો કિયાહે આપને સો કોઉ કર સક્તા નહીં,

કો એસાદાર નહીં આપહો દિલ્દાર સહી;
ખડી હું પ્યારસે રાજી દિદારસેં,
દાસી પેં પ્યારસેં દેખો બિચારસેં.

॥ વારી મેં જાઉંવારી ॥

રણુમલ—ઠીક છે ત્યારે તમારો આગ્રહ છે તો હું અહિં રહુંછું પણ નિલમબહાઇ મળે તો ઠીક.

વસંત—(જુવો આ નિલમબહાઇ આવે છે તે જોયા ? હું કહેતી હતી કે તે અહિંયાં આવ્યા વિના રહેશે નહિ તે ખરૂં કે નહિ.

રણુમલ—હા ખરી વાત છે. (એટલામાં નિલમબહાઇ પ્રવેશ કરે છે).

નિલમ—(જમીન સાથે હાથ લગાવી તાજીમ કરીને) આપને હું અભિવંદન કરૂં છું. આપની કૃપાથી ખુશીમાં છું.

રણુમલ—નિલમબહાઇને જોઇને અહો મિત્ર હું તમારા નામનીજ માળા જપતો હતો બહુ સારૂ થયું કે તમે અહિં આવી પહોંચ્યા, મને ગણો આનંદ થયો. હું આ સ્થળે અચાનક આવ્યો જેથી આ આનંદકારક વસંતતલિકાની ભેટ થઇ.

નિલમ—(રણુમલ પ્રત્યે હર્ષથી) પ્રિય ભાઇ વસંતતલિકા તેતો વસંતતલિકાજ છે. તેમના સદગુણથી તમને આનંદ થયોજ હશે મને તમારા માટે ચિંતા હતી કે અઠવાડીઆ સુધી વેરાન જંગલમાં અણગમો થયો હશે પણ નાથની કૃપાથી અનાયાસ આપ પોતેજ અહીં આવ્યા છો તેથી સારૂ થયું જેને સુખ થવાનું નિર્માણ છે તેને હરેક પ્રકારે સુખ મળે છે (પ-

छी वसंततलिका तरफ दृष्टी करीने) हे परियोमां श्रेष्ट वसं-
तनलिका मने पण रिथीतीमांथी छुटो करनार ते आ वीर पुरुश छे तेनो उपकार जीवत पर्यंत मानुं तो पण थोडो छे.

वसंत—हा ए सघळी हकीकत तमारा आवतां पेहेलां तेमना श्री मुखथी जणाइ आवी छे अने तमे मुक्त थया ते जाणी अमने अनहद आनंद थयो छे.

रणमल—(निलमबहाइ सन्मुख दृष्टी करीने) केम ? हवे तमे शी गोठवण करी, केम के कनकावती तरफ जवाने माटे जेम बने तेम जलदीथी बंदोबस्त करवो जोइए.

निलम—(हाथ जोडी) आपे खातर जमा राखवी जोइए के ते काममां मारा तरफथी लेश पण आळस थइ नथी अहीं-थी हुं गयो ते वखते तमाम जगोए फरीने सरवे परीयोने खबर आपी दीधी छे ते घणुं करीने तमाम तैयार थइने आ जग्याए अत्यारे आवती हशे.

रणमल—वाह वाह त्यारे तो कंइ पण हरकत नथी केमके त्रण चार दिवसमां ते देश तरफ पहोंचीने मीजलस ठरावावाना रह्या छे.

निलम—(हाथ जोडी) जुओ मेहेरबान आप आकाश तरफ नजर करो बावन परियोनां तख्त आ तरफ आवतां जणाय छे के नहि.

रणमल—वाह मित्र ! तमारी गोठवण संतोशकारक छे (एटलामां सरवे परियो ते जगोए प्रवेश करीने निलम बहाइ तथा रणमल समीप उभी रहीने तसलीम करे छे) अने आनंदथी रणमल सौनी तसलीम झीले छे).

નિલમ—(હાથ જોડી) (રણમલ પ્રત્યે) જુઓ જનાબ આ દરેક પરિયો ઉભી છે તેને હું ઓળખાવું છું.

(૭૨)

આશાવરી.

જુવો રક્તપરી, રસરંગપરી,
આ આનંદપરી, મન મૌજપરી,
ચિત્ત ચોરપરી, મદ મસ્તપરી. ॥ જુવો ॥
દિલદારપરી, સરદારપરી,
ચિત ચાહપરી, આ ગુમાનપરી,
ગુણઆનપરી, મહાતાનપરી, ॥ જુવો ॥
એમાં ચંદ્રપ્રભા છે સરવ ઉપરી,
સિરતાજપરી, જુવો ઉભી ખરી,
નવ યૌવન રંગ ઉમંગ ભરી, ॥ જુવો ॥

જનાબ ? આ સર્વ પરિયો હાજર થઇને આપને અભિવંદન કરેછે.

રણમલ—મોટા ઉપકાર સાથે સરવની તસલીમ હું કબુલ કરૂં છું (એમ કહીને) તેઓ અને તમે આ આસન ઉપર બેસો. આજે મારૂં મન એક ઇંદ્રાસન મળ્યા તુલ્ય સતુષ્ટ થયું છે.

નિલમ—(રણમલ પ્રત્યે) (હાથ જોડીને) કહો હવે આપનો શો હુકમ છે. અમે તૈયાર છીયે.

રણમલ—હવે હુકમ શો ? અહિંથી તે પ્રદેશ તરફ જવા ઉપડવું એજ નિશ્ચય છે. જતાં પહેલાં જણાવું છું કે આપણે અહિંથી નીકળ્યા પછી તુરત શહેરમાં પ્રવેશ કરવાનો નથી પણ નગર-

થી દસ બાર કોસ દુર દુમગીરી પર્વત છે તેની રમ્ય સપાટી હું બતાવીશ ત્યાં તમે રહેજો અને હું એકલો ત્યાંથી નગરમાં જઇશ જ્યારે જરૂર પડશે તે વખતે હું તમને જણાવીશ.

નિલમ—(હાથ જોડી) બરાબર છે અમને કોઇ વાતની હરકત નથી જે જગો તમે બતાવશો તે જગોએ અમે એક જાદુઇ મેહેલ એવો બનાવીને રહીશું કે ઇંદ્રભુવનને પણ દુર મૂકી દઇશું ? ખાનપાનની અમને કશી અડચણ નથી. જ્યારે અમારી જરૂર પડે ત્યારે આ નિલમની અંગુઠી આપને આપીએ છીએ તે સુર્ય સન્મુખ અગર અગ્નિ ઉપર ધરશો એટલે તુરત આવીને હાજર થઇશું.

(એમ કહી અંગુઠી આપે છે.)

રણમલ—બરાબર એ પણ ઠીક ગોઠવણ બતાવી (એમ કહી પોતાના હાથની આંગળીયે પહેરે છે) કહો હવે કેમ કરવાનું છે?

નિલમ—અહો વસંતતલિકા ? તમે તમારા તખ્તમાં રણમલજીને બેસારીને તૈયાર થાઓ.

વસંત—બહુ સારૂ મારા મનમાં એજ વિચાર હતો (એમ કહી બન્ને એક તખ્તમાં બેસે છે).

(સર્વ પરિયો પોત પોતાના તખ્ત ઉપર બેસીને ત્યાંથી ઉપડે છે અને જાય છે).

પ્રવેશ ૪ થો.

સ્થળ—યુવરાજના મહેલ આગળની દોડી.

પાત્ર—રણમલ, પહેરાવાળા સિપાઇઓ, ધિરસિંહ, તખ્તસિંહ, કર્ણસિંહ, પછીથી કામસેન, ભિહારી.

રણમલ—(સ્વગત) કામનો સઘળું તૈયાર થયું છે. એમ કહીએ તો ચાલે. નિલમબહાઇ વિગેરેને દુમ ગિરિના નજીકના પ્રદેશમાં મુકામ આપ્યો છે એટલે એ સંબંધી કંઇ ફીકર રાખવા જેવું નથી રહ્યું. હવે હું એકલો નગરમાં પ્રવેશ કરીને આવ્યો છું તેથી બંદોબસ્ત કરી લેવાને સગવડ ઠીક બનશે. ચાલ જીવ આ રાજ્યદ્વારની દોહોડીમાં પ્રવેશ કરીને મ્હારા યુવરાજની પ્રથમ ભેટ લઉં (એમ વિચાર કરીને દોહોડીમાં પ્રવેશ કરવા જાય છે.

પેહેરેગીર કર્ણસિંહ—(રણમલનાં મેલાં કપડાં તથા દાઢી વધી ગએલું, શરીરની કાંન્તીમાં ફેરફાર થએલો હોવાથી કેવળ બે સિકલ જોઇ તેને ઓળખ્યો નહિ તેથી) કેમરે ? તું કોણ છુ ? પરવાનગી લીધા વગર અંદર કેમ ચાલ્યો જાય છે. ઉભો રહે કોઇ દિવાનો છે કે શું ?

એમ કહી ધક્કો મારી બહાર કાઢે છે.)

(૭૩)

રણમલ-- **ભેરવીની ગત.**

રાહ જકડી તકરાર.

॥ એ રાહ.

જઇ કહોને સલાંમ, આવ્યો રણમલ આંસે ઠામ;

સુધારી સર્વ કામ, કાર્ય પ્રબળ.

પેહેરેગીર—જા જા તું તે ક્યાંથી રણમલ ? દેખાય છે કોઇ ખળ;
માથાના ફરેલ ચલ, બહાર નિકલ;

રણમલ—સાચું કહું ત્હારા સમ, તમે ભૂલી ગયા કેમ;
ચાલ્યું જાય છે શું બમ, કરો છો શું અમલ.

સિપાઇ—અલ્યા કેમ કરી પેસે ચોટ, પકડીશ ત્હારી કોટ;
કરૂં લોટ પોટ, હઠજા બે અક્કલ.

રણમલ—દિસો તમે ગુણ ગ્રામ, કેમ ભૂલ્યો મારૂં નામ.
યુવરાજ તણે કામ, હું ગયો તો પ્રબળ;

સિપાઇ—એતો હતો રજપુત, તું તો દેખાય છે ભૂત;
જાણે ચોળેલી ભભૂત, દિસે છે બે શિકલ.

રણમલ—અલ્યા તાણી તલવાર, કરૂં હમણાં પ્રહાર;
તું તો બોલે શું ગુમાર, જઇ કહે દરબાર.

સિપાઈ—આવો ઝાલો આના હાથ, મારો કમરમાં લાત;
કરે લડાઇની વાત, કેવો કરે છે વિચાર.

રણમલ—કોણ ઝાલનાર હાથ, કરૂ ભારે ઉતપાત;
પાડુ ધડ થકી માથ, ચુકુ નહિ નિરધાર.

સિપાઇ—આતો દિસે સરજોર કરે ઘણો અહિં સ્હોર;
કરે લડાઇનો તોર, કેવો દિસે અવિચાર.

ધિરસિંહ—(રણમલ પ્રત્યે) ખબરદાર અંદર ગયો તો ?

તખ્તસિંહ—(ધિરસિંહને) એના હથીઆર પડાવી લ્યો નહિ તો

કોઈકનું નુકસાન કરશે.

થિરસિંહ—(રણમલ પ્રત્યે) હથીઆર હેઠળ મુકીદે ?

રણમલ—જાજા તું મારા હથિઆર હેઠળ મૂકાવવા ધારે છે કે ? (નેત્ર ફેરવીને તું) નથી જાણતો કે હું કોણ છું જેમ કેળનો થાંભલો કાપતાં વાર લાગતી નથી એટલીજ વાર તારા માટે છે ? માટે છાનોમાનો બેશી રહે.

(એટલામાં પાંચ પચીસ સીપાઇ ભેળા થઇને શોર બકોર કરવા લાગે છે.)

કામસેન—(પોતાના મેહેલના જરૂખામાં એક આરામ તખ્ત ઉપર બેઠેલો વિચાર કરતાં આ તરફ દ્રષ્ટી જવાથી) અલ્યા બિહારી ?

બિહારી—હાજર ગરીબ પરવર !

કામસેન—જોને ? આપણી દોહોડી આગળ શાનો સ્હોર બકોર થાય છે ? ત્રણ ચાર ઘડીથી તકરાર થયા કરે છે છતાં મારૂં લક્ષ અત્યારે ત્યાં ગયું છે; તો ત્યાં શું છે ? તે તુરત જઇને તપાસ કરી મને ખબર આપ ?

બિહારી—જેમ હુકમ (એમ કહીને તુરત દોઢી આગળ દોડતો આવીને હાજર થાય છે) શું છે ? શું છે ? કેમ તકરાર કરો છો ?

કર્ણસિંહ—અરે ! આ કોઇ બ્હાવરો માણસ ડગળી ખસેલા જેવો જણાય છે. તે કહે છે કે હું રણમલ છું. માહારે હજુરમાં જવું છે તેથી ખબર આપો, જુવો કેવું જુઠું બોલે છે. શું આ રણમલ છે ?

બિહારી—સબુર રાખો તેમને સતાવશો નહિ, મને શ્રી યુવરાજ

મહારાજે તપાસ કરવા મોકલ્યો છે. હવે હું તેમને ખબર આપી આવું છું ત્યાં સુધી તેને તમે હરકત કરશો નહિ, (એમ કહીને મેહેલ ઉપર જાય છે) (કામસેન પ્રત્યે) મહારાજ કોઇ બદશિકલ જેવો થઇ ગએલો મેલો ઘેલો દરિદ્રિ જેવો આવીને ઉભો છે ને કહે છે કે હું રણમલ છું, મને અંદર જવા દો, છતાં પેહેરાવાળા તેને આવવા દેતા નથી તેની આ તકરાર ચાલે છે.

કામસેન—બરાબર છે. ૬ મહિના પુરા થવા આવ્યા છે માટે તેજ હોવો જોઇએ. તેને સંભાળીને મારી પાસે લાવો જાઓ વિલંબ કરશો નહિ.

બિહારી—(હાથ જોડી) જેમ હુકમ. (એમ કહી તુરત ઉતરીને દેઢી તરફ આવી પ્રવેશ કરે છે) (અને રણમલનો હાથ પકડી રાજકુમાર તરફ લઇ જાય છે).

કામસેન—(રણમલને આવતો જોઇને તુરત ઓળખ્યો અને એકદમ તુરત તેને ભેટયો).

(૭૪)

સોરઠ.

॥ દૈયા નહી ટરે કરમનકી ગત ટારી દૈયા ॥
આવો મિત્રતમે, મારા ચક્ષુ તણા પ્યારા. ॥ આવો ॥
તમવિયોગથી હૃદય તપ્ત મુજ,
ચિંતા અનલ દમે;
કોટિ ઉપાય કરૂં તો પણ પ્રિય,

તાપ કદિ ન શમે. ॥ આવો મિત્ર ॥
ક્ષણ ક્ષણમાં જાગ્રત સ્થિતિ માહારી,
નિંદ ન આવે કયમે;
ક્યાં મુજ મિત્ર હશે આ ભૂપર,
તુજમાં ચિતડું રમે. ॥ આવો મિત્ર ॥
તુજ વપુ શુષ્ક જોયું નથી જાતું,
કેવળ હાડ રમે;
ભેટ થઇ મિત્ર તાહારી હવે તો,
આનંદ યુક્ત હમે. ॥ આવો મિત્ર ॥

પ્રિય મિત્ર! તાહારા વિના કેવળ હું દુઃખી હતો, તમારા પ્રવાસ વિશે મને મોટી કાળજી હતી, તમારી શી સ્થિતીહશે તેની કોણ ખબર આપે, વખતે મને સ્વપ્ન પણ ભયંકર ઘનાં હતાં, સારૂં થયું તમારી ભેટ થઈ.

(બિહારી તરફ નજર કરી) અરે બિહારી?

બિહારી—હુકમ ગરીબ પરવર!

કામસેન—જો રણમલજી આવ્યા છે તેમનું કાષ્ટ જેવું શરીર સૂકાઈ ગએલું જોઇને મારૂં અંતઃકરણ કેવળ બળે છે, તમે તેને બીજા ઓરડામાં લઇ જાઓ અને હજામ પાસે હજામત કરાવી, ઉત્તમ પ્રકારનો પોશાક કાઢી તેમને આપો, પછી મારી પાસે લાવો.

બિહારી—જેમ હુકમ (એમ કહી બન્યો ત્યાંથી જાય છે.)

(પછી થોડીક વારમાં તૈયાર થઇને પાછા આવે છે, રણમલને આવતો જોઇને.)

કામસેન—મિત્ર રણમલજી? અહિંયાં બેસો મને મોહો હર્ષ થયો છે.

રણમલ—(હાથ જોડી) મિત્ર જે કામ માટે હું ગયો હતો તે નાથની કૃપાથી ફતેહ કરીને આવ્યો છું, હવે આપના મનની મુરાદ અને મારા મનની ગોઠવણી એ બન્યો પૂરી થશે. હવે કોઇ પ્રકારની કાળજી રાખશો નહિ. આપણો જે વિસ્તિર્ણ બાગ છે તેમાં કેટલીક પ્રકારની શોભા પ્રથમથી કરી મૂકેલી છે તો પણ તેમાં વિશેશ રચના રચવી પડશે; માટે હવે આજથી તમે તે બાગમાં રહેવાને માટે જાઓ હું પણ સાથેજ રહીશ. કેમકે બાવન સભાનો નાચ ત્યાં કરવાનો છે.

કામશેન—બહુ સારૂ મિત્ર? હવે તમે આવ્યા એટલે મારા મનના વિચાર કેવળ આનંદમય રહેશે. પ્રિય તમારા વિના હું કેવળ બાવરો હતો.

રણમલ—બરાબર કહો છો. મને તમારા વિચાર સંબંધી પુરી ખાત્રી હતી તેથી હું કાળજી રાખીને મુદતની અંદર આવી પહોંચ્યો છું.

કામસેન—મિત્ર તમારૂ ચિત્ત કેવળ મારા હિત પ્રત્યે કાળજીથી પરોવાયું છે તે શું હું નથી સમજતો?

રણમલ—કેમ નહિ? હોયજ, એમાં આશ્ચર્ય નથી. હવે સુમનપરી આવે છે કે નહિ?

કામસેન—હા, તે નિયમ પ્રમાણે બીજે ત્રીજે દિવસે આવે છે.

બિહારી—(હાથ જોડી). ગરીબ પરવર! પીતાજી તરફથી ચોપદાર આવ્યો છે, તે કહે છેકે રણમલ આવ્યા છે, તેમને શ્રી હજુર સાહેબ બોલાવે છે,

કામસેન—(રણુમલ સામું જોઇને) ત્યારે તમે પીતાશ્રી પાસે જ-ઇ આવો.

રણમલ—બહુ સારૂં મારો પણ વિચાર તેજ હતો તથાપી ઠીક થયું. હવે ચોપદાર સાથે જાઉં છું.

કામસેન—તમે ત્યાં જાઓ અને હું બાગમાં જાઉં છું.

(એમ કહી બન્યો ઉઠી જાય છે).

પ્રવેશ ૫ મો.

સ્થળ—કનકાવતી નગરીની રાજકચેરી.

પાત્ર—કિર્તિધ્વજ, પ્રધાન, ચોપદાર, પછીથી રણુમલ.

કિર્તિધ્વજ—પ્રધાનજી? આપણો યુવરાજ દિનપરદિન શરીરે પીગાશપર થતો જાય છે અને નિરંતર ગમગીનીમાં રહે છે તેથી મારૂં મન બહુ ઉદાશમાં રહે છે.

પ્રધાન—(હાથ જોડી) ગરીબ પરવર! જ્યાં સુધી શૂરવીર રણુમલ તેમની પાસે હતા ત્યાં સુધી તેમની તબીયત ઠીક હતી. જ્યારે રણુમલ ગયા ત્યારથી બગડી છે, હવે તે આવ્યા છે, માટે ઇષ્ટ દેવના પ્રતાપથી સર્વે સારાં વાનાં થશે.

કિર્તિધ્વજ—હા, હું જાણું છું કે તે રણુમલ શા સારૂ મુસાફરી માટે ગયો હતો તે સંબંધે તેના ઘણા ઉંડા ભેદ હતા.

પ્રધાન—હાજી, એ વાત ખરી છે, એ સૂર પુરૂષે પોતાના મનમાં ધારેલી મતલબ એકદમ બહાર પાડી નથી તેમ તે શું કરવા

ધારે છે તે પણ જણાતું નહોતું, જે હકીકત મનુષ્યથી થઇ શકતી નથી તેવી હકીકત તથા તેવાં કામ વિચિત્ર રસ્તે કરી બતાવે છે, એ કેવળ નવાઇ જેવું છે, માટે હું આશા રાખું છું કે આ વારે જે તેણે મુસાફરી કરી હશે તેનો પરિણામ કોઇ ચમત્કારીક સાંભળવામાં આવ્યા શિવાય રહેશે નહિ.

કિર્તિધ્વજ—જે થાય તે ખરૂં. તેને બોલાવવા સારૂ માણસ મોકલ્યો છે છતાં કેમ વાર લાગી હશે?

પ્રધાન—(હાથ જોડી) ગરીબ પરવર! તે રાજકુમારની પાસે બેઠેલ હશે. વળી ઘણા દિવસે આવેલ છે તેથી એકંદર હકીકતની વાતચીત થતી હશે.

ચોપદાર—(હાથ જોડી) ગરીબ પરવર! રણમલ આવે છે.

કિર્તિધ્વજ—(હર્ષયુકત) ભલે આવવા દો.

રણમલ—(નીચો નમી ચરણાર્વિંદમાં પડી ઉભો થઇ) હજુર હું અભિવંદન કરૂં છું.

કિર્તિધ્વજ—કેમ રણમલજી? તમે ખુશીમાંતો ખરા?

રણમલ—હાજી. આપની આશીશથી આનંદમાં છું.

કિર્તિધ્વજ—તમે તો તદન સુકાઇ ગયા છો, જેથી બીલકુલ ઓળખાતા પણ નથી.

રણમલ—ગરીબ પરવર! એ વાત ખરી છે પણ હવે આપનાં દર્શન થયાં તેથી હું પુષ્ટ થઇશ.

કિર્તિધ્વજ—મને એમ લાગે છે કે તમને પ્રવાસમાં સંકટો ઘણાં

વેઠયાં પડયાં હશે ?

રણુમલ—હા. ગરીબપરવર !

કિર્તિધ્વજ—હું તમારા પ્રવાસની હકીકત સાંભળવાની ઇચ્છા રાખું છું. માટે તમે જણાવો તો સારૂં.

રણુમલ—ગરીબ પરવર ! વિસ્તારથી કહું તો મોટું પુસ્તક લખાય તેવું છે માટે ટુંકામાં કહું છું.

(ધારેલું કામ પાર પાડવા આપની આજ્ઞા લઇને નીકળયો ત્યારથી કેટલાક દીવસ સુધી પહાડી જંગલમાં હું બહુ ભટકયો, ઘણા દુર પ્રદેશમાં એક ચંદ્રપુર નામનું ગામ આવ્યું, તે ગામનો રાજા હંસધ્વજ છે, તેમના નગરમાં એક પિંગલાક્ષ નામના બ્રહ્મરાક્ષસને દરરોજ એક માણુસનો ભોગ આપતા હતા, કેમકે તેનું જોર ઘણું હતું, ચાલતાં સુધી કોઇ પરદેશી માણુસ ગામમાં પ્રવેશ કરતો પકડાય તો ગામના માણુસ બચી જતા હતા. ભોગ યોગે હું તે ગામમાં પેઠો કે તુરત મને પકડયો અને તે ગામમાં એક ભયાનક મુકામમાં પૂર્યો, હું રાત્રે ઘણો મુંઝાયો, તે મુકામમાંથી એક ભીંત ફાટીને તેમાંથી ભયંકર કદાવર બ્રહ્મરાક્ષસ તલવાર પકડીને નીકળયો. કે તુરત મારા સન્મુખ આવ્યો, હું મરવાથી ડર્યો નહિ અને ધીરજ રાખી ઉભો રહ્યો, તેણે મને કહ્યું કે હજારો માણુસોને મેં મારી નાંખ્યા છે, જો તું મારા સવાલનો ઉત્તર આપે તો તને જીવતો મૂકું એમ કહીને તેણે મને સવાલ કર્યો, તેનો ઉત્તર નાથ પ્રતાપથી તેના મનને સંતોષ થાય તેવો આપ્યો, તેથી તે મારા ઉપર મેહેરબાન થયો અને મને એક વાળ આપ્યો. પછી હર્ષયુક્ત બો-

હો કે જ્યારે માહારૂં કામ પડે ત્યારે આ વાળ સૂર્ય સામે ધરશો ત્યારે હું તુરત હાજર થઇશ. એમ કહીને ચાલતો થયો. પ્રાતઃકાળ થયો એટલે તે નગરના રાજાને હું મળયો, બધી થએલી હકીકત રાજાને મ્હેં કહી તેથી તેણે મારો ઘણો ઉપકાર માન્યો, પછી ત્યાંથી હું નીકળ્યો, જંગલમાં ઘણો ભટક્યો, છેવટે હું અકળાયો, પછી તે બ્રહ્મરાક્ષસને મેં બોલાવ્યો, તેણે મને ખભા ઉપર બેસારીને સાત રાત્રી દિવસ સુધી બાર હજાર કોસ સુધી દુર પોતાની સરહદ તરફ લઇ ગયો, ત્યાં મૂકીને તે રસ્તે પડ્યો, બાવન સભા પરીનો ક્યાંઇ પતો લાગ્યો નહિ અને છ માસની મુદત થવા આવી તેથી એક ભયાનક ડુંગર ઉપર ચઢીને મરવાને હું તૈયાર થયો. જેવો મરવા સારૂ હું કુદકો મારૂંછું તેવા ગુરૂ ગોરખનાથનો અવાજ થયો, તેથી મરવાનું પડતું મૂકીને તેમના ચરણકમળમાં હાજર થયો, તેમની મારા ઉપર પૂર્ણ કૃપા થઇ તેથી તેમણે બધી હકીકત મારા મનની હતી તે જાણી લીધી. પછી તેમણે મને મંત્ર અને યંત્ર આપો તે સાથે વિશેષ માહિતી આપી કે બાવન સભાના સાજીંદા નિલમબહારને પશુ બનાવીને રાખનાર રક્તલોચની દેવી છે, તેની સાથે યુદ્ધ કરીને તેને પરાજય કરવાનો આ યંત્ર તથા મંત્ર છે તે લઇ; અને શી રીતે યુદ્ધ કરવું તે સઘળું સમજી લીધું, અને તુરત તે વિકટ રસ્તે હું ચઢયો. પછી રક્તલોચની સાથે યુદ્ધ થયું. ગુરૂ પ્રતાપથી તેનો નાશ થયો, તેના મુવા પછી અત્યંત કીમતી જવાહીર મને મળ્યું તે જુવો (એમ કહીને હાથમાં આપે છે) આ જવાહીરની કિંમત સે-

કડો બાદશાહીની કિંમત કરતાં પણ વિશેશ છે. પછી તે રકત-લોચનીના મૂવા પછી એક મરદ હાજર થયો કે જે નિસ્સ્મ બહાઇ પશુ સ્થિતીમાં હતો તેનો હેવાનપણામાંથી છુટકારો થ-એલો જણાયો, તેણે મારો મોટા ઉપકાર માન્યો, તેની સાથે મને સંબંધ બંધાયો અને તેનાથીજ સર્વ કાર્યની સિદ્ધિ થઇ છે, બાવન સભાનો તે સાહેબ છે તે બાવન સભા સહવર્તમાન મારી સાથે આવ્યો છે તેમને યોગ્ય સ્થાનમાં ડુમગીરીના તળે-ટીમાં ઉતારો આપ્યો છે અને હું આપની શેવામાં હાજર થયો છું.)

કિર્તિધ્વજ—ધન્ય છે તમારી માત પીતાને તેમજ તમારા નામ પ્રમાણે કામ કરી આપી, બતાવ્યું છે. હું તમારા ઉપર ઘણો ખુશી થયો છું, મારા રાજ્યમાં તમે એકજ છો, આ જવાહીર તમે લાવ્યા છો તે બેશક તમારા કહેવા પ્રમાણેજ છે મને નથી લાગતું કે આપણી આર્ય ભૂમિમાં કોઇ પણ રાજાપાસે આવી ચીજ હોય ? ઠીક છે લ્યો. (એમ કહીને રણમલને પાછું આપે છે.

રણમલ—નહિ ગરીબ ગરવર ! આ જવાહીર આપના રાજ્યમાંજ રહે-વાને આપને ભેટ કરૂં છું.

કિર્તિધ્વજ—(આનંદથી) જે ભેટ મને આપોછો તેનો બદલો આપવાને મારી પાસે કંઇજ નથી.

રણમલ—આપના બન્યો નેત્રમાં જે પ્રેમ છે તેની કિંમત આ જ-વાહીર કરતાં હું વિશેશ સમજું છું.

કિર્તિધ્વજ—(હર્ષનાં આંસુ ભરાઇને) પ્રિય રણમલ ! તું યુવરાજ તુલ્ય મને પ્રિય છે.

રણમલ—તેવાજ પ્રેમ નિરંતર કાયમ રહે એટલીજ મારી વિનતી છે.

કિર્તિધ્વજ—નાથની કૃપા હશે તો તેમજ રહેશે.

રણમલ—(હાથ જોડી) એક વીનંતી કરૂં છું કે બાગના અંદર વિશેશ જે કંઇ રચના કરવાની હોય તેમાં લાખો રૂપિયા ખર્ચ કરવાનો છે. તેથી તેની મંજુરી તથા તે ઉપર દેખ રેખ વિગેરે કરનાર નીમવાને આપનો હુકમ થવો જોઇએ.

કિર્તિધ્વજ—એ બાબતનું તમામ કામ હું તમનેજ સોંપુ છું. શું કરવું તેની સર્વ પ્રકારની રચનામાં યોગ્ય કરવું ધટે તેમ કરવાને સ્વતંત્ર અધિકાર તમને છે.

રણમલ—જેમ હુકમ. (હવે હું તે કામમાં ગોઠવણ કરવાને માટે બાગમાં જવાની રજા માગું છું.)

કિર્તિધ્વજ—ભલે જાઓ.

(રણમલ જાય છે.)

ચોપદાર—મહારાજ ? ભોજનનો વખત થયો છે રાણી વાસમાં પધારવા અંદર કહેવરાવ્યું છે.

કિર્તિધ્વજ—બહુ સારૂ ચાલો.

(એમ કહીને સર્વે ઉઠે છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—બાગ.

પાત્ર—રણમલ, કામસેન, બિહારી, સુમનપરી, વિદુષક.

કામસેન—મિત્ર રણમલ્લ ? તમે બાગ સુધારવામાં ઘણો પરિશ્રમ લીધો છે.

વિદુષક—શા વાસ્તે નહિ. આમાંતો અમારા કામણગારા કામસેન ભાઇનાં મંગળ વરતાવવાનાં છે.

રણમલ્લ—હાજી પરિશ્રમની જરૂર છે કેમકે સ્વર્ગાધિપતિ ઇંદ્ર અહિં આપવાના છે. તેથી તેમના મનને સંતોશ થાય તેવી રચના ઘડવી જોઇએ.

કામસેન—તમારો વિવેક ઇંદ્ર સરખા દેવતાઓને પણ પ્રિયકર થઇ પડે તેવો છે.

વિદુષક—આપનો વિવેક ચંદ્રવદની અને મૃગાક્ષીજ ઉપર ખેંચવાનો છે.

રણમલ—ઇંદ્ર આદી દેવ કે જેઓ સ્વર્ગ ભુવનના નંદન વનમાં કમળ પુષ્પના સમુદાય તથા અનેક પ્રકારના સલિલલતા વિગેરેની ઘટામાં રહીને આનંદ લેનારા છે. તેમના મનને ત્યાં કરતાં પણ અહિંયાં વિશેશ આનંદ મળે તેવી રચના થાય ત્યારે તેઓની ખાત્રી થાય કે મૃત્યુ લોકના મનુષ્ય વર્ગ, દેવ વર્ગ કરતાં બુદ્ધિબળમાં તથા સુખ ભોગમાં ઐશ્વર્યતાથી ટક્કર આપે તેવા છે માટે તેવું પ્રયત્ન કરી વીવેક કરવાની જરૂર છે.

કામસેન—સત્ય છે. (જુવો બિહારી આવે છે. (

વિદુષક—આટલા દિવસતો કંટકબિહારી હતો પણ આજતો ખરેખરો કુન્જબિહારી જેવો દેખાય છે.

કામસેન—(એટલામાં બિહારી આવે છે. તસલીમ કરીને સન્મુ-

ઉભો રહે છે). કેમ બિહારી ? તું કયાં ગયો હતો ?

બિહારી—ગરીબ પરવર ! રણમલજીએ બાગમાં જે રચના કરી છે તે સઘળુ જોવા માટે ફરતો હતો તેમાં હજારો માણસો કામે વળગાડી દીધા છે.

કામસેન—તેં શું શું જોયું ?

વિદુષક—કાકા રણમલજીની ખટપટ જોઇ ખરૂં કે.

બિહારી—હજુર ! શું કહું અહીંથી ખસવાનું મન પણ થતું નથી એવી ઇંદ્રભુવન જેવી રચના થઇ રહેલી છે કે કેટલીકવાર ફરી ફરીને સંગેમરમરના વિચિત્ર ફુવારાઓ તપાસ્યા ત્યારે ગણત્રી કરતાં પંદરસેં ફુવારા બનેલા જણાય છે. તે ફુવારા ઉપર ગુલાબ પુષ્પ તથા વિચિત્ર નવા પલ્લવથી ફુટેલી વિલિકાઓ ઉત્તમ પ્રકારના માંડવા બાંધીને તે ઉપર ચડાવી દીધેલી જોવામાં આવે છે, સેંકડો કમાનો અને તે ઉપર દીપકની કતાર માટે ગ્લાસ ગોઠવેલા તૈયાર કર્યા છે.

કામસેન—વાહ ! વાહ ! એ બધો યશ રણમલજીનેજ આપવાનો છે.

વિદુષક—આપવોજ પડશે એમાં કાંઇ છુટકો છે ?

બિહારી—હાજી. આપ કદર કરનાર છો એટલે વિશેશ શું કહું.

કામસેન—ત્હારા હાથમાં કાગળ શાનો રાખ્યો છે ?

વિદુષક—સુરદાસ આગળ આરસી બતાવવાનો કાગળ છે.

બિહારી—એક આનંદકારક વૃક્ષ નીચે હું બેઠો હતો તે વખતે મ્હારા મનને લાગ્યું કે આ બાગની કંઇ રચના કુમરીમાં બનાવું તો ઠીક.

કામસેન—પછી બનાવી કે નહિ?

વિદુષક—ઠુમરી એવી બનાવી કે સાંભળતાં વાંતજ કાન ફફડાવીને ઉભા થાઓ.

બિહારી—હાજી. મારી યથાશક્તિ પ્રમાણે બનાવી છે.

કામસેન—વાહ! વાહ! ત્યારે જરા સંભળાવો તો ખરા.

બિહારી—હાથમાં કાગળ લઈને વાંચે છે.

જીંજોટીની ઠુમરી.

અહા બન્યો શું બાગ મનોહર શું કહું અધિક ઉચારીરે.
ઠેર ઠેર ચિત્રિત વિચિત્ર દીસે છે અવાસ,
સ્ફાટિકના સ્થંભ મહિ સ્વચ્છ દિસે છે પ્રકાશ;
કનક કમાન પર દીપકના ગ્લાસ,
તેની આસપાસ વેલેકા સુધારીરે. ॥ અહા ॥
મધુકર પ્રિય બધુ માલતી ગુલાબસાર,
ચંપક ચંબેલી જાઇ જુઇની અજબ બ્હાર;
દુર બક કનકને કુંદ પુષ્પનો વિસ્તાર,
કહું શું ચિતાર ચિત્ત હારીરે. ॥અહા. ॥
ફરકે અનેક ચક્ર, વક્ર ગતિ જળ મધ્ય,
અનેક ફુવારા ફરે જળયંત્ર દિસે સદ્ય;
અશાઢ શ્રાવણ ભાદ્રપદની જમીન તુલ્ય,
કહે બિહારી જાઉં વારીરે. ॥ અહા ॥

કામસેન—વાહ! તમે તો બાગનું વર્ણન યથા યોગ્ય કર્યું છે.

વિદુષક—એમાં આકડો અને ધંતૂરો લખવો બાકી રહી ગયો છે, માટે બરાબર કરી નહિ.

બિહારી—હાજી. હવે મને આજ્ઞા હોય તો હું માહારે ઘેર જાઉં, કેમકે ચાર ઘટિકા રાત્રી ગઇ છે.

વિદુષક—રાત્રીનું કામ અહિંયાં તમારૂં નથી, નહિ તો રણમલ કાકા-ને પૂછશો એટલે ખબર પડશે.

કામસેન—ઠીક જાઓ. (બીહારી જાય છે.)

પછી (સુમનપરી પ્રવેશ કરે છે.)

રણમલ—મિત્ર યુવરાજજી ? જુઓ આ સુમનપરી આવે છે.

સુમનપરી—(નજીક આવીને તસલીમ કરી) શ્રેષ્ટ યુવરાજજી ? સ્વર્ગાધિપતિ શ્રી ઇંદ્ર રાજાજીએ આપની તબીયત પૂછી છે. અને કહ્યું છે કે છ મહિના થવા આવ્યા છે માટે બાવન સ-ભાનો નાચ કયા દિવસે નિશ્ચય થવાનો છે ?

વિદુષક—અમારા યુવરાજજીની તબીયત બગડી હતી એવું ઈંદ્રને કહેજો.

કામસેન—કેમ રણમલજી ? એ સંબંધી જે મુકરર દિવસ હોય તે ઠરાવો.

રણમલ—(સુમનપરી પ્રત્યે) આજથી ચોથે દિવસે આ બાગમાં ઇંદ્રરાજા પોતાની સર્વે મંડળી સાથે પધારે એવું નિશ્ચય કર્યું છે માટે તેમને લઇને અહીંયાં આવવું એમાં કંઇ વિલંબ કર-વો નહિ.

સુમનપરી—બહુ સારૂ. હું તેવી વરધી આપીશ. અહો રણમલજી ?

હું આ ભૂમીપર ઉત્તમ પ્રકારના રાજ્ય મંડળ વિગેરે પ્રદેશ ફરીને આકાશ માર્ગેથી આવું છું, તથાપિ આ બાગના જેવી શોભા બીજી કોઈ જગ્યાએ જોવામાં આવતી નથી.

કામસેન—હે સુમનપરી ? એ બધી રચના અને ચાતુર્યતા આ રણમલજીની છે; કેમકે એ સઘળા કામમાં તેઓ આગેવાન છે.

સુમનપરી—સત્ય છે, સર્વ કાર્યમાં સંપૂર્ણ અનુભવ શિવાય કંઇ બની શકતું નથી. (હવે આજ્ઞા હોય તો હું જાઉં છું).

કામસેન—બહુ સારૂ.

(તસલીમ કરીને સુમનપરી જાય છે).

પ્રવેશ ૭ મો.

સ્થળ--કુસુમ વિચિત્રાનો અવાસ.

પાત્ર—કુસુમવિચિત્રા, મદલેખા, વિજયા, રણમલ.

કુસુમવિચિત્રા—અલી વિજયા ?

વિજિયા—હાં. બાઇ સાહેબ.

કુસુમ—યુવરાજના ચમનબાગમાં શાની ધામધુમ થઇ રહી છે ?

વિજયા—ત્યાંતો બાવન સભાનો નાચ થવાનો છે એવી વાત ચાલે છે.

કુસુમ—તહેં શી રીતે જાણ્યું ?

વિજયા—હું દરવાજા બહાર રંગ સરોવરમાં ન્હાવા ગઇ ત્યાં આપણા નગરના લોકો પણ આવ્યા હતાં તેઓ પણ એજ વાત કરતા હતા.

કુસુમ—તેઓ કાંઇ વિશેશ તે સંબંધી વાત કરતા હતા કેમ!

વિજયા—હાજી વિશેશ એમ કહેતા હતા કે. આજથી ત્રીજે દિવસે છ ઘડી રાત્રી ગયા પછી આખી રાત્રી સુધી બાવન સભાનો નાચ થવાનો છે તેમાં ઇંદ્ર રાજા પણ જોવા આવવાના છે.

કુસૂમ—(આશ્ચર્ય પામીને) હે વિશ્વનાથ! તાહારી અકળ માયા છે. અહિંયા બાવન સભા શી! ઇંદ્ર રાજાનું પધારવું શું!! અરે! એ વ્યવસ્થા શીરીતે થઇ હશે? (દાસી તરફ દ્રષ્ટી કરીને) શું તું ખરી વાત કહે છે?

વિજયા—બાઈ સાહેબ હું આપના પગે હાથ મૂકી કહું છું કે એ વાત બીલકુલ જુઠી નથી.

કુસુમ—ત્યારે આપણને જોવાને તક મળશે કે નહિ?

વિજયા—શી રીતે તક મળે ત્યાં હુકમ શિવાય પવન પણ પ્રવેશ કરી શકે તેમ નથી એવો સખ્ત બંદોબસ્ત થયો છે.

કુસુમ—(ચિંતા ગ્રસ્ત થઇને) અરે આપણા રાજ્ય ભૂવનમાં ઇંદ્ર સરખા મિજબાન થઇને આવે અને કિર્તિધ્વજ તથા યુવરાજની સન્મુખ બાગમાં બાવન સભાનો નાચ થાય એ નાની સુની વાત નથી છતાં તે શોભાને નાચ મ્હેં મારી જીંદગાનીમાં જોયો નથી એટલુંતો શું પણ રાજા ઇંદ્રે પણ જોયો નથી તે નાચ જ્યારે આપણને જોવા ન મળે ત્યારે તે મ્હોટી ખામી

કહેવાય માટે શો ઈલાજ કરવો કે જેથી આપણે ત્યાં પ્રવેશ કરી શકીએ.

વિજયા---બીજો એકે ઇલાજ નથી બાઇ સાહેબ. ફક્ત એકજ ઇ-લાજ છે.

કુસુમ—શો ઈલાજ છે ?

વિજયા—એ સંબંધીનો બધો કારભાર રણુમલજીને હાથ છે માટે તેમને બોલવીને કહો અને તે કદી મન ઉપર લેતો થઇ શકે નહિતો બીજો ઇલાજ નથી.

કુસુમ—સત્ય છે દાસી. તું બરાબર કહે છે. ત્યારેતો અત્યારે આપણી મદલેખાને મોકલીએ.

(મદલેખા તરફ દ્રષ્ટી કરીને) અલી મદલેખાં ?

મદલેખા—(હાથ જોડીને) હાં બાઇ સાહેબ.

કુસુમ—તું બહુ ઝડપથી બાગમાં જા અને રણુમલજીને મારા તરફથી તેમની તબીયતના સમાચાર પૂછીને એટલુ કહેવું કે અમારાં બાઇ સાહેબ કાંઇ તાકીદના કામ માટે આપને બોલાવે છે માટે મેહેરબાની કરીને ચાલો, આપને કામ ઘણું હશે પણ તસ્તી લઇને જરાકવાર આવી જાઓ તો બહુ સારૂ એમ કહીને અત્યારે તેડી લાવ. હું અહિયાં રાહ જોઇને બેઠી છું જોજે તું તેમને સાથે લીધા વિના આવતી નહિ.

મદલેખા—બહુ સારૂ બાઇ સાહેબ (એમ કહીને જાય છે).

કુસુમ—કેમ વિજ્યા ? ઠીક થયું કે નહિ ? ઘણું કરીને રણુમલ આવશે તો ખરા.

વિજયા—હાજી. આપની આજ્ઞા સ્વીકારે છે માટે કેમ ન આવે.

કુસુમ—તેનું કંઇ પ્રમાણ નહિ. ન આવે તો શું કરીએ.

વિજયા—બાઇ સાહેબ આપ બહુ ગમગીનીમાં રહોછો તેનું કંઇ કારણ સમઝાતું નથી.

કુસુમ—તને કહેવાથી શું ફળ ?

વિજયા—મને થોડી થોડી સમજણતો પડી છે.

કુસુમ—તું શું સમઝી છે ?

વિજયા—જ્યારથી બાવન સભાની વાત સાંભળી છે ત્યારથી આપનું ચિત્ત પ્રસન્ન નથી એટલુંજ હું સમજુ છું.

કુસુમ—એશ છાની માની તેમાં મારૂં શું જવાનું હતું ?

વિજયા—ના બાઇ સાહેબ! એતો વાત ખરી છે.

કુસુમ—તું બહુ દોઢ ડાહી છે જેમાં તેમાં તને પંચાત કરવી ઠીક ફાવે છે. (મદલેખા પ્રવેશ કરે છે)

મદલેખા—બાઇ સાહેબ રણમલજી આવે છે.

કુસુમ—(ઉભી થઇને) કયાં છે ?

મદલેખા—બારણે ઉભા છે (એવું સાંભળી બારણા આગળ જઇને)

કુસુમ—(રણમલ પ્રત્યે) પધારો રણમલજી ?

રણમલ—(તસલીમ કરીને) કહો આપની શી આજ્ઞા છે ?

(૭૬)

કુસુમ— **દેશ જીલ્લો.**

કામણ દીસે છે.

એ રાહ.

કરૂં વિનંતિ એક કરૂણા કરી ચિતમાં લાવીયેરે
કૃપા દરસાવિયેરે. ॥ કરૂં ॥
ચમન બાગમાં ખેલ કરોછો,
કમર બાંધી તમે કામ કરો છો;
બાવન સભાનું નૃત્ય મને બતલાવીયેરે ॥ કરૂં ॥
સ્વર્ગ ભુવનપતિ ઇંદ્ર આવશે,
સાથે સુર ગણ સહિત લાવશે;
નાટારંભ થશે તે મુને દરસાવિયેરે. ॥ કરૂં ॥
ખરો ભરોસો તમપર જાણી,
વાત કરૂં છું સત્ય પ્રમાણી;
ગમે તેમ કરી સવડ હૃદય ઉઠાવીયેરે. ॥ કરૂં ॥

રમમલ—(હાથ જોડી) બાઇ સાહેબ ? લાચાર છું કે આપને એ બાબતમાં આનાકાની કરવી પડે છે.

કુસૂમ—કેમ શું હું એટલા લેખામાં પણ નહીં કે ?

રણમલ—તેમાં લેખામાં શા વાસ્તે નહિ ? પણ જ્યાં સુધી તમે તમારા સ્વામીની મરજી સંપાદન કરતાં નથી ત્યાં સુધી તમે ઠીક કરતાં નથી તો શા માટે તમને અમે ત્યાં બોલાવીએ તેનો ઉત્તર આપો ?

કુસુમ—માફ કરો હવે પછી હું વિચાર કરીશ. પણ તમે ગમે તેમ કરીને મારે માટે ગોઠવણ કરવીજ જોઇએ. જયારે તમે ધ્યા-

નમાં ન લ્યો ત્યારે બીજો કોણ લઇ શકે ?

રણમલ—(ઘણીવાર વિચાર કરીને) બાઈ સાહેબ શું કરૂં આપની આજ્ઞા ઉલંઘન કરવી પડે છે. કેમકે આપને બેસવાની કોઇ પણ સગવડ નજરે પડતી નથી.

કુસુમ—બાવન સભાનો નાચ જોવાને મારી ઘણી ઉત્કંઠા છે જો તમે ખુણામાં બેસવાનું કહેશો તો ત્યાં પણ બેસિશ માટે સગવડ ન હોય તો પણ ગમે ત્યાં રહીને હું જોઇ શકું તેવી ગોઠવણ કરો તો સારૂં.

રણમલ—સગવડ એક ખોળી કાઢી છે પણ તે સગવડ તમને કહેતાં મારી જીભ ઉપડતી નથી.

(૭૭)

માલ કોસ.

॥ મેં પીયા સંગ લડ પછતાની. ॥

એ રાહ.

મને શરમ ઘણી લાગે છે આજ,
નથિ ઉપાય માહારો કોઇ પ્રકારે;
કહેતાં આવે છે મુજને લાજ. ॥ મને ॥
નથિ કોઇ જગો સમિપ જોવાને,
પણ ચિત અટકે છે કહેવાને;
ત્યાં બેસોતો સહુ સુધરે કાજ. ॥ મને ॥

કુસુમ—નાનુ મ્હારી સમ તમે કહિ દ્યો, એમાં શા માટે આંચકો ખાઓ છો.

રણમલ—અમે બાવન સભાના નાચનું જે સ્થાન નિર્માણ કર્યું છે તથા ઇંદ્ર આદિક દેવતા તથા અત્ર સ્થાનના રાજાજી અને રાજ કુમાર વિગેરેની બેઠક ઠરાવી છે તેના સન્મુખ દુર બાજુએ એક પાયખાનું છે. તેમાં તમે ઉભાં રહીને જાળીમાં મુખ રાખી જોશો તો તમામ શોભા નજરે પડશે. એ સિવાય એકે જગો આપને લાયક મારા ધ્યાનમાં આવતી નથી.

કુસુમ—(નિશ્વાસ મૂકીને) શિવ! શિવ! શિવ! શિવ! કેવી ખરાબ જગો બાવન સભા જોતાં જોતાં માથું તર થઇ જાય એવી જગો બતાવી ખરી કે વાહ!

રણમલ—હું તે પાયખાનું સાફ કરાવીશ જેથી આપને કાંઇ હરકત નહિ આવે.

કુસુમ—ગમે તેટલું સ્વચ્છ કરાવશો તો પણ જાજરૂ તે જાજરૂજ. ખેર હરિઇચ્છા જ્યારે બીજો ઇલાજ નથી ત્યારે ત્યાંજ બેશીને જોઇશું. પણ આ વાત તમે કોઇને કહેશો નહિ.

રણમલ—રામ રામ ભજો. એવી વાત કોઇને કહેવાતી હશે કે? વારૂ ત્યારે તમે તે પાયખાનું જોયું છે? જોયું હોય તો પરમ દિવસે ઇંદ્ર સભા ભરાતાં પહેલાં તમે તે જાજરૂમાં બેસી જજો મને પુછવાની રાહ જોશો નહિ કેમ કે હું મારા કામમાં રોકાયો હોઇશ.

કુસુમ—બહુ સારૂ.

રણમલ—હવે હું જાઉં છું કેમ કે મારે કામ ઘણું છે.

કુસુમ—ઠીક પધારો.

(રણમલ જાય છે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—ચમનબાગ.

પાત્ર—કિર્તિધ્વજ, કામસેન, પ્રધાન. રણમલ, નિસૂમ વગેરે. વસંત તલિકા, ચંદ્રપ્રભા, માનમંજરી, ઇંદ્ર, સુમનપરી, તિલોત્તમા, ઉર્વશી, દેવમુનીમંડળ, કુસુમવિચિત્રા, પછીથી શ્વેતકેતુ, ચેટ, મહાચેટ, વક્રાક્ષ. ધુમ્રશૈલ્ય, વિદુષક.

ઇંદ્ર—અહો કિર્તિધ્વજ ? આ બાગની રચના જોઇને મને ઘણો આનંદ થાય છે.

કિર્તિ—(હાથ જોડી) મહારાજ. સ્વર્ગના વૈભવ આગળ આ તરફની રચના કંઇપણ લેખામાં નથી. આપે વિવેકદ્વારાએ મને સાબાશી આપી તે વચન હું માથે ચઢાવું છું.

ઇંદ્ર—નહિ, નહિ, હું ખરૂં કહું છું. કેવળ તમને સારૂ લગાડવાને મ્હેં બીલકુલ વિવેક વાપર્યો નથી મને લાગે છે કે તમારો બાગવાન ઘણો અનુભવિ હોવો જોઇએ.

કિર્તિ—બાગવાન શું કરે ? આ બધી ગોઠવણ કરવામાં અમારો એક

શુરવીર રણમલ્લ છે.

ઇંદ્ર—તે ક્યાં છે?

કિર્તિ—(રણમલ્લ સામે દ્રષ્ટી કરીને) જુવો આ માણુસ છે તેણે સઘળી ગોઠવણ ઉપર દેખરેખ રાખી છે.

ઇંદ્ર—વાહ! વાહ! તેમને જોતાંજ મને ખાત્રી થાય છે કે તે કેવળ ચતુર અને અનુભવી છે.

સુમન—(ઇંદ્ર પ્રત્યે હાથ જોડીને) ગરીબ પરવર! આપની અને આ કિર્તિધ્વજ રાજાજીની વચ્ચે બેઠેલ છે તે તેમનો યુવરાજ છે.

ઇંદ્ર—(યુવરાજ ઉપર દ્રષ્ટી કરીને) એમકે ત્યારે તેમનું નામ શું છે?.

સુમન—કામસેન છે.

ઇંદ્ર—વાહ! નામ પ્રમાણેજ કાંન્તી પણ છે.

વિદુષક—કાંન્તી જાજવલ્યમાન છે અને બુદ્ધિ પાણ ભોભના માથા જેવી જાડી મજબૂત છે. મહારાજ ?.

કામસેન—(આસન ઉપરથી ઉઠીને) મહારાજ? આપને હું અભિવંદન કરૂં છું.

ઇંદ્ર—પુત્ર. આનંદ રહો શતં જીવી રહો.

કામસેન—આપ મુરબ્બી શ્રીની આશિષ માથે ચઢાવું છું (એમ કહીને પોતાના આસન ઉપર બેસે છે).

રણમલ—(હાથ જોડીને) મહારાજ? સર્વ મંડળી બિરાજમાન થઇ છે હવે કોઈ આંવવા ઉપર મુલ્તવી રહ્યું નથી માટે શો હુકમ છે?

કિર્તિ—જેમ ઇંદ્ર મહારાજની ઇચ્છા તે પ્રમાણે થવું જોઇએ આપણા તરફથી સર્વ મંડળી આવી ચુકી છે માટે યથાયોગ્ય થવાનું હોય તેમ થવું જોઇએ.

રણુમલ—(નિલમબહાઇ તરફ નજર કરીને અણસારો કર્યો) એટલે સન્મુખ બાવન પરિયોમાં શ્રેષ્ટ ચંદ્રપ્રભા હતી તે ઉભી થઇને ઇંદ્ર અને કિર્તિધ્વજ આગળ જવાહીર તથા સોના મોહોરો વિગેરેની કીમતી ભેટ મુકી તાજીમ કરીને સભાના મધ્ય ભાગમાં ઉભી રહી. પછી નિલમબહાઇ સાજીંદાએ પોતાના વાંધત્ર તૈયાર કરી તત્પર થયો પછી નિલમબહાઇ ઇંદ્ર સમીપ સલામ કરીને ઉભો રહ્યો, પછી વાંધંત્રમાં ભેરવીની લ્હેરો ઉઠાવવા લાગ્યો.

ઇંદ્ર—આહો નિલમ બહાઇ ? તમે ઘણા ચાલાક અને અનુભવિજ જણાઓ છો તમારો હાથ વાજીંત્ર ઉપર એટલે દરૂજે કામ કરે છે કે તે સાંભળતાંજ અમૃતશ્રાવ થયા કરે છે.

નિલમ—હા ગરીબ પરવર ? તેજ ભૈરવીની લ્હેર નાચની સાથેજ આરંભ કરિયે છીયે.

ચંદ્રપ્રભા—(બાવન સભાની અગ્રેશ્વર પરી આગળ ભાગમાં આવી તે અદા સાથે પગમાં ઘુઘરા બાંધી તાલથી પગ મુકે છે તે સાથે સરવે પરિયો નૃત્ય કરે છે).

(૭૮)

ભેરવીની ગત

તા તા થૈયા રૂમક ઝુમક પદ ઘુઘર થનનન

એક એક ચુટકી પર લલના વારી વારી.

॥ તા તા થૈયા ॥

એક તાલ ત્રીતાલ, ચતુરગુન રૂદ્ર તાલ મહા તાલ કાલ ક્રમ.
મિલે દિલદાર બનિ કયા બ્હાર;
પરી ગુલઝાર નચેં ચિતચાર,
સભા મેં સાર;
રૂમક ઝુમક પદ ઘુઘર થનન. ॥ તા તા થૈયા

ઇંદ્ર—વાહ વાહ ! નિલમબહાઇ ? ભેરવીની લ્હેર સાથે નૃત્ય પણ ઉત્તમ પ્રકારનું થયેલું જણાય છે.

નિલમ—હા ગરીબપરવર! હવે તેવીજ બીજી ભેરવીનું ગાયન થાય છે.

(૭૯)

ભેરવી

સરવર, બરતર,-જગધર ગિરધર, હોય મુબારક વા.

એ રાહ.

પરિયો—નિસ દિન પલ પલ છિન નહિ બિસરત,
નાથ નિકટ ચિતવા.
સદયા, નિલયા, વિજયા, મુદયા,
નિસ દિન પલ પલ.
જા દિનતેં દ્રુમરે મન ભીતર,

પ્રેમકી આતી લગી હૈ સ્વતંતર;
કામ ન સુઝત બુઝત ના કછું,
નૈન કટારી લગી હિરદે બિચ.
બાકી ભ્રકુટિ પર તિર છે નૈન પર,
લંગ ભુજા પર ચારૂ ચિંબુક પર;
વારિ વારિ મેં જાઊ ભુવનપતિ નિરખી કામ સમ હર્ષદ મનહર,
॥ નિસ દિન પલ પલ ॥

ધૌમમુનિ—વાહ વાહ! આ સંગિતમાં પ્રેમ ભાવ સારો જણાય છે તેમ ભેદ પણ એ છે.

ઇંદ્ર—કેમ મુનિશ્રેષ્ટ એ ભેદ શી રીતે ?

મુનિ—માહારા સમજવા પ્રમાણે તો એક રીતે દક્ષ નાયકાના ઉત્તમ શ્રંગાર સાથે સ્નેહ સ્નિગ્ધ ઉક્તિ છે. અને બીજી રીતે નાથ એ શબ્દનો અર્થ ભૈરવનાથ થાય છે. તેથી તેમના પ્રત્યે ભક્તિભાવરૂપી કેવળ પ્રેમ ભક્તિ છે.

ઇંદ્ર—ધન્ય છે મુનિશ્રેષ્ટ આપે માહારૂં હૃદય પવિત્ર કર્યું કેમકે ભૈરવનાથ સાક્ષાત શંકર રૂપ છે કે જેમણે અનેક રાક્ષસોનું વિદારણ કરીને ભકતોને સુખ આપ્યું છે. તેથી તેમના ગુણનું કથન શ્રવણ કરવું જોઇએજ કેમકે હું ઇંદ્રની પદવી તેમની કૃપાથીજ ભોગવું છું.

શ્વેતકેતુ—એટલામાં શ્વેતકેતુ કુસુમ વિચાત્રાના અવાસ ભણી નજર કરીને ત્યાં નહિ મળવાથી બાગમાં નાટયારંગ સંગિત સાંભળી ત્યાં ઉતરી પડે છે, અને કુસુમવિચિત્રાને એક પાયખા-

નામાં ઉભેલી જોઇને તેને ઘણો ક્રોધ થાય છે. તેથી એક બા-જુપર ઉભો રહીને.

(સ્વગત) અરે હાય હાય! કેટલું બધું અઘટિટ? જે-ને હું ખરા દિલથી ચાહુ છું તેને એક જાનજરૂમાં ઉભી રા-ખી છે. તે કેટલું અંધેર! એ બધી તકસીર યુવરાજની છે. આ ગોઠવણુ તેના ઉપર અભાવને લીધે તે રાજકુમારેજ કરે-લી હોવી જોઇએ. માહારી માશુકને આવી સ્થિતીમાં નાંખીને જે અપમાન કર્યું છે તે ઘણા ભાગે માહારૂં અપમાન કર્યું એ-મ હું પક્કી રીતે સમજું છું. તે બિચારીને કેટલો તિરસ્કાર? અરે! તેને કેટલું માઠું લાગ્યું હશે તેની આંખમાં શ્રાંવણ અને ભાદ્રપદ માસની વર્ષારૂતુની માફક આંસુ ચાલતાં હશે તે આંસુનો કપડાથી કોણ લ્હોનાર? અરે હાય! એ રાજકુમારના ટુકડે ટુકડા કરવા જોઇએ. અપમાન થયાં કરતાં મરવું એ ઉત્તમ પ્રકારનું છે. હવે તો હું તેને એકદમ ઉપાડીને આકાશ માર્ગે લઇ જાઉં અને એક અરણ્યમાં પથર સાથે પટકીને તે-ના પ્રાણ લઉં (એવો દ્રઢ નિશ્ચય કરીને તૈયાર થાય છે.)

નિલમ—(ઇંદ્ર પ્રત્યે હાથ જોડીને) સુર શ્રેષ્ટ મહારાજ હવે શી આજ્ઞા છે.

ઇંદ્ર—મને ઘણો આનંદ થયો છે. હું વિશેશ તારીફ કરતો નથી પણ એટલું કહું છું કે મહારી સભામાં જે પરિયો છે તેમના કરતાં ઘણે દરજ્જે શ્રેષ્ટ સંગીત અને હાવભાવ કરીશકો છો તેમજ સઘળી પરિયોની સૌંદર્યતા અને તેમની લાવણ્યતા જોઇને મા-હારૂં અંતઃકરણ કેવળ આનંદ થયું છે. રાત્ર વીતી છે. તમારા

સંગિત રૂપી સુધારસનું પાન કરતાં પણ અતૃપ્ત રહીએ છીએ તેમજ તમારી તરફ પરિ તો જથો કો છે માટે મારવાડમાં વખણાતો ધુમરના નાચ જોવાની અમારી ઇચ્છા છે તો તે નાચ ગાયનની સાથે અમને સંભળાવો.

નિલમ -જેમ હુકમ

(એમ કહીને ગાયન શરૂ કરે છે).

(૮૦)

(ધુમર)

ટપકે નુર પસિનારે ગરમીકા મહિના.

એ રાહ.

વિલસે રાજ રસીલેરે બલિહારી છબિલે,
બલિહારી છબિલે, બલિહારી છબિલે. ॥ વિલસે ॥
સિરપે પાઘ ચમક રહી કલગી,
મોતીકી માલા ગલેમેંરે. ॥ બલહારી ॥
બાકી ભમરવામેં બિંદિ લગાઇ,
નેનૂમે નેહ ગાકેરે. ॥ બલીહારી ॥
હમ પરીયુહે. બાવન સબાકી,
નાચ કે લેતે બલૈયારે. ॥ બલીહારી ॥

(ગાયન પૂરૂં થતાંજ)

રણમલ—(એક બુમ પાડીને) અરે ગજબ થયો ? ગજબ થયો ? દેડો દોડો શું જુવો છો ?.

વિદુષક—ધાજો ધાજો અમારા કામાંધ કબુતરને બાજ લઇ ગયોરે મારા બાપ.

ઇંદ્ર—શું છે ? શું છે ? કેમ સ્હોર બકોર કરો છો ?

રણમલ—(ઇંદ્ર પ્રત્યે હાથ જોડીને) મહારાજ ? આ આસન ઉપરથી યુવરાજ શ્રી કામસેનને સ્વર્ગનો દેવ ઉપાડીને આકાશ માર્ગે ચાલ્યો ગયો. મ્હેં બરાબર સુરત રાખી છે કેમકે તમામનું ધ્યાન નૃત્ય જોવામાં રોકાયું હતું.

ઇંદ્ર—હરકત નહિ (દેવગણ સમુદાય તરફ દ્રષ્ટી કરીને) અરે વિષકુંભ ?

વિષકુંભ—(હાથ જોડી) હાજર છું મહારાજ.

ઇંદ્ર—તમે અને કુંભકીટક, ચેટ, મહાચેટ, વક્રાક્ષ ધુમ્રશૈલ્ય એ સમગ્ર મળી દશે દિશાઓ ઘેરી વળો અને જુવો તે કોણ દેવ છે? તેને પકડીને એક ક્ષણમાત્રમાં માહારી પાસે લાવો. યુવરાજને કોઇ પ્રકારે હરક્ત પડી તો હું સક્ત શાસન કરીશ.

વિશકુંભ વગેરે.—(હાથ જોડી માથું નમાવી) જેમ હુકમ (એમ કહીને જલદીથી નીકળી પડે છે.)

વિદુષક—ઓ વિષકુંભ ભાઇ એનું માથું રાખીને ધડ ઉચકીને લાવજો કેમકે તે દેવ બહુ સારા સ્વભાવનો છે.

કિર્તિધ્વજ—(કપાળે હાથ દઇને) અરેરે આ શું થયું હશે? હે નાથ? હાય હાય? હવે હું શું કરૂં મારા પુત્રની શી દશા થઇ

હશે શિવ, શિવ, શિવ, (એમ કહી જમીન ઉપર મૂર્છા આ-વવાથી નીચો પડે છે.)

ઇંદ્ર—(તેને શાંન્ત કરે છે) (અને પવન નાંખે છે અને બેઠો કરે છે પછી) હે ભૂમંડળમાં શ્રેષ્ટ? કિર્તિધ્વજ? તમે કોઇ પ્રકારની ફીકર કરશો નહિ તેનું કારણ હમણાંજ જણાશે અમારા દેવ વર્ગના એવા પરાક્રમી યોદ્ધાઓ છે કે પાતાળમાં પ્રવેશ કરીને પણ કાર્ય સફળ કરી આવે તેવા છે.

કિર્તિધ્વજ—(હાથ જોડી) આપ સમર્થ છો માટે તેમ થવામાં ખામી નહિ થાય પણ મને ચિંતા એ થાય છે કે એકાએક આમ થવાનું કારણ શું હશે?

રણમલ—(ઇંદ્ર અને કિર્તિધ્વજની વાતચીત થતી તે મધ્યક્ષમાં) ગરીબ પરવર? તેનું કારણ મારા જાણવામાં છે તે વાત બા-હાર પાડવાની જરૂર નથી ટુંકી હકીકત એજ છેકે યુવરાજનો નાશ કરીને તે દેવે બીજી રીતે પોતાની મુરાદ હાંસલ કરવા ધારી છે માટે તે દેવ જ્યારે પકડાય ત્યારે યુવરાજને ફરીથી તેની ધાસ્તી ન રહે તેવી તે દેવને સજા થવી જોઇએ એટલું-જ હું ગર્ભિત રીતે ટુંકામાં કહું છું.

ઇંદ્ર—સત્ય છે હરકત ધારશો નહિ તેને જ્યારે હું જોઇશ ત્યારે તુ-રત તેની વર્તણુંક માહારા ધ્યાનમાં આવશે (એટલામાં વિશ-કુંભ વગેરે દેવગણ શ્વેતકેતુને પકડીને રજુ કરે છે અને રાજ્ય પુત્રને અધર ઉચકીને સભામાં મુકે છે જેથી આનંદ થાય છે પછી શ્વેતકેતુને નજરે જોઇને) અલ્યા કેમરે? શા માટે તેં

આ સભામાં ગેરવાજબી તોફાન કર્યું તને ખબર નહોતી કે હું આ જગોએ બેઠો છું છતાં ત્હેં મ્હારી મર્યાદાનું ઉલંઘન કેમ કર્યું ? દુષ્ટ જવાબ દે ? કેમ સ્તબ્ધ થયો છે ? ઉત્તર આપ નહીંતો દેહાંત શિક્ષા કરૂં છું.

શ્વેતકેતુ—મહારાજાધિરાજ ? એ બાબત હું કદી પણ જવાબ આપવાનો નથી ચાહે દેહાંત શિક્ષા આપો અગર ગમે તેમ કરો.

વિદુષક—એ બેટાજી માને તેવા નથી અને ખરી વાત કહેતો તેનું નાક કપાય તેવું છે.

ઈંદ્ર—(શ્વેતકેતુનું બે પરવા પણું જોઇને પગથી તે માથા સુધી ક્રોધ ચઢવાથી) અરે વિષકુંભ ? અરે ચેટ ?

(૮૧)

અંગ્રેજી.

ઓ બદકા ઓ મગરૂર.

એ રાહ

ઇંદ્ર—ઓ નાદાન, ઓ હેવાન, ઓ અજ્ઞાન, ઓ મસ્તાન,
દુર દુર. અહિંથી દુર,
હદ બેહદ છે બહુ કસુર.

સભા— જાતુ દુરરે ગમાર,
ધિક તુજને ધિક્કાર,

થુ તુજ મુખપર હજાર;

ઇંદ્ર— અર્ધ દેહથી મારો હાર.

વિદુષક—મરનારી ઘો થાય ત્યારે વાઘરી વાડે જાય એવું થયું (હુકમ થતાંજ તેને જકડ બાંધીને દેહાન્ત શિક્ષા કરવા લઇ જાય છે.)

કિર્તિધ્વજ—(ઇંદ્ર પ્રત્યે) મહારાજ આપ સમર્થ છો આપેજ કૃપા કરીને મને પુત્ર આપ્યો એમ હુ માનું છું.

ઇંદ્ર—હે રાજન ? એમાં મ્હેં કાંઇ વિશેષ કામ કર્યું નથી એ સઘળું માહારૂં કર્તવ્ય કર્મ છે.

કિર્તિધ્વજ—અલબત ? એમ કેમ નહિ હું જો કહું છું તે ખરૂં કહું છું જ્યારે આપ અત્ર સ્થાનમાં નહો અને અનાયાસે આ પ્રમાણે થાય ત્યારે અમારાથી શું બનવાનું પણ આપ સમર્થ છો તેથી વિઘ્નનો નાશ થયો માટે આપનો મોટો ઉપકાર માની આપના ચર્ણારવિંદમાં હું અભિવંદન કરૂં છું.

ઇંદ્ર— હે રાજન હું તમારા વિવેક ઉપર પ્રસન્નછું એટલુંજ નહિ પણ બાવન સભાના નાચનો લાભ તમારા સ્થાનમાં મળ્યો તેથી તમને મિત્ર તુલ્ય ગણું છું હવે રાત્રી ગઇ છે વખત થોડો રહ્યો માટે નૃત્યનું કામ તહકુબ રાખવું જોઇએ.

વિદુષક—હા એ ખરી વાત છે જેમ જેમ દી ઉગે એટલે દેવ આંખે દેખે નહિ માટે વેલો પાર લાવવો.

રણમલ—(રાજા ઇંદ્ર અને કિર્તિધ્વજ પ્રત્યે) છેવટની વખતમાં મારા તરફથી વિનંતી છે કે આ સુમનપરી અને યુવરાજ એ

બન્યોનો પરસ્પર અત્યંત પ્યાર છે માટે આપ અહિં પધાર્યા છો તો તે સંબંધી આપનાજ હાથથી માંગલ્ય કાર્ય નિર્વિઘ્નેથી થાય તો સારૂં.

ઈંદ્ર—અહો રણમલ ? તમારૂં કહેવું હું સ્વીકારૂં છું લાવો બન્યોના હાથ હું માહારા હાથે મેળવીને ગાંધર્વ લગ્ન કરાવું. (એમ કહીને સુમનપરીનો અને કામસેનનો હાથ મેળવી બન્યોના ગળામાં અમુલ્ય હાર આપે છે પછી તેમને પોતાની પાસે બેસારે છે).

રણમલ—(ઇંદ્ર પ્રત્યે હાથ જોડીને) હે સુર શ્રેષ્ટ આપે સેવકની વાત સ્વીકારી તેથી હું આપનો મોટો ઉપકાર માનું છું.

ઇંદ્ર—તમારૂં કહેવું નિખાલસ મનથી હતું તેથી તે કામ કરવામાં મારૂં મન હર્ષ યુક્ત પરોવાયું.

નિલમબહાદ—(ઇંદ્ર સન્મુખ આવીને એક રેશમી કપડામાં વીંટેલો પત્ર લઇને) મહારાજશ્રીના ચર્ણાર્વિંદમાં અભિવંદન સાથે મહત્વની વાત નિવેદન કરવા આ ભેટ મૂકું છું તે અવલોકન કરશો.

ઇંદ્ર—(રૂમાલ ઉકેલી અંદરથી લખેલો પત્ર કાઢી વાંચી જોઇને) અહો નિલમ બહાદ? જેણે માહારૂં હૃદય ગાયન સંભળાવીને તલિન કર્યું છે તેજકે ? અહો ઉર્વશી ? અને તિલોત્તમા જેવી અપ્સરાઓના માન ખંડન કરનારી તેજકે ? અહાહા જ્યારે તે ચંદ્રપ્રભાની ખાસ ખુશી આ યુવરાજ ઉપર છે તો તે જોઇને મને અધિક હર્ષ થાય છે માટે અત્યારેજ યુગલ જોડું દીપાવવા હું તૈયાર થાઉં છું (એમ કહી તે બન્યોને બેસારી

હસ્ત મેળાવો કરાવી અત્યંત કીમતી પોશાક અને દાગીના બક્ષીસ કરે છે અને તેમને પોતાની જોડે બેસાડે છે)

કુસુમ—(જાજરૂમાં આ સઘળો દેખાવ જોઇને)

(સ્વગત) હે વિશ્વનાથ ? તહારી અકળ માયા છે ? શ્વેતકેતુ પણ માર્યો ગયો શૂરવીર રણમલના પ્રતાપથી આ બધી શોભા અને રચના થઈ છે એમ જણાય છે અને તેના યોગ્યે કરીને યુવરાજને પરિયો વરી ચુકી હવે માહારો હિસાબ શો રહ્યો ? જે મોહ મહારા ઉપર યુવરાજનો હતો તે હવે ઝાંખો થયો છતાં હવે માહારો ટેક કાયમ રહેશે તે મિથ્યા છે માટે આ મળેલી તક હું ખોઇશ તો ફરીથી મને સુખ થવાનું નથી સબબ આ સભામાં પ્રવેશ કરી મહારા કસુર પણાની માફી શ્રી કિર્તિધ્વજ સસરા આગળ માગી લઉં એ ઉત્તમ કહેવાશે (એમ વિચાર કરીને પાયખાનામાંથી નીકળી પ્રવેશ કરીને કિર્તિધ્વજ સન્મુખ હાથ જોડી ઉભી રહી)

પીતાજી શ્રેષ્ટ ? હું વિનંતી કરૂં છું કે અત્યાર સુધી હું માહારા સ્વચ્છંદ પણામાં રહીને જે ત્રાસ આપ્યો છે તથા માહારા અવિવેક ઉપર જે આપ સરવેને માઠું લાગ્યું છે તે સઘળાની હું માફી માગું છું હે પીતાજી ? હવે હું દિન થઇ ગઇ છું અને માહારા કરેલા કૃત્યનો પશ્ચાતાપ ખુબ યાદ આવે છે ગમે તેવી સ્ત્રી શિક્ષણ પામેલી હોય યધપી સ્વતંત્રતા સાથે સદસંગ નહોય તો તેના પરિણામ માઠાં નીપજે છે માટે સ્ત્રીઓને કદીપણ સ્વતંત્રતા આપવી નહિ એવું નિતી શાસ્ત્રનું વાક્ય છે હું કેટલી અધમ કહેવાઇ ? મેં પતિ સેવા બન્દવી

નહિ તે પાપનો બદલો આખરે માહારે કેવો ભોગવવો પડ્યો તે વિશેં માહારૂં મન જાણે છે.

હે પીતાજી ? આપ ધર્મરૂપ છો ? હું અબળા છુ છતાં મારા કૃત્ય ઉપર આપનો કોપ થાયતો મહારૂં શિરચ્છેદ થવાને કેટલો વિલંબ લાગે ? કંઈ પણ વાર નથાય પણ આપ આર્ય પુત્ર છો ?અને આર્ય ધર્મનું રક્ષણ કરવામાં આધાર રૂપ થઇ સ્ત્રી ગાય અને બ્રાહ્મણનું રક્ષણ કરોછો તેથી હું અપરાધી સ્ત્રીનું રક્ષણ થયું છે.

વળી કહ્યું છે કે—

॥ દોહરો. ॥

વિધા વનિતા વેલી નૃપ, નહિ જાને કુલ ભાત;
જો જાકે નિકટ રહે, તો તાસે લપટાત.

પૂર્વેથીજ આ આર્ય ભૂમિમાં સ્ત્રીને સ્વતંત્રતા આપીજ નથી તેમ સ્ત્રીઓએ પોતાના પતિની કેવી મરજી ઉઠાવવી અને દાસત્વ પણું કેવા પ્રકારનું રાખવું તેને માટે અનુસુયા, દમયંતી, તારા, અહલ્યા વગેરે શ્રેષ્ટ સતિઓના ચરિત્રથી ચિત્ર જણાઇ આવે છે અને તેમના પરાક્રમનો તથા વચન શકિતનો પતિ સેવાથી કેટલો પ્રભાવ વધી ગએલો હતો તે પણ પુરાણ પ્રસિદ્ધ છે છતાં આ પ્રમાણે પતિ સેવા રૂપી રત્ન મુકીને સ્વતંત્રતા રૂપી પથ્થર હાથમાં પકડવાથી અત્યારે માહારૂ અજ્ઞાન અનીતીનું મને જણાઇ આવ્યું છે.

હે પીતાજી હું કેવળ અધમ અને અપરાધી છું. તે સઘળા અપરાધની હું ક્ષમા માગુંછું અને આપના ચર્ણારવિંદમાં શરણે આવીછું તો મને અનુગ્રહ કરશો.

(સ્ત્રી વર્ગ તરફ દ્રષ્ટી કરીને)

હે બ્હેનો ? મહારા પ્રમાણે પોતાના પતિનો અનાદાર કરીને જે કોઈ પોતાના સ્વછંદ પણે વર્તશે તો જેવી રીતે મારા ઉપર અસહ્ય દુઃખ પડ્યું એવું તમને પણ પડયા વિના રહેશે નહિ અને તન મન અને ધનથી પતિ સેવામાં અહોનિશ રહેવાથી તમને આ સંસારમાં સુખ પ્રાપ્ત થશે, એટલુંજ નહિ પણ આગળ ઉપર સ્વર્ગ સ્થાનમાં પણ તેમને કેટલો વૈભવ મળશે તેનો તમેજ ખ્યાલ કરો.

હે બ્હેનો ? હું તો કેવળ દોષિત છું તથાપિ જે હકીકતનું હું વિવેચન કરૂં છું તે કેવળ મારા પાપના પ્રશ્ચાતાપનું મૂળ છે. પતિ સેવા એજ સ્ત્રીનું ભુશણ છે પતિ એજ પરમેશ્વર છે. વેદ પુરાણાદિક ધર્મમાં પણ મુખ્ય પતિ સેવા એજ ઉત્તમ માર્ગ બતાવ્યો છે માટે હે બેહેનો તમારા બધાઓના ચિત્ત પતિવૃત ધર્મમાં નિમગ્ન રહે એવી હું મારા અંતઃકરણ પૂર્વક આશા રાખું છું.

કિર્તિધ્વજ—બેટા કુસુમવિચીત્રા ? આ ખુશાલીની મીજલસમાં તાહરી સઘળી કસુર માફ કરૂં છું તમે અને ચંદ્રપ્રભા તથા સુમનપરીએ સરવે જુદા જુદા મ્યાનામાં બેશીને રાજ્ય ગ્રહમાં પ્રવેશ કરો.

(એમ કહીને પોતાના માણસોને તેવી ગોઠવણ કરવા હુકમ આપે છે. અને ત્રણે જણ રાજ્ય મંદિર તરફ જાય છે.)

વસંત તલિકા—(નિલમ બદાઇ પ્રત્યે) પ્રિયભાઇ આ વખતે યોગ્ય સારો છે આ રંગ સભામાં ચંદ્રપ્રભા ધામધુમથી ઇંદ્ર સન્મુખ લગ્ન ક્રિયામાં અંધાઇ ગઇ ત્યારે હું કેમ કમનસિબ રહિ? શું તમે નથી જાણુતા કે રણમલ શૂર માટે મારૂં ચિત્ત પરોવાયું છે કે નહિ.

નિલમ—હા હા ભૂલી ગયો માફ કરજો (એમ કહી વળી ફરીથી એક રૂમાલમાં પત્ર વીંટીને રાજા ઇંદ્રના ચર્ણાવિંદમાં મૂકી તસલીમ કરે છે).

ઇંદ્ર— અહો નિલમ બદાઈ? વળી બીજી શાની ભેટ મૂકોછો.

નિલમ—(હાથ જોડી) મહારાજ? એવીને એવીજ બીજી છે

ઇંદ્ર—(કાગળ વાંચીને રણુમલ તરફ દ્રષ્ટી કરીને) (પછી) કિર્તિ ધ્વજના કાન ભણી મુખ કરી મતલબ સમઝાવે છે.

કિર્તિધ્વજ—(રણુમલ તરફ નજર કરી વિચાર કરીને ઇંદ્ર પ્રત્યે) માહારાજ? મેં તેને પોતાનો કરીને સ્થાપ્યો છે તેમજ તેના પરાક્રમ માટે મારા મનમાં ઉત્તમ અભિપ્રાય બંધાયો છે તેથી પ્રથમથીજ મહારી પુત્રી તેનેઆપવાનું નિર્ણય કરી મૂકયું છે છતાં આ વસંત તલિકા પણ ઇચ્છા રાખે છે તો આપના સન્મુખ તે બન્યોને જોડે બેસારી રણુમલને અંગીકાર કરીયે તો ઠીક.

ઇંદ્ર—વાહ વાહ એ વાત સર્વથી ઉત્તમ ધારૂં છું (રણુમલ તરફ

નજર કરીને) કેમ રણુમલજી.

રણુમલ્લ—(હાથ જોડી) હુકમ ગરીબપરવર.

ઇંદ્ર—તમેતો અમારા મિત્ર કિર્તિધ્વજ રાજાના જમાઇ થયા છો ખરૂં કે ?

રણમલ્લ—(નીચું માથું ઘાલીને અને ગાભરો થએલા જેવો બની ને) આપ સમર્થછો માટે જે કંઇ બોલતા હશો તે વિવેકને અનુસરીનેજ કહેતા હશો સબબ આપના પ્રત્યે આ બાબત પ્રત્યુતર આપવાને હું સમર્થ નથી.

ઇંદ્ર—(કિર્તિધ્વજ પ્રત્યે) બરાબર છે આ સત્યશીળ શુર અને ક્ષાત્ર વટના ભૂશણથી દીપેલો લાયક છે માટે આપની ગોઠવણને હું ઉત્તમ માનું છું.

(નિલમ બહાદ્દ તરફ દ્રષ્ટી કરીને) કેમ નિલમ બહાદ્દ? વસંત તલિકા ક્યાં છે ?

(એ શબ્દ સાંભળતાંજ વસંત તલિકા રજુ થાય છે) અને કિર્તિધ્વજ રાજાની પુત્રી માનમંજરી અમુલ્ય વસ્ત્રથી શોભિત થએલી ત્યાં પ્રવેશ કરે છે આ વખતે ઇંદ્ર અને માનમંજરીના તથા વસંત તલિકાના કંઠમાં પુષ્પહાર પહેરાવી. હસ્ત મેળાવો વિપ્રને ઉભો રાખી કરાવે છે પછી તેમને પણ એક બાજુએ બેસારે છે,

(તે વખતે મુબારકબાદી માટે ગરબો ગવાય છે).

(૮૨)

ગરબો.

રૂડા દિસે છે રાજમહેલ, મંગળ મંડપ આજે રચ્યો,

એ રાહ.

આનંદે આજ સખી ગાઇએરે. આજરાજ મંડપ લગ્ન સોહામણો
જોતાં મન હરખાયરે ॥ આજ રાજ મંડપ ॥ ટેક
સોળ શૃંગાર સજી સહુ સુંદરી, ગાન કરે મદ મસ્ત થઇ કરી
ઇંદ્ર સભા સુખ કેદ પૂરણુ રંગ ભરી છે ॥ આનંદે ॥
સર્વે સભાને મુબારક બાદી રહેજો સદા સુખ સંપ આબાદી
ગાદી તપો ખુબિ મંદ સદા રસ રંગે ઠરી છે.

॥ આનંદે આજ સખી ॥

(ગાયન થઇ રહ્યા પછી)

ઈંદ્ર—(કિર્તિધ્વજ પ્રત્યે) હે મિત્ર તમે ઘણાં ભાગ્યશાળી છો તમારે ત્યાં ફકત નાટચારંગ જોવા સારૂ હું આવ્યો હતો તેમાં પરિણામે લગ્ન કાર્ય પણ થયાં તેથી મને અનહદ આનંદ થયો છે (કામસેન તરફ નજર કરીને) બેટા કામસેન ? જો તમને આતરફ અણગમો થાય ત્યારે તમે અને રણમલ બન્યો સ્વર્ગ ભૂવનમાં સુમનપરીની સાથે જરૂર આવજો અને ત્યાંની મોજ મજા અને હવા પાણીનો લાભ લેજો હવે બિલકુલ જુદાઇ રાખવી નહિ.

કિર્તિધ્વજ—(રણમલે જે અમુલ્ય વસ્તુ કિર્તિધ્વજને આપી હતી તેહાથમાં લઇને) માહારાજ ? આપનું પધારવું અલભ્ય છે છતાં દર્શનનો લાભ થયો છે તેથી હું ભાગ્યશાળી સમજીને આપની સેવામાં રાખવા લાયક એક વસ્તુ ભેટ તરીકે આપને આપું છું.

(એમ કહીને હાથમાં આપે છે)

ઇંદ્ર—હે રાજન આ વસ્તુ તમારી પાસે જોઇને મને ઘણું આશ્ચર્ય થાય છે આ અમુલ્ય ચીજ માહારા ભૂવનમાં પણ નથી ઘણી ખુશીની સાથે આપની યાદગીરી હમેશાને માટે રાખવા લઉં છું.

કિર્તિધ્વજ—અહો સુર શ્રેષ્ટ ? આપ સ્વર્ગના અધિપતિ છો આપે અમારૂ સર્વ ભૂવન પવિત્ર કર્યું છે આપના પધારવાથી જે મને આનંદ મળયો છે તે હર વખતે અંતઃકરણમાં યાદ રહ્યા કરે છે જેવી કૃપા અત્યારે માહારા પ્રત્યે સ્થાઇ ભાવથી રહી છે તેવી નીરંતર કાયમ રહેવા મારી માગણી છે.

ઇંદ્ર—હે રાજન ? આ વિવેક હું નહીં ભૂલૂં મારા તરફથી દેવ વિગેરેની મારફતે તમારા તરફ પત્ર આવ્યા કરશે તેમજ તેની સાથે તમે પત્ર લખજો તે તરફનું જે કામ હોય તે જરૂર કહેવા ભૂલશો નહિ હવે તો વખત થઇ ગયો છે માટે અમે જઇશું.

કિર્તિધ્વજ—(સર્વ સભા સહ વર્તમાન ઉભા થઇને) ભલે હું લાચારીથી આપનો આગ્રહ માનું છું (એમ કહીને નમી પડે છે.) સર્વ સભા તાજીમ આપે છે. રણમલ તથા કામસેન નમીને અભિવંદન કરે છે.

રણમલ—(નિલમ બદ્ધાઇ પ્રત્યે) પ્રિય મિત્ર આ સઘળી શોભા તમેજ આપી છે. તમે અમારા પ્રત્યે જે પ્રેમ ભાવ રાખ્યો તેનો બદલો તમે મને ઘણો આપ્યો છે. હવે તમે અહિંયાં વાસ કરીને રહો.

નિલમ—(હાથ જોડીને) હજુર ? જ્યારે કામ પડે ત્યારે બોલાવશો એટલે તુરત આવીશું આ પ્રદેશમાં અમને આનંદ નહિ થાય માટે રજા આપો.

રણમલ—(નેત્રમાંથી આંસુ લાવીને) મિત્ર દિલગીર છું કે તમારો સ્નેહ અમારાથી દુર નહિ રહેવા આકર્ષણ કરે છે.

નિલમ—(જ્યારે આપને અણગમો થાય ત્યારે આ વસંત તલિકા સાથે તમે અને યુવરાજ વગેરે ત્યાં આવીને અમને દર્શનનો લાભ જરૂર આપજો એજ અમારૂં માગણું છે.

રણમલ—(નિલમ બદ્ધાઇને છાતી સરસો ચાંપીને)
મિત્ર ? એ વિવેક હું નહિ ભુલું અમે જરૂર તે તરફ આવીશું ફક્ત એટલુંજ માગુ છું કે સ્નેહ વિસારસો નહિ.

નિલમ—(નેત્રમાં આંસુ લાવી) મિત્ર માહારૂં હૃદય તમારા પ્રેમથી ભરાઇ આવે છે.

(બધા પાત્રો મળીને સ્તુતી કરે છે)

(૮૩)

દક્ષિણી દાદરો.

વંશીધર ગોપાલક કૃષ્ણ માધવા. ॥ એ રાહ ॥

કર વિજય, વિજય, વિજય, શિવ તનય જટા ધરા.
ત્રિવિધ તાપ શમન જગ વિદિત વિશ્વંભરા •
॥ કર વિજય ॥ ટેક ॥

આર્ય ધર્મ રક્ષણ કર વિજય હિત કરા,
ભૂપાલક ક્ષત્રિ કાર્યે વિજય કર વરા,
કિર્તિવાન, માન સતત વિજય પ્રિયકરા
નિપુણા, ગુણા, સદયા, સુખકરવર, શશીધર,વર હિતકર
॥ જય જય કૃપા કરા ॥ કર વિજયા ॥
કર વિજય ધર્મ કાર્યે મધ્ય વિશ્વ વંદના
કર સબળ શૂર ક્ષત્રી નુર દુષ્ટ દંડના
ભર સંપતિ સુખ પૂરન આનંદ કંદના
સગુણા, ગુણા, પુર્ણા, કવિ હર્ષદ કરી નિદાન વિનય દાન.
ગુણજ્ઞને નિર્જરા ॥ કર વિજયા ॥

સમાપ્ત.